# વિવેકાનંદ એકેડમી




## APRIL-2021

# કરન્ટ અફેર્સ



































# વિવેકાનંદ એકેડમી

700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

**M:9925698721 | 8490927713**

**ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી**

## સ્થાનિક બાબતો

### 1. સુજલામ સુફલામ જળ અભિયાન-2021 : ચોથા તબક્કાનો આજથી મુખ્યમંત્રીશ્રીના હસ્તે રાજ્યવ્યાપી પ્રારંભ

- ✓ સ્થળ : વડાવલી, તા. ચાણસ્મા, જિ. પાટણ
- ✓ સમયગાળો : તા. 01 એપ્રિલથી તા. 31 મે-2021



**જળસંચય લક્ષ્યાંક :**

- ✓ 18,582 જળસંચયના કામોથી આશરે 20,000 લાખ ઘન ફૂટ જેટલો જળસંગ્રહ ક્ષમતામાં વધારો કરવાનો લક્ષ્યાંક
- ✓ નહેરો/નદી/વોંકળા/કાંસની કુલ 5600 કિ.મી. લંબાઈમાં સાફસફાઈનું આયોજન
- ✓ મનરેગા યોજના હેઠળ આશરે 60 લાખ માનવદિનની રોજગારી ઉત્પન્ન કરવાનું લક્ષ્યાંક
- ✓ કોવિડ-19 કોરોના વાયરસ સંદર્ભે સરકાર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરાશે
- ✓ ખોદકામમાંથી મળતી માટીનો વપરાશ સરકારી કામો, ખેતર તેમજ જાહેર કામોમાં થશે: માટીના વપરાશ બદલ ખેડૂતોએ રોયલ્ટી ચૂકવવાની રહેશે નહીં.

**ગત ત્રણ તબક્કાની ફળશ્રુતિ :**

- ✓ 41488 કામો દ્વારા 42064 લાખ ઘનફૂટ જળસંગ્રહ ક્ષમતા વધી
- ✓ 16170 તળાવો ઊંડા કરાયાં
- ✓ 8107 ચેકડેમો અને 462 જળાશયો ડિસીલ્ટીંગ કરાયાં
- ✓ 2239 ચેકડેમ રીપેર કરાયાં
- ✓ 568 નવા તળાવોનું નિર્માણ કરાયું
- ✓ 1079 નવા ચેકડેમ બનાવાયા
- ✓ 38323 કિ.મી. લંબાઇની નહેરો સાફ કરાઇ
- ✓ 5113 કિ.મી. લંબાઇના કાંસ સાફ કરાયાં
- ✓ **સુજલામ સુફલામ અભિયાનનો પ્રથમ પ્રારંભ વર્ષ 2018, ભરૂચ**

### 2. ગુજરાત સરકાર : ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક 2021 (કાયદો)

### ગુજરાત વિધાનસભામાં બહુમતીથી પસાર

- ✓ અગાઉના ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ 2003માં સુધારા કરવામાં આવ્યાં




**સુધારા વિધેયકની મુખ્ય જોગવાઈ :**

- ✓ ખોટા ઉદ્દેશો સિદ્ધ કરવા માટે કોઇને લાલચ આપીને, ફોસલાવીને, પરણી જઈને પછી ધર્માંતર કરાવવાની સતત વધતી જતી પ્રવૃત્તિ પર રોક લગાવવાની જોગવાઇ કરતો અને કાયદાને વધુ આકરો બનાવતું ગુજરાત ધર્મ સુધારા સ્વાતંત્ર્ય વિધેયક 2021 ગુજરાત વિધાનસભામાં બહુમતીથી પસાર કરવામાં આવ્યું હતું.
- ✓ આ કાયદાની જોગવાઈનો **ભંગ કરનારાઓને પાંચ વર્ષની જેલ અને રૂપિયા બે લાખ સુધીના દંડની જોગવાઈ** દાખલ કરવામાં આવી છે.
- ✓ **પાંચ વર્ષ સુધીની જેલ થાય તેવી પણ જોગવાઈ** આ કાયદામાં કરવામાં આવેલી છે.
- ✓ લલચાવી, ફોસલાવી ધર્માંતરણ કરાવવાના ગુનાને **બિનજામીનપાત્ર ગુનો** બનાવવામાં આવ્યો છે.
- ✓ **સગીર વયની છોકરી, સ્ત્રી, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિની વ્યક્તિને ધર્મપરિવર્તન કરાવનારને 4 વર્ષની જેલની સજા અને રૂા. 1 લાખ સુધીનો દંડ** કરવાની જોગવાઈ આ કાયદામાં કરવામાં આવી છે.

**વર્ષ 2021માં કયા નવા સુધારા કરાયા :**

- ✓ 2021ના આ સુધારામાં 'લગ્ન' મુખ્ય મુદ્દો છે, ધર્માંતરણ પછીનો વિષય.
- ✓ આ સુધારામાં રોકડ કે અન્ય ભેટ, લાભ ઉપરાંત સારી જીવનશૈલી, દૈવીકૃપાની લાલચે લગ્ન કરી ધર્માંતરણ કરાવાય તે પણ ગુનો ગણાશે.
- ✓ આ સુધારામાં ખોટી રજૂઆતો અથવા છેતરપિંડી ઉપરાંત ખોટા નામ, અટક, ધાર્મિક ચિહ્નો ધારણ કરી લગ્ન કરી ધર્માંતરણ કરાવે તે 'કપટયુક્ત સાધનો'થી થયેલું ગણાશે.
- ✓ આ સુધારામાં 'કપટયુક્ત સાધનો' ઉપરાંત આ રીતે લગ્ન કરવા, લગ્ન કરાવવા કે લગ્ન કરવામાં સહાય કરવાને પણ ગુનો ગણ્યો છે.
- ✓ આ સુધારામાં 'નારાજ' થયેલી કોઈપણ વ્યક્તિ, તેના માતાપિતા, ભાઈ, બહેન અથવા લોહીના સગપણથી, લગ્ન અથવા દત્તક વિધાનથી સગપણ ધરાવતી કોઇ અન્ય વ્યક્તિને FIR દાખલ કરવાની છૂટ મળે છે.
- ✓ આ સુધારામાં તો લગ્ન કરનાર, લગ્ન કરવા સક્ષમ બનાવનાર, સહાય કરનાર, મદદ કરનાર, સલાહ આપનાર, કે આમ કરવા સંમત કરનાર દરેક વ્યક્તિ આરોપી ગણાશે.
- ✓ આ સુધારામાં લગ્ન કરનારને મદદ કરનાર, કરાવનાર, સહાય કરનાર, સલાહ આપવામાં જો કોઇ સંગઠનની ભૂમિકા જણાય તો તેને પણ આરોપી ગણાશે.
- ✓ આવા સંગઠનના સભ્યોને 10 વર્ષ સુધીની કેદ તથા સરકારી સહાય મળતી બંધ થશે
- ✓ આ સુધારામાં ધર્મપરિવર્તનના હેતુથી લગ્ન કરનાર, કરાવનાર, સલાહ આપનારાઓએ પુરવાર કરવાનું રહેશે કે તેમણે ગુનો નથી આચર્યો.
- ✓ નવા સુધારામાં આરોપ પુરવાર થાય તે દરેકને ત્રણ વર્ષથી ઓછી નહીં પરંતુ પાંચ વર્ષ સુધીની જેલની સજા અને બે લાખથી ઓછો નહીં તેટલા દંડની જોગવાઇ છે.

- ✓ આવો ગુનો સગીર અથવા SC-STની વ્યક્તિના સંબંધે થયો હોય તો ચાર વર્ષથી ઓછી નહીં અને સાત વર્ષ સુધીની કેદની સજા અને ત્રણ લાખ સુધીના દંડની જોગવાઈ કરી છે.

**વર્ષ 2003 ના કાયદા માં શું હતું:**

- ✓ 2003ના કાયદામાં ફોકસ ધર્માંતરણ પર હતું,
- ✓ કાયદામાં માત્ર રોકડ કે અન્ય ભેટ, લાભથી લલચાવીને ધર્માંતરણ કરાવાય તેને ગુનો ગણાવાતો
- ✓ કાયદામાં ધર્માંતરણ કરાવવા જો ખોટી રજૂઆતો અથવા છેતરપિંડી કરાય તેને 'કપટયુક્ત સાધનો' ગણાવાયેલા.
- ✓ માત્ર 'કપટયુક્ત સાધનો'થી થયેલા ધર્માંતરણ જ ગુનો.
- ✓ ધર્માંતરણ માટે કોઈ વ્યક્તિ ફરિયાદી બની શકે તેની કોઈ વિશેષ જોગવાઈ નહોતી.
- ✓ કાયદામાં ધર્માંતરણ કરાવનાર આરોપી તરીકે રાજ્ય (અને તે રીતે પોલીસ) જેની સામે ફરિયાદ કરે તે જ ગણાતા.
- ✓ કાયદામાં ધર્માંતરણ માટે કોઈ સંગઠન કે સંગઠનના હોદ્દેદારોને આરોપી તરીકે ગણવા અંગે કોઈ જ જોગવાઈ નહોતી.
- ✓ કાયદામાં ધર્મપરિવર્તન કરાવ્યું નથી તે પુરવાર કરવાની જવાબદારી પ્રોસિક્યુશન એટલે કે રાજ્યની રહેતી, આરોપીની નહીં.
- ✓ જૂના કાયદામાં બળજબરીથી કરાવાતા ધર્માંતરણનો ગુનો જો પુરવાર થાય તો એક વર્ષ સુધીની જેલની સજા અને રૂ. એક હજાર સુધીના દંડની જોગવાઈ હતી.

**અન્ય નવ રાજ્યમાં ધર્માંતર વિરોધી કાયદો અને સજાની જોગવાઈ :**

- ✓ ગુજરાત ઉપરાંત ઓરિસ્સા, અરૂણાચલપ્રદેશ, છત્તીસગઢ, હિમાચલપ્રદેશ, ઝારખંડ, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ, અને ઉત્તરપ્રદેશમાં ધર્માંતર વિરોધી કાયદો અમલમાં છે.
- ✓ મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના કાયદાઓમાં લગ્નથી થતાં ધર્માંતરણ અંગે પણ જોગવાઈ કરવામાં આવી છે.
- ✓ ધર્માંતરના ગુના માટે ઓરિસ્સામાં એક વર્ષની જેલ, અરૂણાચલ અને હિમાચલમાં બે વર્ષ સુધીની જેલ, છત્તીસગઢ અને ઝારખંડમાં ત્રણ વર્ષ સુધીની જેલ, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં 5 વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે.

**લવ જેહાદની પ્રવૃત્તિ માટે વિદેશી ફંડ :**

- ✓ લવજેહાદને માટે પોપ્યુલર ફંડ ઓફ ઇન્ડિયા, સ્ટુડન્ટ ઇસ્લામિક મુવમેન્ટ ઓફ ઇન્ડિયા-સીમી, પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ઇન્ટર સર્વિસ ઇન્ટેલિજન્સ-આઈએસઆઈ પાસેથી ભંડોળ આવે છે.
- ✓ પોપ્યુલર ફંડ ઑફ ઇન્ડિયાના સભ્ય અહેમદ શરીફે સંસ્થાના મુખપત્ર ગલ્ફ ફેજીસમાં સ્વીકાર્યું છેકે આરબ દેશોમાંથી હવાલા મારફતે ભારતમાં ફંડિંગ પહોંચાડવામાં આવે છે.
- ✓ **ગૃહ રાજ્યમંત્રી : પ્રદીપસિંહ જાડેજા**

**3. ગુજરાત સરકાર : જાહેરાત (પ્રવાસન) સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ તીર્થ ચામુંડાધામ ચોટીલા પર્વત ઉપર રોપ-વેની સુવિધા ઉપલબ્ધ કરાશે**

- ✓ હાલમાં અંબાજી, પાવાગઢ અને ગિરનારમાં રોપ-વેની સુવિધા ઉપલબ્ધ

## રાષ્ટ્રીય બાબતો

**4. ભારતમાં કોરોના રસીકરણ ત્રીજા તબક્કાનો તા. 01-04-2021થી પ્રારંભ**

- ✓ 45થી વધુ ઉંમરના તમામ નાગરિકોને રસી અપાશે




**કેવી રીતે મેળવી શકાશે કોરોનાની રસી**

- ✓ cowin.gov.in વેબસાઇટ અથવા આરોગ્ય સેતુ એપ દ્વારા ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવીને
- ✓ સરકારે કો-વિન એપ ઉપલબ્ધ કરાવ્યું નથી તેથી એપ સ્ટોરમાંથી ભળતા એપ ડાઉનલોડ કરવા નહીં
- ✓ બપોરે 3 વાગ્યા પછી રસીકરણ કેન્દ્ર પર રૂબરૂ પહોંચીને ઓનસાઇટ રજિસ્ટ્રેશન કરાવી શકાશે
- ✓ ફોન નંબર અને વન ટાઇમ ઓટીપી એન્ટર કરીને ફોટો આઇડીનો પ્રકાર, નંબર, ઉંમર, લિંગની વિગતો આપી રજિસ્ટ્રેશન કરાવી શકાશે
- ✓ એક વ્યક્તિ 4 લોકો સુધી પોતાના મોબાઇલ નંબર દ્વારા રજિસ્ટ્રેશન કરાવી શકશે

**5. 51મો દાદાસાહેબ ફાળકે એવોર્ડ-2019**

**વિજેતા : 70 વર્ષના સાઉથના સુપરસ્ટાર રજનીકાંત-થલાઈવાન**




- ✓ કારકિર્દી : 45 વર્ષથી અભિનય ક્ષેત્રે
- ✓ મૂળ નામ : શિવાજીરાવ ગાયકવાડ - હાલ : ચેન્નઈ, તમિલનાડુ
- ✓ 160થી વધુ ફિલ્મો - અભિનેતા, પ્રોડ્યુસર, સ્ક્રીન રાઇટર
- ✓ મૂળ : બસ કંડક્ટર, બેંગલુરુ

**દાદાસાહેબ ફાળકે એવોર્ડ વિશે :**

- ✓ દાદાસાહેબ ફાળકે ભારતીય ફિલ્મ જગતના પિતામહ ભારતીય ફિલ્મ જગતના પિતામહ દાદાસાહેબ ફાળકે (ધુન્ડીરાજ ગોવિંદ ફાળકે)ની યાદગીરીમાં તેમના નામથી ફિલ્મ જગતમાં વિશિષ્ટ પ્રદાન કરનારને આ એવોર્ડ અપાય છે.
- ✓ જે 1969થી શરૂ કરવામાં આવ્યો છે.
- ✓ ફિલ્મ જગતની મહાન હસ્તીઓ કે જેણે ભારતીય ફિલ્મ ઉદ્યોગના વિકાસમાં વિશિષ્ટ યોગદાન કર્યું હોય. તેમને સરકાર દ્વારા આ એવોર્ડ અપાય છે.
- ✓ એવોર્ડમાં સોનાનું કમળપુષ્પ તેમજ રૂ. 10 લાખ રોકડા.
- ✓ પ્રથમ એવોર્ડ વિજેતા-અભિનેત્રી દેવિકા રાની (1969)
- ✓ છેલ્લે વર્ષ 2018માં અમિતાભ બચ્ચનને આ એવોર્ડથી સન્માનિત કરાયા હતા.
- ✓ મંત્રી : શ્રી પ્રકાશ જાવડેકર
- ✓ મંત્રાલય : માહિતી અને પ્રસારણ મંત્રાલય, નવી દિલ્હી

**6. રાજસ્થાન : તમામ પરિવારોને રૂ. 5 લાખનું આરોગ્ય વીમા કવચ આપનારું રાજસ્થાન પ્રથમ રાજ્ય (આરોગ્ય)**

- ✓ **નામ :** ચિરંજીવી આરોગ્ય વીમા યોજના (કેશલેસ મેડિકલ યોજના)
- ✓ મુખ્યમંત્રી : અશોક ગેહલોત
- ✓ રાજધાની : જયપુર

**7. ભારતનું ગૌરવ : ઇન્ટરનેશનલ રેન્જર એવોર્ડ-2020**

**વિજેતા : ઉત્તરાખંડના રાજાજી નેશનલ પાર્કના વન અધિકારી-સંરક્ષક શ્રી મહેન્દ્ર ગીરી એવોર્ડ વિજેતા એકમાત્ર એશિયન**

- ✓ સમગ્ર વિશ્વમાંથી માત્ર 10 અધિકારીઓની એવોર્ડ માટે પસંદગી
- ✓ કુલ નોમિનેશન – 630



**શ્રી મહેન્દ્ર ગીરીનું પ્રદાન :**

- ✓ મહેન્દ્ર ગીરીએ મનુષ્ય તથા પ્રાણીઓ વચ્ચે સંઘર્ષ ટાળવા માટે નોંધપાત્ર કામગીરી કરી છે અને કરી રહ્યા છે.
- ✓ આ જંગલ એવા સ્થળે આવેલું છે, જ્યાંથી હાઈવે પસાર થાય છે, રેલવે લાઇન પણ નીકળે છે. માણસો અને જંગલી સજીવો વચ્ચે સંઘર્ષ તથા શિકારની મોટી શક્યતા રહે છે.
- ✓ આ સંજોગો વચ્ચે ગીરી અને તેમની ટીમે કોઇ અણબનાવ ન બને એ માટે કામગીરી કરી છે.
- ✓ જિમ કોરબેટ નેશનલ પાર્કમાંથી વાઘનું રાજાજી નેશનલ પાર્કમાં સ્થળાંતર સફળ સાબિત થાય તેની તમામ કામગીરી પણ ગીરીએ કરી હતી.

**શ્રી મહેન્દ્ર ગીરીનો પરિચય :**

- ✓ ગીરી હરિદ્વાર પાસેના ગામના રહેવાસી છે અને 1995થી વન વિભાગમાં કાર્યરત છે.
- ✓ ગીરીના પિતા રામેશ્વર ગીરી પણ મોતિચૂર રેન્જમાં જ ફોરેસ્ટ ગાર્ડ હતા.
- ✓ ફરજ બજાવતી વખતે તોફાની હાથીએ તેમને મારી નાખ્યા હતા.
- ✓ પિતાના મૃત્યુ પછી મહેન્દ્ર ગીરીને તેમના સ્થાને નોકરી મળી હતી. અગાઉ તેમને આવા ઘણા એવોર્ડ મળી ચૂક્યા છે.

**એવોર્ડ આપનાર સંસ્થા :**

- ✓ આ આંતરરાષ્ટ્રીય એવોર્ડ વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે કામ કરતી વૈશ્વિક સંસ્થા ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ ધ નેચર (આઇયુસીએન) દ્વારા અપાય છે.
- ✓ ઈનામ : પ્રત્યેક વિજેતાઓને 10 હજાર ડૉલરનું સન્માન
- ✓ એવોર્ડનો પ્રારંભ વર્ષ 2020થી

**રાજાજી નેશનલ પાર્ક વિશે :**

- ✓ રાજાજી નેશનલ પાર્ક ઉત્તરાખંડમાં હરિદ્વાર અને ઋષિકેષ વચ્ચે આવેલુ જંગલ છે.
- ✓ આ જંગલ હાથી તથા વાઘની વસ્તી માટે જાણીતું.
- ✓ રાજધાની : દહેરાદૂન (ઉત્તરાખંડ)

## આંતરરાષ્ટ્રીય બાબતો

**8. સુધારો : ભારત-પાકિસ્તાન વેપાર સંબંધો**

**ભારત પાસેથી કપાસ અને ખાંડની આયાત કરવાની મંજૂરી પાકિસ્તાન સરકારે રદ કરી**

- ✓ ભારત સાથે વેપાર શરૂ કરવા મામલે ઇમરાન સરકારનો યુટર્ન
- ✓ મંજૂરી : તા. 1લી એપ્રિલ 2021

**9. ખેલકૂદ : સુધારો**

**ટોક્યો ઓલમ્પિક માટેની ટોર્ચ રિલે રદ કરાઈ**

- ✓ ગત તા. 25-3-2021થી પ્રારંભ થયો હતો
- ✓ કારણ : જાપાનમાં કોરોનાના કેસ વધતા PM શ્રીયુત યોશિહીકે સુગાની જાહેરાત

**10. જન્મ દિન વિશેષ : 1 એપ્રિલ**

**RSSના સ્થાપક ડૉ. કેશવ બલીરામ**




**હેડગેવાર જન્મ 1-4-1889 અવસાન 21-6 1940**

- ✓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક ડૉ. કેશવ બલરામ હેડગેવારનો જન્મ 1-4-1889ના રોજ નાગપુરના તેલુગુ ભાષી બ્રાહ્મણ પરિવારમાં થયો.
- ✓ પ્લેગની બીમારીને કારણે 13 વર્ષની વયે માતાપિતાની છત્રછાયા ગુમાવનાર કેશવનો ઉછેર કાકા મુંજે કર્યો હતો.
- ✓ શાળામાં વન્દે માતરમ્ ગાવા બદલ કાઢી મુકાયેલા કેશવનું બાકીનું શિક્ષણ યવતમાલની રાષ્ટ્રીય શાળામાં અને દાક્તરી શિક્ષણ એમણે કલકત્તામાં 1916 માં પૂરું કર્યું.
- ✓ કલકત્તા નિવાસ દરમિયાન અનુશિલન સમિતિમાં જોડાયા પછી તેમના પર બંકીમચંદ્ર ચેટરજી, સાવરકર, તિલક, સ્વામી સમર્થ રામદાસની રાષ્ટ્રપ્રેમી વિચારધારાની ગાઢ અસર.
- ✓ સેવાદળ અને કોંગ્રેસના સભ્યપદના સમયે તેનાથી મોહભંગ થયા પછી તેમણે અનુભવ્યું કે, હિંદુઓનો સાંસ્કૃતિક અને ધાર્મિક વારસો જ દેશ પ્રેમના પાયામાં હોવો જોઈએ.
- ✓ સમાન વિચારધારાવાળા મિત્રો સાથે મળી તેમણે 1925ની વિજયા દશમીના દિવસે સંઘની સ્થાપના કરી.
- ✓ મહારાષ્ટ્ર અને આસપાસના ડગેવાર અને દેશના બીજા પ્રદેશોમાં પણ તેમના પ્રયત્નોથી સંઘ લોકપ્રિય થયો.
- ✓ લક્ષ્મીબાઇ કેલકરની રાષ્ટ્રીય સેવિકા સમિતિને પણ તેમણે ટેકો આપ્યો હતો.
- ✓ સ્વાતંત્ર્યની ચળવળને સક્રિય ટેકો ન આપવા બદલ સંઘ અને સ્વયંની ટીકા સહેનારા ડૉ. હેડગેવારનું અવસાન 21-6 1940નાં રોજ થયું.

**11. દિન વિશેષ : 1 એપ્રિલ**

**(1) ભારતમાં નાણાકીય વર્ષનો પ્રારંભ**

- ✓ તા. 1લી એપ્રિલથી તા. 31 માર્ચ

**(2) ઉત્કલ દિવસ : ઓરિસ્સાનો 85મો સ્થાપના દિવસ**

- ✓ તા. 1લી એપ્રિલ 1936




**(3) RBIનો સ્થાપના દિવસ તા. 1લી એપ્રિલ 1935**

✓ મુખ્યમથક : મુંબઈ - ગવર્નર : શક્તિકાંત દાસ

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (01-04-2021)

1. ગુજરાતમાં ચોથા તબક્કાનો સુજલામ સુફલામ જળ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ ક્યારથી થયો - **01-04-2021**
2. સુજલામ સુફલામ જળ અભિયાન 2021નો પ્રારંભ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કયાંથી કરાયો - **વડાવલી, તા.ચાણસ્મા જિ.પાટણ**
3. સુજલામ સુફલામ જળ અભિયાન સૌપ્રથમ પ્રારંભ કયા વર્ષે કયા જિલ્લામાંથી થયો હતો - **વર્ષ 2018 અને ભરૂચ**
4. સુજલામ સુફલામ જળ અભિયાન 2021નો સમયગાળો જણાવો – **તા. 1 એપ્રિલ થી 31 મે 2021 સુધી**
5. સુજલામ સુફલામ જળ અભિયાન 2021 અંતર્ગત જળ સંચયના કેટલા કામો અને કેટલા ઘનફુટ જળસંગ્રહ ક્ષમતાનો લક્ષ્યાંક રખાયો છે - **18,582 કામો અને 20,000 લાખ ઘનફુટ જળસંગ્રહ**
6. સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ મનરેગા યોજનામાં આશરે કેટલા લાખ માનવદિનની રોજગારી ઉત્પન્ન થશે - **60 લાખ**
7. ઉત્કલ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **1 એપ્રિલ**
8. ઉત્કલ દિવસ એટલે - **ઓડિશાનો સ્થાપના દિવસ**
9. RBIનો સ્થાપના દિવસ જણાવો - **1 એપ્રિલ**
10. RSSના સ્થાપક ડૉ.કેશવરામ બલિરામ હેડગેવારનો જન્મ દિવસ જણાવો - **1 એપ્રિલ 1889**
11. ગુજરાત વિધાનસભામાં ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક 2021 ક્યારે પાસ કરાયું - **1 એપ્રિલ 2021**
12. ગુજરાતમાં સૌપ્રથમ કયા વર્ષે ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ ઘડાયો હતો - **વર્ષ 2003**
13. ગુજરાત વિધાનસભામાં ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક 2021 મુજબ ખોટા નામ, અટકો, ખોટા ઉદેશો સિદ્ધ કરવા લાલચ આપીને ફોસલાવીને છેતરપિંડી કરીને લગ્ન કરીને ધર્માંતર કરાવનાર સામે કેટલા વર્ષની જેલ અને કેટલા રૂપિયાના દંડની જોગવાઈ કરાઈ છે - **5 વર્ષ અને રૂ. 2 લાખ**
14. ગુજરાત વિધાનસભામાં ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક 2021 મુજબ સગીર વયની છોકરી, સ્ત્રી, SC અને ST વ્યક્તિને ધર્મ પરિવર્તન કરાવનાર માટે કેટલા વર્ષની જેલ અને દંડની જોગવાઇ કરાઇ છે - **4 વર્ષ અને રૂ. 1 લાખનો દંડ**
15. ગુજરાત વિધાનસભામાં ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક 2021 નવી જોગવાઇ કપટયુક્ત સાધનો દ્વારા લગ્ન કરાવવા અને ધર્મ પરિવર્તનમાં મદદ કરાવનાર સંસ્થા-સંગઠનના સભ્યોને પણ કેટલા વર્ષ સુધીની કેદ થશે - **10 વર્ષ**
16. માર્ચ-2021ની સ્થિતિએ ભારતના ક્યા રાજ્યોમાં ધર્માંતર વિરોધી કાયદો અને સજાની જોગવાઇ છે – **ગુજરાત, ઓરિસ્સા, અરૂણાચલપ્રદેશ, છત્તીસગઢ, હિમાચલપ્રદેશ, ઝારખંડ, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ**
17. લવ જેહાદની પ્રવૃત્તિ માટે કઈ-કઈ વિદેશી સંસ્થાઓમાંથી ફંડ આવતુ હોવાના અહેવાલ છે - **પોપ્યુલર ફંડ ઓફ ઈન્ડિયા, સીમી, આઈએસઆઈ-પાકિસ્તાન**
18. તાજેતર અંબાજી પાવાગઢ અને ગીરનાર બાદ વધુ કયા એક યાત્રાધામ ઉપર રોપ વેની સુવિધા શરૂ કરવામાં આવશે - **ચોટીલા યાત્રાધામ**
19. ભારતમાં 45 વર્ષથી વધુની વય માટે રસીકરણના ત્રીજા તબક્કાનો પ્રારંભ ક્યારે થયો - **તા. 1 એપ્રિલ 2021**
20. એપ્રિલ 2021માં 51મો દાદાસાહેબ ફાળકે પુરસ્કાર 2019 કોને આપવામાં આવ્યો - **રજનીકાંત**
21. ભારતમાં દાદાસાહેબ ફાળકે પુરસ્કાર આપવાનો પ્રારંભ કયારે થયો હતો - **1969**
22. પ્રથમ દાદાસાહેબ ફાળકે પુરસ્કાર કોને આપવામાં આવ્યો હતો - **દેવિકા રાની (1969)**
23. તમામ નાગરિકોને રૂ. 5 લાખનું આરોગ્ય વીમા કવચ આપનારું દેશનુ પ્રથમ રાજ્ય - **રાજસ્થાન**
24. ઇન્ટરનેશનલ રેન્જર એવોર્ડ-2020 વિજેતા પ્રથમ એશિયન રેન્જર અને નેશનલ પાર્ક - **વન અધિકારી મહેન્દ્ર ગીરી તથા રાજાજી નેશનલ પાર્ક-ઉત્તરાખંડ**
25. ઇન્ટરનેશનલ રેન્જર એવોર્ડ માટે વિશ્વનાના કેટલા રેન્જરની પસંદગી કરાઈ - **10**
26. વન્યજીવ સંરક્ષણ માટેના ઈન્ટરનેશનલ રેન્જર એવોર્ડ-2020 આપનાર સંસ્થા - **ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ ધ નેચર (આઈયુસીએન)**
27. ઇન્ટરનેશનલ રેન્જર એવોર્ડ-2020માં કેટલી ઇનામી રકમ અપાઇ - **પ્રત્યેક વિજેતાઓને 10 હજાર ડૉલર**
28. રાજાજી નેશનલ પાર્ક ક્યાં આવેલો છે – **હરિદ્વાર-ઋષિકેષ (ઉત્તરાખંડ)**
29. તાજેતરમાં પાકિસ્તાને કયા દેશ સામે થયેલી કપાસ અને ખાંડની આયાતની મંજૂરી રદ કરી છે – **ભારત**
30. જાપાન દ્વારા તાજેતરમાં કોરોનાને કારણે કયા ઓલમ્પિકની ટોર્ચ રિલે રદ કરાઈ – **ટોક્યો ઓલિમ્પિક**
31. ભારતમાં નાણાકીય વર્ષનો પ્રારંભ કઈ તારીખથી થાય છે - **01 એપ્રિલ**

**DATE : 02-04-2021**

**સ્થાનિક બાબતો**

**1. TB મુક્ત ભારત અભિયાન : ભારતમાં વર્ષ 2025 સુધીમાં TB રોગ નાબૂદીનો નિર્ધાર**

✓ અભિયાન : 'ટીબી હારેગા દેશ જીતેગા'

✓ ગુજરાતનો વર્ષ 2022 સુધીમાં ટીબી મુક્ત રાજ્યમાં અગ્રેસર રહેવાનો સંકલ્પ

ગુજરાતની સ્થિતિ :

- ✓ ટીબી મુક્ત ભારત અભિયાનને સાર્થક બનાવવાની દિશામાં શ્રેષ્ઠ કામગીરી બદલ ગુજરાતના પાંચ જિલ્લાની રાષ્ટ્રીય સ્તરે પસંદગી કરીને સન્માનિત કરાયા

**પસંદગીના પાંચ જિલ્લા**

- ✓ મહેસાણા - રાજકોટ - પોરબંદર
- ✓ દેવભૂમિ દ્વારકા - બોટાદ

**2. VISWAS પ્રોજેક્ટ : ગુજરાત સરકાર**

**VISWAS પ્રોજેક્ટને Safe City કેટેગરીમાં smart Cities India award 2021 એનાયત**




- ✓ તાજેતરમાં જ દેશના વાણિજ્ય મંત્રાલયના India Trade Promotion Organization અને Exhibition India Group દ્વારા આયોજિત એક સમારોહમાં ગુજરાત પોલીસના VISWAS Project - Safe City કેટેગરીમાં Smart Cities India Awards - 2021 એવોર્ડ એનાયત કરાયો.

**VISWAS પ્રોજેક્ટ વિશે :**

- ✓ રાજ્યના ગૃહ વિભાગ કાર્યરત Video Integration & State wide Advance Security-VISWAS Project અંતર્ગત રાજ્યના તમામ જિલ્લાને આવરી લેવામાં આવ્યા છે જેમાં 34 જિલ્લાનાં મુખ્ય મથકો, 6 પવિત્ર યાત્રાધામો જેવા અંબાજી, પાવાગઢ, પાલીતાણા, સોમનાથ, દ્વારકા અને ડાકોર તેમજ Statue of Unity, કેવડિયા કોલોની એમ કુલ -41 શહેરોને આવરી લેવામાં આવેલાં છે.
- ✓ આ શહેરોમાં ટ્રાફિક જંકશન, પ્રવેશ, એક્ઝિટ પોઇન્ટ અને અન્ય સ્ટ્રેટેજિક સ્થળોએ 7000થી વધુ સીસીટીવી કેમેરા લગાવી, સબંધિત જિલ્લાના "નેત્રમ" (District Level Command & Control Centre) Broad Band કનેક્ટિવિટીથી જોડવામાં આવ્યા છે.
- ✓ તમામ જિલ્લાઓના "નેત્રમને ગાંધીનગર ખાતેના "ત્રિનેત્ર" ( State Level Command & Control Centre ) સાથે જોડવામાં આવ્યા.
- ✓ આ પ્રોજેક્ટ હેઠળ વિવિધ પ્રકારના Video Analytics સ્થાપિત કરવામાં આવ્યું છે.

## રાષ્ટ્રીય બાબતો

**3. મનરેગા યોજના (રોજગારી)**





MGNREGA

NREGA

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગારંટી અધિનિયમ

**મનરેગા યોજના હેઠળ રોજગારીની વર્તમાન સ્થિતિ**

- ✓ કોરોનાની મહામારીને કારણે શહેરોમાં નોકરીમાંથી છૂટા કરવામાં આવેલા અને બેકાર થયેલા મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી સ્કીમ (MGNREGS) મનરેગાનાં લાભાર્થીઓની સંખ્યા નાણાકીય વર્ષ 2020-21માં પહેલીવાર 11.17 કરોડને પાર
- ✓ વર્ષ 2019-20માં મનરેગા હેઠળ કામ કરનાર 7.88 કરોડ લાભાર્થીઓની સંખ્યામાં 41.75 ટકાનો વધારો દર્શાવે છે.
- ✓ 2013-14થી 2019-20 વચ્ચેના ગાળામાં મનરેગા લાભાર્થીઓની સંખ્યા 6.21 કરોડથી 7.88 કરોડની વચ્ચે હતી.
- ✓ વર્ષ 2020-21માં મનરેગા હેઠળ 7.54 કરોડ ગ્રામીણ પરિવારો મનરેગા હેઠળ કામ કરતા હતા જે 2019-20માં મનરેગા હેઠળ કામ કરતા 5.48 કરોડ લાભાર્થીઓની સંખ્યામાં 37.59 ટકાનો વધારો દર્શાવે છે.
- ✓ અગાઉ 2010-11માં સૌથી વધુ 5.5 કરોડ લોકોએ આ યોજનાનો લાભ લીધો હતો.

**દરેક પરિવારની પુખ્ત વ્યક્તિને 100 દિવસની રોજગારી**

- ✓ મનરેગા યોજના હેઠળ દરેક નાણાકીય વર્ષમાં દરેક ગ્રામીણ પરિવારદીઠ એક પુખ્ત વયની વ્યક્તિને 100 દિવસ માટે બિનકુશળ કામગીરી માટે રાખીને રોજગારી આપવામાં આવે છે.
- ✓ દેશમાં વર્ષ 2006-07માં દેશનાં 200થી વધુ પછાત ગ્રામીણ વિસ્તારોમાં આ યોજના શરૂ કરાઈ હતી.
- ✓ 2007-08માં વધુ 130 જિલ્લામાં યોજનાને લંબાવવામાં આવી હતી.
- ✓ આખા દેશમાં તે 2008-09માં શરૂ કરવામાં આવી હતી. વર્ષ 2020-21માં 100 દિવસની રોજગારી પૂરી કરનાર પરિવારોની સંખ્યા ઓલટાઈમ હાઈ 68.58 લાખ હતી. જે 2019-20માં 40.60 લાખ પરિવારોની સરખામણીમાં 68.91 ટકાનો વધારો દર્શાવે છે.
- ✓ દરેક પરિવારની મુખ્ય વ્યક્તિને વર્ષમાં 100 દિવસની રોજગારી
- ✓ મનરેગા પ્રારંભ વર્ષ 2006-07
- ✓ MGNREGA : મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરેન્ટી એક્ટ (સ્કીમ)

**4. ભારત સરકાર : વર્ષ 2020-21માં ભારતમાં હાઈવે નિર્માણની ઝડપ દૈનિક 37 કિ.મી - નવો રેકોર્ડ સ્થપાયો**






- ✓ એક વર્ષમાં 13,394 કિ.મી.ના હાઈવે તૈયાર કરાયા
- ✓ ભારતે ફોરેનના 2.5 કિ.મી કોંક્રિટ અને સિંગલ લેનના 25 કિ.મી. રસ્તા નિર્માણનો વર્લ્ડ રેકોર્ડ પણ નોંધાયો
- ✓ કેન્દ્રીય માર્ગ મંત્રી : નિતીન ગડકરી

**5. દિન વિશેષ : 2 એપ્રિલ**

**(1) વર્લ્ડ ઓટિઝ્મ અવેરનેશ ડે**

**થીમ-2021 : Inclusion in the Workplace : Challenges and Opportunities in a Post-Pandemic World**

**બીમારી વિશે** વિશ્વ આરોગ્ય સંસ્થા અનુસાર 'ઓટિઝ્મ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર ' (એએસડી) વાતચીત અને સામાજિક વર્તણૂક સાથે જોડાયેલી એક એવી બીમારી છે, જે બાળપણમાં જ શરૂ થઈને આજીવન રહે છે.




- ✓ આ મગજ સાથે જોડાયેલા વિવિધ પ્રકારના વિકારોનો એક સમુહ છે, જેમાં પીડિતને બોલવાથી માંડીને સામાજિક વ્યવહારમાં મુશ્કેલી પડે છે.
- ✓ જન્મના 3 થી 5 મહિના પછી બાળકમાં તેના લક્ષણ દેખાવાના શરૂ થઈ જાય છે.
- ✓ આ એક એવી બીમારી છે, જેમાં કમ્યુનિકેશન ન થતાં બાળક ખુદને પણ નુકસાન પહોંચાડી શકે છે.
- ✓ આ બીમારી થવાનું કોઇ પાકું કારણ ખબર પડી નથી કે તેનો હજુ સુધી કોઇ ઈલાજ પણ શોધી શકાયો નથી.
- ✓ 20 થી 40% પીડિત બાળકો થેરપીના માધ્યમથી સામાન્ય જીવન જીવી શકે છે.
- ✓ લક્ષણોની તીવ્રતા જોઈને બીમારીની ગંભીરતાનો અંદાજ લગાવી શકાય છે.
- ✓ 2018 ના એક રિપોર્ટ અનુસાર દુનિયામાં દર 58માંથી એક બાળક આ બીમારીનો ભોગ બનેલો છે.

**(2) આંતરરાષ્ટ્રીય બાલ પુસ્તક દિવસ**

- ✓ થીમ-2021 : **The music of words**
- ✓ પ્રારંભ : **વર્ષ 1967**




**(3) સ્કોવડ્રન લીડર રાકેશ શર્મા અવકાશ યાનમાં જનાર પ્રથમ ભારતીય અવકાશ યાત્રી બન્યા**




- ✓ તા. 02-04-1984

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (02-04-2021)**

1. ભારત સરકારે દેશમાંથી કયા વર્ષ સુધીમાં TB રોગ નાબૂદીનો નિર્ધાર કર્યો છે - **વર્ષ 2025**
2. ગુજરાત સરકારે કયા વર્ષ સુધીમાં ટીબી મુક્ત રાજ્યોમાં અગ્રેસર રહેવાનો સંકલ્પ કર્યો છે – **વર્ષ 2022**
3. ટીબી મુક્ત ભારત અભિયાનને સાર્થક કરવા શ્રેષ્ઠ કામગીરી બદલ ગુજરાતના કયા પાંચ જિલ્લાને તાજેતરમાં રાષ્ટ્રીય સ્તરે સન્માનિત કરાયા છે – **મહેસાણા, રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, બોટાદ**
4. માર્ચ-2021માં ગુજરાતના કયા પ્રોજેક્ટને Safe City કેટેગરીમાં smart Cities India award 2021 એનાયત કરાયો છે - **VISWAS પ્રોજેક્ટ**
5. VISWAS પ્રોજેક્ટનું વિસ્તૃત નામ જણાવો - **Video Integration & State wide Advance Security**
6. માર્ચ ભારત સરકારના માર્ગ મંત્રાલય દ્વારા વર્ષ 2020-21માં દૈનિક કેટલા કિ.મી.ના હાઈવેનું નિર્માણ કરી નવો રેકોર્ડ સ્થપ્યો છે - **37 કિ.મી**
7. વર્ષ 2020-21માં કેટલા કિ.મી.ના હાઇવે તૈયાર કરાયા - **13,394 કિ.મી.**
8. માર્ગ અને વાહનવ્યવહાર મંત્રીનું નામ જમાવો - **નિતીન ગડકરી**
9. કોરોના મહામારીને કારણે વર્ષ 2020-21માં પ્રથમવાર મનરેગાના લાભાર્થીઓની સંખ્યા કેટલી થઈ છે - **11.17 કરોડ**
10. બિનકુશળ કામગીરી માટે મનરેગા હેઠળ પ્રતિ વર્ષ કેટલા દિવસની રોજગારી આપવામાં આવે છે – **100**
11. મનરેગાનો પ્રારંભ કયા વર્ષે થયો હતો – **વર્ષ 2006-07**
12. MGNREGSનું વિસ્તૃત નામ જણાવો - **મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરેન્ટી એક્ટ (સ્કીમ)**
13. વર્લ્ડ ઓટિઝ્મ અવેરનેશ ડે ક્યારે મનાવવામાં આવે છે - **2 એપ્રિલ**
14. આંતરરાષ્ટ્રીય બાલ પુસ્તક દિવસ ક્યારે ઉજવવામાં આવે છે - **2 એપ્રિલ**
15. સ્કોવડ્રન લીડર રાકેશ શર્માએ કયારે સૌથમ ભારતીય તરીકે અવકાશ યાત્રાનો પ્રારંભ કર્યો હતો - **તા. 02-04-1984**
16. વર્લ્ડ ઓટિઝ્મ અવેરનશ ડે-2021ની થીમ જણાવો – **Inclusion in the Workplace : Challenges and Opportunities in a Post-Pandemic World**
17. આંતરરાષ્ટ્રીય બાલ પુસ્તક દિવસ-2021નું થીમ જણાવો - **The music of words**
18. આંતરરાષ્ટ્રીય બાલ પુસ્તક દિવસ કયા વર્ષથી ઉજવવામાં આવે છે – **વર્ષ 1967**

## DATE : 03-04-2021

### સ્થાનિક બાબતો

**1. BAOU:છઠ્ઠો પદવીદાન સમારોહ યોજાયો**

- ✓ **અધ્યક્ષ:** રાજ્યપાલ અને યુનિવર્સિટીના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજી
- ✓ કુલ : 12,323 વિદ્યાર્થીઓને પદવી એનાયત

**વિશેષ ઉપસ્થિતિ**

- ✓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી
- ✓ શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા
- ✓ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી વિભાવરીબેન દવે
- ✓ વાઇસ ચાન્સેલર : પ્રો. અમી ઉપાધ્યાય
- ✓ BAOU: બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

### રાષ્ટ્રીય બાબતો

**2. ગ્લોબલ ફોરેસ્ટ વૉચ-2020નો અહેવાલ**

**અહેવાલના મુખ્ય તારણો :** વૈશ્વિક એજન્સી 'ગ્લોબલ ફોરેસ્ટ વૉચ'ના રિપોર્ટ મુજબ 2020માં આખા વિશ્વમાંથી 1,22,000 ચોરસ કિલોમીટર ટ્રોપિકલ જંગલો કપાયા.

## ટ્રોપિકલ ફોરેસ્ટ

- ✓ ધરતીના બે ભાગ પાડતી કાલ્પનિક રેખા ઇક્વેટર (વિષુવવૃત અથવા ભુમધ્યરેખા) તરીકે ઓળખાય છે. તેની બન્ને તરફ ફેલાયેલા ગાઢ જંગલો એટલે ટ્રોપિકલ ફોરેસ્ટ.
- ✓ ધરતીનું વાતાવરણ સાચવવામાં આ જંગલોનો મહત્ત્વપૂર્ણ ફાળો છે. 2019 કરતા જંગલો કપાવાના પ્રમાણમાં 12 ટકા વધારો નોંધાયો હતો.
- ✓ કપાયેલા જંગલો પૈકી ત્રીજા ભાગના જંગલો એવા હતા, જ્યાં માનવીય પ્રવૃત્તિ નહિવત્ હતી. એટલે કે ખરા અર્થમાં ગાઢ જંગલો હતા, જેને પણ કાપી નખાયા છે.
- ✓ માનવીય દખલગીરી જ્યાં સાવ ઓછી થતી હોય એવા જંગલો પ્રાઈમરી ફોરેસ્ટ તરીકે ઓળખાય છે
- ✓ કપાયેલા જંગલો પૈકી 42 હજાર ચોરસ કિલોમીટરના જંગલો પ્રાઈમરી હતા.
- ✓ આ પ્રાઈમરી જંગલો કપાયા એટલે એના દ્વારા શોષાતો કાર્બન હવામાં ફેલાશે. એ કાર્બનનું વાર્ષિક પ્રમાણ 2.64 અબજ ટન જેટલું થાય છે.

## જંગલો કપાવા અંગે ભારતની સ્થિતિ :

- ✓ જંગલો કપાવાની પ્રવૃત્તિ ભારતમાં પણ ચાલતી રહી છે. ભારતમાં 2020 દરમિયાન 385 ચોરસ કિલોમીટર ગાઢ જંગલો કપાયા હતા. ભારતમાં આ આંકડો નાનો હોવા છતાં 2019 કરતાં 14 ટકા વધારે છે.
- ✓ આ આંકડો માત્ર ટ્રોપિકલ ફોરેસ્ટનો છે, જેનો વિસ્તાર ભારતમાં (પૂર્વોત્તરના રાજ્યોમાં અને વેસ્ટર્ન ઘાટમાં) બહુ મર્યાદિત છે.
- ✓ મર્યાદિત હોવાથી તેની સાચવણી મહત્ત્વની છે, પણ સરકાર માટે વન સંરક્ષણ એ પ્રાથમિકતા નથી.
- ✓ આખા દાયકાની વાત કરીએ તો ભારતે 16 ટકા જંગલો ગુમાવ્યા છે. ભારતે જંગલો ગુમાવ્યા તેમાં કાપકૂપ ઉપરાંત જંગલની આગનો પણ મોટો ફાળો છે.
- ✓ ભારતે 2001થી લઈને 2020 દરમિયાન હવામાં કુલ 742 મેટ્રીક ટન (દર વર્ષે સરેરાશ 37.1 મેટ્રીક ટન) કાર્બન હવામાં ઠાલવ્યો છે.
- ✓ સૌથી વધારે જંગલો કાપનારા દેશમાં બ્રાઝીલે પહેલો ક્રમ જાળવી રાખ્યો છે.
- ✓ ઈન્ડોનેશિયા પાસે ગાઢ જંગલો છે, પણ તેણે કાપકૂપ ઓછી કરી છે. સતત ચોથા વર્ષે ઈન્ડોનેશિયાનો જંગલ કાપવાનો દર ઓછો નોંધાયો હતો.
- ✓ મલેશિયાએ પણ એ રીતે જંગલો કાપવામાં થોડી બ્રેક મારી છે. હવે એ ટ્રેન્ડ 2021માં જળવાઈ રહે તો વન સંરક્ષણની દિશામાં મહત્ત્વનું કામ થયું ગણાશે.
- ✓ અતિ ગાઢ જંગલો કાપનારા અગ્રણી દેશો પ્રાઈમરી ફોરેસ્ટ એટલે કે જ્યાં કોઈ માનવીય વસવાટ નથી કે દખલગીરી સાવ ઓછી છે, એવા ગાઢ જંગલો કાપનારા 2020ના ટોપ-10 દેશ

| દેશ | કટિંગ (ચો. કિ. મી.) |
|---|---|
| ✓ બ્રાઝિલ | : 17,000 |
| ✓ કોંગો | : 4900 |
| ✓ બોલિવિયા | : 2760 |
| ✓ ઇન્ડોનેશિયા | : 2700 |
| ✓ પેરુ | : 1900 |
| ✓ કોલંબિયા | : 1660 |
| ✓ કેમરુન | : 1000 |
| ✓ લાઓસ | : 820 |
| ✓ મલેશિયા | : 730 |
| ✓ મેક્સિકો | : 680 |

## બે દાયકામાં સૌથી વધુ જંગલ કાપનારા દેશો

| દેશ | કટિંગ (ચો. કિ. મી.) |
|---|---|
| ✓ રશિયા | : 6,95,000 |
| ✓ બ્રાઝિલ | : 5,98,000 |
| ✓ કેનેડા | : 4,41,000 |
| ✓ અમેરિકા | : 4,22,000 |
| ✓ ઈન્ડોનેશિયા | : 2,77,000 |
| ✓ કોંગો | : 1,59,000 |
| ✓ ચીન | : 1,03,000 |
| ✓ ઑસ્ટ્રેલિયા | : 85,000 |
| ✓ મલેશિયા | : 84,000 |
| ✓ પેરાગ્વે | : 63,000 |

## વિવિધ રોગોનો પ્રભાવ :

- ✓ કોરોના અને તેના જેવા અન્ય વાઈરસો જંગલમાં વર્ષોથી રહે છે. મનુષ્ય તેના સંપર્કમાં આવે તો જ એ વાઈરસ માણસ સુધી પહોંચે અને પછી ફેલાવાની શરૂઆત કરે. એટલે ગાઢ જંગલોથી દૂર રહેવાની વિજ્ઞાનીઓ સતત સલાહ આપતા રહે છે.
- ✓ દુનિયાના મોટા ભાગના દેશોની સરકાર એ સલાહ માન્યા વગર જંગલો કાપતી રહે છે. એટલે ભવિષ્યમાં કોરોના જેવા અન્ય વાઈરસોનો ખતરો પેદા થવાની પુરી શક્યતા છે.

## 3. દેશનું પ્રથમ અનોખું 'ફોરેસ્ટ હીલિંગ સેન્ટર' (આરોગ્ય)

- ✓ વનવિભાગ, ઉત્તરાખંડ
- ✓ સ્થાન : રાનીખેત, અલમોડા, દેહરાદૂન
- ✓ વિસ્તાર : 15 એકર
- ✓ ખાસ : ઉત્તરાખંડમાં પાઇનના જંગલોમાં દેશનું પ્રથમ ફોરેસ્ટ હીલિંગ સેન્ટર-વન ઉપચાર કેન્દ્ર

## વન ઉપચાર કેન્દ્રના ફાયદાઓ :

- ✓ પ્રકૃતિ સાથે જોડાયેલી આપણી પરંપરાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- ✓ જંગલમાં એવા અનેક ગુણ હોય છે જેનાથી શારીરિક અને માનસિક સ્તરે ફાયદો થાય છે.
- ✓ પાઇન જેવા વૃક્ષોને ભેટવાથી બીમારી મટી જાય તેવો દાવો કરવામાં આવ્યો છે. આ માટે આઇસલેન્ડ સહિતના વન વિભાગ દ્વારા કરવામાં આવેલા પ્રયોગને ટાંકવામાં આવ્યા છે.
- ✓ વન ઉપચાર અંગે થયેલા સંશોધન અનુસાર વૃક્ષોને સ્પર્શવાથી કે ભેટવાથી શરીરમાં વાઇબ્રેશન પેદા થાય છે એટલું જ નહી ઓકસીટોસિન, સેરોટોનિન અને ડોપામાઇન જેવા હોર્મોન્સ પેદા થાય છે.

✓ છેલ્લા એક થી દોઢ વર્ષથી આ અંગે અનેક પ્રયોગ કરવામાં આવ્યા છે જેના ખૂબ સારા પરિણામો મળ્યા છે.

**વિવિધ પ્રવૃતિઓ**

✓ ભારતમાં આ પ્રકારનું ફોરેસ્ટ હિલિંગ સેન્ટર છે જેમાં ખુલ્લા પગે વૃક્ષને ભેટવાથી, વન ધ્યાન અને મોડી રાત સુધી આકાશ દર્શન જેવી પ્રવૃતિઓનો સમાવેશ થાય છે.

✓ રાનીખેતના કલિકા ક્ષેત્રમાં મુખ્ય સડકથી અંદાજે 50 મીટર અંદર આ હિલિંગ સેન્ટર પાઇનના જંગલોમાં બનાવવામાં આવ્યું છે.

✓ ઝડપથી આગ પકડી લેવા માટે જાણીતા પાઇનના જંગલ ઔષધિય ગુણોની ભંડાર છે.

✓ પાઇન વૃક્ષો પ્રતિરક્ષા માટે ખાસ પ્રકારનું ઓઇલ કમ્પાઉન્ડ ફાઇનોસાઇડસ ઉત્સર્જીત કરે છે.

## આંતરરાષ્ટ્રીય બાબતો

### 4. CDPHRનો અહેવાલ : ભારતના સાત પાડોશી દેશોમાં હિન્દુઓની ચિંતાજનક સ્થિતિ અંગે અહેવાલ

**માનવાધિકારની સ્થિતિ અને મુખ્ય તારણો**

**બાંગ્લાદેશ :**

✓ બાંગ્લાદેશમાં હિન્દુઓની સ્થિતિ બદતર થતી જઇ રહી છે. ત્યાંથી હિન્દુઓનું ભારતમાં પલાયન હજુ પણ યથાવત્ જ છે. જે હિસાબે તેમનું પલાયન થઇ રહ્યું છે તે પ્રમાણે 25 વર્ષ પછી બાંગ્લાદેશમાં એક પણ હિન્દુ નહીં હોય.

✓ ઢાકા યુનિવર્સિટીના પ્રોફેસર અબ્દુલ બરકતના રિપોર્ટમાં દાવો કરાયો છે કે ગત 4 દાયકામાં બાંગ્લાદેશથી 2,30,612 લોકો દર વર્ષે પલાયન કરી ભારત નાસી રહ્યા છે. એટલે કે દરરોજ 632 લોકો પલાયન માટે મજબૂર છે.

**અફઘાનિસ્તાન :**

✓ અફઘાનિસ્તાનમાં હિન્દુ હવે લુપ્ત થવાની અણીએ છે. તેમના માનવાધિકાર ખતમ કરી દેવાયા છે.

✓ દેશમાં 1970માં આશરે 7 લાખ હિન્દુ-શીખ હતા, હવે ફક્ત 200 હિન્દુ પરિવાર રહી ગયા છે.

**તિબેટ**

✓ તિબેટમાં પણ આવી જ સ્થિતિ છે. ચીને આકરા પ્રતિબંધો મૂક્યા છે. તે સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને ભાષાકીય ઓળખ પણ ખતમ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

**મલેશિયા :**

✓ મલેશિયામાં 6.4% વસતી હિન્દુઓની છે પણ હિન્દુઓને અહીં મુસ્લિમ સમાન અધિકાર નથી. જ્યારે ધાર્મિક આધારે અનેક પ્રતિબંધો પણ છે.

**ઇન્ડોનેશિયા :**

✓ ઇન્ડોનેશિયામાં ગત અમુક વર્ષોમાં ધર્મના આધારે કટ્ટરતા વધી ગઇ છે અને હવે લઘુમતીઓને નિશાન બનાવાઇ રહ્યા છે. હિન્દુ મોટી સંખ્યામાં નિશાને છે.

**શ્રીલંકા :**

✓ શ્રીલંકામાં પણ ધાર્મિક લઘુમતીઓની સ્થિતિ ચિંતાજનક છે. ત્યાં 26 વર્ષથી ચાલી રહેલા ગૃહયુદ્ધમાં 1 લાખ લોકોએ જીવ ગુમાવ્યા અને 20 હજારથી વધુ તમિલ ગુમ ગઇ ગયા.

**પાકિસ્તાન :**

**વિભાજનના સમયે પાક.માં હિન્દુ-શીખ વસતી 16% હતી હવે ફક્ત 2.5%**

✓ પાકિસ્તાનમાં હિન્દુઓની સાથે સાથે શીખ અને ખ્રિસ્તી લઘુમતીઓને પણ પડકારો સહન કરવા પડે છે.

✓ પાક.માં ધામિક લઘુમતીઓનું રહેવું કોઇ યુદ્ધ લડવા સમાન જ છે. ત્યાં હિન્દુ, શીખ અને ખ્રિસ્તી ધર્મની યુવા મહિલાઓ સાથે અપહરણ, દુષ્કર્મ, બળજબરીથી ધર્મ પરિવર્તન વગેરેની ઘટનાઓ વધારે બને છે.

✓ પાક.ની વસતી 21 કરોડ છે. ભાગલાના સમયે ધર્મના આધારે વસતી ગતણરીની ટકાવારીને આધાર બનાવાય તો હિન્દુ-શીખોની વસતી 3.5 કરોડ હોવી જોઇતી હતી, જે 50-60 લાખ રહી ગઇ છે.

**માપદંડ :**

✓ બધા દેશોમાં નાગરિક સમાનતા, તેમની ગરિમા, ન્યાય અને લોકતંત્રના આધારે બનાવાયો છે. આ રિપોર્ટ શિક્ષણવિદ, વકીલ, જજ, મીડિયાકર્મી અને રિસર્ચરોના એક સમૂહે તૈયાર કર્યો છે.

✓ CDPHR : સેન્ટર ફોર ડેમોક્રસી પ્લૂરાલિઝ્મ એન્ડ હ્યુમન રાઇટ્સ

✓ સ્થળ : નવી દિલ્હી

### 5. ફાઇવ ફિંગર (વૈશ્વિક બાબતો)

**લદાખ, નેપાળ, સિક્કિમ ભૂટાન અને અરુણાચલ પ્રદેશ**




✓ ચીનની નજર ફાઇવ ફીંગર પર હોવાનો તિબેટની નિર્વાસિત સરકારના પ્રમુખ કોલસાંગ સાંગ્યેનો દાવો

✓ ચીનની વિસ્તારવાદી નીતિ સમગ્ર વિશ્વ માટે ખતરનાક

### 6. નિધન : વર્ષ 1990માં બ્લ્યૂ LED લેમ્પ વિકસાવનારા જાપાની વિજ્ઞાની ઇસામુ આકાશાકીનું 92 વર્ષે નિધન

✓ વર્ષ 2014માં આ શોધ બદલ ફીઝીક્સનો નોબલ પુરસ્કાર એનાયત

બ્લુ LEDની શોધ કરનાર ત્રણ વૈજ્ઞાનિક

✓ ઇસામુ આકાશાકી, હિરોસી અમાનો અને સૂઝી નાકામુરા




### 7. જન્મ દિન વિશેષ : 3 એપ્રિલ

**(1) સૌરાષ્ટ્રના સાધુ: અમૃતલાલ પઢિયાર**



**જન્મ – 3 એપ્રિલ-1870 અવસાન – 2 જુલાઇ -1919**

- ✓ ચોરવાડમાં જન્મેલા અમૃતલાલે માંડ પાંચમાં ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો પણ અપાર જીજ્ઞાસાવૃત્તિ હોવાથી લખવાનો છંદ લાગ્યો હતો.
- ✓ સમાંતરે છાપા અને સામયિકોમાં લેખો લખી લેખક તરીકે પ્રસ્થાપિત થયા.ફરી મુંબઇ ગયા અને શેઠ લક્ષ્મીદાસ ખીમજીને ત્યાં નોકરીએ રહ્યા.
- ✓ શેઠને ત્યાં છાપા વાંચી સંભાળવતા " જામે જમશેદ", "વીસમી સદી", "સમાલોચક", "આર્યપ્રકાશ", "નુરે ઈલમ" અને "ગુજરાતી "જેવાં સામયિકોમાં લેખો લખતા. તેનાં વિસ્તૃત અને સ્વતંત્ર રૂપે "આર્ય વિધવા", "અમૃત વચનો", "મહાપુરુષોના વચનો", "નવા યુગની વાતો", "સંસારમાં સ્વર્ગ" (14 ભાગ) અને "અંત્યજ સ્ત્રોત "જેવાં પુસ્તકો લખ્યાં. તેમાં સંસારમાં સ્વર્ગ અને અંત્યજ સ્ત્રોત જેવાં પુસ્તકો ખાસ્સાં ચર્ચાસ્પદ રહ્યા હતા.
- ✓ અમૃતલાલ પઢિયારનું બીજી જુલાઇ 1919ના રોજ મુંબઈમાં કોલેરાથી અવસાન.

**(2) ફિલ્ડ માર્શલ સામ માણેકશા**




**જન્મ – 3 એપ્રિલ-1914 અવસાન – 27 જૂન -2008**

- ✓ પૂરુ નામ : સામ હોરમસજી ફરામજી જમશેદજી માણેકશા.
- ✓ ડોક્ટર પિતાના 6 સંતાનમાંના એક સામને પણ પિતાની માફક ડોક્ટર બનવું હતું, પણ પિતાના ઇનકાર પછી ઇન્ડિયન ફિલ્ડમાર્શલ મિલિટરી એકેડેમીમાં 1932માં જોડાયા.
- ✓ કુલ પાંચ યુદ્ધ સફળતાપૂર્વક લડનારા સામ માણેકશાની લશ્કરી કારકિર્દી ચાર દાયકાની રહી હતી.
- ✓ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન વીરતા માટે બ્રિટિશ સરકારે તેમને મિલિટરી ક્રોસ એનાયત કર્યો હતો.
- ✓ આઝાદી પછી તેઓ ભારતીય સેનામાં 8મી ગોરખા રાઇફલમાં જોડાયા.
- ✓ 1947નું પાકિસ્તાન સામેનું યુદ્ધ, 1962નું ચીન સામેનું યુદ્ધ, 1965નું પાકિસ્તાન સામેનું યુદ્ધ અને 1971નું પાકિસ્તાન સામેનું આખરી યુદ્ધ, આ તમામ યુદ્ધ દરમિયાન સચોટ વ્યુહરચના અને તેનું યોગ્ય સંચાલન કર્યું હતું.
- ✓ તેમાં પણ 1971નું યુદ્ધ શિરમોર સમું હતું.
- ✓ ભારત સરકારે તેમનું પદ્મભૂષણ અને પદ્મ વિભૂષણથી સન્માન કર્યું હતું અને 1973માં તેઓને ભારતના પ્રથમ ફિલ્ડ માર્શલનો હોદ્દો આપ્યો હતો.
- ✓ તેમનું અવસાન 27 જૂન, 2008ના રોજ થયું હતું.
- ✓ અમદાવાદના શિવરંજની પુલને સામ માણેકશા પુલથી નામાભિધાન કરાયું છે

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (03-04-2021)

1. એપ્રિલ-2021માં BAOUનો કેટલામો પદવીદાન ઈ-સમારોહ યોજાયો - **6**
2. BAOUના વર્તમાન વાઇસ ચાન્સેલરનું નામ જણાવો - **પ્રો. અમી ઉપાધ્યાય**
3. એપ્રિલ-2021ના CDPHRના અહેવાલ મુજબ માનવાધિકાર બાબતે ભારતના ક્યા પાડોશી દેશોમાં હિન્દુઓની સ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે – **બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન, તિબેટ, શ્રીલંકા, પાકિસ્તાન, ઇન્ડોનેશિયા, મલેશિયા** માનવાધિકાર બાબતે કાર્યરત CDPHRનું વિસ્તૃત નામ જણાવો - **સેન્ટર ફોર ડેમોક્રસી પ્લૂરાલિઝ્મ એન્ડ હ્યુમન રાઇટ્સ**
4. CDPHRના અહેવાલ મુજબ છેલ્લાં 4 દાયકામાં બાંગ્લાદેશમાંથી દૈનિક કેટલાં હિન્દુઓ પલાયન થઈ ભારત આવી રહ્યાં છે - **632**
5. CDPHRના અહેવાલ મુજબ અફઘાનિસ્તાનમાં વર્ષ 1970માં આશરે 7 લાખ હિન્દુ-શીખ હતા જયારે અત્યારે કેટલા હિન્દુ પરિવાર બચ્યા છે - **200**
6. CDPHRના અહેવાલ મુજબ વિભાજન સમયે પાકિસ્તાનમાં હિન્દુ-શીખની વસતી કેટલા ટકા હતી જેની સામે હાલમાં કેટલા ટકા બચી છે – **16 ટકા અને હાલ માત્ર 2.5 ટકા**
7. એપ્રિલ-2021માં વૈશ્વિક એજન્સી 'ગ્લોબલ ફોરેસ્ટ વૉચ'ના અહેવાલ મુજબ વર્ષ 2020માં વિશ્વમાંથી કેટલા ચોરસ કિલોમીટરમાં જંગલો કપાયા છે - **1,22,000**
8. 'ગ્લોબલ ફોરેસ્ટ વૉચ'ના અહેવાલ મુજબ વર્ષ 2019 કરતા જંગલો કપાવાના પ્રમાણમાં કેટલા ટકાનો વધારો નોંધાયો છે – **12**
9. માનવીય દખલગીરી જ્યાં સાવ ઓછી થતી હોય એવા જંગલો કયા નામે ઓળખાય છે - **પ્રાઈમરી ફોરેસ્ટ**
10. 'ગ્લોબલ ફોરેસ્ટ વૉચ'ના અહેવાલ મુજબ ભારતમાં વર્ષ 2020માં કેટલા ચોરસ કિલોમીટર ગાઢ જંગલો કપાયા છે – **385**
11. 'ગ્લોબલ ફોરેસ્ટ વૉચ'ના અહેવાલ મુજબ સૌથી વધુ જંગલ કાપનારા દેશમાં પ્રથમ દેશ અને કેટલા ચોરસ કિ.મી.માં જંગલો કપાયા - **બ્રાઝિલ અને 17,000**
12. 'ગ્લોબલ ફોરેસ્ટ વૉચ'ના અહેવાલ મુજબ છેલ્લાં બે દાયકામાં સૌથી વધુ જંગલ કાપનાર દેશ અને વિસ્તાર - **રશિયા અને 6,95,000**
13. 'ગ્લોબલ ફોરેસ્ટ વૉચ'ના અહેવાલ મુજબ ભારતે વર્ષ 2001 થી 2020 સુધીમાં હવામાં કુલ કેટલા મેટ્રિક ટન કાર્બન ઠાલવ્યો છે – **742 મેટ્રિક ટન**
14. ચીનની વિસ્તારવાદી નીતિ મુજબ ફાઇવ ફીંગર પર ક્યા કયા વિસ્તારનો સમાવેશ થાય છે - **લદાખ, નેપાળ, સિક્કિમ ભૂટાન અને અરુણાચલ પ્રદેશ**
15. વિશ્વમાં પ્રથમ બ્લુ LEDના શોધક પૈકીના એક નોબેલ વિજેતા જેમનું તાજેતરમાં 92 વર્ષે નિધન થયુ - **ઇસામુ આકાશાકી, જાપાન**
16. બ્લુ LEDની શોધ બદલ વર્ષ 2014માં કયા ત્રણ વૈજ્ઞાનિકોને ફિઝીક્સનો આ શોધ બદલ ફીઝીક્સનો નોબલ પુરસ્કાર મળ્યો હતો - **ઇસામુ આકાશાકી, હિરોસી અમાનો અને સૂઝી નાકામુરા**
17. એપ્રિલ-2021માં ભારતનું પ્રથમ ફોરેસ્ટ હીલિંગ સેન્ટર-વન ઉપચાર કેન્દ્ર ક્યાં શરૂ કરાયું - **રાનીખેત, ઉત્તરાખંડ**

18. ભારતનું પ્રથમ વન ઉપચાર કેન્દ્ર ક્યા જંગલોમાં તૈયાર કરાયું છે - **પાઇન**
19. 15 એકરમાં વન ઉપચાર કેન્દ્ર ક્યા વિભાગ-રાજ્ય દ્વારા તૈયાર કરાયું છે – **વન વિભાગ તથા ઉત્તરાખંડ**
20. વન ઉપચાર કેન્દ્રમાં પાઇનના વૃક્ષોને સ્પર્શવાથી કે ભેટવાથી શરીરમાં વાઇબ્રેશનની સાથે ક્યા હોર્મોન્સ પેદા થાય છે - **ઓક્સીટોસિન, સેરોટોનિન અને ડોપામાઇન**
21. "સૌરાષ્ટ્રના સાધુ" તરીકે ઓળખાતા અમૃતલાલ પઢિયારનો જન્મદિવસ જણાવો - **3 એપ્રિલ 1870**
22. ફિલ્ડ માર્શલ સામ માણેકશાનો જન્મ દિવસ જણાવો - **3 એપ્રિલ-1914**
23. વર્ષ 1973માં ભારતના પ્રથમ ફિલ્ડ માર્શલનો હોદ્દો કોને અપાયો હતો - **સામ માણેકશા**
24. ભારત સરકારે ફિલ્ડ માર્શલ સામ માણેકશાને ક્યા બે વિશેષ એવોર્ડ આપ્યા હતા - **પદ્મભૂષણ અને પદ્મ વિભૂષણ**
25. ફિલ્ડ માર્શલ સામ માણેકશા આઝાદી પછી ભારતીય સેનામાં કઇ રાઇફલમાં જોડાયા હતા - **8મી ગોરખા રાઇફલ**
26. પારસી એવા ફિલ્ડ માર્શલ સામ માણેકશાનું નિધન ક્યારે થયુ હતુ - **27 જૂન, 2008**

**DATE : 04-04-2021**

## સ્થાનિક બાબતો

### 1. નિધન : વાંકાનેરના પૂર્વ રાજવી-પૂર્વ કેન્દ્રીય મંત્રી દિગ્વિજયસિંહ પ્રતાપસિંહ ઝાલાનું 89 વર્ષે તા. 03-04-2021ના નિધન




**કારકિર્દી અને પ્રદાન :**

- ✓ રાજ પરિવારના 15મી પેઢીના રાજવીએ રાજકોટની રાજકુમાર કોલેજથી અભ્યાસની શરૂઆત કરી બાદમાં ઇંગ્લેન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં પર્યાવરણ વિષયમાં ડબલ પી.એચ.ડી. સુધીનો અભ્યાસ.

**રાજકીય કારકિર્દી**

- ✓ 1962થી કારકિર્દીની શરૂઆત થઇ હતી. તેઓ 1962થી 1971 સુધી વાંકાનેર વિધાનસભા મતક્ષેત્રનું ધારાસભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરેલ તથા 1979થી 1989 સુધી સુરેન્દ્રનગર બેઠક પરથી કોંગ્રેસ પક્ષમાંથી સાંસદ તરીકે ચૂંટાઇ આવ્યા હતા.
- ✓ સ્વ. રાજવી દ્વારા ઇકો વોર નામની પર્યાવરણ બચાવોના સંદર્ભવાળી બુક પ્રકાશિત કરી હતી.
- ✓ જે બુક ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. ઇન્દિરાજી ગાંધીના ધ્યાને આવતા તાત્કાલિક રાજવીને બોલાવી તેમના પર્યાવરણ પ્રેમ અને સૂઝબૂઝને કારણે કેન્દ્રના મંત્રાલયમાં નવું પર્યાવરણ મંત્રાલયની શરૂઆત કરવામાં આવી હતી અને સ્વ.ને પર્યાવરણ મંત્રી તરીકે નીમવામાં આવ્યા હતા.
- ✓ પર્યાવરણ પ્રેમી રાજન દ્વારા રેલવેમાં ઉપયોગમાં લેવાતા સલેપાટમાં લાકડાઓ ઉપયોગમાં લેવાતું હોવાથી કરોડો વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યું હતું તેથી લાકડાંની જગ્યાએ સિમેન્ટ બનાવટના સલેપાટનો ઉપયોગ અમલી કરાવ્યો હતો.

### 2. નિધન : ખ્યાતનામ ગુજરાતી શાયર અને ઉર્દૂ ગઝલકાર ખલીલ ધનતેજવીનું વડોદરા ખાતે અવસાન




**પરિચય – પ્રદાન**

- ✓ મૂળ નામ ખલીલ ઇસ્માઇલ મકરાણી હતું અને તેમનો જન્મ 12 ડિસેમ્બર, 1939 (અંદાજે)ના રોજ વડોદરાના ધનતેજ ગામમાં થયો હતો. ગામના નામ પરથી તેમણે ધનતેજવી અટક રાખી હતી.
- ✓ સાહિત્ય ઉપરાંત તેઓ પત્રકારત્વ સાથે પણ વર્ષો સુધી સંકળાયેલા હતા. તેમણે નવલકથાઓ લખી હતી.
- ✓ ખલીલભાઇએ ઘણી ગુજરાતી ફિલ્મોમાં પટકથા લેખક તરીકે પણ કામ કર્યું હતું. છૂટાછેડા ફિલ્મના લેખન અને દિગ્દર્શન માટે તેમને રાજ્યકક્ષાના પુરસ્કારો પણ મળ્યા હતા.
- ✓ ખલીલ ધનતેજવી ગુજરાત સમાચારના કટાર લેખક હતા. રવિપૂર્તિમાં ખુલ્લાં બારણે ટકોરા કોલમ લખતાં હતા.
- ✓ બુધવારની શતદલ પૂર્તિમાં ત્રિકોણનો ચોથો ખૂણો નામની કોલમમાં તેઓ સાંપ્રત પ્રવાહો વિશે લખતા હતા.

**એવોર્ડ**

- ✓ આદ્યકવિ નરસિંહ મહેતા એવોર્ડ-2019
- ✓ વલી ગુજરાતી ગઝલ પુરસ્કાર-2013
- ✓ કલાપી પુરસ્કાર-2004

**પ્રસિદ્ધ પંક્તિ :**

- ✓ વાત જેને મારી સમજાતી નથી નથી એ ગમે તે હોય ગુજરાતી નથી
- ✓ અબ મૈં રાશન કી કતારો મે નજર આતા હું, અપને ખેતો સે બીછડ ને કી સજા પાતાં હું

## રાષ્ટ્રીય બાબતો

### 3. નકસલી હુમલો – છતીસગઢ

**દુ:ખદ CRPFના 22થી વધુ જવાનો નકસલી હુમલામાં શહીદ**



- ✓ ઘટના : જોનાગુડા પર્વત, બીજાપુર અને સુકમા જિલ્લાના સરહદી જંગલ ક્ષેત્ર

**વિગત :**

- ✓ હુમલાનો માસ્ટર માઈન્ડ નકસલી કમાન્ડર હિડમાને ઠાર કરવાનું આયોજન હતુ.
- ✓ નક્સલીઓ દ્વારા બિજાપુરના તર્રેમ ખાતે જોનાગુડા પર્વતોની વચ્ચે 400થી વધુ નક્સલીઓ દ્વારા ગેરિલા પદ્ધતિથી જવાનોને ટાર્ગેટ કરીને હુમલો કરવામાં આવ્યો હતો.
- ✓ જવાનો ઉપર રોકેટ લોન્ચર, યુજીએનએલ, ઈન્સાસ અને એકે-47 દ્વારા હુમલો કરાયો હતો.
- ✓ ત્રણ કલાક સુધી જવાનો અને નક્સલીઓ વચ્ચે એન્કાઉન્ટર ચાલ્યું હતું. આ દરમિયાન પાંચ જવાનો શહીદ થયા હતા અને ઘણાને ઈજા થઈ હતી.
- ✓ ત્યારબાદ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જવાનોની મદદ માટે રેસ્ક્યૂ ટીમ અને ફોર્સ મોકલવામાં આવી હતી.
- ✓ આ હુમલામાં કોબરા બટાલિયન, ડીઆરજી, એસટીએફ તથા બસ્તરીયા બટાલિયનના જવાનો શહીદ થયા.

**હિડમાનની માથે 40 લાખનું ઈનામ**

- ✓ હિડમાનાં ગામમાં ઘણા સમયથી નક્સલીઓ એકઠા થઈ રહ્યા હતા તેની બાતમીને આધારે સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. જે વિસ્તારોમાં જવાનો ઉપર હુમલો થયો તે વિસ્તાર નક્સલીઓનો ગઢ ગણાય છે.
- ✓ આ વિસ્તારનું સુકાન મહિલા નક્સલી સુજાતા પાસે છે. તે ઉપરાંત તેની ઉપર મોટો નક્સલી મિલિટરી કમાન્ડર છે હિડમા.
- ✓ હિડમા આ વિસ્તારના ગેરિલા નક્સલી હુમલાનો માસ્ટરમાઈન્ડ છે. તે બધા હુમલા ઓપરેટ કરે છે.
- ✓ હિડમા 40 વર્ષનો છે અને 90ના દાયકાથી નક્સલી ગતિવિધિઓમાં જોડાયેલો છે.
- ✓ હિડમાની ટુકડીના નક્સલીઓ પાસે સૌથી ઘાતક હથિયારો છે. તેની ટુકડીમાં 800થી વધારે નક્સલીઓ હોય છે.
- ✓ હિડમા ક્યારેક છત્તીસગઢ તો ક્યારેક આંધ્ર તો ક્યારેક તેલંગણામાં ફરતો હોય છે. તેના ઉપર 40 લાખનું ઈનામ પણ જાહેર કરવામાં આવેલું

**ગેરિલા પદ્ધતિ દ્વારા U શેપમાં હુમલો**

- ✓ જોનાગુડા વિસ્તારના જાણકારોએ જણાવ્યું કે, આ વિસ્તાર પહેલેથી જ ગેરિલા વોર ઝોન તરીકે ઓળખાય છે.
- ✓ નક્સલીઓએ જ સ્થાનિકોની મદદથી નક્સલીઓ એક જગ્યાએ જમા થયા હોવાના મેસેજ ફરતા કરીને જવાનોને ગેરમાર્ગે દોર્યા અને પછી હુમલો કરી દીધો.
- ✓ આ વિસ્તારની આસપાસ સર્ચ કરતી બટાલિયનોને ત્યાં જવા આદેશ મળતા બધા ત્યાં પહોંચી ગયા અને યૂ શેપમાં ગોઠવાયેલા નક્સલીઓએ ગેરિલા પદ્ધતિ દ્વારા જવાનો ઉપર હુમલો શરૂ કરી દીધો.
- ✓ ગાઢ જંગલ, પર્વતો અને આસપાસના ગામડાંની સરહદો વચ્ચે જવાનો અટવાયા અને મોટી સંખ્યામાં જાનહાનિ થઈ.
- ✓ મુખ્યમંત્રી : શ્રી ભૂપેશ બઘેલ રાજધાની : રાયપુર

## 4. કોવિડ એપ્રોપ્રિયેટ બિહેવિયર ઝુંબેશની જાહેરાત (આરોગ્ય)




- ✓ દેશભરમાં આગામી તા. 6 થી 14 એપ્રિલ 2021 દરમિયાન ઝુંબેશ હાથ ધરાશે

**કોવિડ એપ્રોપ્રિયેટ બિહેવિયર ઝુંબેશ વિશે :**

- ✓ માસ્કના 100 ટકા ઉપયોગ પર, વ્યક્તિગત સ્વચ્છતા, જાહેર સ્થળોએ, કામકાજના સ્થળોએ આરોગ્ય સુવિધાઓ પર ભાર મૂકાયો હતો

## 5. નિધન : હિન્દી સિનેમાના જાણીતા અભિનેત્રી શશિકલાનું 88 વર્ષે મુંબઈ ખાતે નિધન

**કારકિર્દી :**

- ✓ પ્રથમ ફિલ્મ : જિન્નત
- ✓ વર્ષ 2007માં પદ્મ પુરસ્કારથી સન્માનિત
- ✓ 70ના દાયકામાં તેઓ બોલિવૂડમાં હીરોઈને અને વિલન એમ બંને પ્રકારની ભૂમિકા અદા કરતા હતા.



- ✓ બોલિવૂડની 100થી વધુ ફિલ્મોમાં તેમણે કામ કર્યું હતું. તેમના પિતા બિઝનેસમેન હોવાથી બાળપણ ખુબ જ જાહોજલાલીમાં વીત્યું હતું. તે પછી જીવનમાં ઘણા તડકા છાયડા જોયા હતા.
- ✓ કામની શોધમાં મુંબઈ આવ્યા ત્યારે નૂરજહાં સાથે મુલાકાત થતાં તેમને કામ મળ્યું હતું.
- ✓ વર્ષ 2007માં ભારત સરકારે તેમને પદ્મ પુરસ્કારથી નવાજ્યાં હતાં .

## 6. કેન્દ્ર સરકાર : ભારતના તમામ રાજ્યોમાં "ટ્રાફિક ઈ-કોર્ટ" શરૂ કરાશે (સુવિધા)

- ✓ ભારતના 7 રાજ્યોમાં 9 ઈ-કોર્ટની સફળતા બાદ નિર્ણય : 25 રાજ્યોને ફંડ અપાયું

**વિગત :**

- ✓ વાહનવ્યવહારના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ મેમો જમા કરાવવા હવે લોકોએ કોર્ટના ચક્કર કાપવા નહીં પડે. ઘેરબેઠા જ મેમો જમા કરાવી શકાશે.
- ✓ આ માટે દેશભરમાં ટ્રાફિક ઇ-કોર્ટ શરૂ કરાશે.
- ✓ કેન્દ્ર સરકારે આ માટે 25 રાજ્યમાં રૂ. 1,142 કરોડનું ફંડ જારી કર્યું છે.
- ✓ ઈ-કોર્ટ શરૂ કરવા જુલાઈ 2021 સુધીની ડેડલાઈન નક્કી કરાઈ છે.
- ✓ કેન્દ્ર સરકારે આ નિર્ણય છ રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં શરૂ કરાયેલી નવ ઈ-કોર્ટની સફળતા પછી લીધો છે.
- ✓ કોરોનાકાળમાં દેશભરમાં ટ્રાફિક કોર્ટમાં પેન્ડિંગ કેસોના ઉકેલ માટે મે 2020માં સૌથી પહેલા દેશની રાજધાની દિલ્હીમાં બે ઈ-કોર્ટની શરૂઆત કરાઈ હતી.

- ✓ દેશના હરિયાણા (ફરીદાબાદ), તામિલનાડુ (ચેન્નઈ), કર્ણાટક (બેંગલુરુ), કેરળ (કોચી), મહારાષ્ટ્ર (નાગપુર, પુણે) અને આસામ (ગુવાહાટી)માં ટ્રાફિક ઇ-કોર્ટ શરૂ કરાઈ હતી.
- ✓ કેન્દ્રીય કાયદા મંત્રાલયના મતે, આ તમામ ઈ-કોર્ટમાં 20 જાન્યુઆરી 2021 સુધી 41 લાખથી વધુ કેસનો ઉકેલ લવાયો હતો.

**ટ્રાફિક ઈ-કોર્ટ આ રીતે કામ કરે છે**

- ✓ જો વાહનવ્યવહારના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ કોઈને મેમો ભરવાનું આવે છે, તો તે 24 કલાકમાં જ ગમે ત્યારે ઓનલાઇન ચુકવણી કરી શકે છે; તેમાંથી રસીદ પણ મળી જાય છે.
- ✓ ઉદાહરણ તરીકે, જો કોઇ વિસ્તારમાં પોલીસ દ્વારા કેમેરાની મદદથી કોઇ વાહનચાલકનું ઓવર સ્પીડ, હેલ્મેટ નહીં પહેરવા જેવા ગુનામાં મેમો કપાય છે, તો એની માહિતી તરત ઓનલાઇન પોર્ટલમાં આવી જશે.
- ✓ ત્યાર પછી પોર્ટલ મેસેજ કરીને વાહનમાલિકને તે માહિતી મોકલશે. ત્યારે વાહનમાલિક મેમો ભરવા ઇચ્છતો હશે, તો તે મોબાઇલમાં મળતી લિંકથી દંડ ભરી શકશે.

ઈ-કોર્ટ માટે કયા રાજ્યની હાઈકોર્ટને કેટલું ફંડ

| રાજ્ય | : ફંડ (કરોડ રૂ) | | |
|---|---|---|---|
| ✓ **મહારાષ્ટ્ર** | **: 125.24** | **ઉત્તરપ્રદેશ** | **: 109.48** |
| ✓ **મધ્યપ્રદેશ** | **: 74.05** | **ગુજરાત** | **: 72.82** |
| ✓ **તામિલનાડુ** | **: 70.15** | **રાજસ્થાન** | **: 67.80** |
| ✓ **આસામ** | **: 67.28** | **કર્ણાટક** | **: 65.38** |
| ✓ **બિહાર** | **: 55.82** | **પંજાબ-હરિ.** | **: 54.13** |
| ✓ **ઓડિશા** | **: 46.41** | **કોલકાતા** | **: 37.09** |
| ✓ **કેરળ** | **: 35.03** | **છત્તીસગઢ** | **: 27.31** |
| ✓ **દિલ્હી** | **: 26.80** | **ઝારખંડ** | **: 24.25** |

**7. અયોધ્યાથી ચિત્રકૂટ : ભગવાન રામના વનવાસના રૂટ પર યાત્રા માર્ગ બનાવાશે (ધર્મ)**



- ✓ ભગવાન રામ જે રસ્તે વનવાસ ગયા હતા, તે રસ્તા પર કેન્દ્ર સરકાર રસ્તો બનાવશે.
- ✓ કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયે ઉત્તર પ્રદેશમાં 210 કિલોમીટર લાંબા રસ્તા પર આ યોજના તૈયાર કરી છે.
- ✓ અયોધ્યાથી ચિત્રકૂટ સુધીનો રસ્તો ફૈઝાબાદ, સુલતાનપુર, પ્રતાપગઢ, જેઠવારા, શ્રૃંગવેરપુર, મંઝનપુર અને રાજાપુરમાંથી પસાર થશે .

**8. ડલ સરોવર-શ્રીનગર : ભારત સરકાર દ્વારા સંરક્ષિત વેટલેન્ડ જાહેર કરવામાં આવ્યું**



**9. ઓડિશા સરકાર : મહેન્દ્રગીરી પર્વતમાળામાં બીજા બાયોસ્ફિયર રિઝર્વની ઓડિશા સરકાર દ્વારા ઘોષણા**




**10. બિહાર : સિદ્ધિ**

**બે શહેરને ગ્રીન એનર્જી એફિશિયન્ટ બનાવનાર ભારતનું પ્રથમ રાજ્ય બિહાર**



**ગ્રીન એનર્જી એફિશિયન્ટ શહેરો :**

- ✓ રાજગિર - બોધગયા

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (04-04-2021)

1. 4 એપ્રિલ 2021ના રોજ કયા સ્થળે થયેલા નક્સલી હુમલામાં 22થી વધુ જવાનો શહીદ થયા - **જોના ગુડા પર્વત, બિજાપુર સુકમા જિલ્લાની સરહદ**
2. તાજેતરના છતીસગઢના નક્સલી હુમલામાં કયા માસ્ટરમાઈન્ડની સામે રૂપિયા 40 લાખનું ઇનામ જાહેર કરાયું છે - **હિડમા**
3. 4 એપ્રિલ 2021ના રોજ કોવિડ સામે લડવા PMO દ્વારા કઈ ઝુંબેશ શરૂ કરવામાં આવી - **કોવિડ એપ્રોપ્રિયેટ બિહેવિયર**
4. એપ્રિલ 2021માં શરૂ કરવામાં આવેલી કોવિડ એપ્રોપ્રિયેટ બિહેવિયરનો સમયગાળો જણાવો - **6 થી 14 એપ્રિલ 2021**
5. કોવિડ એપ્રોપ્રિયેટ બિહેવિયર એટલે શું - **માસ્કના 100 ટકા ઉપયોગ પર, વ્યક્તિગત સ્વચ્છતા, જાહેર સ્થળોએ, કામકાજના સ્થળોએ આરોગ્ય સુવિધાઓ પર ભાર મૂકવાની ઝુંબેશ**
6. તાજેતરમાં 89 વર્ષે અવસાન પામેલા પર્યાવરણ પ્રેમી પૂર્વ કેન્દ્રીય મંત્રી દિગ્વિજયસિંહ ઝાલા કયા રાજ્યના પૂર્વ રાજવી હતા - **વાંકાનેર**
7. કેન્દ્ર સરકાર દ્વારા સૌપ્રથમ નવું પર્યાવરણ મંત્રાલય કયા સાંસદ માંથી પ્રેરણા લઈને શરૂ કરવામાં આવ્યું હતુ - **પૂર્વ પર્યાવરણ મંત્રી મંત્રી દિગ્વિજયસિંહ ઝાલા**
8. 4 એપ્રિલ 2021ના રોજ કયા ખ્યાતનામ ગુજરાતી શાયરી ઉર્દુ કવિનું વડોદરા ખાતે અવસાન થયું - **ખલીલ ધનતેજવી**
9. ઉર્દૂ કવિ ખલીલ ધનતેજવી નો જન્મ ક્યાં ક્યારે થયો હતો - **12-12-1939 તથા ગામ ધનતેજ (જિ. વડોદરા)**
10. ખલીલ ધનતેજવી કયા અખબારમાં કટાર લેખક તરીકે જોડાયેલા હતા – **ગુજરાત સમાચાર**
11. ખલીલ ધનતેજવી રવિ પૂર્તિમાં ક્યા નામથી કોલમ લખતા હતા – **ખુલ્લા બારણે ટકોરા**
12. ખલીલ ધનતેજવી બુધવારની શતદલ પૂર્તિમાં ક્યા નામથી કોલમ લખતા હતા – **ત્રિકોણનો ચોથો ખૂણો**
13. કવિ અને પત્રકાર ખલીલ ધનતેજવીને કયા વર્ષે કલાપી અને વલી ગુજરાતી ગઝલ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા -**વર્ષ-2004 અને વર્ષ 2013**

14. કવિ ખલીલ ધનતેજવીને કયા વર્ષે આધકવિ નરસિંહ મહેતા પુરસ્કાર એનાયત કરાયો હતો - **વર્ષ 2019**
15. 'વાત મારી જેને સમજાતી નથી એ ગમે તે હોય ગુજરાતી નથી' આ પંક્તિના રચયિતાનું નામ જણાવો - **ખલીલ ધનતેજવી**
16. એપ્રિલ 2021માં 84 વર્ષે મુંબઇ ખાતે મૃત્યુ પામનાર શશીકલાનું ક્ષેત્ર જણાવો - **બોલિવૂડ અભિનેત્રી**
17. પદ્મશ્રી શશીકલાની પ્રથમ ફિલ્મનું નામ જણાવો - **જિન્નત**
18. કેન્દ્ર સરકાર આગામી સમયમાં ભારતના કેટલા રાજ્યોમાં નવીન ટ્રાફિક ઇ કોર્ટ શરૂ કરશે - **તમામ**
19. કેન્દ્ર સરકાર દ્વારા પાયલોટ પ્રોજેક્ટ તરીકે સૌપ્રથમ કેટલા રાજ્યોમાં ટ્રાફિક ઇ કોર્ટ શરૂ કરાઇ હતી - **છ રાજ્ય અને એક કેન્દ્ર શાસિત પ્રદેશ**
20. કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ તબક્કે 25 રાજ્યોમાં ટ્રાફિક ઇ કોર્ટ શરૂ કરવા કેટલું ફંડ આપ્યું છે તેમાં ગુજરાતને કેટલું ફંડ ફાળવ્યું છે - **રૂ. 1142 કરોડ અને રૂ. 72.82 કરોડ**
21. દેશભરમાં ક્યાં સુધીમાં ટ્રાફિક ઇ કોર્ટ શરૂ કરવામાં આવશે - **જુલાઈ 2021**
22. કેન્દ્ર સરકાર દ્વારા ભગવાન રામના વનવાસના કયા રૂટ ઉપર યાત્રા માર્ગ તૈયાર કરવામાં આવશે - **અયોધ્યાથી ચિત્રકૂટ**
23. રામવાસ માટેનો અયોધ્યાથી ચિત્રકૂટનો કેટલા કિલોમીટર રસ્તો તૈયાર કરાશે - **210**
24. એપ્રિલ 2021માં ભારત સરકાર દ્વારા કયા સરોવરને સંરક્ષિત વેટલેન્ડ જાહેર કરાયું - **ડલ સરોવર**
25. ડલ સરોવર ક્યાં આવેલું છે - **શ્રીનગર (જમ્મુ & કાશ્મીર)**
26. તાજેતરમાં ઓડિશાની કઇ પર્વતમાળામાં બીજું બાયોસ્ફિયર રિઝર્વ જાહેર કરાયું - **મહેન્દ્રગિરિ**
27. એપ્રિલ 2021માં સૌપ્રથમ કયા રાજ્યના બે શહેરોને ગ્રીન એનર્જી એફિશિયન્ટ બનાવાયા - **બિહાર**
28. તાજેતરમાં ભારતમાં સૌપ્રથમ બિહારના કયા બે શહેરોને ગ્રીન એનર્જી એફિશિયન્ટ જાહેર કરાયા છે - **રાજગીર અને બોધગયા**

**DATE : 05-04-2021**

## સ્થાનિક બાબતો

### 1. ખેલકૂદ : ટોક્યો ઓલિમ્પિક 2021

### ટોક્યોની ભારતની શૂટિંગ ટીમમાં ગુજરાતી મહિલા શૂટર ઇલાવેનિલ વલારિવાનનો સમાવેશ



✓ ખાસ : અપૂર્વી ચંદેલા અને ઇલાવેનિલ વિમેન્સ 10 મીટર એર રાઇફલ સ્પર્ધામાં ભાગ લેશે

**વિગત :**

✓ વિશ્વની નંબર-1 શૂટર ગુજરાતની ઇલાવેનિલ વલારિવાનને કોટા હાંસલ કરનાર ચિંકી યાદવના સ્થાને ટોક્યો ઓલિમ્પિક માટે પસંદ કરવામાં આવેલી 15 સભ્યની ભારતીય શૂટિંગ ટીમમાં સામેલ કરવામાં આવી છે.

✓ ચિંકીએ ગયા મહિને દિલ્હી ખાતે આઇએસએસએફ વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

✓ કોરોનાની મહામારીને ધ્યાનમાં રાખતા ઇન્ડિયન નેશનલ રાઇફલ એસોસિયેશને કોટા હાંસલ કરનાર પ્રત્યેક કેટેગરીમાં બે રિઝર્વ ખેલાડીઓ રાખ્યા છે.

✓ મનુ ભાકર વિમેન્સની એર પિસ્તોલની બંને ઇવેન્ટમાં ભાગ લેશે. તેને 25 મીટર પિસ્તોલમાં અનુભવી રાહી સરનોબત સાથે અને 10 મીટર પિસ્તોલમાં યશસ્વિની દેસવાલની સાથે સ્થાન અપાયું.

## રાષ્ટ્રીય બાબતો

### 2. નિમણૂક : ગુજરાતના પૂર્વ DGP ખંડવાવાલા BCCI ના ACU ચીફ



**વિગત :**

✓ બીસીસીઆઇ (બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઇન્ડિયા)ના એસીયુ (એન્ટી કરપ્શન યુનીટ)ના ચીફ તરીકે ગુજરાતના નિવૃત્ત ડીજીપી એસ.એસ. ખંડવાવાલાને નિયુકત કરાયા.

**કારકિર્દી :**

✓ ગુજરાતના નિવૃત્ત ડીજીપી ખંડવાવાલા 1973 બેચના આઇપીએસ ઓફીસર છે.

✓ 70 વર્ષીય શાબીર હુસૈન શેખાદમ ખંડવાવાલાએ ન્યુ દિલ્હી ખાતે બીસીસીઆઇના એસીયુ તરીકેનો ચાર્જ સંભાળી લીધો હતો.

✓ તેઓ ગુજરાતના ડીજીપીના પદ પરથી ડીસેમ્બર 2010માં નિવૃત્ત થયા હતા.

✓ તેઓ કેન્દ્રની લોકપાલ પસંદગી કમિટીની પણ સભ્ય હતા.

### 3. એડવાન્સ ચાફ ટેકનોલોજી સિસ્ટમ - DRDO (સંરક્ષણ)

✓ DRDO એ શત્રુના મિસાઇલથી જંગી જહાજોની સુરક્ષા માટે નવી એડવાન્સ ચાફ ટેકનોલોજી સિસ્ટમ વિકસાવી




**વિગત :** એક એવું કવચ બનાવ્યું છે કે જે ભારતીય નૌકાદળના જંગી જહાજોનો શત્રુના મિસાઇલથી બચાવ કરશે.

✓ આ સિસ્ટમને એડવાન્સ ચાફ ટેકનોલોજી કહેવામાં આવે છે. ડીઆરડીઓની જોધપુર લેબ દ્વારા ટૂંકા અંતરે, મધ્યમ અંતરે અને લાંબા અંતરે વાર કરી શકે તેવા ચાફ જેટ વિકસાવવામાં આવ્યા છે.

✓ DRDO : ભારતીય સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન

## આંતરરાષ્ટ્રીય બાબતો

### 4. વ્લાદિમીર પુતિન આગામી વર્ષ 2036 સુધી રશિયાના પ્રમુખપદે રહેશે (વૈશ્વિક રાજકારણ)



- ✓ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને વધુ બે ટર્મ સત્તામાં રહેવા માટેના કાયદામાં હસ્તાક્ષર કરીને છેક વર્ષ 2036 સુધી પ્રમુખપદે ચિપકી રહેવાનો માર્ગ મોકળો કરી લીધો છે.
- ✓ પુતિનના ઈશારે રશિયન સંસદે પુતિનને વધુ બે ટર્મ સુધી ચૂંટણી લડવાનો અધિકાર આપતું બિલ પસાર કર્યું હતું. એ બિલ પુતિન પાસે હસ્તાક્ષર કરવા પહોંચ્યું હતું.
- ✓ પુતિને 'પુતિન'ને વર્ષ 2036 સુધી પ્રમુખપદે રહેવા માટેના કાયદામાં હસ્તાક્ષર કર્યા હતા.
- ✓ રશિયામાં સૌથી વધુ સત્તામાં રહેવાનો વિક્રમ ધરાવતા પુતિન વર્ષ 1999થી સર્વસત્તાધીશ તરીકે બિનહરિફ
- ✓ રાજધાની : મૉસ્કો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

### 5. સરોજ ચક્રવાત (કુદરતી આપત્તિ)

- ✓ પ્રભાવિત વિસ્તાર : ઈન્ડોનેશિયા અને તિમોર

### 6. દિન વિશેષ : 5 એપ્રિલ 58મો 'નેશનલ મેરિટાઈમ ડે'




**થીમ 2021:**

- ✓ 'આત્મનિર્ભર ભારત' અભિયાનને અનુરૂપ 'કોવિડ-19 ઉપરાંત પર્યાવરણને અનુકૂળ દરિયાઇ સફર'.
- ✓ બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રાલયે તા. 5 એપ્રિલ–2021ના રોજ 58મા રાષ્ટ્રીય દરિયાઇ દિવસની ઉજવણી કરી
- ✓ કેન્દ્રિય બંદર, જહાજ અને જળમાર્ગોના રાજ્ય કક્ષાના જળમાર્ગ મંત્રી (સ્વતંત્ર હવાલો) શ્રી મનસુખ માંડવિયાએ 58મા રાષ્ટ્રીય દરિયાઇ દિવસ માટે સૂવેનિર (સ્મૃતિચિહ) તરીકે ઇ-મેગેઝિન પ્રસ્તુત કર્યું.
- ✓ નેશનલ મેરિટાઇમ ડે સેલિબ્રેશન કમિટી દ્વારા એવોર્ડ પ્રસ્તુત.

**ઈતિહાસ**

- ✓ 5 એપ્રિલ, 1919ના રોજ સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીનું પ્રથમ સ્વદેશી જહાજ મુંબઈથી લંડન સુધીની પ્રથમ ભારતીય વેપારી જહાજ 'એસ એસ લૉયલ્ટી'ની પ્રથમ સફરના ઉપલક્ષ્યમાં ઉજવવામાં આવે છે.
- ✓ ચાલુ વર્ષે રાષ્ટ્રીય દરિયાઇ દિવસની મહાત્મા ગાંધીએ આ દિવસને 'નેશનલ મેરિટાઈમ ડે' તરીકે ઉજવવાનું સૂચન કર્યું હતુ.
- ✓ પ્રારંભ – 5 એપ્રિલ-1964
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (05-04-2021)

1. એપ્રિલ 2021માં કઇ ગુજરાતી શૂટરની ટોક્યો ઓલમ્પિક 2021 માટેની ભારતની ટીમમાં સમાવેશ કરાયો - **ઇલાવેનિલ વલારિવાન**
2. ગુજરાતી શૂટર ઇલાવેનિલ વલારિવાન ટોક્યો ઓલમ્પિકમાં કેટલા મીટર એર રાઇફલમાં ભાગ લેશે - **10 મીટર**
3. એપ્રિલ 2021માં BCCIના નવા ACU ચીફ તરીકે કોની નિમણુક કરાઈ - **ગુજરાતના પૂર્વ DGP ખંડવાવાલા**
4. BCCIના સંદર્ભ ACU એટલે શું - **એન્ટી કરપ્શન યુનિટ**
5. ભારતમાં શત્રુના મિસાઈલથી નૌકાદળના જંગી જહાજોને બચાવવા સુરક્ષા માટે તાજેતરમાં કઇ નવી એડવાન્સ ટેકનોલોજી વિકસાવાઇ - **એડવાન્સ ચાફ ટેકનોલોજી**
6. એડવાન્સ ચાફ ટેકનોલોજી કઇ સંસ્થા દ્વારા કયા સ્થળે વિકસાવાઇ - **DRDO, જોધપુર લેબ**
7. DRDOનું વિસ્તૃત નામ જણાવો - **ભારતીય સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન**
8. રશિયાના કયા પ્રમુખ આગામી ક્યાં સુધી પ્રમુખ પદે રહેશે - **વ્લાદિમીર પુતિન અને વર્ષ 2036**
9. રશિયાની રાજધાની જણાવો - **મોસ્કો**
10. એપ્રિલ 2021ના પ્રારંભમાં સરોજ ચક્રવાતે કયા દેશમાં તબાહી મચાવી હતી - **ઈન્ડોનેશિયા**
11. નેશનલ મેરી ટાઇમ ડે 2021ની થીમ જણાવો - **આત્મનિર્ભર ભારત અભિયાનને અનુરૂપ covid-19 પર્યાવરણને અનુકૂળ દરિયાઇ સફર**
12. નેશનલ મેરી ટાઇમ ડે ક્યારે ઉજવાય છે - **5 એપ્રિલ**
13. નેશનલ મેરી ટાઇમ ડે ઉજવવાનું સૂચન કોના દ્વારા કરાયું હતું - **મહાત્મા ગાંધી**
14. એપ્રિલ 2021માં કેટલામો નેશનલ મેરિટાઇમ ડે ઉજવાયો - **58**
15. ભારતમાં ક્યારથી નેશનલ મેરી ટાઇમ ડે ઊજવાય છે - **5 એપ્રિલ 1964**
16. નેશનલ મેરી ટાઇમ ડે કોની યાદમાં ઉજવાય છે - **આ દિવસે સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની એસએસ લોયલ્ટી જહાજની મુંબઇથી લંડનની પ્રથમ સફરના ઉપલક્ષ્યમાં**
17. BCCIનું વિસ્તૃત નામ જણાવો - **બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઇન્ડિયા**

## DATE : 06-04-2021

## સ્થાનિક બાબતો

### 1. આઝાદીનો અમૃત મહોત્સવ 2021

- ✓ દાંડીયાત્રાનો સમાપન સમારોહ
- ✓ તારીખ 6 એપ્રિલ 2021
- ✓ સવારે 10:00 કલાકે
- ✓ સ્થળ : દાંડી, નવસારી




**વિશેષ ઉપસ્થિતિ**

- ✓ ઉપરાષ્ટ્રપતિ : શ્રી એમ. વેંકૈયા નાયડુ
- ✓ રાજ્યપાલ : શ્રી આચાર્ય દેવવ્રત
- ✓ મુખ્યમંત્રી : શ્રી વિજયભાઇ રૂપાણી
- ✓ કેન્દ્રીય રાજ્યમંત્રી, સાંસ્કૃતિક અને પ્રવાસન મંત્રાલય : શ્રી પ્રહલાદ સિંહ પટેલ
- ✓ સિક્કિમના CM શ્રી પ્રેમસિંહ તમંગની ઉપસ્થિતિ

**તા.12 માર્ચથી 6 એપ્રિલ, 2021 સુધીની દાંડીયાત્રાની ઝલક**

- ✓ અમદાવાદ સ્થિત સાબરમતી આશ્રમથી શરુ કરી દાંડીયાત્રા આઝાદીના 75મા વર્ષની ઉજવણીનો ઉમળકાભેર પ્રારંભ
- ✓ 12 માર્ચે સાબરમતી આશ્રમ ખાતે આયોજિત એક ભવ્યાતિભવ્ય પ્રારંભિક સમારંભ બાદ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશભરમાંથી આવેલા 81 દાંડી પદયાત્રિકોને કરાવ્યું પ્રસ્થાન
- ✓ સાબરમતી આશ્રમથી દાંડી સુધીના માર્ગમાં આવતા પ્રત્યેક સ્થળેથી આ રાષ્ટ્રીય યાત્રામાં જોડાયા સંખ્યાબંધ દાંડીયાત્રીઓ
- ✓ 15 માર્ચે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી પ્રસિદ્ધ સંતરામ મંદિર, નડિયાદ ખાતેથી દાંડીયાત્રામાં જોડાયા
- ✓ ગુજરાત રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ, પદાધિકારીઓ, વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ, કેન્દ્રીય મંત્રીઓ તથા સામાજિક – કલા - સાંસ્કૃતિક ક્ષેત્રોના અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિ
- ✓ સત્યના પ્રયોગો'નું પઠન, 'આત્મનિર્ભર ભારત- આત્મનિર્ભર ગુજરાત', 'વાહ બાપુ વાહ', 'સ્વદેશી અપનાવો-સ્વાભિમાન બચાવો', "દેશ મેરા રંગીલા', એક ભારત-શ્રેષ્ઠ ભારત' જેવા અનેકવિધ વિષયો પર નાટક-નૃત્ય નાટિકાઓ, દેશભક્તિના ગીતો-ભજનો સહિત સાંસ્કૃતિક- રંગારંગ કાર્યક્રમોનું ઠેર-ઠેર સફળ આયોજન

## રાષ્ટ્રીય બાબતો

### 2. નિમણૂક : ભારતની સુપ્રિમ કોર્ટના 48માં નવા ચીફ જસ્ટિસ તરીકે એન.વી.રામનાની નિમણૂક



- ✓ આગામી 24 એપ્રિલ 2021ના રોજ CJI એસ એ બોબડેનું સ્થાન લેશે
- ✓ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા મંજૂરી
- ✓ કાર્યકાળ : 24 એપ્રિલ 2021થી 26 ઓગસ્ટ 2022 સુધી

**વિગત :**

- ✓ ભારતના રાષ્ટ્રપતિ કોવિંદ દ્વારા CJI પદે રામનાની નિયુક્તિને મંજૂરી આપવામાં આવી છે.
- ✓ CJI બોબડે દ્વારા જસ્ટિસ રામનાની CJI પદે નિયુક્તિ કરવા કેન્દ્રના કાયદા મંત્રાલયને ભલામણ કરવામાં આવી હતી જેને કેન્દ્ર સરકાર તેમજ રાષ્ટ્રપતિએ માન્ય રાખી હતી.
- ✓ જસ્ટિસ રામના ભારતના 48મા ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા બનશે. જસ્ટિસ રામનાનો કાર્યકાળ 26 ઓગસ્ટ 2022 સુધીનો રહેશે.
- ✓ તેઓ CJI બનનાર આંધ્રપ્રદેશના પહેલા જજ છે. તેલુગુ ભાષી CJIની વાત કરીએ તો જસ્ટિસ રામના બીજા CJI ગણાશે કારણ કે અગાઉ સુબ્બારાવ પણ ભારતના CJI રહી ચૂક્યા છે.

**જજ શ્રી રામનાનો પરિચય :**

- ✓ પુરૂનામ : નુથાલાપતિ વેંકેટ રામના
- ✓ જન્મ 27 ઓગસ્ટ 1957ના રોજ થયો હતો.
- ✓ વતન: આંધ્રપ્રદેશનાં કૃષ્ણા જિલ્લાના પોન્નાવરમ ગામમાં ખેડૂત પરિવારમાં ઉછેર.
- ✓ 10 ફેબ્રુઆરી 1983ના રોજ તેમણે વકીલ તરીકે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું અને આંધ્રપ્રદેશ હાઈકોર્ટમાં પ્રેક્ટિસ શરૂ કરી હતી.
- ✓ 27 જૂન 2000ના રોજ તેઓ આંધ્રપ્રદેશ હાઈકોર્ટમાં કાયમી જજ બન્યા હતા.
- ✓ 2 સપ્ટેમ્બર 2013ના રોજ તેઓ દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ બન્યા હતા અને 17 ફેબ્રુઆરી 2014ના રોજ સુપ્રીમ કોર્ટમાં જજ બન્યા હતા.
- ✓ **CJI : ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા**

### 3. લા પેરૉસ યુદ્ધ અભ્યાસ

**પાંચ દેશ વચ્ચે નેવી સૈન્ય સંયુક્ત કવાયત : હિન્દ મહાસાગર (વૈશ્વિક સંબંધો)**



**વિગત :** માલાબાર બાદ પહેલી વખત ક્વાડ દેશોનો ફ્રાંસના નેતૃત્વમાં બંગાળની ખાડીમાં યુદ્ધાભ્યાસ.

- ✓ ભારતીય નૌસેના 5થી 7 એપ્રિલ સુધી પૂર્વીય હિંદ મહાસાગરમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ભારત અને જાપાન સાથેની ફ્રાંસીસી નૌસેના વચ્ચે અભ્યાસ.
- ✓ આ યુદ્ધાભ્યાસને 18મી શતાબ્દીના ફ્રાંસીસી નૌસેના અધિકારીના નામ પરથી લા પેરૉસ નામ આપવામાં આવ્યું છે.

**મહત્વ :** હાલ હિંદ મહાસાગર ક્ષેત્રમાં વધી રહેલી ચીનની આક્રમકતા વચ્ચે આ યુદ્ધાભ્યાસને ખૂબ જ મહત્વનો માનવામાં આવે છે. ચીન પણ આ સમગ્ર ઘટનાક્રમ પર આકરી નજર રાખી રહ્યું છે.

- ✓ ભારતીય નૌસેનાનું જહાજ INS સતપુડા (એક ઈન્ટીગ્રહ હેલિકોપ્ટર સાથે) અને પી 8I લોન્ગ રેન્જ મેરીટાઇમ પેટ્રોલ એરક્રાફ્ટ સાથે આઇએનએસ કિલ્તાન પહેલી વખત બહુપક્ષીય સામુદ્રિક અભ્યાસ લા પેરૉસમાં ભાગ લઈ રહ્યું છે.
- ✓ ભારતીય નૌસેનાના જહાજ અને વિમાન ફ્રાંસની નૌસેના (એફએન), રોયલ ઓસ્ટ્રેલિયન નેવી (આરએએન), જાપાન મેરીટાઇમ સેલ્ફ ડિફેન્સ ફોર્સ (જેએમએસડીએફ) અને અમેરિકી નૌસેના (યુએસએન)ના જહાજ અને વિમાન 3 દિવસના સમુદ્રી અભ્યાસમાં હિસ્સો લઈ રહ્યા છે.

✓ ક્વાડ એ ભારત, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાન દેશોનું જૂથ છે. તેનો ઉદ્દેશ્ય હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં લોકશાહી દેશોના હિતોની રક્ષા કરવાનો અને વૈશ્વિક પડકારોનો સમાધાન કરવાનો છે.

## આંતરરાષ્ટ્રીય બાબતો

### 4. વિશ્વની સૌથી મોંઘી બિમારી – સ્પાઇનલ મસ્ક્યુલર એટ્રોફી-1 (SMA-1)

**વિગત :** મહિસાગર જિલ્લા લુણાવાડાના કાનસર ગામના ધૈર્યરાજસિંહને SMA-1ની બિમારી

✓ વિશ્વભરમાંથી માત્ર 42 દિવસમાં રૂ. 16.6 કરોડનું દાન

✓ કુલ રૂ. 22 કરોડના ઈન્જેક્શનમાં કેન્દ્ર સરકાર રૂ. 6 કરોડનો ટેક્સ માફ કરશે

✓ દાન માટે ઇમ્પેક્ટ ગુરૂ માટેની NGOની મદદ

**SMA-1 વિશે**

✓ આ બીમારી રંગસૂત્ર-5ની નાળીમાં ખામીને કારણે થાય છે.




✓ આ જનીન સર્વાઇકલમાં પ્રોટીન ઉત્પન્ન કરે છે, જે માનવ શરીરમાં ન્યુરોન્સનું પ્રમાણ જાળવી રાખે છે. પરંતુ તેમાં ખામી હોય ત્યારે ન્યુરોન્સનું સ્તર જળવાતું નથી.

✓ તેથી કરોડરજ્જુમાં નબળાઇ અને બગાડ પેદા થાય છે અને શ્વાસ લેવામાં પણ મુશ્કેલી સર્જાય છે. આ બાળકને માતા પિતા તરફથી વારસામાં મળતો રોગ. જે જનીનિક ખામીના કારણે થાય છે.

✓ આ રોગની સારવાર ખૂબ મોંઘી છે. આ માટે અમેરિકાથી રૂ. 22 કરોડ જેટલી કિંમતનું ઈન્જેક્શન મંગાવવું પડે છે. જેને ડિસેમ્બર-2016માં યુ.એસ. ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશનની માન્યતા પણ મળેલી છે.

✓ આ ઈજેક્શનની મદદથી પ્રોટીનનું પ્રમાણ વધારી શકાય છે, જે માંસપેશીઓની હિલચાલ અને કામ કરવાની શક્તિ પણ વધારે છે.

### 5. માસ્ક ઈનોવેશન ચેલેન્જ (આરોગ્ય સુવિધા)

✓ USમાં બાઈડેન સરકાર દ્વારા માસ્ક ઈનોવેશન ચેલેન્જનો પ્રારંભ

**હેતુ :**

✓ અમેરિકી સરકારે માસ્કની ડિઝાઇન સુધરે એ માટે ઝૂંબેશ શરૂ કરી છે. અમેરિકી હેલ્થ વિભાગની વેબસાઈટ પર ઇનામની જાહેરાત કરાઇ

✓ જાહેરાત મુજબ માસ્કની ઉત્તમોત્તમ ડિઝાઇન તૈયાર કરનાર અમેરિકનને પાંચ લાખ ડૉલર (અંદાજે 3.65 કરોડ રૂપિયા) સુધીનું ઇનામ મળશે. અત્યારે માસ્ક પહેરવામાં લોકો અનેક મુશ્કેલીઓ અનુભવી રહ્યા છે, પરંતુ જરૂરી હોવાથી પહેરવું પડે છે.

✓ ભવિષ્યમાં માસ્ક લાંબો સમય પહેરવાનું થાય તો એ સરળ હોવું જોઇએ. ચહેરા પર ખંજવાળ, ઉશ્વાસ ચશ્માં પર જામ થવો, શ્વાસ લેવામાં મુશ્કેલી વગેરે અનેક પ્રકારની અડચણો માસ્ક સાથે સંકળાયેલી છે. આ બધી અચડણોમાંથી મુશ્કેલી અપાવે એવી ડિઝાઈની અમેરિકી સરકારને તલાશ છે.

**ચેલેન્જ વિશે :**

✓ આ માટે 21મી એપ્રિલ સુધીમાં માસ્ક ડિઝાઇન કરી મોકલવાની રહેશે. પાંચ લાખ ડૉલરની રકમ કોઇ એક વ્યક્તિને નહીં મળે પણ એ વિવિધ વિજેતાઓ વચ્ચે વહેંચી દેવાશે.

✓ માસ્ક ઈનોવેશન ચેલેન્જ નામની આ સ્પર્ધા અત્યારે અમેરિકી સરકારની ધ બાયોમેડિકલ એડવાન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા સંચાલિત કરાઇ રહી છે.

✓ શરૂઆતમાં 40 બેસ્ટ આઇડિયા પસંદ કરવામાં આવશે અને એમાંથી પછી પ્રેક્ટિકલી શક્ય હોય એવા આઇડિયા પર સરકાર કામગીરી આગળ ધપાવશે.

### 6. દિન વિશેષ : 6 એપ્રિલ (1) આંતરરાષ્ટ્રીય રમત દિવસ




✓ **હેતુ-** વિકાસ અને શાંતિ માટે રમત જરૂરી

✓ **નામ-** ઈન્ટરનેશનલ ડે ઓફ સ્પોર્ટ્સ ફોર ડેવલપમેન્ટ એન્ડ પીસ

✓ **ઈતિહાસ :** એથેન્સ, ગ્રીસમાં 1896માં ઓલિમ્પિક રમતોત્સવનો પ્રથમ પ્રારંભ થયો હતો.

✓ IOC દ્વારા તેની યાદમાં તા.6 એપ્રિલ-2014થી આ દિવસની ઉજવણી કરાઇ છે

✓ પ્રથમ આધુનિક ઓલિમ્પિકની 125મી તિથિ ઊજવાઇ હતી.

✓ ગ્રીસના પાટનગર એથેન્સમાં 6 એપ્રિલ 1896માં ઑલિમ્પિક રમતોત્સવનો આરંભ થયો હતો. ત્યારે આજના જેવા ભવ્ય સ્ટેડિયમ ન હતા , કે ગ્લેમરસ ટીવી પ્રસારણ ન હતા. રમત માટેનો મેદાની વિસ્તાર પણ બહુ નાનો હતો.

✓ સ્પર્ધામાં 9 સ્પોર્ટ્સની કુલ 43 ઇવેન્ટ યોજાઇ હતી. અમેરિકાએ સૌથી વધારે 11 ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. ભાગ લેનારા દેશોની સંખ્યા માંડ 14 હતી અને કુલ ખેલાડીઓ 241 હતા.

✓ તેની સામે 2016માં ઑલિમ્પિક સ્પર્ધા બ્રાઝિલમાં જાઇ હતી. તેમાં 207 દેશોના સવા અગિયાર હજારથી વધારે ખેલાડીઓએ ભાગ લીધો હતો અને 28 સ્પોર્ટ્સની કુલ 306 ઇવેન્ટ્સ યોજાઇ હતી.

✓ એકલા અમેરિકાએ સૌથી વધારે 121 મેડલ જિત્યાં હતા. સવાસો વર્ષમાં ઓલિમ્પિક સ્પર્ધા આખા જગતની સૌથી મોટી સ્પોર્ટ્સ ઈવેન્ટ બની ચૂકી છે.

✓ **IOC-** ઈન્ટરનેશનલ ઓલિમ્પિક્સ કમિટી

✓ **આયોજક -** UNO

✓ સંભવિત આગામી ટોક્યો ઓલિમ્પિક-2021, જાપાન

### (2) ભારતીય જનતા પાર્ટીનો સ્થાપના દિવસ

**સ્થાપના : 6 એપ્રિલ-1980**

✓ હાલમાં ભારતની સૌથી મોટી રાજકીય પાર્ટી -બીજેપી

✓ પ્રથમ અધ્યક્ષ : શ્રી અટલ બિહારી બાજપાઇ

✓ મૂળ : જનસંઘ (1950)

✓ સ્થાપક : શ્યામાપ્રસાદ મુખર્જી - સ્થાપના : તા. 21-10-1951

**વિગત :**

✓ 6 એપ્રિલ-1987ના દિવસે જનતા પાર્ટીથી છૂટા પડીને ભારતીય જનતા પાર્ટીની રચના થઇ હતી.

- ✓ પાર્ટીની રચના થયા બાદ 1988માં પહેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપને માત્ર બે બેઠકો મળી હતી, ત્યારબાદ 30 વર્ષના ગાળામાં જ ભાજપે દેશમાં પૂર્ણ બહુમતીથી 2014માં સત્તા મેળવી લીધી હતી.
- ✓ જનસંઘની શરૂઆત 10 સભ્યોથી થઇ હતી. આજે ભાજપના 11 કરોડ પ્રાથમિક સભ્યો છે અને દુનિયાની સૌથી મોટી રાજકીય પાર્ટી તરીકે ઊભરી આવી છે.
- ✓ ભાજપની આ શૂન્યથી શિખર સુધીની યાત્રામાં અગણિત લોકોનું યોગદાન છે.

**7. જન્મ દિન વિશેષ : 6 એપ્રિલ**

**નાટ્યકાર, કવિશ્રી : ચંદ્રવદન મહેતા**



**જન્મ – 6 એપ્રિલ-1901 અવસાન – 1992**

- ✓ આજે ગુજરાતના ઉચ્ચ દરજ્જાના નાટ્યકાર, કવિ અને ચરિત્રકાર ચંદ્રવદન મહેતાનો જન્મદિન ગુજરાતમાં ચં. ચી. મહેતા તરીકે પ્રસિદ્ધ.
- ✓ સુરતમાં જન્મેલાં ચંદ્રવદન મહેતા નાનપણથી જ તીવ્ર જિજ્ઞાસાવૃત્તિ ધરાવતા હતા. પ્રાથમિક શિક્ષણ વડોદરા, માધ્યમિક શિક્ષણ સુરતથી અને મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજથી સ્નાતક થયા હતા. કોલેજ પૂરી કરી શિક્ષક બન્યા.
- ✓ નાટકના અનહદ શોખને કારણે આકાશવાણીમાં નોકરી સ્વીકારી. મુંબઈ-અમદાવાદ આકાશવાણીમાં નિયામકના હોદ્દે પણ રહ્યા.
- ✓ આકાશવાણીની નોકરીએ તેમના નાટકના શોખને ઊર્જા પૂરી પાડી. રંગભૂમિની સૂઝ અને તખ્તાને જીવંત કરતાં અનેક નાટકો તેમણે રચ્યા.
- ✓ જેમાં આગગાડી, મેના પોપટ, રમકડાંની દુકાન, શેતલને કાંઠે, હોહોલિકો મુખ્ય છે.
- ✓ તેમનાં નાટકોએ ગુજરાતમાં થિયેટર મૂવમેન્ટનો પાયો નાંખ્યો હતો.

**સન્માન :**

- ✓ નર્મદ ચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક, સાહિત્ય અકાદમી દિલ્હીનો પુરસ્કાર અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ એમ અનેક રીતે સન્માન થયું.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (06-04-2021)

1. આઝાદીનો અમૃત મહોત્સવ 2021 અંતર્ગત આયોજિત દાંડીયાત્રાનું સમાપન ક્યારે યોજાયું - **6 એપ્રિલ 2021**
2. દાંડી ખાતે દાંડી યાત્રા સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે કોણ ઉપસ્થિત રહ્યું હતું - **ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ વૈંકેયા નાયડુ**
3. ભારતીય સુપ્રીમ કોર્ટના નવા 48માં ચીફ જસ્ટિસ તરીકે એપ્રિલ 2021માં કોની પસંદગી કરવામાં આવી - **એન. વી. રામના**
4. ભારતીય સુપ્રીમ કોર્ટના નવા ચીફ જસ્ટીસ એસ.રામનાનો કાર્યકાળ જણાવો - **24 ઓગસ્ટ 2022**
5. ભારતીય સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બનનાર આંધ્રપ્રદેશના પ્રથમ જજનું નામ જણાવો - **એન.વી. રામના**
6. ભારતીય સુપ્રીમ કોર્ટના નવા ચીફ જસ્ટીસ એન. વી. રામનાનું પૂરું નામ જણાવો - **નુથાલાપતિ વેંકટ રામના**
7. ભારતીય સુપ્રીમ કોર્ટના નવા ચીફ જસ્ટિસની નિમણૂક કોના દ્વારા કરવામાં આવે છે - **રાષ્ટ્રપતિશ્રી**
8. ભારતીય સુપ્રીમ કોર્ટના નવા ચીફ જસ્ટિસ એન. વી. રામના કયા ગામ-રાજ્યના વતની છે - **પોન્નાવરમ, આંધ્ર પ્રદેશ**
9. ભારતીય સુપ્રીમ કોર્ટના નવા ચીફ જસ્ટિસ એન.વી.રામના ક્યારે શપથ ગ્રહણ કરશે - **તા.24 એપ્રિલ 2021**
10. ભારતીય સુપ્રીમ કોર્ટના નવા ચીફ જસ્ટિસ એન.વી. રામનાનો જન્મ દિવસ જણાવો - **27 ઓગસ્ટ 1957**
11. તા. 5 થી 7 એપ્રિલ 2021 દરમિયાન કયા પાંચ દેશો વચ્ચે હિંદ મહાસાગરમાં નેવી સૈન્ય સંયુક્ત કવાયત યોજાઇ - **ભારત, USA, જાપાન, ઓસ્ટ્રેલિયા અને ફ્રાન્સ**
12. હિંદ મહાસાગરમાં તા. 5 થી 7 એપ્રિલ 2021 દરમિયાન યોજાયેલી નેવી સૈન્ય સંયુક્ત કવાયત કયા નામે ઓળખાય છે - **લા પેરૉસ**
13. એપ્રિલ 2021માં કયા દેશના પ્રમુખ દ્વારા પ્રથમવાર માસ્ક ઇનોવેશન ચેલેન્જ શરૂ કરાઈ છે - **જો બાઈડેન, USA**
14. લોકોને સતત માસ્ક પહેરવામાં સરળતા રહે તે હેતુથી શરૂ કરવામાં આવેલી માસ્ક ઇનોવેશન ચેલેન્જમાં શ્રેષ્ઠ-ઉત્તમ ડિઝાઇન તૈયાર કરનાર અમેરિકનને કેટલું ઇનામ અપાશે - **5 લાખ યુએસ ડોલર**
15. વિશ્વની સૌથી મોંઘી બીમારી SMA 1નું વિસ્તૃત નામ જણાવો - **સ્પાઈનલ મસ્ક્યુલર એટ્રોફી**
16. આંતરરાષ્ટ્રીય રમત દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે - **6 એપ્રિલ**
17. "આંતરરાષ્ટ્રીય રમત દિવસ" કોના દ્વારા ઉજવવામાં આવે છે - **ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી**
18. વિશ્વમાં સૌપ્રથમ ઓલમ્પિકનો પ્રારંભ ક્યારે થયો હતો જેની યાદમાં "આંતરરાષ્ટ્રીય રમત દિવસ" ઉજવાય છે- **6 એપ્રિલ 1896**
19. પ્રથમ ઓલમ્પિક કયા શહેર-દેશમાં રમાયો હતો- **એથેન્સ- ગ્રીસ**
20. યુનાઇટેડ નેશન્સ દ્વારા આંતર રાષ્ટ્રીય રમત દિવસને અન્ય કયા નામથી મનાવવામાં આવે છે-**ઇન્ટરનેશનલ ડે ઓફ સ્પોર્ટ્સ ફોર ડેવલોપમેન્ટ એન્ડ પીસ**
21. IOC દ્વારા "આંતરરાષ્ટ્રીય રમત દિવસ" ઉજવવાનો પ્રારંભ કયા વર્ષથી કરાયો- **2014**
22. વર્તમાન સ્થિતિએ ભારતના સૌથી મોટો રાજકીય પક્ષનું નામ જણાવો - **ભારતીય જનતા પાર્ટી**
23. ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ જણાવો- **6 એપ્રિલ 1980**
24. ભારતીય જનતા પાર્ટી અગાઉ કયા નામે ઓળખાતી હતી - **જનસંઘ**
25. જનસંઘના સ્થાપક કોણ હતા - **શ્રી શ્યામાપ્રસાદ મુખર્જી**
26. ગુજરાતના નાટ્યકાર અને કવિ શ્રી ચંદ્રવદન મહેતાનો જન્મદિવસ જણાવો – **6 એપ્રિલ-1901**
27. ગુજરાતના વિદ્યા જગતમાં ચંદ્રવદન મહેતા કયા નામે ઓળખાતા હતા – **ચં.ચી. મહેતા**
28. ચંદ્રવદન મહેતાનું જન્મસ્થળ જણાવો – **સુરત**

## રાષ્ટ્રીય બાબતો

### 1. RBI : નાણાકીય વર્ષ 2021-2022ની પ્રથમ આર્થિક સમીક્ષા બેઠક યોજાઈ (આર્થિક)



**વિવિધ નિર્ણયો-મંજૂરી :**

**(1) વિવિધ રેટની સ્થિતિ :** આરબીઆઇની આગામી આર્થિક સમીક્ષા સુધી રેપોરેટ 4 ટકા અને રિવર્સ રેપોરેટ 3.5 ટકા પર યથાવત રહેશે. તેનો અર્થ એ થયો કે હોમ, ઓટો સહિતની તમામ લોનધારકોના ઇએમઆઇમાં પણ કોઇ બદલાવ નહીં થાય.

**(2) ડિજિટલ પેમેન્ટ બેન્કોને પ્રોત્સાહન**

- ✓ કોરોના સંકટનો સામનો કરવા માટે આરબીઆઇએ દેશમાં ડિજિટલ પેમેન્ટ બેન્કોને પ્રોત્સાહન આપવા માટે ડિપોઝિટ લિમિટ રૂપિયા એક લાખથી વધારીને બે લાખ કરી છે.
- ✓ પેટીએમ, ફોન પે જેવા પ્રીપેઇડ પેમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટ્સ (પીપીઆઇએસ) માટેની એકાઉન્ટ લિમિટ વધારીને રૂપિયા બે લાખ કરાઇ છે. તેનાથી પેટીએમ અને ફોન પે જેવા પીપીઆઇના યૂઝર્સને મોટો લાભ થશે.
- ✓ આ સુવિધા દ્વારા નોન બેન્ક યૂઝર્સ એક દિવસમાં રૂપિયા બે લાખની લેવડદેવડ કરી શકશે. આ નિર્ણયની સાથે ગ્રાહકો પેટીએમ અને ફોન પે જેવા મોબાઇલ વોલેટ યૂઝર્સને પણ લાભ થશે.
- ✓ તમારું મોબાઇલ વોલેટ જ તમારા માટે એટીએમ બની જશે.
- ✓ ગ્રાહક પોતાના મોબાઇલ વોલેટમાંથી રોકડનો ઉપાડ પણ કરી શકશે. જોકે આ લાભ કેવાયસી કરાવનાર ગ્રાહકો જ મેળવી શકશે.

**(3) પેમેન્ટ એપ દ્વારા RTGS NEFT ફન્ડ ટ્રાન્સફર કરવા RBIની મંજૂરી**

- ✓ આરટીજીએસ દ્વારા એક બેન્ક ખાતામાંથી બીજા ખાતામાં ઓછામાં ઓછા રૂપિયા બે લાખ ટ્રાન્સફર કરી શકાય છે.
- ✓ આરટીજીએસમાં રકમ તરત જ બીજા ખાતામાં ટ્રાન્સફર થઇ જાય છે.
- ✓ એનઇએફટીમાં નાણા ટ્રાન્સફર કરવાની કોઇ લિમિટ રહેતી નથી. જોકે તેમાં નાણા ટ્રાન્સફર થવામાં સમય લાગે છે.
- ✓ આરબીઆઇએ ફિનટેક કંપનીઓ, પેમેન્ટ બેન્ક કંપનીઓને સેન્ટ્રલાઇઝ્ડ પેમેન્ટ સિસ્ટમ આરટીજીએસ અને એનઇએફટીનો હિસ્સો બનવા મંજૂરી આપી છે. તેનો અર્થ એ થયો કે હવે એનબીએફસી, ફિનટેક અને પેમેન્ટ બેન્ક પોતાના યૂઝર્સને આરટીજીએસ અને એનઇએફટીના માધ્યમથી ફંડ ટ્રાન્સફર કરવાની સુવિધા આપી શકશે.
- ✓ અત્યાર સુધી ફક્ત બેન્કો જ આ સુવિધા ઉપલબ્ધ કરાવતી હતી. આરબીઆઇના આ નિર્ણયના કારણે પીપીઆઇએસ, કાર્ડ નેટવર્ક્સ, વાઇડ લેવલ એટીએમ ઓપરેટર્સ જેવી નોન બેન્કિંગ સિસ્ટમ પણ આરબીઆઇ દ્વારા સંચાલિત આરટીજીએસ અને એનઇએફટીના સભ્ય બની શકશે.

**(4) કંપનીઓના એસેટ રિકન્સ્ટ્રક્શનના રિવ્યૂ માટે ટાસ્ક ફોર્સની રચના**

- ✓ RBI દ્વારા કંપનીઓના અનુસંધાનમાં એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો.
- ✓ કંપનીઓની એસેટ રિકન્સ્ટ્રક્શનના ગર્વિનગ રેગ્યુલેટરી ફ્રેમવર્ક માટે એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવશે.
- ✓ રિહેબિલિટેશન કંપનીઓના પોલિસી એન્વાયર્નમેન્ટ અંગે આ કમિટી દ્વારા સૂચનો કરવામાં આવશે.
- ✓ એપ્રિલ-૨૦૨૧ની સ્થિતિએ RBI મુજબ વર્ષ 2021-22માં ભારતનો જીડીપી ગ્રોથરેટ 10.5 ટકા રહેવાનો અંદાજ.
- ✓ RBI ગવર્નર : શક્તિકાન્તા દાસ
- ✓ RBI મુખ્યમથક : મુંબઈ

### 2. કેન્દ્રીય કેબિનેટ – ભારત સરકાર (વહીવટ)



**મહત્વના નિર્ણય-મંજૂરી**

**(1) વ્હાઈટ ગુડ્સ : સોલાર, ફ્રીઝ, AC, વોશિંગ મશીન માટે PLI સ્કીમને મંજૂરી**

**હેતુ :**

- ✓ દેશમાં વ્હાઈટ ગૂડ્ઝમાં જંગી આયાતને ઘટાડવા અને ઘરઆંગણે ઉત્પાદનને પ્રોત્સાહન આપવા

**વિગત :**

- ✓ કેબિનેટની બેઠકમાં 13 PLI યોજનાને મંજૂરી આપતાં 10,738 કરોડના બજેટની વ્યવસ્થા કરાઇ છે.
- ✓ સરકારે સોલાર માટે 4500 કરોડ જ્યારે અન્ય વ્હાઇટ ગૂડ્ઝ માટે 6,238 કરોડનું બજેટ ફાળવ્યું છે જે પાંચ વર્ષમાં આપવામાં આવશે.
- ✓ વિશ્વમાં એલઇડીના મામલે ભારત સૌથી આગળ છે. ઉજાલા યોજના હેઠળ એલઇડી લાઇટની કિંમતો પણ ઘટી ગઇ છે, સાથે મેન્યુફેક્ચરિંગ પણ ઝડપથી વધ્યું છે.
- ✓ સરકારે 13 પીએલઆઇ સ્કીમ મંજૂર કરી છે તેથી વિદેશી રોકાણ આકર્ષિત થશે, આ ઉપરાંત ગ્લોબ સપ્લાઇ ચેઇનમાં દેશને મહત્વપૂર્ણ ભૂમિકા અપાવશે.

**(2) ઉત્પાદન લક્ષ્યાંક**

- ✓ સ્કીમ હેઠળ કંપનીઓને ભારતમાં એકમ સ્થાપવા તથા તેમાંથી નિકાસ કરવા માટે વિશેષ છૂટ સાથે આર્થિક સહાય પણ કરાશે.
- ✓ પીએલઆઇ સ્કીમના કારણે આગામી પાંચ વર્ષમાં દેશમાં રોજગારીમાં મોટો વધારો થવા સાથે ઉત્પાદનમાં 520 અબજ ડોલરનો વધારો થશે.
- ✓ વીજળીની કિંમતો પણ નિયંત્રણમાં રહેશે.

✓ PLI : પ્રોડ્કશન લિંક્ડ ઇન્સેન્ટિવ્સ

**3. પરીક્ષા પે ચર્ચા-2021**

**PM મોદી દ્વારા ઈ-કાર્યક્રમ યોજાયો**

✓ હેતુ : પરીક્ષા બાબતે વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષકો સાથે સંવાદ




**વિગત :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમના માધ્યમથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો સાથે સંવાદ કરીને વિદ્યાર્થીઓનો ડર દૂર કર્યો જેથી તેઓ બોર્ડ/એન્ટ્રન્સ એક્ઝામ ચિંતામુક્ત થઇને આપી શકે.

✓ 14 લાખ લોકો જોડાયા

## આંતરરાષ્ટ્રીય બાબતો

**4. ફોર્બ્સ મેગેઝિન-USA**

**વિશ્વના સૌથી અમીર લોકોની વાર્ષિક યાદી-2020 જાહેર**

**એમેઝોનના સ્થાપક જેફ બેજોસ સતત ચોથા વર્ષે વિશ્વના સૌથી અમીર વ્યક્તિ**



**વિશ્વના ટોપ 10 અબજોપતિ અને કંપની**

1. જેફ બેજોસ-૧૭૭ બિલિયન ડોલર-એમેઝોન
2. એલન મસ્ક-૧૫૧ બિલિયન ડોલર-ટેસ્લા
3. બર્નાર્ડ આર્નોલ્ટ-૧૫૦ બિલિયન ડોલર-એવીએમએચ
4. બિલ ગેટ્સ-૧૨૪ બિલિયન ડોલર-માઇક્રોસોફ્ટ
5. માર્ક ઝુકરબર્ગ-૯૭ બિલિયન ડોલર-ફેસબુક
6. વોરેન બફેટ-૯૬ બિલિયન ડોલર-બિઝનેસ ટાયકૂન
7. લેરી એલિસન-૯૩ બિલિયન ડોલર-ઓરેકલ
8. લેરી પેજ-૯૧.૫ બિલિયન ડોલર-ગૂગલ
9. સર્ગેઇ બ્રિન-૮૯ બિલિયન ડોલર-ગૂગલ
10. મુકેશ અંબાણી-૮૪.૫ બિલિયન ડોલર-રિલાયન્સ

**ભારતના ટોપ 10 અબજોપતિ અને કંપની**

✓ મુકેશ અંબાણી-૮૪.૫ બિલિયન ડોલર-રિલાયન્સ ગ્રૂપ

✓ ગૌતમ અદાણી-૫૦.૫ બિલિયન ડોલર-અદાણી ગ્રૂપ

✓ શિવ નાદર-૨૩.૫ બિલિયન ડોલર-એચસીએલ ગ્રૂપ

✓ રાધાક્રિશ્નન દામાણી-૧૬.૫ બિલિયન ડોલર-ડી માર્ટ

✓ ઉદય કોટક-૧૫.૯ બિલિયન ડોલર-કોટક મહિન્દ્રા ગ્રૂપ

✓ લક્ષ્મી મિત્તલ-૧૪.૯ બિલિયન ડોલર-આર્સેલર મિત્તલ ગ્રૂપ

✓ કુમાર બિરલા-૧૨.૮ બિલિયન ડોલર-બિરલા ગ્રૂપ

✓ સાયરસ પૂનાવાલા-૧૨.૭ બિલિયન ડોલર-સીરમ ઇન્સ્ટિટ્યૂટ

✓ દિલીપ સંઘવી-૧૦.૯ બિલિયન ડોલર-સન ફાર્મા

✓ સુનીલ મિત્તલ-૧૦.૫ બિલિયન ડોલર-મિત્તલ ગ્રૂપ

✓ **અબજોપતિની યાદીમાં ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે**

**1. USA 2. ચીન 3. ભારત**

**5. જન્મ દિન વિશેષ : 7 એપ્રિલ**

**સિતારવાદક પંડિત રવિશંકર**

**જન્મ : 7 એપ્રિલ 1920 અવસાન : 11 ડિસેમ્બર-2012**




✓ મૂળ બંગાળી બ્રાહ્મણ પરિવારના રવિશંકરનું કુટુંબ વર્ષોથી બનારસમાં સ્થાયી હતું.

✓ પિતા બેરિસ્ટર હતા. મોટા ભાઇ ઉદયશંકર નૃત્ય નિર્દેશક હતા. શરૂઆતમાં નૃત્ય પછી એમણે ઉસ્તાદ અલ્લાઉદ્દીન ખાન પાસે સિતારનું શિક્ષણ મેળવ્યું.

✓ વર્ષ 1956માં તેમના યુરોપ અમેરિકાના પ્રવાસમાં એમણે જગપ્રસિદ્ધ વાયોલિનવાદક યહૂદી મેન્યુહીન અને બીટલ્સના ગિટારવાદક જ્યોર્જ હેરિસન સાથે મળી ભારતીય શાસ્ત્રીય સંગીત અને પશ્ચિમી પોપ સંગીતના સુમેળનો શ્રોતાને પરિચય કરાવ્યો.

✓ સિતારવાદનની તેમની શૈલી પોતે જ આલાપ, જોર અને ઝાલાથી કરતા. એ પછી મંદગંભીર ધ્રુપદ રાગ.

✓ એના પછી ખયાલ શૈલીથી તબલાવાદન થતું. રવિશંકર તેમના સિતારવાદનની પૂર્ણાહુતિ મોટેભાગે હળવી શાસ્ત્રીય હુમરીથી કરતા.

**સન્માન :**

✓ પદ્મભૂષણ, પદ્મ વિભૂષણ અને દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન.

✓ તેમનું અવસાન 11-12-2012ના રોજ થયું હતું.

**6. જન્મ દિન વિશેષ : 7 એપ્રિલ**

**વર્લ્ડ હેલ્થ ડે-વિશ્વ આરોગ્ય દિવસ (WHO)**




✓ **થીમ-2021 : 'Building a fairer, Healthier World' (વધુ સારા અને તંદુરસ્ત સમાજનું નિર્માણ)**

✓ WHO દ્વારા આ દિવસ નર્સ અને આરોગ્ય કર્મીઓને સમર્પિત કર્યો

✓ **ઇતિહાસ-** 7 એપ્રિલ 1945ના રોજ WHOની સ્થાપના થઇ હતી

✓ ચીનના ડૉ. લિએ વિશ્વના સૌપ્રથમ કોરોના અંગે ચેતવણી આપી હતી અને પોતે શહીદ થયા હતા

**હેતુ :**

- ✓ લોકોમાં સ્વાસ્થ્ય અને તેના સંબંધિત વિવિધ મુદ્દાઓ વિશે જાગૃતિ ઊભી થાય અને લોકો તેનું આચરણ કરી સ્વસ્થ સમાજનું નિર્માણ પામે તે હેતુસર દર વર્ષે 7 એપ્રિલને સમગ્ર વિશ્વમાં 'વિશ્વ આરોગ્ય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- ✓ ગુજરાત આરોગ્ય વિભાગના અધિકારી-કર્મચારીઓ અંગદાન અંગે જનજાગૃતિ ફેલાવવા માટે અંગદાન માટેની પ્રતિજ્ઞા લીધી.
- ✓ તેઓ બ્રેઈન ડેડ અથવા હૃદયરોગના હુમલામાં તેમના મૃત્યુ બાદ તેમના શરીરના અવયવોને જરૂરિયાતમંદ વ્યક્તિને દાન કરી દેવાનો સંકલ્પ લીધો.
- ✓ ગુજરાતમાં કોરોના સંક્રમણના વધતા જતા વ્યાપ સામે રાજ્ય સરકાર સંપૂર્ણ સજાગતા સાથે ત્રણ 'T' ની સ્ટ્રેટેજી અપનાવી આગળ વધી રહી છે. કોરોના સંક્રમણને અટકાવવા 'ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રિટમેન્ટ' એમ ત્રણેય બાબતોને ધ્યાનમાં રાખી સરકારે રણનીતિ ઘડી છે.
- ✓ **WHO : વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન**
- ✓ **WHOનું મુખ્ય મથક – જિનીવા (સ્વિત્ઝર્લેન્ડ)**

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (07-04-2021)

1. RBI દ્વારા એપ્રિલ 2021ના પ્રથમ સપ્તાહમાં યોજાયેલી પ્રથમ આર્થિક સમીક્ષા બેઠકમાં રેપોરેટ અને રિવર્સ રેપોરેટ કેટલા ટકા યથાવત રખાયો – **4 તથા 3.5 ટકા**
2. RBI મુજબ એપ્રિલ 2021ની સ્થિતિએ વર્ષ 2021-22માં ભારતનો જીડીપી ગ્રોથરેટ કેટલા ટકા રહેવાનો અંદાજ છે - **10.5**
3. ડિજિટલ પેમેન્ટ બેન્કોને પ્રોત્સાહિત કરવા RBI દ્વારા ડિપોઝિટ મર્યાદા રૂ. 1 લાખથી વધારી કેટલી કરાઈ – **2 લાખ**
4. એપ્રિલ-2021માં RBIએ પેમેન્ટ એપ દ્વારા કઈ સુવિધાથી ફન્ડ ટ્રાન્સફરની મંજૂરી આપી - **RTGS તથા NEFT**
5. RBIના નિર્ણય મુજબ નોન બેન્ક યુઝર્સ એક દિવસમાં કેટલી રકમની લેવડ-દેવડ કરી શકશે – **રૂ. 2 લાખ**
6. RBIના વર્તમાન ગવર્નરનું નામ જણાવો - **શક્તિકાન્તા દાસ**
7. કેન્દ્રીય કેબિનેટ દ્વારા આયાત ઘટાડવા અને ઘરઆંગણે ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા એપ્રિલ-2021ના પ્રથમ સપ્તાહમાં કયા ગુડ્સ માટે PIL સ્કીમને મંજૂરી આપી હતી - **સોલાર, ફ્રીઝ, AC, વોશિંગ મશીન વગેરે**
8. વ્હાઇટ ગૂડ્ઝમાં મુખ્યત્વે ક્યા કયા ઉત્પાદનનો સમાવેશ થાય છે - **સોલાર, ફ્રીઝ, AC, વોશિંગ મશીન વગેરે**
9. કેન્દ્ર સરકારે એપ્રિલ-2021માં 13 PLI યોજના હેઠળ કેટલા કરોડના બજેટની વ્યવસ્થા કરી છે - **10,738**
10. રોજગારી વધારવા માટે વપરાતા PLIનું વિસ્તૃત નામ જણાવો - **પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ્સ**
11. એપ્રિલ-2021માં વડાપ્રધાન મોદીએ વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી ટીપ્સ આપવા કયો ઈ કાર્યક્રમ યોજયો હતો - **પરીક્ષા પે ચર્ચા-2021**
12. એપ્રિલ-2021માં જાહેર કરેલા ફોર્બ્સ મેગેઝિનના 2020ના સૌથી અમીર લોકોની વાર્ષિક યાદીમાં સતત ચોથીવાર પ્રથમ ક્રમે આવનાર વ્યક્તિ અને તેની કંપનીનું નામ જણાવો – **જેફ બેજોસ અને એમેઝોન**
13. ફોર્બ્સ મેગેઝિનની 2020ની વિશ્વની સૌથી અમીરોની ટોપ-10ની યાદીમાં કયા એક માત્ર ભારતીયનો સમાવેશ થયો છે - **મુકેશ અંબાણી, રિલાયન્સ**
14. ફોર્બ્સ મેગેઝિનની 2020ની યાદી મુજબ સૌથી વધુ અબજોપતિ ધરાવતા પ્રથમ ત્રણ દેશ–**USA, ચીન અને ભારત**
15. સિતારવાદક પંડિત રવિશંકરનો જન્મ દિવસ જણાવો - **7 એપ્રિલ 1920**
16. વર્લ્ડ હેલ્થ ડે-2021ની થીમ જણાવો - **વધુ સારા અને તંદુરસ્ત સમાજનું નિર્માણ**
17. વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે - **7મી એપ્રિલ**
18. વિશ્વમાં સૌપ્રથમ કોરોના અંગે ચેતવણી આપીને શહીદ થનાર વ્યક્તિનું નામ જણાવો - **ચીનના ડૉ.લિએ**
19. WHOનો સ્થાપના દિવસ જણાવો – **7 એપ્રિલ-1945**
20. WHOનું મુખ્ય મથક જણાવો – **જીનીવા (સ્વિત્ઝર્લેન્ડ)**

**DATE : 08-04-2021**

## રાષ્ટ્રીય બાબતો

### 1. IMF : ભારતમાં વધી રહેલાં દેવાં અંગે અહેવાલ (આર્થિક)




**મુખ્ય તારણ :**

- ✓ કોરોના મહામારીના કારણે ભારતનું દેવું વધીને GDPના 90 ટકાએ પહોંચ્યું
- ✓ **આર્થિક રિકવરીનો આશાવાદ :** ભારતમાં થઈ રહેલી આર્થિક રિકવરીના કારણે મધ્યમગાળામાં દેવું ઘટીને GDPના 80 ટકા પર આવવાની સંભાવના

**વિગત :**

- ✓ કોરોના મહામારીના કારણે ભારતનું દેવું જીડીપીના 74 ટકાથી વધીને 90 ટકાની ઐતિહાસિક સપાટી પર.
- ✓ આઇએમએફના ફિસ્કલ ડિપોર્ટમેન્ટના ડેપ્યુટી ડિરેક્ટર પાઓલો મૌરોએ જણાવ્યું હતું કે, કોરોના મહામારી શરૂ થઈ તે પહેલાં વર્ષ 2019ના અંતે ભારતનું દેવું તેના જીડીપીના ગુણોત્તરમાં 74 ટકા હતું જે વર્ષ 2020ના અંતે વધીને જીડીપીના 90 ટકા થઈ ગયું છે.
- ✓ વર્ષ 2020માં ભારતનો કુલ જીડીપી રૂપિયા 189 લાખ કરોડ હતો જેની સામે દેવું રૂપિયા 170 લાખ કરોડ પર પહોંચ્યું હતું.

**વૈશ્વિક દેવું :**

- ✓ આર્થિક પ્રવૃત્તિઓમાં ઘટાડાના કારણે વર્ષ 2020માં વૈશ્વિક દેવું જીડીપીના 97 ટકા પર.
- ✓ 2021માં તે વધીને 99 ટકા પર પહોંચશે પરંતુ 100 ટકાની નજીક સ્થિર થઈ જશે.

✓ IMF : ઈન્ટરનેશનલ મોનિટરિંગ ફંડ

**2. કોરોના મહામારી ભારતની સ્થિતિ : ભારતના વડાપ્રધાન શ્રી મોદીએ 14મી વાર વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે કોરોનાની સ્થિતિ અંગે સમીક્ષા કરી**

**PM મોદીના વિવિધ સૂચનો :**

- ✓ રાજ્યો તા. 11થી 14 એપ્રિલ એટલે જ્યોતિબા ફૂલે જન્મજયંતીથી ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતી સુધી રસીકરણ મહોત્સવ ઉજવે
- ✓ માઇક્રો કન્ટેનમેન્ટ ઝોન અને નાઇટ કરફ્યૂ પર ભાર મૂકો, કોરોના કરફ્યૂ નામ આપો જેથી લોકોમાં જાગૃતિ આવે કે મહામારી ચાલી રહી છે




- ✓ આક્રમક ટેસ્ટિંગ જારી રાખો, કુલ ટેસ્ટના 70 ટકા ટેસ્ટ આરટી-પીસીઆર કરવાનું સુનિશ્ચિત કરો
- ✓ પોઝિટિવિટી રેટ પાંચ ટકાથી નીચે લાવવાનો છે, મોતના આંકડાની ઊંડાણથી સમીક્ષા થવી જોઇએ
- ✓ રસીનો બગાડ અટકાવી જેમ બને તેમ વધુ એલિજિબલ લોકોને કોરોનાની રસી આપવી જોઇએ
- ✓ બેદરકાર બનેલા લોકોને સાવધ કરવા સરકારો સામૂહિક જાગૃતિ અભિયાનો ચલાવે
- ✓ રસીકરણમાં યુવાનો મદદ કરે અને વેક્સિન લીધા પછી પણ લોકો સાવધાન રહે
- ✓ નવી વેક્સિન વિકસાવવાના ભરપૂર પ્રયાસો ચાલી રહ્યાં છે.

**3. કાશી-જ્ઞાનવાપી મસ્જિદ પરિસરનું પુરાતત્વીય સર્વેક્ષણની મંજૂરી (ઈતિહાસ)**

**સંપૂર્ણ વિગત**

- ✓ ઉત્તરપ્રદેશની વારાણસી સિવિલ કોર્ટે વારાણસીના કાશી વિશ્વનાથ મંદિર-જ્ઞાનવાપી (જ્ઞાનનો ભંડાર) મસ્જિદ પરિસરનું પુરાતત્ત્વીય સર્વેક્ષણ કરવાની મંજૂરી આપી હતી.
- ✓ આ સાથે કોર્ટે ભારતીય પુરાતત્ત્વ વિભાગ (ASI)ને પણ આદેશ જારી કર્યો હતો.
- ✓ જજ આશુતોષ તિવારીએ આ કેસની સુનાવણી કરી હતી.
- ✓ કોર્ટના આદેશ પ્રમાણે, અહીં ભારતીય પુરાતત્ત્વ વિભાગ તપાસ કરશે કે, આ વિવાદિત સ્થળના માળખામાં કોઇ પ્રકારનો ફેરફાર થયો છે કે નહીં.
- ✓ કોઇ જોડ-તોડ કરાઇ છે કે નહીં, વિવાદિત સ્થળ પર પહેલા મંદિર હતું કે નહીં.



**પાંચ સભ્યોની સમિતિ**

- ✓ કોર્ટે (ASI)ના ડિરેક્ટર જનરલને પાંચ સભ્યની સમિતિ બનાવવાનો આદેશ કર્યો.
- ✓ આ સભ્યો પુરાતત્ત્વ વિજ્ઞાનના નિષ્ણાતો હશે.
- ✓ આ સિવાય પુરાતત્ત્વ વિજ્ઞાનના જાણકાર હોય એવા એક ઓબ્ઝર્વર પણ નિયુક્ત કરાશે.
- ✓ આ માટે કોઇ યુનિવર્સિટીના શિક્ષણવિદની પસંદગી થઇ શકે છે. સમિતિએ વિવાદિત સ્થળે ગમે ત્યાં જવાનો હક હશે.
- ✓ આ સમિતિ વિવાદિત ક્ષેત્ર પ્લાન્ટ નંબર-1980ના ઉત્તરી હિસ્સાનું જિયો પેનિટ્રેશન રડાર કે જિયો રેડિયોલોજી સિસ્ટમથી કે બંનેથી સુનિશ્ચિત કરશે કે ક્યાં ખોદકામ કરવું છે.
- ✓ પહેલા ચાર ફૂટ પહોળો ટ્રાયલ ટ્રાંચ ખોદશે. તપાસમાં બંને પક્ષના વકીલ સ્થળ પર હાજર રહેશે.
- ✓ આ આદેશ અયોધ્યા વિવાદમાં ASIની તપાસ જેવો જ છે .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**4. એરગન સરન્ડર અભિયાન : અરુણાચલ પ્રદેશ સરકાર (જીવ દયા)**

- ✓ **હેતુ :** પંખીઓનો શિકાર અટકાવવા માટે




**વિગત :**

- ✓ ઉત્તર-પૂર્વના રાજ્યોમાં રહેતા અનેક પ્રજાતિના લોકો ખોરાક માટે અને ક્યારેક શોખ માટે શિકાર કરતાં હોય છે. ત્યાંથી નીકળતા પ્રવાસી પંખીઓનો મોટેપાયે શિકાર થાય છે. એ શિકાર અટકાવવા માટે અરૂણાચલ સરકારે એર ગન સરન્ડર અભિયાન શરૂ કર્યું.
- ✓ કારણવગર શિકાર કરનારાઓ પોતાના હથિયારો જમા કરાવે અને સરકાર પાસેથી ઈનામ મેળવે.
- ✓ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં સવા ચારસોથી વધારે ગન સરન્ડર થઈ ચૂકી છે.
- ✓ પક્ષી સંરક્ષણની દિશામાં આ અભિયાન મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે.
- ✓ રાજધાની : ઈટાનગર

**આંતરરાષ્ટ્રીય બાબતો**

**5. ખેલકૂદ : ઓલિમ્પિક ક્વોલિફાય રાઉન્ડ**

**નેત્રા કુમાન ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરનાર પ્રથમ ભારતીય મહિલા રોવર બની**

**વિગત :**

- ✓ નેત્રા કુમાને ઓમાન ખાતે એશિયન ક્વોલિફાયર લેઝર રેડિયલ ચેમ્પિયનશિપમાં પ્રથમ સ્થાને રહીને આ સિદ્ધિ હાંસલ કરી હતી.
- ✓ રોવિંગમાં જે ખેલાડીના સૌથી ઓછા પોઇન્ટ હોય છે તે ચેમ્પિયન બનતો હોય છે.




- ✓ લેઝર રેડિયલ સિંગલ હેન્ડેડ બોટ ઇવેન્ટમાં રોવર એકલો જ બોટ ચલાવતો હોય છે.
- ✓ અગાઉ 9 ભારતીયે ક્વોલિફાય કર્યું હતુ અને ઓવરઓલ 10મી ભારતીય રોવર

## 6. બાંગ્લાદેશ : વિશ્વમાં સૌથી વધુ મિથેન ગેસ ઉત્સર્જન કરનારા દેશમાં બાંગ્લાદેશનો સમાવેશ (જળવાયુ પરિવર્તન)

**મિથેન ઉત્સર્જનના કારણો :**

- ✓ બાંગ્લાદેશની વસતી ગીચ છે અને જળવાયુ પરિવર્તનને કારણે તે કુદરતી આપત્તિઓનો ભોગ બની શકે છે.
- ✓ બાંગ્લાદેશના પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન પ્રધાન શાહબુદ્દીને એક મુલાકાતમાં જણાવ્યું હતું કે ડાંગરના ખેતરોમાંથી 20 મિથેન ઉત્સર્જન થઇ શકે છે.




- ✓ ખેડૂતો તેમના ખેતરો પાણીથી ભરી દે તે સમયે માટીમાં રહેલા બેક્ટરિયા મોટા પ્રમાણમાં ગેસ ઉત્સર્જન કરતા હોય છે.
- ✓ સ્થાનિક પશુધન, ગેસ ઉદ્યોગના લીક અને કોલસાની ખાણો પણ મિથેન ગેસ ઉત્સર્જન કરતી હોય છે.
- ✓ વિશ્વમાં જે જળવાયુ પરિવર્તન જોવા મળે છે તે પૈકી 25 ટકા પ્રભાવ માનવ સર્જીત મિથેન ગેસ થકી સર્જાય છે.
- ✓ કુદરતી ગેસ પાઇપલાઇન લીક થવાથી કે કોલસાના ભંડારો પર મિથેન ગેસનું ઉત્સર્જન કરતા હોય છે.
- ✓ ઉપગ્રહોની તસવીરો આધારે આ સંશોધન થયું.

## 7. NOAA : પૃથ્વી ઉપર કાર્બન ડાયોકસાઇડના પ્રમાણ અંગે અહેવાલ (ગ્લોબલ વોર્મિંગ)




**મહત્વના તારણો :**

- ✓ કાર્બનનું પ્રમામ વધવાથી થતી અસરો
- ✓ 2020નું વર્ષ કોરોનાને કારણે શાંત રહ્યુ હોવા છતાં હવામાં કાર્બનના કણોનું પ્રમાણ દર દસ લાખ કણે 412.5 નોંધાયુ હતું.
- ✓ હવામાં કાર્બનના આ કણોનું પ્રમાણ ઘણું ઊંચુ ગણાય. આટલો કાર્બન હવામાં છેલ્લા 36 લાખ વર્ષ દરમિયાન ક્યારેય નોંધાયો નથી.
- ✓ છેલ્લા 36 લાખ વર્ષમાં અત્યારે વાતાવરણમાં ઘાતક વાયુઓ કાર્બન ડાયોક્સાઇડ અને કાર્બન મોનોક્સાઇડનું પ્રમાણ સૌથી વધારે છે.
- ✓ હવાઈ ટાપુ પર આવેલી માઉના લોઆ ઓબ્ઝર્વેટરી દ્વારા હવામાનનો સતત અભ્યાસ કરાઈ રહ્યો છે.
- ✓ આ આંકડાઓ જગતના 40 વાતાવરણ અભ્યાસ કેન્દ્રનો ડેટા ભેગો કરીને તારવવામાં આવ્યા છે.
- ✓ નોઆ છેલ્લા 63 વર્ષથી હવામાં કાર્બનનો રેકોર્ડ રાખે છે. એ પહેલાના લાખો વર્ષોનો રેકોર્ડ તો ધરતીના વિવિધ અવશેષોમાં સચવાયેલો તેનો અભ્યાસ કરી સંશોધકોએ આ આંકડા રજૂ કર્યા.
- ✓ 2012 પછી હવામાં ઠલવાતા કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ 43 ટકા વધ્યું છે.
- ✓ અત્યારે હવામાં જેટલો કાર્બન છે, એટલો કાર્બન 36 લાખ વર્ષ પહેલા ધરતી પર હતો. એ વખતે ધરતીનું વાતાવરણ તોફાની હતું.
- ✓ સમુદ્ર સપાટી આજના કરતા સરેરાશ 78 ફીટ ઊંચી હતી. આજે આર્કટિકનો જે પ્રદેશ બરફથી છવાયેલો છે, ત્યાં એ વખતે જંગલો હતા.

**કાર્બનનું પ્રમાણ વધવાથી શું થાય?**

- ✓ હવા પ્રદૂષિત થાય અને એ શ્વાસમાં જાય એટલે સંખ્યાબંધ બિમારીઓનો શરીરમાં પ્રવેશ થાય.
- ✓ ચામડીને પણ પ્રદૂષિત હવા નુકસાન કરે.
- ✓ કાર્બન શોષી લઈ હવામાં ઓક્સિજન ઠાલવવાની જંગલોની ક્ષમતા ઘટી ગઈ છે. પાંદડાઓ પાતળા થવા લાગ્યા છે.
- ✓ આંખોમાં બળતરા, માથાનો દુખાવો વગેરે પ્રશ્નો ઉભા થાય.
- ✓ ગરમીમાં વધારો થાય અને ખેતપેદાશોની ઉત્પાદકતા ઘટે.
- ✓ આ ઉપરાંત બીજી અનેક સમસ્યાઓ સર્જાઈ શકે જેનાથી છેવટે તો ધરતીના સૌ રહેવાસીઓનું જીવન દુષ્કર બને.
- ✓ **અમેરિકી હવામાન સંસ્થા :** નેશનલ ઓસનિક એન્ડ એટમોસ્ફિઅરિક એડમિનિસ્ટ્રેશન-NOAA

## 8. જન્મ દિન વિશેષ : 8 એપ્રિલ

### ગાંધીયુગના સાહિત્યગુરુ : રા.વિ.પાઠક




**જન્મ – 8 એપ્રિલ-1877 અવસાન – 21 ઓગષ્ટ-1955**

- ✓ **મૂળ ગામ ધોળકા તાલુકાનું ભોળાદ પણ જન્મ થયો હતો એ જ તાલુકાના ગાણોલ ગામે.**
- ✓ રા.વિ. પાઠકે ભોળાદ, શામળદાસ કોલેજ ભાવનગર, વિલ્સન કોલેજ મુંબઈ, ગૂજરાત વિધાપીઠ એમ અનેક ઠેકાણે અભ્યાસ કર્યો હતો.
- ✓ 1921માં એલએલબી કરી વકીલાત શરૂ કરી પણ આ જ ગાળામાં અસહકારનું આંદોલન શરૂ થતાં તેના તરફ આકર્ષાયા, આઝાદીના આંદોલનમાં જેલવાસ પણ ભોગવ્યો હતો.
- ✓ ગૂજરાત વિધાપીઠમાં પ્રોફેસર બન્યા. તે પછી તેમની અધ્યાપકીય કારકિર્દી એસ. એન. ડી. ટી કોલેજ મુંબઈ, ભવન્સ કોલેજ મુંબઈ અને ભારતીય વિધા ભવન વગેરે જગ્યાએ રહી હતી.
- ✓ 'પ્રસ્થાન' સામયિકના તંત્રી તરીકેની જવાબદારી નિભાવી હતી. રા.વિ. પાઠકના સર્જનોમાં શેષના કાવ્યો, સ્વૈરવિહારના નામે

નિબંધો અને દ્વિરેફના નામે વાર્તા સહિતના સાહિત્યનું સર્જન કર્યું છે. ઉપરાંત લોક, પ્રમાણશાસ્ત્ર પ્રવેશિકા વગેરે મુખ્ય.

✓ 21 ઓગસ્ટ 1955ના રોજ તેમનું અવસાન.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (08-04-2021)

1. એપ્રિલ 2021ના IMFના અહેવાલ મુજબ કોરોનાના કારણે ભારતનું દેવું વધીને GDPના કેટલા ટકા પહોંચ્યું છે - **90**
2. IMFના 2021નાઅહેવાલ મુજબ ભારતમાં થઇ રહેલી આર્થિક રિકવરીના કારણે નાણાકીય વર્ષના મધ્યગાળામાં દેવું વધીને GDPના કેટલા ટકા પર આવવાની સંભાવના છે - **80**
3. એપ્રિલ 2021ના IMFના અહેવાલ મુજબ વર્ષ 2020માં વૈશ્વિક દેવું GDPના કેટલા ટકા પર પહોંચ્યું છે - **97**
4. IMFનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્ટરનેશનલ મોનીટરીંગ ફંડ**
5. કોરોના સંક્રમણથી બચવા વિવિધ રાજ્યોમાં કયા સમયગાળા દરમિયાન રસીકરણ મહોત્સવ ઉજવાશે - **તારીખ 11 થી 14 એપ્રિલ 2021**
6. એપ્રિલ 2021માં વારાણસી સિવિલ કોર્ટે કઈ મસ્જિદ પરિસરનું પુરાતત્વીય સર્વેક્ષણની મંજૂરી આપી છે - **જ્ઞાનવાપી મસ્જિદ, કાશી**
7. પશુ પંખીઓને શિકારથી બચાવવા સંરક્ષણ માટે એપ્રિલ 2021માં કયા રાજ્યમાં એર ગન સરન્ડર અભિયાન હાથ ધરવામાં આવ્યું છે - **અરુણાચલ પ્રદેશ**
8. અરુણાચલ પ્રદેશની રાજધાની જણાવો - **ઇટાનગર**
9. ઓલિમ્પિક ક્વોલિફાય રાઉન્ડમાં ક્વોલિફાય થનાર પ્રથમ ભારતીય મહિલા રોવર - **નેત્રા કુમાન**
10. એપ્રિલ 2021ના અહેવાલ મુજબ વિશ્વમાં સૌથી વધુ મિથેન ગેસ ઉત્સર્જિત કરનાર દેશ જણાવો – **બાંગ્લાદેશ**
11. વિશ્વમાં જે જળવાયુ પરિવર્તન જોવા મળે છે તે પૈકી કેટલા ટકા પ્રભાવ માનવસર્જિત મિથેન ગેસ થકી સર્જાય છે – **25 ટકા**
12. એપ્રિલ 2021ના NOAAના અહેવાલ મુજબ વર્ષ 2020માં હવામાં કાર્બનના કણોનું પ્રમાણ દર દસ લાખ કણે કેટલું નોંધાયુ છે - **412.5**
13. NOAA છેલ્લા કેટલા વર્ષથી હવામાં કાર્બનનો રેકોર્ડ નોંધે છે – **63**
14. હવામાન સંસ્થા NOAAનું વિસ્તૃત નામ અને દેશ -**નેશનલ ઓસનિક એન્ડ એટમોસ્ફિઅરિક એડમિનિસ્ટ્રેશન, USA**
15. રા.વિ. પાઠકે કયા સામયિકના તંત્રીની જવાબદારી નિભાવી હતી – **પ્રસ્થાન**
16. ગાંધીયુગના સાહિત્ય ગુરુ રા.વિ.પાઠકનો જન્મદિવસ જણાવો - **08.04.1877**
17. સાહિત્યકાર રા.વિ. પાઠકનું પૂર્ણ નામ જણાવો - **રામનારાયણ વિશ્વનાથ પાઠક**
18. સાહિત્યકાર રા.વિ. પાઠકના ઉપનામ જણાવો - **જાત્રાળુ, ભુલારામ, દ્વિરેફ, સ્વૈરવિહારી, શેષ...**

**DATE : 09-04-2021**

## રાષ્ટ્રીય બાબતો

**1. ખેલકૂદ : 14મી IPL T-20નો તા. 9મી એપ્રિલ-2021થી પ્રારંભ**

✓ પ્રથમ મેચ : પાંચ વખતની વિજેતા મુંબઇ ઈન્ડિયન અને રોયલ ચેલેન્જર બેંગ્લોર

✓ સ્પોન્સર – VIVO - સ્થળ : ચેન્નઈ

**IPL-2021 એટ એ ગ્લાન્સ**

✓ કુલ 6 સ્થળ (મેદાન) - 60 મેચ - 52 દિવસ

**8 ટીમ અને નામ**




**2. ભારત સરકાર : વર્ષ 2020-21માં પ્રત્યક્ષ કરવેરાની આવક રૂપિયા 9.45 લાખ કરોડ (આર્થિક)**

✓ **ખાસ :** સુધારેલા અંદાજ કરતાં પણ 4.42 ટકા વધુ આવક

✓ સુધારેલા અંદાજમાં પ્રત્યક્ષ કરની આવક રૂ.9.05 લાખ કરોડ રહેવાનો અંદાજ હતો જ્યારે આવક થઈ 9.45 લાખ કરોડ

✓ **અહેવાલ : CBDT, દિલ્હી**

✓ **CBDT : સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ**

**3. પુસ્તક વિમોચન**

**નામ-મનોહર પારિકર : બ્રિલિઅન્ટ માઈન્ડ, સિમ્પલ લાઇફ**

✓ લેખક : નિતીન ગોખલે

**4.ઇનોવેશન : IIT કાનપુરના વિદ્યાર્થીઓએ દ્રષ્ટિની ખામી ધરાવતા લોકો માટે 'ટચ સેન્સેટિવ ઘડિયાળ' તૈયાર કરી**




✓ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, કાનપુર-ઉત્તરપ્રદેશ

## આંતરરાષ્ટ્રીય બાબતો

**5. નિધન : બ્રિટનના પ્રિન્સ ફિલિપનું 97 વર્ષે લન્ડનમાં નિધન**

✓ બ્રિટનમાં રાષ્ટ્રીય શોક



**પરિચય :**

✓ જન્મ : 1921, કોર્ફુ ટાપુ-ગ્રીસ

✓ બ્રિટનના મહારાણી એલિઝાબેથ-IIના પતિ

✓ **પ્રિન્સ ફિલિપ ડ્યૂક ઓફ એડિનબર્ગનું બહુમાન**

✓ સૈન્યમાં વિશેષ કારકિર્દી ધરાવતા હતા

✓ તેમના પિતા મીસ અને ડેનમાર્કના પ્રિન્સ એન્ડ્રુ હતા જેઓ હેલેનિસના કિંગ જ્યોર્જ-1ના નાના પુત્ર હતા.

- ✓ ક્વીન એલિઝાબેથ સાથે તેમના લગ્ન 1947માં થયા હતા. ક્વીન અને પ્રિન્સનું લગ્નજીવન 73 વર્ષ ચાલ્યું જે બ્રિટનના ઇતિહાસમાં સૌથી મોટું રાજકીય સહજીવન હતું.
- ✓ તેઓ બ્રિટનના તાજ ઉપર રહેલી વ્યક્તિના જીવન સાથી તરીકે સૌથી વૃદ્ધ વ્યક્તિ હોવાનો પણ વિક્રમ ધરાવતા હતા.

## 6. વૈશ્વિક સમુદ્રી સીમાના ત્રણ પ્રકાર

કાંઠેથી શરૂ થઈને મધદરિયા સુધી પાણી તો એક સરખું જ હોય, પરંતુ તેમાં વિવિધ બોર્ડર નિયમો લાગુ પડે છે. એમાંથી 3 સરહદ એવી છે, જે મોટા ભાગના રયા કાંઠો ધરાવતા દેશને અસર કરતી હોય છે.

**(1) ટેરેટોરિયલ સી :**

- ✓ આ વિસ્તાર 12 નોટિકલ માઇલ સુધીનો હોય અને તે સંપૂર્ણપણે જે-તે દેશની માલિકીનો જ ગણાય.

**(2) એક્સક્લુઝિવ ઇકોનોમિક ઝોન :**

- ✓ આ વિસ્તાર કાંઠાથી 200 નોટિકલ માઇલ સુધીનો હોય. તેમાં અન્ય દેશના જહાજો આવ-જા કરી શકે, પરંતુ એ માટે પહેલા જાણ કરવી પડે. વળી એ વિસ્તારના સમુદ્રમાંથી મળતી તમામ સંપત્તિ, માછલાં, જે-તે દેશની માલિકીના ગણાય. અમેરિકી જહાજ તેમાંથી પસાર થયા હતા.

**(3) ઈન્ટરનેશનલ વૉટર :**

- ✓ પછીનો વિસ્તાર આંતરરાષ્ટ્રીય ગણાય, જેમાં બધા જહાજો મુક્ત રીતે હરીફરી શકે.

## 7. ઇજિપ્ત : અંદાજે 3400 વર્ષ જૂનું અનોખું અકબંધ સૌથી મોટું નગર થિબિઅસ મળી આવ્યું (પ્રાચીન ઇતિહાસ)



**વિગત :** નામ : ગોલ્ડન સિટી

- ✓ ઇજિપ્તમાંથી 3400 વર્ષ જૂનું અનોખું અને અકબંધ સૌથી મોટું નગર મળી આવ્યું
- ✓ ઇજિપ્તની ધરતીમાં ઠેર ઠેર હજારો વર્ષ જૂના અવશેષો વિખરાયેલા પડ્યાં છે. એવા અવશેષો માંથી 3400 વર્ષ પુરાતન એક ગોલ્ડન સિટી તરીકે ઓળખાતું નગર થિબિઅસ મળી આવ્યું હતુ.
- ✓ ઇજિપ્તના જગવિખ્યાત આર્કિયોલોજિસ્ટ ડૉ.જાહિર હવાસ અને તેમની ટીમે આ નગર શોધી કાઢ્યું હતું. તેના અવશેષો હજારો વર્ષ પછી પણ એવા છે, જાણે હજુ કાલે કોઇએ નગર ખાલી કર્યું હોય.
- ✓ પુરાતત્વશાસ્ત્રીઓના કહેવા પ્રમાણે શહેર ઇજિપ્તના ઇતિહાસ પ્રસિદ્ધ રાજા તૃતઆમેનખાનના દાદાએ બંધાવ્યું હતું. વર્ષોથી ઘણા પુરાતત્વવિદો આ નગર શોધવા માટે ખાંખા -ખોળા કરતાં હતા, પણ તેમને સફળતા મળી ન હતી.
- ✓ ઈજિપ્તના બક્સર પ્રાંતમાં ગયા વર્ષે સપ્ટેમ્બર દરમિયાન પ્રાથમિક અવશેષો જોવા મળ્યા પછી નગરનું ઉત્ખનન કરતાં આ નગર રેતીમાંથી બહાર નીકળ્યું હતું
- ✓ અત્યાર સુધીમાં ઈજિપ્તમાં મળેલા નગરોમાં આ સૌથી મોટું છે. આ શહેર ત્યારે ખાલી કરી અહીંના રહેવાસીઓ હિજરત કરી ગયા હતા, શા માટે હિજરત કરી હતી એ રહસ્ય છે.

## 8. દિન વિશેષ : 9 એપ્રિલ     રાષ્ટ્રીય વીરતા/શૌર્ય દિવસ

CENTRAL RESERVE POLICE FORCE

**CRPF દ્વારા દર વર્ષે 9 એપ્રિલને રાષ્ટ્રીય વીરતા/શૌર્ય દિવસ તરીકે ઉજવણી**

**ઇતિહાસ :**

- ✓ કેન્દ્રીય અનામત પોલીસ દળ એટલે કે સી.આર.પી.એફ. આજે દેશભરમાં પોતાનો આગવો વીરતા દિન મનાવશે.
- ✓ 9,એપ્રિલ 1965ના કચ્છના રણમાં આવેલી સીમા ઉપર પાકિસ્તાનના આક્રમણ વખતે મોતની પરવાહ કર્યા વગર સરદાર પટેલ પોસ્ટ જાળવી રાખનારા જવાનોની વીરતાને યાદ કરીને શહીદોને અંજલિ આપશે.
- ✓ આંતરરાષ્ટ્રીય રણ સરહદે સરદાર ચોકી, વીઘાકોટ, છાડબેટ, હનુમાનમઢીમાં સામે પાકિસ્તાનની આખી લશ્કરી બ્રિગેડ હતી, જ્યારે તેની સામે આપણા સીઆરપીએફ અને એસઆરપીના 200થી 250 જવાન હતા.
- ✓ ભારત-પાક વચ્ચે 1965માં સત્તાવાર યુદ્ધ ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ખેલાયું એનાથી ચાર મહિના પહેલાં એટલે કે એપ્રિલમાં પાકિસ્તાન કચ્છના રણ પર ત્રાટકી ચૂક્યું હતું અને બ્રિટનના વડાપ્રધાનની દરમ્યાનગીરીથી જૂન મહિનામાં યુદ્ધવિરામ થયો હતો.
- ✓ યુદ્ધ વિરામની શરતો અનુસાર કહેવાતો સરહદી વિવાદ ઉકેલવા ટ્રિબ્યુનલ રચાઇ હતી અને એના ચુકાદામાં આખરે કંજરકોટ અને છાડબેટ સહિતનો કચ્છના રણનો 10 ટકા વિસ્તાર ભારતે ગુમાવવો પડ્યો હતો. 1968માં તેની વિરુદ્ધમાં કચ્છ સત્યાગ્રહ થયો હતો.
- ✓ આ આખું પ્રકરણ કચ્છ માટે એક તરફ પોલીસ જવાનોની અપ્રતિમ વીરતાનું પ્રતીક છે તો બીજી તરફ આઝાદી પછી સરહદી વિસ્તારની સુરક્ષા અને માળખાકીય વિકાસની કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કેટલી હદે અવગણના થઇ હતી એનો એક કમનસીબ પુરાવો પણ છે.
- ✓ એનો મુદ્દો ચર્ચીએ એ પહેલા 9, એપ્રિલ 1965ની ઐતિહાસિક ઘટના પર નજર કરીએ તો એ સમયે સરદાર પટેલ પોસ્ટ પર સી.આર.પી.એફ. અને એસ.આર.પી. (રાજ્ય અનામત પોલીસ)ના 200થી 250 પોલીસમેન ફરજ પર હતાં. તેમની પાસે ત્રણ મશીનગન સહિતના ટાંચા સાધન શસ્ત્ર હતા.
- ✓ એવા સમયે મધરાત પછી વહેલી પરોઢે સાડા ત્રણ હજાર ફોજીઓ સાથેનું પાકિસ્તાની લશ્કર તોપમારાના પીઠબળે તેમના પર તૂટી પડ્યું. છતાં બહાદુર જવાનોએ જંગ ખેલ્યો.
- ✓ 34 પાકિસ્તાનીઓને ઢેર કર્યા અને સવાર સુધી ચોકી ટકાવી રાખી. ત્યાર બાદ ભારતીય લશ્કર ત્યાં આવી પહોંચ્યું અને મોરચો સંભાળી લીધો હતો.

**1996માં પણ ઇતિહાસ સર્જાયો હતો**

- ✓ સરહદ તોપની ગોળાબારી, રાઇફલો અને બોમ્બના ધડાકાઓથી ગાજી ઉઠી હતી.

- ✓ 9મી એપ્રિલે આપણા બહાદુર જવાનોએ એક રાતમાં પાકિસ્તાનની ફોજના 34 સૈનિકોને ઢાળી દઇને આપણી સરદાર ચોકી જાળવી રાખીને ઇતિહાસ સર્જી દીધો હતો.
- ✓ કેન્દ્ર સરકારની નિર્માલ્ય નીતિઓને લીધે આ જંગમાં આખરે ભારતે છાડબેટ ગુમાવવું પડ્યું હતું

**ઉજવણી : CRPF**

- ✓ કેન્દ્રીય અનામત દળના જવાનોએ 9 એપ્રિલ 1965માં સરદાર ચોકી જાળવી રાખીને ઇતિહાસ સર્જયો હતો છતાં સી.આર.પી.એફ. દ્વારા શૌર્ય દિનની ઉજવણીનો આરંભ 2002થી કેમ થયો ?
- ✓ સાચી વાત એ છે કે 65 પછી 71ના યુધ્ધમાં ભારતે જબ્બર વિજય હાંસલ કર્યો તેના લીધે રણ સંગ્રામ સહિતની વીરતાથી ભરેલી કથાઓ વિસરાઇ ગઇ.
- ✓ 2001માં કેન્દ્રીય દળે નવી પહેલ કરીને રણ યુધ્ધના પ્રથમ દિવસનું દસ્તાવેજીકરણ કર્યું અને બીજા વર્ષથી શૌર્ય દિને મનાવવાનું નક્કી કર્યું જે આજે પણ મનાવાય છે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (09-04-2021)**

1. તાજેતર તા. 9 એપ્રિલ 2021 ના રોજ કેટલામી IPL સિઝનનો પ્રારંભ થયો - **14મી**
2. 14મી IPL T-20 સિઝનમાં પ્રથમ મેચ કયા સ્ટેડિયમ ઉપર કોની કોની વચ્ચે રમાય - **ચેન્નઇ તથા મુંબઇ ઇન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર**
3. 14મી IPL T-20માં કેટલી ટીમો ભાગ લઇ રહી છે - **08**
4. ભારતમાં વર્ષ 2020માં પ્રત્યક્ષ કરવેરાની આવક કેટલા લાખ કરોડ થઇ છે - **રૂ. 9.45 લાખ કરોડ**
5. ભારતમાં વર્ષ 2020-21માં પ્રત્યક્ષ કરવેરાની સુધારેલા અંદાજ કરતા કેટલા ટકા વધુ આવક થઇ – **4.42 ટકા**
6. CBDTનું વિસ્તૃત નામ જણાવો - **સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ**
7. તાજેતર એપ્રિલ 2021માં મનોહર પારિકર ઉપર લેખક નિતીન ગોખલે દ્વારા કયુ એક પુસ્તક પ્રકાશિત કરાયું - **મનોહર પારિકર : બ્રિલિઅન્ટ માઇન્ડ, સિમ્પલ લાઇફ**
8. દ્રષ્ટિની ખામી ધરાવતા લોકો માટે તાજેતરમાં IIT કાનપુરના ઇજનેરો દ્વારા કઇ નવી ઘડિયાળ તૈયાર કરાઇ - **ટચ સેન્સેટિવ ઘડિયાળ**
9. તા. 9 એપ્રિલ-2021ના રોજ બ્રિટનના રાજવી પરિવારમાં કયા મોભીનું લન્ડનમાં 97 વર્ષે નિધન થયુ - **બ્રિટનના મહારાણી એલિઝાબેથ-IIના પતિ પ્રિન્સ ફિલીપ**
10. પ્રિન્સ ફિલીપ કયુ એક વિશેષ બહુમાન ધરાવતા હતા - **ડ્યુક ઓફ એડિનબર્ગ**
11. પ્રિન્સ ફિલીપનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો – **વર્ષ 1921 તથા કોર્ફુ ટાપુ-ગ્રીસ**
12. વૈશ્વિક સમુદ્રી સીમાના ત્રણ પ્રકાર જણાવો - **ટેરેટોરિયલ સી, એક્સક્લુઝિવ ઇકોનોમિક ઝોન તથા ઇન્ટરનેશનલ વૉટર**
13. ટેરેટોરિયલ સી કેટલા નોટિકલ માઇલ સુધીનો હોય છે જેના ઉપર જે તે દેશની માલિકી હોય છે – **12 નોટિકલ માઇલ**
14. સમુદ્રી ક્ષેત્રમાં એક્સક્લુઝિવ ઇકોનોમિક ઝોન દરિયાકાંઠાથી કેટલા નોટિકલ માઇલ સુધીનો હોય છે - **200 નોટિકલ માઇલ**
15. એપ્રિલ-2021માં કયા દેશમાં અંદાજે 3400 વર્ષ જૂનું પ્રાચીન નગર થિબિઅસ મળી આવ્યું તે કયા નામે ઓળખાય છે - **ઇજિપ્ત અને ગોલ્ડન સિટી**
16. ભારતમાં "રાષ્ટ્રીય વીરતા/શૌર્ય દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે - **9 એપ્રિલ**
17. "રાષ્ટ્રીય વીરતા દિવસ" કયા અર્ધ લશ્કરી દળની પરાક્રમ ગાથાની યાદમાં ઉજવવામાં આવે છે- **CRPF**
18. ભારતમાં "રાષ્ટ્રીય વીરતા/શૌર્ય દિવસ" ક્યા યુદ્ધની યાદમાં ઉજવવામાં આવે છે - **ભારત-પાકિસ્તાન 1965**
19. "સરદાર પટેલ પોસ્ટ" કઇ આંતરરાષ્ટ્રીય સીમા ઉપર કયા જિલ્લામાં આવેલી છે - **ભારત-પાકિસ્તાન અને કચ્છ**

## DATE : 10-04-2021

### સ્થાનિક બાબતો

**1. રાજ્ય ચૂંટણી પંચ : ગુજરાત સરકાર (બંધારણ)**

**કોરોનાને કારણે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી અનિશ્ચિત મુદત માટે મોકૂફ**

State Election Commission, Gujarat
રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાત

- ✓ સંક્રમણ ઘટ્યા બાદ નવી તારીખો જાહેર કરાશે
- ✓ **રાજ્ય ચૂંટણી કમિશનર : શ્રી સંજય પ્રસાદ**

### રાષ્ટ્રીય બાબતો

**2. ઉત્તરાખંડ સરકાર : નિર્ણય (ધર્મ)**




**બદ્રીનાથ સહિત 51 મંદિરનો સરકારી દેવસ્થાન બોર્ડમાંથી મુક્ત કરવાનો નિર્ણય**

- ✓ મુખ્યમંત્રી : શ્રી તીરથસિંહ રાવત
- ✓ રાજધાની : દહેરાદૂન

**3. નિધન : મહાભારત ટીવી શ્રેણીમાં ભગવાન ઇન્દ્રની ભૂમિકા ભજવનારા અને પંજાબી-હિન્દી ફિલ્મના અભિનેતા સતીશ કૌલનું 74 વર્ષે નિધન**



- ✓ અવસાન : મુંબઇ

**4. કોરોના મહામારી : ભારતભરમાં ટિકા-રસીકરણ ઉત્સવ**




- ✓ તારીખ 11 થી 14 એપ્રિલ 2021
- ✓ તારીખ 11 એપ્રિલ જ્યોતિબા ફુલેના જન્મ દિવસથી ડો. બાબા સાહેબના જન્મ દિવસ 14 એપ્રિલ સુધી અભિયાન

## 5. દિન વિશેષ : 10 એપ્રિલ

### (1) વિશ્વ હોમીયોપથી દિવસ




- ✓ **થીમ-2021 :** "Homeopathy- Roadmap for Integrative Medicine".
- ✓ હોમીયોપથીના સંસ્થાપક જર્મન ડો.સેમ્યુઅલ હનીમેનની જયંતીના રૂપે આ દિવસ મનાવવામાં આવે છે. તેઓ જર્મનીના પ્રસિદ્ધ ડોક્ટર હતા.
- ✓ હોમિયોપથી એક વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિ છે જેને 1796માં સેમ્યુઅલ હનીમેને શરૂ કરી હતી.




- ✓ આ દિવસ નિમિત્તે કેન્દ્રીય હોમિયોપથી અનુસંધાન પરિષદ (CCRH-સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન હોમિયોપથી) દ્વારા ઉજવણી કરવામાં આવે છે.
- ✓ CCRH આયુષ મંત્રાલય હેઠળનું એક સ્વાયત રિસર્ચ સંગઠન છે.
- ✓ આ પદ્ધતિ સમરૂપતાના સિદ્ધાંત પર આધારિત.

### (2) આર્યસમાજની સ્થાપના : 10-04-1875, મુંબઈ




**આર્ય સમાજની પ્રવૃત્તિઓ:**

- ✓ હિન્દુઓને સંગઠિત કરવા તથા પશ્ચિમી સંસ્કૃતિના પ્રહારો સામે હિન્દુ ધર્મનું રક્ષણ કરવું, ધર્માંતર કરાયેલા હિન્દુઓને હિન્દુ ધર્મમાં ફરી લાવવાની શુદ્ધિ ચળવળ કરવી અને આર્યસમાજે દરિદ્રનારાયણની સેવાનો આદર્શ રજૂ કર્યો હતો.
- ✓ આર્યસમાજનું મુખ્યમથક લાહોરમાં બનાવવામાં આવ્યું હતું.
- ✓ સ્વામી દયાનંદ સરસ્વતીના અવસાન પછી લાલા હંસરાજ, પંડિત ગુરુદત્ત, સ્વામી શ્રદ્ધાનંદ અને લાલા લજપતરાય જેવા નેતાઓએ આ સંસ્થાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી.
- ✓ લાલા હંસરાજે 1889માં લાહોરમાં 'દયાનંદ એંગ્લો વૈદિક કોલેજ'ની સ્થાપના કરી.
- ✓ સ્વામી શ્રદ્ધાનંદે 1902માં હરદ્વાર પાસે 'કાંગડી ગુરુકુળ' સ્થાપ્યું હતું.
- ✓ આ ઉપરાંત ગુજરાતમાં વડોદરામાં 'આર્ય કન્યા વિદ્યાલય' શરૂ કરવામાં આવ્યું હતું .

## 6. જન્મ દિન વિશેષ : 10 એપ્રિલ (1) ક્રાંતિવીર સરદારસિંહ રાણા

**જન્મ – 10 એપ્રિલ-1870 અવસાન – 1957**



- ✓ દેશ અને વિદેશમાં અનેકની સંખ્યામાં ક્રાંતિકારીઓ દેશની આઝાદી માટે કાર્યરત હતા. તેમાંનું એક મહત્વનું નામ સરદારસિંહનું છે.
- ✓ જૂના લીંબડી રાજ્યના કંથારિયા ગામે લીંબડી રાજ્યના ભાયાત દેવાભાઇ રાણાને ત્યાં સરદારસિંહનો જન્મ થયો હતો.
- ✓ સરદારસિંહે શિક્ષણ કંથારિયા, સાળંગપુર, રાજકોટ અને મુંબઈમાં લીધું. 1897માં બ્રિટન અભ્યાસ અર્થે ગયા, ત્યાં શ્યામજી કૃષ્ણ વર્માનો પરિચય થયો ઇન્ડિયન હોમ રૂલ સોસાયટી, ઇન્ડિયા હાઉસ અને યુરોપમાં ભારતીયોના સંગઠન વગેરે પ્રવૃત્તિમાં સક્રિય પણે ભાગ લીધો હતો.
- ✓ 1857માં બ્રિટિશ સરકારે તેમને બળવાખોર જાહેર કર્યા. આઝાદી બાદ ભારત આવ્યા પણ આઝાદી પહેલાનું સપનાનું ભારત રાણાને દેખાયું નહિ 1957માં તેમનું અવસાન થયું.

### (૨) વર્ષા અડાલજા જન્મ : 10 એપ્રિલ 1940




- ✓ સાગરકથાઓના લેખક ગુણવંતરાય આચાર્યના સુપુત્રી તથા નારીવાદી લેખિકા અને નાટયકાર વર્ષા અડાલજાનો મુંબઈમાં જન્મ થયો હતો તેણી જામનગરના વતની.
- ✓ ગુજરાતી અને સંસ્કૃત સાથે 1960માં બીએ અને 1962માં સમાજશાસ્ત્ર સાથે એમએ થનારાં વર્ષાબેન નેશનલ સ્કૂલ ઑફ ડ્રામાનાં વિદ્યાર્થી રહી ચૂક્યાં છે.
- ✓ ચાર વર્ષ તેઓ મુંબઈ આકાશવાણીનાં પ્રવક્તા હતાં.

**સાહિત્યિક પ્રદાન :**

- ✓ શ્રાવણ તારા સરવડાં (1968), વિયેટનામ હિંસા પર આધારિત નરમેઘ આતશ (1976), ગાંઠ છૂટ્યાની વેળા (1986), જેલોના ભ્રષ્ટાચારને ઉજાગર કરતી બંદીવાન (1986) તેમની લોકપ્રિય કૃતિઓ છે. પગલાં (1983) અને પાંચને એક પાંચ રહસ્યકથાઓ છે., જેમાં પેરી મેસનની થોડી છાયા છે.

- ✓ રેતપંખી, તિમિરના પડછાયા, ખરી પડેલો ટહુકો, એક પળની પરખ, છેવટનું છેવટ, પાછા ફરતા વગેરે તેમની જાણીતી સાહિત્યકૃતિઓ છે
- ✓ તેમની નવલકથા "મારે પણ એક ઘર હોય" અને "રેતપંખી" પરથી ટૂંકી ટેલિવિઝન સિરિયલ બની હતી.

**એવોર્ડ :**

- ✓ તેમની પ્રથમ નવલકથા "અણસાર" માટે તેમને સાહિત્ય અકાદમી એવોર્ડ પ્રાપ્ત થયો હતો. આ નવલકથા પરથી લેપરોઝી નામની ફિલ્મ બની હતી.
- ✓ તેમને સોવિયત લેન્ડ નહેરુ એવોર્ડ, બે વખત ગુજરાતી સાહિત્ય પરિષદ એવોર્ડ અને ત્રણ વખત ગુજરાતી સાહિત્ય એકેડેમી એવોર્ડ ઉપરાંત વર્ષ 2005માં ગુજરાતી સાહિત્ય જગતનો સર્વોચ્ચ પુરસ્કાર રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો છે.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (10-04-2021)

1. કોરોનાને કારણે એપ્રિલ-2021માં ગુજરાતમાં કઇ મહાનગરપાલિકાની ચૂંટણી અનિશ્ચિત મુદ્દત માટે મોકૂફ રખાઇ - **ગાંધીનગર**
2. ગુજરાતના રાજ્ય ચૂંટણી કમિશનરનું નામ જણાવો - **સંજય પ્રસાદ**
3. ઉત્તરાખંડ સરકારે એપ્રિલ-2021માં બદ્રીનાથ સહિત કેટલા મંદિરોને સરકારી દેવસ્થાન બોર્ડમાંથી મુક્ત કરવાનો નિર્ણય કર્યો છે - **51**
4. ઉત્તરાખંડના વર્તમાન મુખ્યમંત્રી કોણ છે - **તીરથસિંહ રાવત**
5. મહાભારત ટીવી શ્રેણીમાં ભગવાન ઇન્દ્રની ભૂમિકા ભજવનારા કયા કલાકારનું તાજેતરમાં નિધન થયુ - **સતીશ કૌલ**
6. એપ્રિલ-2021માં કયા સમયગાળા દરમિયાન ભારતભરમાં ટિકા-રસીકરણ ઉત્સવ ઉજવાશે – **તા.11 એપ્રિલ જ્યોતિબા ફુલેના જન્મ દિવસથી ડો. બાબા સાહેબના જન્મ દિવસ 14 એપ્રિલ સુધી**
7. વિશ્વ હોમીયોપથી દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે – **10 એપ્રિલ**
8. વિશ્વ હોમીયોપથી દિવસ-2021ની થીમ જણાવો - **"Homeopathy- Roadmap for Integrative Medicine"**
9. હોમીયોપથીના સંસ્થાપકનું નામ જણાવો - **ડો. ફ્રેડરિક સેમ્યુઅલ હનીમેન**
10. જર્મનીના કયા પ્રસિદ્ધ ડૉક્ટરની જન્મ જયંતી નિમિતે વિશ્વ હોમીયોપથી દિવસ મનાવવામાં આવે છે - **ડો.ફ્રેડરિક સેમ્યુઅલ હનીમેન**
11. CCRHનું વિસ્તૃત નામ જણાવો - **સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઇન હોમિયોપેથી**
12. કયાં અને ક્યારે આર્યસમાજની સ્થાપના કરવામાં આવી હતી – **મુંબઈ તથા 10 એપ્રિલ 1875**
13. વર્ષ-1889માં કોણે લાહોરમાં 'દયાનંદ એંગ્લો વૈદિક કોલેજની સ્થાપના કરી હતી - **લાલા હંસરાજ**
14. સ્વામી શ્રદ્ધાનંદે ક્યાં અને કયારે 'કાંગડી ગુરુકુળ' સ્થાપ્યું હતું - **હરદ્વાર પાસે તથા વર્ષ-1902**
15. ક્રાંતિવીર સરદારસિંહ રાણાનો જન્મ દિવસ જણાવો – **10 એપ્રિલ-1870**
16. ક્રાંતિવીર સરદારસિંહ રાણાનું જન્મસ્થળ જણાવો - **જૂના લીંબડી રાજ્યના કંથારિયા ગામ**
17. મહિલા ગુજરાતી સાહિત્યકાર વર્ષા અડાલજાનો જન્મ દિવસ જણાવો - **10 એપ્રિલ 1940**
18. મહિલા ગુજરાતી સાહિત્યકાર વર્ષા અડાલજાને તેમની કઇ પ્રથમ નવલકથા માટે સાહિત્ય અકાદમી એવોર્ડ પ્રાપ્ત થયો હતો - **"અણસાર"**
19. ગુજરાતી લેખિકા વર્ષા અડાલજાની અણસાર નવલકથા પરથી કઇ ફિલ્મ બની હતી - **લેપરોઝી**
20. ગુજરાતી નવલકથાકાર વર્ષા અડાલજાને રણજિતરામ સુવર્ણ ચંદ્રક ક્યારે મળ્યો હતો – **વર્ષ-2005**

## DATE : 11-04-2021

## સ્થાનિક બાબતો

**1. નિધન : જૂના અખાડાના મહામંડલેશ્વર વિશ્વંભર 1008 ભારતીબાપુ 93 વર્ષે બ્રહ્મલીન**

- ✓ સમાધી : ભારતી આશ્રમ, ભવનાથ , જૂનાગઢ




**ભારતીબાપુનો પરિચય :**

- ✓ વર્ષ 1930માં ભારતીબાપુનો જન્મ થયો હતો, ત્યાર બાદ તેઓએ માત્ર 27 વર્ષની ઉંમરે વર્ષ 1957માં અવંતિકાભારતી બાપુની નિશ્રામાં સંન્યાસ દીક્ષા ગ્રહણ કરી તેમણે ગૌસેવા, સનાતન સંસ્કૃતિની રક્ષા, અયોધ્યા રામ મંદિર સહિતના કાર્યોમાં હમેશાં પોતાનું યોગદાન આપ્યું હતુ.

## રાષ્ટ્રીય બાબતો

**2. કેન્દ્ર સરકાર : નિર્ણય**

**ભારતભરમાં ભારે અછત સર્જાતા રેમડેસિવિર ઇન્જેક્શનની નિકાસ પર અનિશ્ચિતકાલીન પ્રતિબંધ**

- ✓ **નિકાસ :** રેમડેસિવિર ઇન્જેક્શન અને રેમડેસિવિર એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઇન્ગ્રેડિઅન્ટ્સ
- ✓ ભારતમાં કોરોનાની બીજી લહેરમાં જોવા મળતો વેરીઅન્ટ વિશે B.1.617
- ✓ વાયરસ ડબલ મ્યુટન્ટ કોરોના
- ✓ નામ : વેરીઅન્ટ B.1.617.




**વેરીઅન્ટ**

- ✓ નિષ્ણાતોએ જણાવ્યા મુજબ કોરોના વાઇરસનાં 15 જિનેટિક વેરિઅન્ટ છે જેમાં 6 પ્રોટીન વેરિઅન્ટ પૈકી બે વેરિઅન્ટ લોકોની રોગ પ્રતિકારક ક્ષમતા સામે ટકી રહેવાની તાકાત ધરાવે છે અને ઇન્ફેક્શન વધારી શકે છે .
- ✓ <u>વિભાગ : ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલ, નવી દિલ્હી</u>

**3. ભારત સરકાર અને કેઈર્ન એનર્જી વિવાદ (આર્થિક)**

- ✓ ઓઇલ મેજર કેઈર્ન એનર્જી કંપની-બ્રિટન

**શું છે સમગ્ર વિવાદ**

- ✓ 1994માં કેઇર્ન એનર્જીએ ભારતમાં ઓઇલ સેક્ટરમાં મૂડીરોકાણ કર્યું.
- ✓ 2006-07માં રાજસ્થાનમાં ક્રૂડનો મોટો જથ્થો મળ્યા બાદ કંપનીનું બીએસઇમાં લિસ્ટિંગ 2011માં ભારતે રિટ્રોએટિવ ટેક્સ લૉ પસાર કરી કેઇર્ન એનર્જીને રૂ.10,247નો ટેક્સ, વ્યાજ અને પેનલ્ટી સહિત ચૂકવવાનો આદેશ આપ્યો
- ✓ કંપનીએ ઇનકાર કરતાં ભારતે કેઇર્ન ઇન્ડિયાના શેર ડિવિડન્ડ જપ્ત કર્યા
- ✓ 2015માં કેઇર્ન એનર્જીએ હેગ સ્થિત આંતરરાષ્ટ્રીય લવાદ ટ્રિબ્યુનલમાં પડકાર આપ્યો હતો
- ✓ ભારત સરકાર ઇચ્છતી હતી કે કેઇને એનર્જી વિવાદ સી વિશ્વાસ સ્કીમ અંતર્ગત ઉકેલ લાવે અને 50 ટકા રકમ ચૂકવે
- ✓ કેઇર્ન એનર્જીએ ભારત સરકારનો પ્રસ્તાવ નકારી કાઢયો હતો
- ✓ ડિસેમ્બર 2020માં લવાદ કોર્ટે ભારત સરકારને વળતર પેટે કેઇર્ન એનર્જીને 1.2 બિલિયન ડોલર નુકસાન અને વ્યાજ સહિત ચુકવવા આદેશ આપ્યો હતો
- ✓ ભારત સરકારે કેઇન એનર્જીને 1,725 બિલિયન ડોલર ચુકવવાના છે.

**4. S N 2015 D J : દુર્લભ તારાની શોધ (ખગોળ વિજ્ઞાન)**

**ભારતના અંતરીક્ષ વિજ્ઞાનીઓ દ્વારા અંતરીક્ષમાં સુરજ કરતાં પણ 1000 ગણો વધુ ચમકદાર દુર્લભ તારો શોધાયો**



- ✓ તારાનું નામ : **S N 2015 D J**

**દુર્લભ તારા વિશે :**

- ✓ દુર્લભ તારાને સુપરનોવા વિસ્ફોટ કે વોલ્ફ રાયેટ તારો પણ કહે છે.
- ✓ તે દુર્લભ તારો ચમકદાર હોવાથી ખૂબ પ્રકાશ આપે છે.
- ✓ તેનો પ્રકાશ સૂરજ કરતાં પણ વધુ હોય છે.
- ✓ અંતરિક્ષમાં અનેક વિશાળકાય તારાની એક પાતળી સપાટી છે. તે હાઇડ્રોજનથી ઢંકાયેલી રહે છે. તેમાં હિલિયમ અને અન્ય તત્વોનું ફ્યુઝન થતું રહે છે. તે ફ્યુઝન એક કેન્દ્રમાં થતું રહે છે.

**શોધનાર સંસ્થા :**

- ✓ આર્યભટ્ટ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓબ્ઝર્વેશન સાયન્સના.
- ✓ સ્થળ : નૈનિતાલ

**5. દિન વિશેષ : 11 એપ્રિલ　　રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ**

- ✓ દર વર્ષે 11 એપ્રિલે રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ મનાવવામાં આવે છે.

**હેતુ**

- ✓ આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ સગર્ભા સ્ત્રીઓને તેમની આરોગ્ય સંભાળ અને પ્રસૂતિ સુવિધાઓ વિશે જાગૃત કરવાનો.

**ભારતમાં રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ પ્રારંભ**

- ✓ <u>કસ્તુરબા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે ભારત સરકારે 11 એપ્રિલને 2003થી રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ તરીકે જાહેર કરેલ છે.</u>
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**6. જન્મ દિન વિશેષ : 11 એપ્રિલ　　(1) મહાત્મા : જ્યોતિરાવ ફુલે**




**જન્મ – 11 એપ્રિલ-1827-મહારાષ્ટ્ર　અવસાન – 28 નવેમ્બર-1890**

**'જન્મ સ્થળ : પૂના-મહારાષ્ટ્ર**

- ✓ આજથી લગભગ દોઢસો બસો વર્ષ પહેલાં તેમણે મહારાષ્ટ્રનાં રૂઢિચુસ્ત સમાજનો કોમ જાતિ વર્ણ વર્ગભેદનો વિરોધ વહોરી સ્ત્રીઓ, નિરક્ષર વૃધ્ધો, માંગ અને મહાર જેવી પછાત જાતિઓ માટે શાળાઓ અન્નક્ષેત્રો ખોલી ઉધારનું કામ કર્યું.
- ✓ દલિતો–પછાત જાતિના ઉધ્ધારક હામી-બેલી એવા મહાત્મા જ્યોતિરાવ ફુલેનો જન્મ પૂનામાં થયો હતો.
- ✓ કોઇપણ મનુષ્યના હેડ, હાર્ટ અને હેન્ડ ત્રણેય સાથે કામ કરતા હશે તો તે કોઇપણ જગાએ તરી જશે. કોઇના મોં સામું જોવું નહીં પડે.
- ✓ આથી તેમણે તથા તેમની પત્નીએ સમાજના પછાત, દલિત અને અછૂત લોકો માટે ઠેરઠેર શાળાઓ ખોલી, મફત ભણાવ્યાં. પછાત અછત બાળકોને પોતાના દીકરા દીકરીની જેમ રાખી ભણાવ્યાં, ઉછેર્યાં, મોટાં કર્યાં.
- ✓ દેશનો ઉદ્ધાર લોકોની માનસિકતા બદલ્યા વગર શક્ય નથી અને સમાજ પરિવર્તનના પાયામાં સ્ત્રી શિક્ષણ છે તેવી સમજ સાથે છોકરીઓ માટે શાળા શરૂ કરી ભણાવનાર શિક્ષકો ન મળ્યા તો પત્ની સાવિત્રીબાઇને શિક્ષિકા તરીકે તૈયાર કર્યા. સામા પ્રવાહ તરી સ્ત્રી શિક્ષણનો પાયો નાંખ્યો.
- ✓ શુદ્રો પર થતા અત્યાચાર, શોષણ અને વધે દુર્વ્યવહારને રોકવા <u>24 સપ્ટે. 1873ના રોજ સત્ય શોધક સમાજની સ્થાપના</u> કરી.
- ✓ સમાજ પરિવર્તન માટે તેમની ધગશને મદેનજર રાખી 1888માં મુંબઇની એક સભામાં તેને 'મહાત્મા જ્યોતિબા'નું બિરુદ અપાયું.
- ✓ 28 નવેમ્બર 1890ના રોજ અવસાન થયું.

**(2) જન્મ દિન વિશેષ : 11 એપ્રિલ**

**ગાંધીજીના જીવન સંગિની કસ્તુરબા ગાંધી**




**જન્મ – 11 એપ્રિલ-1869 અવસાન – 22 ફેબ્રુઆરી-1944**

- ✓ જન્મ : પોરબંદરની મોઢ વણિક જ્ઞાતિમાં.
- ✓ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના જેલવાસ દરમ્યાન તેમણે ફિનિક્સ આશ્રમની જવાબદારી સુપેરે નિભાવી હતી.
- ✓ સખત મજૂરી સાથેનો પહેલો જેલવાસ તેમણે ત્યાં જ વેઠેલો 1913માં.
- ✓ દક્ષિણ આફ્રિકાથી ભારતમાં તેઓ ગાંધીજી સાથે 1914માં આવ્યા પછી ગાંધીજીનાં વખતોવખતના જેલવાસ દરમ્યાન આશ્રમવાસીઓની દરકાર અને કાળજી તેઓ માની સમાન લેતા એથી આશ્રમવાસીઓ તેમને કસ્તુરબા કહેતા.
- ✓ સત્યાગ્રહ અને સ્વરાજની પ્રવૃતિઓ ઉપરાંત તેઓ સ્ત્રી જાગૃતિનાં કાર્યો, શિક્ષણ સ્વાચ્ય, સ્વચ્છતા વગેરે માટે સ્ત્રીઓને સમજાવતા.
- ✓ તેમણે બોરસદ સત્યાગ્રહમાં ભાગ લીધો હતો પણ અસ્વસ્થતાને લીધે દાંડી કૂચથી તેઓ અળગા રહ્યા હતા.
- ✓ સવિનય કાનૂનભંગની પ્રવૃત્તિઓમાં તેમણે સક્રિય ભાગ લીધો હતો.
- ✓ 1942ની હિંદ છોડો ચળવળ દરમિયાન જેલવાસ સમયે જ તેમનું આરોગ્ય કથળ્યું અને આખરે 22-2 1944ના રોજ તેમનું અવસાન થયું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (11-04-2021)

1. એપ્રિલ-2021માં જૂના અખાડાના કયા મહામંડલેશ્વર વિશ્વંભર 1008 93 વર્ષે બ્રહ્મલીન થયા હતા - **ભારતીબાપુ**
2. એપ્રિલ-2021માં બ્રહ્મલીન થનારા ભારતીબાપુની સમાધી સ્થળ જણાવો - **ભારતી આશ્રમ, ભવનાથ , જૂનાગઢ**
3. એપ્રિલ-2021માં ભારતભરમાં કોરોનાની સારવાર માટે વપરાતા ઇન્જેક્શનની અછત સર્જાતા તેની નિકાસ પર અનિશ્ચિતકાલીન પ્રતિબંધ મૂકાયો હતો - **રેમડેસિવિર**
4. ભારતમાં કોરોનાની બીજી લહેરમાં જોવા મળતો વાયરસનું નામ જણાવો - **વેરીઅન્ટ B.1.617.**
5. બ્રિટનની ઓઇલ મેજર કેઇર્ન એનર્જી કંપનીએ ભારતમાં ક્યારે ઓઇલ સેક્ટરમાં મૂડીરોકાણ કર્યું હતુ - **1994**
6. આંતરરાષ્ટ્રીય લવાદ ટ્રિબ્યુનલ ક્યાં આવેલી છે – **હેગ**
7. ડિસેમ્બર 2020માં હેગ સ્થિત આંતરરાષ્ટ્રીય લવાદ ટ્રિબ્યુનલે ભારત સરકારને વળતર પેટે કેઇર્ન એનર્જીને કેટલું નુકસાન અને વ્યાજ સહિતની રકમ ચુકવવા આદેશ આપ્યો હતો - **1.2 બિલિયન ડોલર**
8. એપ્રિલ-2021માં ભારતના અંતરીક્ષ વિજ્ઞાનીઓ દ્વારા અંતરીક્ષમાં સુરજ કરતાં પણ 1000 ગણો વધુ ચમકદાર દુર્લભ તારાની શોધ કરી તેનું નામ જણાવો - **S N 2015 D J**
9. એપ્રિલ-2021માં નૈનિતાલ સ્થિત કઇ અંતરીક્ષ સંસ્થાના વિજ્ઞાનીઓ દ્વારા અંતરીક્ષમાં S N 2015 D J નામના દુર્લભ તારાની શોધ કરી - **આર્યભટ્ટ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓબ્ઝર્વેશન સાયન્સ**
10. કસ્તુરબા ગાંધીનો જન્મ દિવસ જણાવો- **11 એપ્રિલ**
11. ભારતમાં "રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ" દિવસ કયા વર્ષથી ઉજવવામાં આવે છે - **વર્ષ 2003**
12. સમાજ સુધારક મહાત્મા જ્યોતિરાવ ફુલેનો જન્મદિવસ જણાવો – **11 એપ્રિલ 1827**
13. ભારતના મહાન સમાજ સુધારક મહાત્મા જ્યોતિરાવ ફુલેનો જન્મ કયાં થયો હતો- **પૂણે**
14. વર્ષ-1888માં મુંબઇમાં જ્યોતિરાવ ફુલેને એક સભામાં કયું બિરુદ આપવામાં આવ્યું હતું - **મહાત્મા**

**DATE : 12-04-2021**

## રાષ્ટ્રીય બાબતો

**1. કેન્દ્ર સરકાર : ભારતમાં રશિયન વેક્સિન સ્પુતનિક-Vના ઈમરજન્સી ઉપયોગને મંજૂરી**




**વિગત :** કેન્દ્રીય ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO)ની એક્સ્પર્ટ સમિતિ દ્વારા સ્પુતનિક-Vના ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી માગવામાં આવી હતી.

- ✓ ભારતમાં ડો. રેડ્ડીઝ લેબ દ્વારા સ્પુતનિક-Vનું ઉત્પાદન કરવામાં આવશે.
- ✓ DCGI દ્વારા આ મામલે નિર્ણય લેવામાં આવ્યા પછી 10 દિવસમાં સ્પુતનિક-Vનો ભારતમાં ઈમરજન્સી ઉપયોગ શક્ય બનશે.
- ✓ ભારતમાં હાલ તેની આયાત કરવામાં આવશે.
- ✓ સ્પુતનિક-Vની 18થી 99 વર્ષની વય જૂથનાં 1600 લોકો પર ટ્રાયલ લેવામાં આવી હતી. આ વેક્સિનને 59 દેશોએ ઉપયોગ માટે મંજૂરી આપી.

**સ્પુતનિક-V ઇન ઇન્ડિયા**

- ✓ ડો. રેડ્ડીઝ લેબ દ્વારા આ વેક્સિનના ૧૦ કરોડ ડોઝ બનાવાશે.
- ✓ RDFI દ્વારા હેટરો બાયોફાર્મા, ગ્લેન્ડ ફાર્મા, સ્ટેલિસ બાયોફાર્મા, વિક્ટરી બાયોટેકને પણ ૮૫ કરોડ ડોઝ બનાવવા કરાર કરાયા છે.

**કઇ વેક્સિન વધુ અસરકારક?**

- ✓ ફાઇઝર – બાયોટેક 95 ટકા - મોડર્ના 94 ટકા
- ✓ સ્પુતનિક-V 92 ટકા - વાવેક્સ 89 ટકા
- ✓ ભારત બાયોટેક 81 ટકા - ઓક્સફર્ડ એસ્ટ્રાઝેનેકા 67 ટકા
- ✓ જ્હોનસન એન્ડ જ્હોનસન 66 ટકા

**ભારત માટે કેમ ગેમ ચેન્જર?**

- ✓ ભારતમાં હાલ બે વેક્સિન મળે છે. જેમાં કોવેક્સિન 81 ટકા અને કોવિશીલ્ડ 80 ટકા અસરકારક છે.

- ✓ રશિયાની સ્પુતનિક V જો ઉપયોગમાં લેવાય તો તે 92 ટકા જેટલી અસરકારક છે.
- ✓ ભારતની બંને વેક્સિનનાં દરરોજ 4 કરોડ ડોઝ બનાવાય છે. જ્યારે દર મહિને 7 કરોડ ડોઝની જરૂરિયાત છે.
- ✓ માગ પૂરી કરવા સરકારે સ્પુતનિક Vને મંજૂરી આપી છે.
- ✓ અન્ય વેક્સિનની સરખામણીમાં તેની કિંમત ઓછી રખાઇ છે. જે રૂ.700થી ઓછી કિંમતે મળશે.

**સ્પુતનિક-V સાથે કોવેક્સિન અને કોવિશીલ્ડની સરખામણી**

**ત્રણેય વેક્સિનની અસરકારકતા કેટલી છે?**

- ✓ સ્પુતનિક-Vની અસરકારકતા 91.60 ટકા
- ✓ કોવેક્સિનની અસરકારકતા 81 ટકા
- ✓ કોવિશીલ્ડની અસરકારકતા 62 ટકા પણ દોઢ ડોઝ આપ્યા પછી 90 ટકા

**2. અરુણાચલ પ્રદેશ : ફિન્ચ પ્રજાતિનું નવું પક્ષી શોધાયું (વન્ય સૃષ્ટિ)**

- ✓ ફિન્ચ એક પ્રકારની ચકલી




**વિગત :**

- ✓ બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીના સંશોધકો અરૂણાચલના જંગલો ખુંદી રહ્યા હતા ત્યારે તેમના ધ્યાને લગભગ બારેક હજાર ફીટ ઊંચે સેલા પાસ નજીક આ પક્ષી આવ્યું હતું.
- ✓ આ નવી પ્રજાતિ શોધાવાથી ભારતમાં પક્ષીઓની કુલ પ્રજાતિ 1340 થઇ હતી. વર્ષ 2021માં અત્યાર સુધીમાં ભારતમાંથી પાંચ નવા પ્રકારના પક્ષી મળી આવ્યા છે.
- ✓ પોણા બસ્સો વરસ પહેલા ચાર્લ્સ ડાર્વિને ગાલાપાગોસ ટાપુ પર ફિન્ચ પ્રકારના પક્ષીઓ જોઇને જ ઉત્ક્રાંતિના સિદ્ધાંત અંગે ગંભીર ચિંતન કર્યું હતું.
- ✓ એટલે ઉત્ક્રાંતિના સિદ્ધાંતના પાયામાં નાનકડું પક્ષી રહેલું છે એમ કહી શકાય.
- ✓ નવા નવા સજીવો મળતાં રહે એ દર્શાવે છે કે મનુષ્યો હજુ ધરતીને પુરી ઓળખતા નથી ત્યાં જ તેનું નિકંદન કાઢવાની શરૂઆત કરી દીધી છે.
- ✓ **શોધક સંસ્થા: બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી**

**3. નિમણૂક : ચૂંટણી કમિશનર સુશિલચંદ્રા ભારતના નવા 24માં મુખ્ય ચૂંટણી કમિશનર**




- ✓ શપથ : તા. 13-04-2021
- ✓ કાર્યકાળ : તા. 14-05-2022 સુધી

## આંતરરાષ્ટ્રીય બાબતો

**4. સેરોજા વાવાઝોડુ (કુદરતી આપત્તિ)**

- ✓ કલાકના 170 કિ.મી.ના ઝડપે પવન ફૂંકાયો
- ✓ વિસ્તાર : પશ્ચિમ ઓસ્ટ્રેલિયા

**5. બાફ્ટા-2020 જાહેર-બ્રિટન (ફિલ્મ) ઓનલાઇન એવોર્ડ સેરેમની યોજાઇ**

- ✓ ખાસ : સોલો પ્રવાસી મહિલાની ફિલ્મ **‘નોમાડલેન્ડ’ને ચાર એવોર્ડ**




**મહત્વના વિજેતાઓ :**

- ✓ બેસ્ટ ફિલ્મ : નોમાડલેન્ડ
- ✓ એક્ટર : સર એન્થની હોપકિન્સ
- ✓ એક્ટ્રેસ : ફ્રાન્સિસ મેકડોર્મન્ડ
- ✓ આઉટસ્ટેન્ડિંગ ફિલ્મ : પ્રોમિસિંગ યંગ વૂમન
- ✓ ડિરેક્ટર : ચોલે ઝાહો
- ✓ બ્રિટિશ એકેડમી ફિલ્મ એન્ડ ટેલિવિઝન એવોર્ડ (બાફ્ટા) જાહેર કરવામાં આવ્યા હતા.
- ✓ પતિના મૃત્યુ પછી એકલી પ્રવાસે નીકળી પડેલી મોટી ઉંમરની મહિલાની ફિલ્મ નોમાડલેન્ડને ચાર બાફ્ટા એવોર્ડ મળ્યા હતા.
- ✓ ચાર એવોર્ડમાં બેસ્ટ ફિલ્મ, બેસ્ટ એક્ટ્રસ, બેસ્ટ ડિરેક્ટર અને બેસ્ટ સિનેમેટોગ્રાફીનો સમાવેશ.
- ✓ આ ફિલ્મ મહિલા ડિરેક્ટર ચોલે ઝાહોએ ડિરેક્ટ કરી છે.
- ✓ બેસ્ટ ડિરેક્ટર માટે બાફ્ટા મેળવનાર ઝાહો પ્રથમ મહિલા છે.

**બાફ્ટા વિશે :**

- ✓ બાફ્ટા એ બ્રિટન દ્વારા અપાતો સર્વોચ્ચ ફિલ્મ એવોર્ડ છે જેની શરૂઆત 1949થી થઈ હતી.
- ✓ બ્રિટિશ એકેડમી ફિલ્મ એન્ડ ટેલિવિઝન એવોર્ડ- લંડન

**6. દિન વિશેષ : તા. 12 એપ્રિલ 12 એપ્રિલ 1961**




- ✓ **પ્રથમ સમાનવ અવકાશ યાત્રા 60 વર્ષ - હીરક જયંતિ**
- ✓ અવકાશ યાત્રા કરનાર રશિયન કોસ્મોનોટ યુરી ગાગરીન (એ વખતે સોવિયત સંઘ)
- ✓ પ્રથમ યાન : વૉસ્તોક

**7. જન્મ દિન વિશેષ : 12 એપ્રિલ**

**(1) પુરાતત્વવિદ: રખાલદાસ બેનર્જી**

**જન્મ : 12 એપ્રિલ 1885 અવસાન : 23 મે 1930**



- ✓ હડપ્પા અને મોહેન્જો દરો સંસ્કૃતિ સાથે અનિવાર્યપણે જોડાયેલું એક નામ એટલે રખાલદાસ બેનરજીનો આજે જન્મદિવસ છે
- ✓ બંગાળના મુર્શિદાબાદમાં જન્મેલાં રખાલદાસે ડો. બ્લોખ સાથે અવૈતનિક અન્વેષણો અને ઉત્ખનનો દ્વારા પુરાતત્વીય કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.
- ✓ 1917માં પુણેમાં પુરાતત્વ સર્વેક્ષણમાં પશ્ચિમ મંડળના અધિક્ષક તરીકે નિમાયા.
- ✓ 6 વર્ષ સુધી મહારાષ્ટ્ર, ગુજરાત, સિંધ, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ગુપ્તકાલીન મંદિરો, સ્મારકો અને બૌદ્ધ સ્તૂપો વિશે ઉત્ખનનો દ્વારા ભારતીય સાંસ્કૃતિક વારસા ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.
- ✓ બૌદ્ધ સ્તૂપના સંશોધન દરમિયાન જ રખાલદાસ બેનરજીએ મોહેન્જો દરો શોધ્યું.
- ✓ મોહેન્જો દરો ઉત્ખનનો પહેલો રિપોર્ટ 1920માં બેનરજી દ્વારા તૈયાર થયો હતો. તેમણે ધ પાલ્સ ઓફ બેન્ગાલ, બ્રાસ રિલિવર્સ ઓફ બદામી, શિવ ટેમ્બર ઓફ ભુમરા, હિસ્ટ્રી ઓફ ઓરિસ્સા જેવા શુદ્ધ સંશોધન ગ્રંથો ઉપરાંત બંગાળીમાં નવલકથાઓ પણ લખી છે.
- ✓ 23 મે 1930ના રોજ તેમનું અવસાન થયું.

**(2) ગુજરાતી સર્જક : નંદશંકર મહેતા**

**જન્મ : 12 એપ્રિલ 1835 અવસાન : 1905**

- ✓ ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા 'કરણ ઘેલો'ના સર્જક નંદશંકર મહેતાનો જન્મ 12-04-1835માં સૂરતમાં થયો.




- ✓ મેટ્રિક થઇ અધ્યાપન, સરકારી સેવા અને દેશી રજવાડામાં એડમિનીસ્ટ્રેટર અને દીવાનપદ તેમણે મેળવેલું.
- ✓ તેઓ કચ્છ રાજ્યના અમાત્ય મંત્રી હતા.
- ✓ ઈ.સ. 1866 એક અંગ્રેજ કલેક્ટરના અનુરોધથી તેમણે ગુજરાતી ભાષાનું બળ-અર્થ-કસ ધરાવતી પ્રથમ નવલકથા લખી.
- ✓ ગુજરાત સુરતના ત્રણ નન્ના વખણાયેલા નંદશંકર, નર્મદાશંકર અને નવલરામ.
- ✓ નર્મદાશંકર એમના વીર, સત્ય અને રસિક ટેકીપણું – મને ભૂલીને હરિ સમરજો, સુખી થાશો એ મનથી ! એ નર્મદાશંકર યાદ રહેશે.
- ✓ નંદશંકર મહેતા ગ્રીન અને બાહોશ અંગ્રેજી શિક્ષકો ગ્રેહામથી તાલીમ પામ્યા.
- ✓ તેમના નીતિપ્રેમ, સદાચાર અને વિદ્યાભ્યાસુ, સત્યનિષ્ઠા જેવા સાચા શિક્ષકના ગુણોથી અંગ્રેજ સરકારે તેમને મામલતદાર અને દિવાનમંત્રી બનાવ્યા.
- ✓ ઈ.સ. ૧૯૦૫માં તેમનું અવસાન થયું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (12-04-2021)

1. એપ્રિલ-2021માં કેન્દ્ર સરકારે કઇ રશિયન વેક્સિનને ભારતમાં ઇમરજન્સી ઉપયોગને મંજૂરી આપી - **સ્પુતનિક-V**
2. CDSCOનું વિસ્તૃત નામ જણાવો - **કેન્દ્રીય ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશન**
3. ભારતમાં કઇ લેબ દ્વારા સ્પુતનિક-Vનું ઉત્પાદન કરવામાં આવશે - **ડો. રેડ્ડીઝ**
4. એપ્રિલ-2021ની સ્થિતિએ રશિયાની સ્પુતનિક-V વેક્સિનને કેટલા દેશોએ ઉપયોગ માટે મંજૂરી આપી છે – **59**
5. એપ્રિલ-2021માં ક્યા રાજ્યમાં ફ્રિન્ચ પ્રજાતિનું નવું પક્ષી શોધાયું - **અરુણાચલ પ્રદેશ**
6. એપ્રિલ-2021માં કઇ સંસ્થાના સંશોધકો દ્વારા અરૂણાચલ પ્રદેશમાંથી ફ્રિન્ચ પ્રજાતિનું નવું પક્ષી શોધ્યુ હતુ - **બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી**
7. અરૂણાચલ પ્રદેશમાંથી ફ્રિન્ચ પ્રજાતિનું નવું પક્ષી શોધાતા ભારતમાં પક્ષીઓની કુલ કેટલી પ્રજાતિ થઇ - **1340**
8. એપ્રિલ-2021ની સ્થિતિએ વર્ષ 2021 દરમિયાન ભારતમાંથી કેટલા નવા પ્રકારના પક્ષી મળી આવ્યા - **પાંચ**
9. અંદાજે 175 વર્ષ પહેલા ચાર્લ્સ ડાર્વિને કયા ટાપુ પર ફ્રિન્ચ પ્રકારના પક્ષીઓ જોઈને જ ઉક્રાંતિના સિદ્ધાંત અંગે ગંભીર ચિંતન કર્યું હતું - **ગાલાપાગોસ**
10. એપ્રિલ-2021માં ભારતીય ચૂંટણી પંચના નવા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે કોની નિમણૂક થઇ - **સુશિલચંદ્રા**
11. ભારતીય ચૂંટણી પંચના નવા મુખ્ય ચૂંટણી કમિશનર સુશિલચંદ્રાનો કાર્યકાળ જણાવો - **તા. 13-04-2021 થી તા. 14-5-2022 સુધી**
12. એપ્રિલ-2021માં પશ્ચિમ ઓસ્ટ્રેલિયામાં કયા વાવાઝોડાના કારણે કલાકના 170 કિ.મી.ના ઝડપે પવન ફૂંકાયો - **સેરોજા વાવાઝોડુ**
13. બાફ્ટા-2020 એવોર્ડમાં ફિલ્મને ચાર એવોર્ડ મળ્યા - **નોમાડલેન્ડ**
14. બાફ્ટા-2020 ઓનલાઈન સેરેમનીમાં બેસ્ટ ફિલ્મ, બેસ્ટ એક્ટર, બેસ્ટ એક્ટ્રેસ, આઉટસ્ટેન્ડિંગ ફિલ્મ તથા બેસ્ટ ડિરેક્ટરનો એવોર્ડ કોને મળ્યો હતો – **અનુક્રમે નોમાડલેન્ડ, સર એન્થની હોપકિન્સ, ફ્રાન્સિસ મેકડોર્મન્ડ, પ્રોમિસિંગ યંગ વૂમન તથા ચોલે ઝાહો**
15. BAFTA એવોર્ડનું વિસ્તૃત નામ જણાવો - **બ્રિટિશ એકેડમી ફિલ્મ એન્ડ ટેલિવિઝન એવોર્ડ**
16. બ્રિટન દ્વારા અપાતો સર્વોચ્ચ ફિલ્મ એવોર્ડ કયો છે - **બાફ્ટા**
17. બાફ્ટા એવોર્ડ કયા વર્ષથી અપાય છે - **1949**
18. રશિયાના કોસ્મોનોટ યુરી ગાગરીન સૌપ્રથમ ક્યારે સમાનવ અવકાશ યાત્રા કરી હતી - **12 એપ્રિલ 1961**
19. ભારતના મહાન પુરાત્વવિદ રખાલદાસ બેનરજીનો જન્મ દિવસ જણાવો- **12.04.1885**
20. ભારતના મહાન પુરાત્વવિદ રખાલદાસ બેનરજીએ કઇ બે પ્રાચીન પુરાત્વિય સાઇટનું ઉત્ખનન કર્યું હતું- **હડપ્પા અને મોહેન્જોદરો**
21. ભારતના મહાન પુરાત્વવિદ રખાલદાસ બેનરજીનો જન્મ કયા રાજ્યમાં થયો હતો- **પશ્ચિમ બંગાળ**
22. ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા કઇ છે - **'કરણ ઘેલો'**

23. ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથાના સર્જક નંદશંકર મહેતાનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો – **તા. 12-04-1835 તથા સુરત**

DATE : 13-04-2021

## રાષ્ટ્રીય બાબતો

**1. નિમણૂક : ગુજરાત કેડરના IAS રાજેન્દ્ર કુમારની વર્લ્ડ બેંકમાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરના એડવાઈઝર તરીકે નિમણૂક**

✓ વડાપ્રધાન કાર્યાલયમાં ડાયરેક્ટર તરીકે કાર્યરત ગુજરાત કેડરના આઇએએસ રાજેન્દ્ર કુમારની નિમણૂંક વોશિંગ્ટન DC સ્થિત વર્લ્ડ બેંકમાં થઈ.



✓ કાર્યકાળ : ત્રણ વર્ષ

✓ વર્ષ 2004ની બેંચના આઇએએસ રાજેન્દ્ર કુમાર અગાઉ સુરત કલેક્ટર પણ રહી ચૂક્યા છે.

✓ વર્લ્ડ બેંકમાં નિમણૂક મેળવનારા ગુજરાત કેડરના તેઓ બીજા ઓફિસર. અગાઉ ભારત સરકારમાં સેક્રેટરી તરીકે કાર્યરત એસ.અર્પણા પણ વર્લ્ડ બેંકમાં ત્રણ વર્ષ માટે સેવાઓ આપી ચૂક્યાં છે .

**2. ખેલકૂદ : આઇસીસી પ્લેયર ઓફ ધ મંથ (માર્ચ) એવોર્ડ**

**પુરુષ કેટેગરમાં ભારતીય બોલર ભુવનેશ્વર કુમારની પસંદગી**

✓ ભારતીય ક્રિકેટરો સતત ત્રીજી વખત એવોર્ડ વિજેતા

✓ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ 13 એપ્રિલના રોજ માર્ચ મહિનાના આઇસીસી પ્લેયર ઓફ ધ મંથ(ICC Player of the Month) એવોર્ડના વિજેતાઓની જાહેરાત કરી છે.

✓ ભારતીય બોલર ભુવનેશ્વર કુમારની પસંદગી 'આઇસીસી પ્લેયર ઓફ ધ મંથ' પુરુષ માટે કરવામાં આવી છે.

✓ આ એવોર્ડ સતત ત્રીજી વખત ભારતીય ખેલાડી દ્વારા જીતવામાં આવ્યો છે. ભુવનેશ્વર કુમાર પહેલા રવિચંદ્રન અશ્વિન અને ઋષભ પંતે આ એવોર્ડ વિજેતા.

**મહિલા કેટેગરી :**

✓ દક્ષિણ આફ્રિકાની મહિલા ક્રિકેટર લિઝેલ લીની 'આઇસીસી પ્લેયર ઓફ ધ મંથ' તરીકે પસંદગી.

✓ વિભાગમાં ભારતની રાજેશ્વરી ગાયકવાડ, દક્ષિણ આફ્રિકાની લિઝેલ લી અને ભારતની પૂનમ રાઉતનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

✓ ICC : ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ

**3. નિધન : ભારતના હોકી ખેલાડી બલબીર સિંઘનું નિધન**



**પ્રદાન :**

✓ 1958ની એશિયન ગેમ્સમાં ભારતને સિલ્વર મેડલ અપાવવામાં બલબીરસિંઘની ભૂમિકા મહત્વની હતી.

✓ 1962માં તેઓ ભારતીય સેનામાં જોડાયા અને મેજર તરીકે નિવૃત્ત થઇ ચંડીગઢમાં સ્થાયી થયા હતા. તેઓ સર્વિસ ટીમ તરફથી હોકી રમતા રહેલા.

✓ હોકી ઇન્ડિયા પ્રમુખ : ગ્યાનેન્દ્રો નિન્ગોબન

**4. ટપાલ ટિકિટ : કેન્દ્ર સરકાર દ્વારા બ્રહ્માકુમારીઝના દાદી જાનકીજીની સ્મૃતિમાં ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરાઇ**




✓ વિમોચન : ઉપરાષ્ટ્રપતિ શ્રી વૈંકેયા નાયડુ

✓ બ્રહ્માકુમારીઝ સંસ્થાના પૂર્વ મુખ્ય પ્રશાસિકા રાજયોગોની દાદી જાનકીજી

**5. દિન વિશેષ : 13 એપ્રિલ**

**(1) જલિયાવાલા બાગ હત્યાકાંડ**




✓ તારીખ 13મી એપ્રિલ 1919

✓ સ્થાન : અમૃતસર (પંજાબ)

**(2) દિન વિશેષ : 13 એપ્રિલ સિયાચીન વિજય દિવસ**



✓ સિયાચીન હિમનદી અને સિયાચીન સરહદી વિસ્તાર આજે ભારતના તાબામાં છે. પણ જો ભારતીય સૈન્યએ સતર્કતા દાખવી હોતા તો પાકિસ્તાને ત્યાં પણ ઝંડા ખોડી દીધા હોત.

✓ 37 વર્ષ પહેલા એપ્રિલમાં અસંભવ લાગતું લશ્કરી ઓપરેશન મેઘદૂત હાથ ધરીને ભારતે સિયાચીન પર કબજો જમાવ્યો હતો.

✓ આ ઓપરેશનની સફળતાની યાદમાં દર વર્ષે 13 એપ્રિલે સિયાચીન વિજય દિવસની ઉજવણી.

✓ આર્મીના જવાનોએ સિયાચીન ખાતે આવેલા વૉર મેમોરિયલ પર ઓપરેશન મેઘદૂતમાં શહીદ થયેલા જવાનોને અંજલિ આપી.

**(3) દિન વિશેષ : ચૈત્ર સુદ એકમ હિંદુ નવ વર્ષનો પ્રારંભ**




**વર્ષ પ્રતિપદા તરીકે ઉજવણી**

**(4) ચેટીચાંદ**




**(5) ગુડી પડવો : મરાઠી સમાજના લોકોના નવા વર્ષનો પ્રારંભ**



**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (13-04-2021)**

1. એપ્રિલ-2021માં ગુજરાત કેડરના કયા IASની વર્લ્ડ બેંકમાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરના એડવાઈઝર તરીકે નિમણૂક થઇ - **રાજેન્દ્ર કુમાર**
2. વર્લ્ડ બેંકનું વડુમથક ક્યાં આવેલુ છે - **વોશિંગ્ટન DC**
3. ગુજરાત કેડરના IAS રાજેન્દ્રકુમાર અગાઉ ભારત સરકારમાં સેક્રેટરી તરીકે કાર્યરત ક્યા અધિકારી પણ વર્લ્ડ બેંકમાં ત્રણ વર્ષ માટે સેવાઓ આપી ચૂક્યાં છે – **એસ. અર્પણા**
4. પુરુષ કેટેગરીમાં માર્ચ-2021ના આઇસીસી પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ તરીકે કોની પસંદગી કરાઈ - **ભારતીય ક્રિકેટ બોલર ભુવનેશ્વર કુમાર**
5. એપ્રિલ-2021માં કયા દેશની ક્રિકેટ ટીમના ખેલાડીની સતત ત્રીજીવાર આઇસીસી પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ માટે પસંદગી કરાઈ હતી – **ભારત**
6. મહિલા કેટેગરીમાં માર્ચ-2021ના આઇસીસી પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ તરીકે કોની પસંદગી કરાઈ – **દક્ષિણ આફ્રિકાની મહિલા ક્રિકેટર લિઝેલ લી**
7. એપ્રિલ-2021માં ભારતના કયા હોકી ખેલાડીનું નિધન થયું - **બલબીર સિંઘ**
8. વર્ષ 1958ની એશિયન ગેમ્સમાં ભારતીય હોકી ટીમે સિલ્વર મેડલ જીત્યો હતો તેમાં મહત્વનું યોગદાન આપનાર હોકી ખેલાડીનું નામ જણાવો જેનુ તાજેતરમાં અવસાન થયુ – **બલબીર સિંઘ**
9. હોકી ઈન્ડિયાના વર્તમાન પ્રમુખનું નામ જણાવો - **ગ્યાનેન્દ્રો નિન્ગોંબન**
10. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં બ્રહ્માકુમારીઝ સંસ્થાના ક્યા પૂર્વ મુખ્ય પ્રશાસિકા રાજયોગીની સ્મૃતિમાં ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરાઈ - **દાદી જાનકીજી**
11. એપ્રિલ-2021માં કોના હસ્તે બ્રહ્માકુમારીઝ સંસ્થાના પૂર્વ મુખ્ય પ્રશાસિકા રાજયોગીની દાદી જાનકીજીની સ્મૃતિમાં ટપાલ ટિકિટનું વિમોચન કરાયુ - **ઉપરાષ્ટ્રપતિ શ્રી વૈંકૈયા નાયડુ**
12. સિયાચીન વિજય દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **13 એપ્રિલ**
13. કઈ ઘટનાની યાદમાં પ્રતિ વર્ષ 13 એપ્રિલના રોજ સિયાચીન વિજય દિવસ મનાવવામાં આવે છે - **ઓપરેશન મેઘદૂત**
14. હિંદુ નવ વર્ષનો પ્રારંભ ક્યારે થાય છે - **ચૈત્ર સુદ એકમ**
15. મરાઠી સમાજના લોકોના નવું વર્ષ ક્યાં નામે ઓળખાય છે - **ગુડી પડવો**
16. દુ:ખદ જલિયાંવાલા બાગ હત્યાકાંડની તારીખ જણાવો - **13.04.1919**
17. જલિયાંવાલા બાગ કયા શહેર-રાજ્યમાં આવેલો છે- **અમૃતસર,પંજાબ**

**DATE : 14-04-2021**

**રાષ્ટ્રીય બાબતો**

**1. એસોસિએશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીઝની 95મી વાર્ષિક બેઠક અને**

**નેશનલ વાઇસ ચાન્સેલર કોન્ફરન્સ : તા. 14-15 એપ્રિલ-2021**

- ✓ થીમ: રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ના અમલીકરણ અંગે વિચાર-વિમર્શ

**ઉદ્ઘાટન :**

- ✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી
- ✓ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત - મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી




- ✓ આયોજક : ભારતીય વિશ્વ વિદ્યાલય સંઘ (AIU)
- ✓ પ્રથમવાર યજમાન : ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી, અમદાવાદ
- ✓ <u>ગુજરાતી લેખક શ્રી કિશોર મકવાણા દ્વારા ડૉ. બાબાસાહેબના જીવન આધારિત સંપાદિત 4 પુસ્તક "વ્યક્તિ દર્શન", "જીવન દર્શન", "આયામ દર્શન" અને "રાષ્ટ્ર દર્શન"નું વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે ઈ વિમોચન</u>




**2. CBSE : કોરોના મહામારીના કારણે ધોરણ-10ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશનનો કેન્દ્રનો નિર્ણય (શિક્ષણ)**




**નિર્ણય :**

- ✓ કોરોનાની વકરી રહેલી મહામારી વચ્ચે કેન્દ્ર સરકારે સીબીએસઇ બોર્ડની ધોરણ 10ની પરીક્ષા રદ કરી તમામ વિદ્યાર્થીને માસ પ્રમોશન આપવા અને ધોરણ 12ની 4 મેથી શરૂ થનારી પરીક્ષા મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે.
- ✓ ધોરણ 12ની પરીક્ષા અંગે 1 જૂન પછી જાહેરાત કરાશે.

**માસ પ્રમોશનની પ્રક્રિયા**

- ✓ સીબીએસઇ બોર્ડના ધોરણ 10ના વિદ્યાર્થીઓને ઇન્ટરનલ એસેસમેન્ટના આધારે માસ પ્રમોશન અપાશે.
- ✓ સીબીએસઇ દ્વારા તૈયાર કરાયેલ ઓબ્જેક્ટિવ ક્રાઇટેરિયનના આધારે ધોરણ 10 બોર્ડના પરિણામ જાહેર કરાશે. જે વિદ્યાર્થીને

ઇન્ટરનલ એસેસમેન્ટના પરિણામથી સંતોષ નહીં હોય તેમને સ્થિતિમાં સુધારો થશે ત્યારે પરીક્ષા યોજીને તેમાં બેસવાની તક અપાશે.

**CBSE બોર્ડ પરીક્ષા-2021 વિદ્યાર્થીઓની સંખ્યા**

- ✓ ધોરણ 10ના વિદ્યાર્થી : 21,50,761
- ✓ ધોરણ 12ના વિદ્યાર્થી : 14,30,243
- ✓ **કેન્દ્રીય શિક્ષણ મંત્રી : શ્રી રમેશ પોખરિયાલ 'નિશંક'**

**3. ઇ-વિઝા : ગૃહ મંત્રાલય-ભારત સરકાર (વિદેશ નીતિ)**

**વિશ્વના 156 દેશના નાગરિકોને અપાતા ઇ-વિઝા પરના નિયંત્રણો હટાવાયા**




**વિગત :** માર્ચ 2020માં કોરોના મહામારીના કારણે લાગુ કરાયેલા દેશવ્યાપી લાકડાઉન પહેલાં સરકારે વિદેશી નાગરિકોના ઇ-વિઝા સસ્પેન્ડ કરી દીધાં હતાં.

- ✓ ઇ-બિઝનેસ વિઝાં, ઇ-મેડિકલ વિઝા, ઇ-મેડિકલ એટેન્ડન્ટ વિઝા અને ઇ-કોન્ફરન્સ વિઝા સહિતના તમામ ઇ-વિઝા પરના નિયંત્રણો હટાવાયા.
- ✓ ઇ-કોન્ફરન્સ વિઝાની કેટેગરીમાં આવતા તમામ ઇ-વિઝા તાત્કાલિક અસરથી ફરી શરૂ કરવામાં આવે છે.
- ✓ ભારત સરકારના નવા આદેશને પગલે 156 દેશના નાગરિક મેડિકલ સારવાર માટે, દર્દીઓની કાળજી માટે, બિઝનેસ અને કોન્ફરન્સના હેતુઓ માટે હવે ભારતની મુલાકાત લઈ શકશે
- ✓ ચીન અને બ્રિટનના નાગરિકોને આ છૂટછાટ અપાઇ નથી. ચીન અને બ્રિટન સિવાયના દેશના નાગરિક ઇ- વિઝા પર ભારતની મુલાકાત લઈ શકશે.

**4. ઇ-રોડ : ભારત સૌપ્રથમવાર દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ વે પર ઇ-રોડનું નિર્માણ (પર્યાવરણ)**




**ભારતનુ લક્ષ્યાંક :**

- ✓ સરકારનું લક્ષ્ય છે કે દેશમાં 2030 સુધીમાં 30 ટકા વાહનો ઇલેકિટ્રક હોય. ઇલેકિટ્રક વાહનોને પ્રોત્સાહન આપવા માટે સરકાર હવે ઇલેકિટ્રક રોડ પર કામ કરી રહી છે.

**ઇ-રોડ વિશે :**

- ✓ આ રસ્તો તેના પર ચાલનારા વાહનોને ઊર્જા પૂરી પાડે છે એટલે વાહને ચાર્જિંગ માટે ક્યાંય રોકાવવું પડતું નથી. બીજા શબ્દોમાં કહીએ તો વાહનના ચાર્જિંગ સ્ટેશનની જ જરુર પડતી નથી.
- ✓ એક લાખ કરોડના ખર્ચે બની રહેલા દિલ્હી- મુંબઇ એક્સપ્રેસ વે પર એક લેન ઇ-હાઇવેની હશે.
- ✓ આ ઇ-લેન લગભગ 1,320 કિલોમીટર લાંબી હશે. તેના લીધે લોજિસ્ટિક ખર્ચ 30 ટકા જેટલો ઘટશે.
- ✓ આ રોડ પર એ જ ટેકનિકનો ઉપયોગ કરવામાં આવશે જે ટેકનિકથી જર્મનીમાં હાઇવે બનાવવામાં આવ્યા.
- ✓ જર્મનીમાં ઇ-હાઇવે બનાવનારી કંપની સીમેન્સ ભારતમાં પણ હાઇવે બનાવી રહી છે.
- ✓ સીમેન્સે સૌથી પહેલા જર્મનીના ફ્રેન્કફર્ટ શહેરમાં મે 2019માં આ ટેકનોલોજીથી રસ્તાઓ બનાવ્યા
- ✓ જર્મનીમાં છ માઇલ લાંબા આ માર્ગ પર વીજળીના વિશાળ કેબલ લાગેલા છે. આ કેબલમાં 670 વોટનો કરંટ હોય છે. તેનાથી નીચે પસારનારા ટ્રેક આ કેબલથી ઊર્જા હાંસલ કરી પોતાની બેટરીને રિચાર્જ કરે છે.
- ✓ આ રસ્તા પર વાહન પ્રતિ કલાક 120 કિલોમીટરની ઝડપે ચાલી શકશે અને પ્રદૂષણ પણ ઓછું થશે.
- ✓ **આયોજક:માર્ગ પરિવહન અને હાઈ-વે મંત્રાલય**

## આંતરરાષ્ટ્રીય બાબતો

**5. ન્યૂઝીલેન્ડ : ક્લાઈમેટ ચેન્જ સંબંધી કાયદો લાગુ કરનાર વિશ્વનો પ્રથમ દેશ ન્યૂઝીલેન્ડ (પર્યાવરણ)**




- ✓ વર્ષ 2050 સુધીમાં ન્યૂઝીલેન્ડને કાર્બનમુક્ત બનાવવાનું સરકારનું લક્ષ્યાક

**કાયદાની વિગત :**

- ✓ નવા કાયદા મુજબ સરકાર ક્લાઇમેટ ચેન્જની માઠી અસરો બદલ કંપનીઓને તેડું મોકલી શકે છે. તેમની પાસેથી જરૂરી રિપોર્ટ માગી શકે છે.
- ✓ દેશની રૂ. 5 હજાર કરોડથી વધુ સંપત્તિ ધરાવતી 200 મોટી કંપનીઓ તથા વિદેશી કંપનીઓ આ કાયદા હેઠળ આવી જશે.
- ✓ **રાજધાની : વેલિંગ્ટન**

**6. દિન વિશેષ : 14 એપ્રિલ (1) ફાયર સેફ્ટી ડે**




- ✓ ફાયર સર્વિસ વીક તા. 14 થી 20 એપ્રિલ-2021

**ઈતિહાસ :**

- ✓ 14મી એપ્રિલ, 1944ના દિવસે મુંબઈના વિક્ટોરિયા ડોકમાં એસ.એસ. ફ્રોર્ટ સ્ટિકાઇન શિપમાં ભયંકર આગ લાગી હતી.
- ✓ આ જહાજ કપાસની ગાંસડીઓ, દારૂગોળો અને લગભગ 2 મિલિયના સ્ટર્લિંગ પાઉન્ડની કિંમતના સોનાના સળિયાઓથી ભરાયેલું હતું.

- ✓ થોડા સમયમાં તો જહાજમાં બોમ્બ વિસ્ફોટ થવા લાગ્યા. પોર્ટ, નવી મુંબઈ ફાયરબ્રિગેડ પણ આગ રોકી ન શક્યું. ભોંયતળિયું તો એવું થઇ ગયું કે જાણે ધરતીકંપ જોઈ લ્યો જહાજમાં લાગેલી આગ તો દૂરથી જોઈ શકાતી હતી .
- ✓ આ આગ હોનારતમાં જાનમાલને મસમોટું નુકસાન થયું હતું. મૃત્યુઆંકના ચોક્કસ આંકડાઓ તો જાણવા મળ્યા ન હતા પરંતુ : આગને બુઝાવવા માટે ઝઝૂમી રહેલા પોર્ટ- ફાયર સર્વિસિસ, મુંબઈ ફાયર બ્રિગેડના 66 જવાનો અને ઓફીસરોએ તેમના પ્રાણની આહુતિ આપવી પડી હતી.
- ✓ મુંબઈ ડોકની આગ હોનારતમાં પોતાના જીવનનું બલિદાન આપનાર માછીમારોના માન સન્માનમાં તેમજ તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે ભારત સરકારે 14મી એપ્રિલના દિવસને આગ સેવા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું.

**(2) ચૈત્ર સુદ બીજ : શીખ ધર્મનો પવિત્ર તહેવાર વૈશાખી**




- ✓ કેટલાક તહેવારો ફક્ત શીખો જ ઉજવે છે. સંસ્કૃત શબ્દ 'શિષ્ય' પરથી 'શીખ' શબ્દ બન્યો.
- ✓ પંજાબના જાટ લોકો અને શીખ ધર્મે જાટ લોકોના પરંપરાગત ઉત્સવો-તહેવારો તથા રીતરીવાજો સ્વીકાર્યા છે. તેથી હોળી, દશેરા જેવા ઘણા હિન્દુ તહેવારો શીખો પણ ઉજવે છે.
- ✓ ગુરુ ગોવિન્દસિંહે તો લડાઈની દેવી તરીકે દેવી દુર્ગાની પૂજા કરેલી. શીખોમાં દુર્ગાપૂજાનો મહિમા છે.
- ✓ ખાસ શીખ લોકો જે તહેવાર ઉજવે છે તેમાં ઘણો વ્યાપક અને મહત્વનો તહેવાર છે : વૈશાખી' ઈ.સ. 1699માં આજના પવિત્ર દિવસે ગુરુ પરંપરાએ શીખોને ખાલસા એટલે શુધ્ધ બનાવ્યા.
- ✓ શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનક લાહોરમાં જન્મેલા.
- ✓ તમામને પાંચ કકા ધારણ કરવાનો આદેશ આપ્યો. પાંચ કક્કા : કેશ, કંગન, કાંસકી, કિરપાણ અને કરછ-પાઘડી તમામ શીખો એ રાખવી, એ ગુરુ આદેશ આપ્યો.

**7. જન્મ દિન વિશેષ : 14 એપ્રિલ**

**ભારતરત્ન અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની 130મી જન્મજયંતી**




- ✓ ભીમરાવ રામજી આંબેડકર ભારતમાં લોકહૃદયમાં વસ્યા છે. બાબાસાહેબ આંબેડકરના નામે.
- ✓ તેમનો જન્મ 14-4-1891ના રોજ મધ્યપ્રદેશના મહુ ખાતે થયો હતો.
- ✓ અત્યંત મેધાવી એવા બાબાસાહેબ ભારતીય અર્થશાસ્ત્રી, વકીલ, રાજકીય નેતા અને સમાજ સુધારક હતા.
- ✓ તેમણે દલિત બુદ્ધિસ્ટ ચળવળને વેગ આપ્યો અને દલિતો પ્રત્યેની સામાજીક અસમાનતાને દૂર કરવા ઝુંબેશ રૂપે સમાજનાં તમામ સ્તરે વ્યાપક અને ધગશથી કામ કર્યું હતું.
- ✓ તેઓ વાઇસરોયની અક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં શ્રમમંત્રી બન્યા હતા.
- ✓ 400 સભ્યોની બંધારણસભાના તેઓ મુખ્ય સભ્ય હતા, કાયદાશાસ્ત્રી હોવાના નાતે તેઓને ભારતીય બંધારણના ઘડવૈયા કહી શકાય.
- ✓ આઝાદ ભારતના પહેલા કાયદા અને ન્યાય ખાતાના મંત્રી હતા.
- ✓ બાળપણમાં અને શાળાજીવન દરમિયાન અસ્પૃશ્યતાને કારણે થયેલા કડવા અનુભવોને કારણે બાબાસાહેબે સામાજિક ન્યાય, સમાનતા માટે જીવન સમર્પિત કરી દીધું હતું.
- ✓ તેઓએ મુંબઈ યુનિવર્સિટી, કોલંબિયા યુનિવર્સિટી, અને લંડન સ્કૂલ ઑફ઼ ઇકોનોમિક્સમાંથી અભ્યાસ કર્યો હતો.
- ✓ જીવનની સંધ્યાએ તેમણે પાંચ લાખ અનુયાયીઓ સાથે હિંદુ ધર્મનો ત્યાગ કરી બુદ્ધ ધર્મ અપનાવ્યો હતો.
- ✓ બાબાસાહેબ આંબેડકર તા. 6-12-1956ના રોજ અવસાન પામ્યા હતા.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (14-04-2021)**

1. તા. 14-15 એપ્રિલ-2021ના રોજ એસોસિએશન ઓફ઼ ઇન્ડિયન યુનિવર્સિટીઝની કેટલામી વાર્ષિક બેઠક અને નેશનલ વાઇસ ચાન્સેલર કોન્ફરન્સ યોજાઈ - **95**
2. વડાપ્રધાન શ્રી મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી એસોસિએશન ઓફ઼ ઇન્ડિયન યુનિવર્સિટીઝની 95મી વાર્ષિક બેઠક અને નેશનલ વાઇસ ચાન્સેલર કોન્ફરન્સની થીમ કઇ હતી - **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ના અમલીકરણ અંગે વિચાર-વિમર્શ**
3. ગુજરાતમાં પ્રથમવાર કઇ યુનિવર્સિટીના યજમાન પદે એસોસિએશન ઓફ઼ ઇન્ડિયન યુનિવર્સિટીઝની 95મી વાર્ષિક બેઠક અને નેશનલ વાઇસ ચાન્સેલર કોન્ફરન્સ યોજાઇ હતી – **ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી, અમદાવાદ**
4. એપ્રિલ-2021માં ગુજરાતી લેખક શ્રી કિશોર મકવાણા સંપાદિત ડૉ. બાબાસાહેબના જીવન આધારિત કયા 4 પુસ્તકોનું વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે ઈ વિમોચન કરાયું હતુ - **"વ્યક્તિ દર્શન", "જીવન દર્શન", "આયામ દર્શન" અને "રાષ્ટ્ર દર્શન"**
5. એપ્રિલ-2021માં કોરોના મહામારીના કારણે કેન્દ્ર સરકારે કયા બોર્ડની ધોરણ 10ની પરીક્ષા રદ કરી વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા અને ધોરણ 12ની 4 મેથી શરૂ થનારી પરીક્ષા મોકૂફ઼ રાખવાનો નિર્ણય કર્યો - **CBSE**
6. એપ્રિલ-2021માં કેન્દ્ર સરકાર દ્વારા CBSE બોર્ડના ધોરણ 10ના વિદ્યાર્થીઓને શેના આધારે માસ પ્રમોશન આપવાનો નિર્ણય કરાયો - **ઇન્ટરનલ એસેસમેન્ટ**
7. વર્તમાન કેન્દ્રીય શિક્ષણ મંત્રીનું નામ જણાવો - **શ્રી રમેશ પોખરિયાલ 'નિશંક'**
8. એપ્રિલ-2021માં કઇ સરકારે વર્ષ 2020માં કોરોના મહામારીના કારણે લાગુ કરાયેલા દેશવ્યાપી લાકડાઉન પહેલાં વિશ્વના 156 દેશના નાગરિકોના ઇ-વિઝા સસ્પેન્ડ કર્યા હતા તેના પરના નિયંત્રણો હટાવ્યા – **ભારત**

9. ભારત સરકાર દ્વારા સૌપ્રથમવાર કયા એક્સપ્રેસ વે પર ઇ-રોડનું નિર્માણ કરાશે - **દિલ્હી-મુંબઇ**
10. ભારત સરકાર દ્વારા કયા વર્ષ સુધીમાં 30 ટકા ઇલેક્ટ્રિક વાહનોનો લક્ષ્યાંક છે – **2030**
11. ભારતના સૌપ્રથમ દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ વે પરના ઇ-રોડની લંબાઇ કેટલી હશે – **અંદાજે 1320**
12. એપ્રિલ-2021માં ક્લાઇમેટ ચેન્જ સંબંધી કાયદો લાગુ કરનાર વિશ્વનો પ્રથમ દેશ - **ન્યૂઝીલેન્ડ**
13. ન્યૂઝીલેન્ડ સરકારનો ક્યા વર્ષ સુધીમાં દેશને કાર્બનમુક્ત બનાવવાનો લક્ષ્યાક છે - **વર્ષ 2050**
14. ન્યુઝીલેન્ડની વર્તમાન રાજધાનીનું નામ જણાવો - **વેલિંગ્ટન**
15. ફાયર સેફ્ટી ડે કયારે મનાવવામાં આવે છે - **14 એપ્રિલ**
16. ભારતમાં તા. 14 થી 20 એપ્રિલ-2021 કયા વીકની ઉજવણી કરાઇ - **ફાયર સર્વિસ વીક**
17. શીખ ધર્મનો પવિત્ર તહેવાર વૈશાખી ક્યારે મનાવવામાં આવે છે - **ચૈત્ર સુદ બીજ**
18. શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનકનો જન્મ કયાં થયો હતો – **લાહોર**
19. શીખ ધર્મના પાંચ કક્કા કયા છે - **કેશ, કંગન, કાંસકી, કિરપાણ અને કચ્છ-પાઘડી**
20. ભારતરત્ન અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મ દિવસ જણાવો – **તા. 14-4-1891**
21. 14 એપ્રિલ-2021ના રોજ બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની કેટલામી જન્મજયંતી મનાવવામાં આવી - **130**
22. ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મ ક્યાં થયો હતો - **મહુ (મધ્યપ્રદેશ)**
23. આઝાદ ભારતના પહેલા કાયદા અને ન્યાય મંત્રી કોણ હતા - **ડૉ. બાબાસાહેબ આંબેડકર**

**DATE : 15-04-2021**

## 1. ગુજરાત સરકાર : નિર્ણય

**ધોરણ-1 થી 9 અને 11માં માસ પ્રમોશન**




- ✓ સતત બીજા વર્ષે માસ પ્રમોશન આવ્યું
- ✓ ધોરણ : 10-12ની બોર્ડની પરીક્ષા પરિક્ષાઓ હાલ મોકૂફ

### રાષ્ટ્રીય બાબતો

## 2. વિઝડન મેગેઝીન : વનડે ક્રિકેટના પચાસ વર્ષ




- ✓ છેલ્લાં પાંચ દશકના પાંચ વન-ડે ક્રિકેટર્સની પસંદગી કરાઇ

**એવોર્ડ :**

- ✓ **ઇંગ્લેન્ડના ઓલરાઉન્ડર બેન સ્ટોક્સની સતત બીજા વર્ષે 'બેસ્ટ પ્લેયર ઓફ ધ યર' માટે પસંદગી**

**વર્ષ 1971થી 2021 પ્રત્યેક દશક માટે સર્વશ્રેષ્ઠ ભારતીય ક્રિકેટર**

- ✓ 2010 : વિરાટ કોહલી 1990 : સચિન તેંડુલકર
- ✓ 1980 : કપિલદેવ





- ✓ વિઝડન મેગેઝીન : લંડન
- ✓ **ક્રિકેટના બાઇબલ તરીકેની ઓળખ**

## 3. ભારત-ફ્રાન્સ વચ્ચે કરાર (વૈશ્વિક સંબંધો)




- ✓ ભારતના સૌથી પહેલા સમાનવ અંતરીક્ષ પ્રોજેક્ટ ગગનયાન માટે ફ્રાન્સ સાથે ઇસરોના કરાર
- ✓ બંને દેશ સંયુક્ત રીતે કામ કરશે
- ✓ આ કરાર હેઠળ ભારતના અવકાશયાત્રીઓને ફ્રાન્સ અને જર્મનીમાં પણ તાલીમ અપાશે
- ✓ ફ્રાન્સના વિદેશ મંત્રી ત્રણ દિવસના ભારત દરમિયાન ઇસરોની મુલાકાતે

## 4. કુંભ મેળો : દેહરાદૂન (ઉત્તરાખંડ)

**કોરોનાના કારણે કુંભમેળો 15 દિવસમાં પૂર્ણ જાહેર કરાયો**




- ✓ અગાઉ આ મેળો 30 એપ્રિલે પૂર્ણ થવાનો હતો

### આંતરરાષ્ટ્રીય બાબતો

## 5. રશિયા યૂક્રેન વિવાદ શું છે (વૈશ્વિક બાબતો)




- ✓ **2015ની સમજૂતી પછી રશિયા અને યુક્રેન વચ્ચે ફરી તણાવ**
- ✓ ફ્રાન્સ અને જર્મનીએ મધ્યસ્થતા કરી રશિયા અને યુક્રેન વચ્ચે મિન્સ્ક શાંતિ સમજૂતી કરાવી હતી, પણ ફેબ્રુઆરી 2015માં થયેલી આ સમજૂતી બાદ પણ પૂર્વ યુક્રેનમાં હજુ પણ શાંતિ સ્થપાઇ શકી નથી. બંને દેશો વચ્ચે તણાવ ફરી વધ્યો છે.

## રશિયા અને યુક્રેન વચ્ચેનો વિવાદ શું છે

1. 1954માં સોવિયત સંઘના નેતા નીકિતા ખુશ્ચેવે મિત્રતાની ભેટરૂપે ક્રીમિયા યુક્રેનને સોંપ્યુ. યુક્રેનના પૂર્વ હિસ્સાને ક્રિમિયા કહેવાય છે. સોવિયેત યુનિયનના ખતમ થયા પછી ક્રીમિયા ઝઘડાનું કારણ બની ગયું છે.
2. 2014માં યુક્રેનના રશિયન સમર્થક રાષ્ટ્રપતિ વિક્સ યાનુકોવિચ વિરુદ્ધ દેશભરમાં દેખાવો થયા હતા, રશિયાએ સૈન્ય મોકલી ક્રીમિયા પર કબજો કરી લીધો. તર્ક આપ્યો કે ત્યાં રશિયન મૂળના લોકોની સંખ્યા વધારે છે.
3. ક્રીમિયામાં સૌથી વધુ વસતી રશિયનોની છે. રશિયાએ ક્રીમિયામાં ભાગલાવાદી તહેનાત કરી દીધા છે. તે રશિયાના સમર્થક છે. રશિયા તેમને સમર્થન આપે છે. 2015માં તેમણે યુક્રેન સરકાર વિરુદ્ધ બળવાની જાહેરાત કરી હતી.

## વિવાદનાં બે મોટાં કારણ

- ✓ યુક્રેનમાં ઉપજાઉ મેદાની વિસ્તારો અને ઉધોગો છે. યુક્રેન પશ્ચિમી યુરોપની સાથે નજીકના સંબંધો સ્થાપિત કરવા માગે છે. પણ રશિયાને લાગે છે કે યુક્રેનનું પશ્ચિમની તરફ જવું તેના માટે ઠીક નથી.
- ✓ યુક્રેન કહે છે કે ગત અમુક અઠવાડિયાંથી રશિયા સીઝફાયર ઉલ્લંઘન કરી રહ્યું છે. તેમાં 30 સૈનિકોએ જીવ ગુમાવ્યા હતા. રશિયાએ પૂર્વ યુક્રેનની સરહદે 51 હજાર, ક્રીમિયામાં 42 હજાર સૈનિકો તહેનાત કર્યા છે.

## 6. દિન વિશેષ : 15 એપ્રિલ (1) વર્લ્ડ આર્ટ ડે




## (2) હિમાચલપ્રદેશ સ્થાપના દિવસ




## 7. જન્મ દિન વિશેષ : 15 એપ્રિલ
## શીખ ધર્મ સંસ્થાપક ગુરુ નાનક દેવ




- ✓ નાનક નામ જહાજ હૈ ચડે સો ઉતરે પાર, જો સરધા સે સેવે ગુરુ તારણ પાલણહાર. આ પ્રશસ્તિ પંક્તિ જેમના માટે કહેવાઈ છે એ શીખ ધર્મ સંસ્થાપક શ્રી ગુરુ નાનકદેવનો જન્મ 15-4-1469ના રોજ રાઈ ભોઈ કી તલવંડી ગામે થયો હતો.
- ✓ શીખ ધર્મના દસ ગુરુઓમાં આદ્યગુરુ નાનક સાહેબ યા બાબા નાનક નામથી મશહૂર છે.
- ✓ પોતાના જીવનકાળ દરમિયાન તેમણે સમગ્ર એશિયા ખંડમાં પરિભ્રમણ કરી માત્ર એક જ શબ્દમાં એમનો સંદેશો આપ્યો હતો કે એક ઓમકાર જેનો અર્થ થાય ઈશ્વર. એક જ છે.
- ✓ આ એક કેન્દ્રવર્તી વિચાર સાથે તેમણે એક આધ્યાત્મિક, સામાજિક અને રાજકીય સમાજની રચના કરી, જેના પાયામાં સામાજિક સમાનતા, પરસ્પર સદભાવ, સૌજન્ય અને ઉચ્ચ નૈતિકતા છે.
- ✓ નાનક સાહેબે સંબોધેલી વાતો 974 શ્લોકોના રૂપમાં જે ગ્રંથમાં શબ્દબદ્ધ થઈ છે એ ગ્રંથને શીખો અતિ પવિત્ર ગણે છે, તેને ગ્રંથ સાહેબ કહે છે. એમાં નાનક દેવનું પાવિત્ર્ય, દેવત્વ અને ધાર્મિક મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે.
- ✓ કહેવાય છે કે, જ્યારે હિંદુઓ પર જુલ્મ થઈ રહ્યા હતા ત્યારે નાનક દેવે પાંચ હિંદુઓને શીખ ધર્મની દીક્ષા આપી અને હિંદુ ધર્મની રક્ષા માટે તૈયાર કર્યા, તેમને શીખો પંજ પ્યારા કહે છે.
- ✓ એમનો દેહાંત 22-9-1539ના રોજ થયો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (15-04-2021)

1. વૈશ્વિક મહામારી કોરોનાને કારણે એપ્રિલ-2021માં ગુજરાત સરકાર દ્વારા કયા ધોરણના વિદ્યાર્થીઓ માટે સતત બીજા વર્ષે માસ પ્રમોશનનો નિર્ણય કરાયો - **ધોરણ-1 થી 9 અને 11**
2. વૈશ્વિક મહામારી કોરોનાને કારણે એપ્રિલ-2021માં ગુજરાત સરકાર દ્વારા બોર્ડની કઈ પરિક્ષાઓ મોકૂફ રખાઈ – **ધો. 10-12**
3. એપ્રિલ-2021માં વિઝડન મેગેઝીન દ્વારા ઈંગ્લેન્ડના કયા ઓલરાઉન્ડરની સતત બીજા વર્ષે 'બેસ્ટ પ્લેયર ઓફ ધ યર' માટે પસંદગી કરાઈ - **બેન સ્ટોક્સ**
4. એપ્રિલ-2021માં વિઝડન મેગેઝીન દ્વારા વન ડે ક્રિકેટના 50 વર્ષ નિમિતે વર્ષ 1971થી 2021 પ્રત્યેક દશક માટે પસંદ કરેલા સર્વશ્રેષ્ઠ ભારતીય ક્રિકેટરના દશક અને નામ જણાવો - **2010 : વિરાટ કોહલી, 1990 : સચિન તેંડુલકર અને 1980 : કપિલદેવ**
5. કયુ મેગઝિન ક્રિકેટના બાઇબલ તરીકેની ઓળખ ધરાવે છે – **વિઝડન**
6. ભારતના સૌથી પહેલા સમાનવ અંતરીક્ષ પ્રોજેક્ટનું નામ જણાવો - **ગગનયાન**
7. એપ્રિલ-2021માં ભારતના સૌથી પહેલા સમાનવ અંતરીક્ષ પ્રોજેક્ટ ગગનયાન માટે કયા દેશ સાથે ઇસરોના કરાર થયો - **ફ્રાન્સ**
8. એપ્રિલ-2021માં કોરોનાના કારણે કુંભમેળો કેટલા દિવસમાં પૂર્ણ જાહેર કરાયો - **15**
9. વર્ષ 2015ની સમજૂતી પછી એપ્રિલ-2021માં કયા બે દેશ વચ્ચે ફરી તણાવ સર્જાયો હતો - **રશિયા અને યુક્રેન**
10. ફેબ્રુઆરી 2015માં ફ્રાન્સ અને જર્મનીએ મધ્યસ્થતા કરી રશિયા અને યુક્રેન વચ્ચે કઈ શાંતિ સમજૂતી કરાવી હતી - **મિન્સ્ક શાંતિ**
11. કયા વર્ષે સોવિયત સંઘના નેતા નીકિતા ખુશ્ચેવે મિત્રતાની ભેટરૂપે ક્રીમિયા યુક્રેનને સોંપ્યુ હતુ – **1954**
12. હિમાચલ પ્રદેશનો સ્થાપના દિવસ જણાવો – **15 એપ્રિલ**

13. વર્લ્ડ આર્ટ ડે ક્યારે મનાવવામાં આવે છે – **15 એપ્રિલ**

14. શીખ ધર્મના સંસ્થાપક શ્રી ગુરુ નાનકદેવનો જન્મ કયારે-ક્યાં થયો હતો – **તા.15-4-1469 તથા રાઈ ભોઈ કી તલવંડી ગામ**

15. શીખ ધર્મના સંસ્થાપક શ્રી ગુરુ નાનકદેવ સાહેબે સંબોધેલી વાતો 974 શ્લોકોના રૂપમાં જે ગ્રંથમાં શબ્દબદ્ધ થઈ છે તેનું નામ જણાવો - **ગ્રંથ સાહેબ**

**DATE : 16-04-2021**

## 1. IMD : આ વર્ષે ભારતમાં ચોમાસું સારું રહેશે : 98 ટકા વરસાદની શક્યતા (હવામાન)




**વિગત :** હવામાન વિભાગે સતત ત્રીજા વર્ષે સામાન્ય મોનસૂનની જાહેરાત કરી.

**સામાન્ય મોનસૂન :**

- ✓ મોનસૂન દરમિયાન ચાર મહિનામાં સરેરાશ 88 સેમી વરસાદ પડે છે અને તેના 96 થી 104 ટકા વરસાદ થવાને સામાન્ય મોનસૂન કહેવાય છે.
- ✓ બે દિવસ પહેલાં ખાનગી એજન્સી સ્કાઈમેટે મોનસૂનના પૂર્વાનુમાનમાં 103 ટકા વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી હતી.
- ✓ **IMD : ઇન્ડિયન મટિરિયોલોજી ડિપાર્ટમેન્ટ, નવી દિલ્હી**

### આંતરરાષ્ટ્રીય બાબતો

## 2. કરન્સી મેનિપ્યુલેટર –USA

**USA દ્વારા ભારત સહિત 11 દેશને કરન્સી વોચ લિસ્ટમાં મુકાયા**

**કરન્સી મેનિપ્યુલેટર એટલે શું :**

- ✓ ડોલર સામે કરન્સીનું મૂલ્ય વધારવા માટે શંકાસ્પદ ગતિવિધિ થવાની શક્યતા હોય એવા દેશને અમેરિકા દર વર્ષે કરન્સી વોચલિસ્ટમાં સામેલ કરે છે.
- ✓ એટલે કે એ દેશોની કરન્સી પર ધ્યાન રાખવું જરૂરી છે, કારણ કે વોચલિસ્ટમાં સામેલ કરાયેલા દેશો કરન્સીની વેલ્યુ વધારવા માટે કંઈક શંકાસ્પદ તરિકા અજમાવી શકે છે.
- ✓ આવી શંકાથી અમેરિકાના નાણા વિભાગે ભારતને પણ કરન્સી વોચ લિસ્ટમાં મૂક્યું છે.
- ✓ ભારત આર્થિક રીતે અમેરિકાનું ખૂબ જ મહત્વપૂર્ણ ભાગીદાર હોવા છતાં અમેરિકાએ આ પગલું ભર્યું તેને અગાઉ પણ ઘણાં નિષ્ણાતો ચોંકાવનારું ગણાવ્યું હતું.
- ✓ એ લિસ્ટ 2021માં પણ યથાવત રખાયું હતું.

**વોચ લિસ્ટમાં સામેલ દેશ :**

- ✓ ભારત, ચીન, જાપાન, સાઉથ કોરિયા, જર્મની, ઇટાલી, આયર્લેન્ડ, મલેશિયા, સિંગાપોર, થાઈલેન્ડ અને મેક્સિકો
- ✓ રાજધાની : વોશિંગ્ટન (DC)

## 3. ચીન : ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રણ માસ જાન્યુઆરીથી માર્ચ 2021માં ગત વર્ષ કરતાં ચીનનાં આર્થિક વિકાસ દરમા 18.30 ટકાની વૃદ્ધિ

**વિગત :**

- ✓ આંકડાકીય વિગતો જાહેર કરાયા બાદ વર્ષ 1992થી પ્રથમવાર આટલો વધુ વિકાસ દર નોંધાયો

## 4. વિઝડન મેગેઝીન - લંડન :

**ઑસ્ટ્રેલિયાના લિજેન્ડરી કેપ્ટન સ્ટીવ વૉએ લીધેલી તસવીરને વિઝડન દ્વારા – 'ફોટોગ્રાફસ ઓફ ધ યર-2020' જાહેર કરાયો**



**તસવીર વિશે :**

- ✓ તસવીરમાં રાજસ્થાનના રણમાં રેતીના ઢગલા પર બાળકો ક્રિકેટ રમી રહ્યા છે.
- ✓ ડોક્યુમેન્ટરી માટે પ્રવાસ કરતી વખતે સ્ટીવે આ ફોટો પાડ્યો હતો.
- ✓ ક્રિકેટ રમવા માટે સપાટ અને કઠણ મેદાન જોઈએ. અહી તેમાંથી એકેય શરતનું પાલન થતું નથી. છતાં પણ બાળકો ક્રિકેટ રમે છે, એ ભારતનો ક્રિકેટ પ્રેમ દર્શાવે છે.
- ✓ ભારતમાં ક્રિકેટ ધર્મનો દરજ્જો ભોગવે છે અને શા માટે ભોગવે છે એ આ તસવીરમાં સ્પષ્ટ થાય છે.

## 5. દિન વિશેષ : 16 એપ્રિલ

**(1) ભારતીય રેલવેનો 168મો સ્થાપના દિવસ**



- ✓ સ્થાપના - તા. 16-04-1853
- ✓ પ્રથમ રૂટ : બોરીબંદર (મુંબઈ)થી થાણે – 34 કિલોમીટર
- ✓ ભારતમાં રેલવે એ પરિવહનનું સૌથી મોટું માધ્યમ
- ✓ 1857ની 16મી એપ્રિલે થયેલી એ શરૂઆત આજે જગતના સૌથી મોટા પૈકીના એક રેલવે નેટવર્કમાં સ્થાન ધરાવે છે.
- ✓ 168મા જન્મદિવસ નિમિત્તે રેલવે કર્મચારીઓએ એન્જનની સાજ-સજ્જા કરી હતી.
- ✓ પ્રથમ રેલવેએ 34 કિલોમીટરનું અંતર કાપ્યું હતું અને તેના 14 ડબ્બામાં કુલ 400 મુસાફરોને સફરની તક મળી હતી.

**(2) વર્લ્ડ વૉઈસ ડે : 16 એપ્રિલ**




- ✓ **થીમ-2021 : 'One World, Many Voices'**

## 6. જન્મ દિન વિશેષ : 16 એપ્રિલ

**સ્નેહરશ્મિ : ઝીણાભાઈ રતનજી દેસાઈ**

**જન્મ – 16 એપ્રિલ 1903 અવસાન – 6 જાન્યુઆરી 1991**



- ✓ સ્નેહરશ્મિનું મૂળ નામ ઝીણાભાઈ રતનજી દેસાઈ અને જન્મસ્થળ વલસાડ જિલ્લામાં ચીખલી ખાતે
- ✓ પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ ચીખલીમાં મેળવ્યું.
- ✓ 1920માં અસહકારનું આંદોલન શરૂ થતાં અભ્યાસ પડતો મૂકી ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા અને સ્નાતક થઇ અધ્યાપક બન્યા.
- ✓ 1930માં 'સત્યાગ્રહ પત્રિકા'નું સંપાદન સંભાળ્યું. 1938માં અમદાવાદમાં ચી. ન. વિદ્યાવિહારના આચાર્યપદેથી નિવૃત્ત થયા.
- ✓ 1942માં હિંદ છોડો આંદોલનમાં ભાગ લઇ જેલવાસ પણ ભોગવ્યો.
- ✓ આઝાદીના સૈનિક કરતાં સ્નેહરશ્મિ સાહિત્યકાર તરીકે વધુ જાણીતા છે.
- ✓ અર્ધ્ય, અણદીઠ જાદુગર, પનઘટ, કેવળ બીજ, હીરાના લટકણિયાં, શ્રીફળ, અંતરપટ, સાફલ્ય ટાણું વગેરે તેમની જાણીતી કૃતિઓ છે.
- ✓ 6 જાન્યુઆરી 1991ના રોજ અવસાન થયું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (16-04-2021)

1. કેટલા ટકા વરસાદ પડે તેને સામાન્ય મોનસૂન કહેવાય - **96 થી 104**
2. એપ્રિલ-2021માં ભારતીય હવામાન વિભાગે સતત ત્રીજા વર્ષે સામાન્ય મોનસૂન સાથે આશરે કેટલા ટકા વરસાદની સંભાવના વ્યક્ત કરી – **98**
3. IMDનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્ડિયન મટિરિયોલોજી ડિપાર્ટમેન્ટ**
4. એપ્રિલ-2021માં USA દ્વારા ભારત સહિત કેટલા દેશને કરન્સી વોચ લિસ્ટમાં મુકાયા – **11**
5. એપ્રિલ-2021માં USA દ્વારા કયા 11 દેશને કરન્સી વોચ લિસ્ટમાં મુકાયા - **ભારત, ચીન, જાપાન, સાઉથ કોરિયા, જર્મની, ઇટાલી, આયર્લેન્ડ, મલેશિયા, સિંગાપોર, થાઇલેન્ડ અને મેક્સિકો**
6. ડોલર સામે કરન્સીનું મૂલ્ય વધારવા માટે શંકાસ્પદ ગતિવિધિ થવાની શક્યતા હોય એવા દેશને અમેરિકા દર વર્ષે કરન્સી વોચલિસ્ટમાં મૂકે છે તેને માટે ક્યો શબ્દ વપરાય છે - **કરન્સી મેનિપ્યુલેટર**
7. ઑસ્ટ્રેલિયાના ક્યા લિજેન્ડરી કેપ્ટને લીધેલી તસવીરને વિઝડન દ્વારા ફોટોગ્રાફ્સ ઓફ ધ યર 2020 જાહેર કરાઇ હતી - **સ્ટીવ વૉ**
8. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રણ માસ જાન્યુઆરીથી માર્ચ 2021માં ગત વર્ષ કરતાં ચીનનાં આર્થિક વિકાસ દરમા કેટલા ટકાની વૃદ્ધિ નોંધાઇ - **18.30**
9. ભારતીય રેલવેનો સ્થાપના દિવસ જણાવો - **16 એપ્રિલ 1853**
10. ભારતીય રેલવેનો કેટલામો સ્થાપના દિવસ 2021માં મનાવવામાં આવ્યો - **168મો**
11. વર્લ્ડ વોઇસ ડે ક્યારે મનાવવામાં આવે છે – **16 એપ્રિલ**
12. વર્લ્ડ વોઇસ ડે 2021ની થીમ જણાવો - **'One World, Many Voices'**
13. ગુજરાતના સાહિત્યકાર ઝીણાભાઇ રતનજી દેસાઇનો જન્મ દિવસ જણાવો- **16 એપ્રિલ 1903**
14. ગુજરાતના સાહિત્યકાર ઝીણાભાઇ દેસાઇનું ઉપનામ જણાવો - **"સ્નેહરશ્મિ"**

## DATE : 17-04-2021

### 4. BCCI : વિવિધ નિર્ણય



- ✓ ચાલુ વર્ષે કોરોનાને કારણે દુલિપ ટ્રોફી, ઇરાની કપ, દેવધર ટ્રોફી અને વિમેન્સ ક્રિકેટર્સ માટે પાંચ ટુર્નામેન્ટ રદ કરાઇ
- ✓ આગામી ડિસેમ્બર-2021માં રણજી ટ્રોફી રમાશે, ગત વર્ષે રદ કરાઇ હતી
- ✓ ઓક્ટોબર-નવેમ્બર 2021માં ભારત T-20 વર્લ્ડકપનું યજમાન બનશે
- ✓ ફાઇનલ અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે

## આંતરરાષ્ટ્રીય બાબતો

### 2. નવો કોરોના વોરિઅન્ટ અને તેની અસરો (આરોગ્ય)

**મ્યુટેશન શું છે ?**

- ✓ વાઇરસનું મ્યુટેટ થવું એક સ્વાભાવિક પ્રક્રિયા છે. વાઇરસ ખુદને એટલા માટે બદલે છે, જેથી તે ફેલાઇ શકે અને વધુ લોકોને સંક્રમિત કરી શકે. કોરોના આ જ કરી રહ્યો છે.
- ✓ કોરોના વાઇરસ સરેરાશ મહિનામાં બે વખત પોતાનામાં પરિવર્તન કરી રહ્યો છે.

**દુનિયામાં કેટલા મ્યુટેશન છે ?**

- ✓ ઝડપથી ફેલાવતો B117 કે 501YV1 વેરિયન્ટ પ્રથમ કેન્ટમાં હતો.
- ✓ B1351 કે 501YV2 વેરિયન્ટ દક્ષિણ આફ્રિકામાં જોવા મળ્યો અને P1 કે 501YV3 વેરિયન્ટ પ્રથમ વખત બ્રાઝીલમાં દેખાયો.
- ✓ અત્યાર સુધી સૌથી ચિંતાજનક મ્યુટેશનમાંથી એક E484K કે ઇક છે, જે સ્પાઇક પ્રોટીન બદલી નાખે છે.

**ભવિષ્યમાં પણ વિકસિત થશે વાઇરસ ?**

- ✓ વાઇરસ કેટલો અને કેવી રીતે બદલાશે તેનું કોઇ અનુમાન લગાવી શકે એમ નથી. જોકે, જે ગતિએ વાઇરસ મ્યુટેટ થશે એટલી જ ગતિમાં રસી પણ વિકસિત થશે.
- ✓ એવો કોઇ સપ્તાહ પસાર થયો નથી જ્યારે વિજ્ઞાનીઓએ કોરોનાના કોઇ નવા વેરિયન્ટની ઓળખ ન કરી હોય.
- ✓ અત્યાર સુધી બ્રિટન, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકામાં મળેલા વેરિયન્ટની ચર્ચા થઇ રહી છે.

### 3. વર્લ્ડ મિટિરિયોલોજિકલ ઓર્ગેનાઇઝેશન (WMO) અહેવાલ

✓ 15 હજાર કિલોમીટર દૂર વેસ્ટઈન્ડિઝના જવાળામુખીનો સલ્ફર ડાયોકસાઇડ વાયુ ભારતના આકાશમાં પહોંચ્યાનો અહેવાલ

**વિગત :**

✓ ઝેરી સલ્ફરથી ભારતની હવા વધારે પ્રદૂષિત થશે, એસિડ વર્ષાની પણ આશંકા

✓ ધરતી પર એક સાથે અત્યારે નાના-મોટા 45 જ્વાળામુખી સક્રિય

✓ મધ્ય અમેરિકા પાસે આવેલા અને વેસ્ટ ઈન્ડિઝ તરીકે ઓળખાતા ટાપુ સમુહના સેન્ટ વિન્સેન્ટ ટાપુ પરનો લાસુફ્રિએર જ્વાળામુખી 10મી એપ્રિલથી સક્રિય સક્રિય થયો છે. તેના પેટાળમાંથી લાવા બહાર નીકળી રહ્યો છે અને સલ્ફર ડાયોકસાઇડ સાથે ધૂળ-રાખના વાદળો આકાશમાં ચડી રહ્યા છે.

**4. જન્મ દિન વિશેષ : 17 એપ્રિલ**

**લોક આંદોલનના પહેલા શહીદ : ધીરન ચિન્નામલાઈ**

**જન્મ – 17 એપ્રિલ 1757 અવસાન – 31 જૂલાઈ 1805**



✓ આજે ભારતના પ્રજાકીય આંદોલનોના પહેલા શહીદ ધીરન ચિન્નામલાઈનો જન્મદિન છે.

✓ પશ્ચિમ તમિલનાડુના ઈરોડ પાસેના મલયાલયમ (કોંગુ વિસ્તાર) ખાતે જન્મેલા ધીરનનું મૂળ નામ તીર્થગિરિ હતું.

✓ ચિન્નાએ ફ્રેન્ચ લશ્કરમાં રહી લશ્કરી તાલીમ લીધી અને તેનો ઉપયોગ અંગ્રેજો સામે લડવામાં કર્યો હતો. તેમની નાની સેનાએ અંગ્રેજો સામેના યુદ્ધમાં ટીપુ સુલતાનને પણ મદદ કરી હતી.

✓ તેમણે અંગ્રેજો સામેના યુદ્ધોમાં સ્થાનિક ઉપરાંત મરાઠાઓની પણ મદદ લીધી હતી 1 હજાર માણસનું સૈન્ય, નાનો કિલ્લો અને ગેરિલા યુદ્ધ પદ્ધતિથી તેઓ લડતા હતા.

✓ કાવેરી, ઓડાનીલાઇ અને અરાચૂલારના યુદ્ધમાં તેમણે બ્રિટિશ સેનાના છક્કા છોડાવી દીધા. અંગ્રેજ સૈનિકો ઉપરાંત અધિકારીઓ પણ તેના નામથી કાંપતા.

✓ 3 જૂન 1800એ બ્રિટિશ કિલ્લા પર હલ્લો કર્યો પણ નિષ્ફળ રહ્યા. ધીરને પોતાના રસોઈયા નલ્લાપનની દગાખોરીથી પકડાયા.

✓ અંગ્રેજોએ ચિન્નામલાઈ અને તેમના બે ભાઈને 31 જુલાઈ 1805ના રોજ શિવગિરિના કિલ્લામાં ફાંસીની સજા આપી.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (17-04-2021)

1. આગામી T-20 ક્રિકેટ વર્લ્ડ કપ કયારે યોજાશે - **ઓક્ટોબર-નવેમ્બર 2021**
2. ઓક્ટોબર-નવેમ્બર 2021માં કયા દેશમાં T-20 ક્રિકેટ વર્લ્ડ કપ યોજાશે – **ભારત**
3. ભારતમાં યોજાનારા આગામી T-20 વર્લ્ડકપની ફાઈનલ મેચ ક્યાં રમાશે – **નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ, અમદાવાદ**
4. કોરોના વાઇરસ મહિનામાં સરેરાશ કેટલી વખત પોતાનામાં પરિવર્તન કરી રહ્યો છે - **2**
5. કોરોનાનો B1351 કે 501YV2 વેરિયન્ટ કયા દેશમાં જોવા મળ્યો હતો - **દક્ષિણ આફ્રિકા**
6. P1 કે 501YV3 વેરિયન્ટ પ્રથમ વખત ક્યા દેશમાં દેખાયો હતો - **બ્રાઝીલ**
7. WMOનું વિસ્તૃત નામ જણાવો - **વર્લ્ડ મિટિરિયોલોજિકલ ઓર્ગેનાઈઝેશન**
8. તાજેતરના WMOના અહેવાલ અનુસાર 15 હજાર કિલોમીટર દૂર કયા દેશના જવાળામુખીનો સલ્ફર ડાયોકસાઇડ વાયુ ભારતના આકાશમાં પહોંચ્યો હતા – **વેસ્ટઈન્ડિઝ**
9. તાજેતરના WMOના અહેવાલ અનુસાર પૃથ્વી પર એક સાથે અત્યારે નાના-મોટા કેટલા જ્વાળામુખી સક્રિય છે - **45**
10. તા.10 એપ્રિલ 2021ના રોજ મધ્ય અમેરિકા પાસે આવેલા સેન્ટ વિન્સેન્ટ ટાપુ પરનો કયો જ્વાળામુખી સક્રિય થયો છે – **લાસુફ્રિએર**
11. ભારતમાં લોક આંદોલનના પહેલા શહીદનું નામ અને વતન રાજ્ય જણાવો -**ધીરન ચિન્નામલાઇ અને પશ્ચિમ તામિલનાડુ**
12. ભારતમાં લોક આંદોલનના પહેલા શહીદ ધીરન ચિન્નામલાઇનો જન્મદિવસ જણાવો-**17 એપ્રિલ 1757**

## DATE : 18-04-2021

**1. ભારતીય રેલવે : ઓક્સિજનની અછત નિવારવા રેલવે ઓક્સિજન એક્સપ્રેસ દોડાવશે (આરોગ્ય)**



**વિગત :** દેશમાં કોરોના સંક્રમણ વધ્યા પછી અનેક રાજ્યો ઓક્સિજનની અછતનો સામનો કરી રહ્યા છે. એકમાંથી બીજા રાજ્યમાં ઓક્સિજન પહોંચાડવામાં પણ સમય લાગી રહ્યો છે. આ મુશ્કેલીને જોતા રેલવેએ ગ્રીન કોરિડોર થકી વિવિધ સ્થળે ઓક્સિજન પહોંચાડવા ઓક્સિજન ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો.

✓ મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ સરકારે ઓક્સિજનનો પૂરવઠો પહોંચાડવા માટે ભારતીય રેલવે પાસે મદદ માંગી હતી. ત્યાર પછી રેલવેમંત્રી પીયૂષ ગોયલે આ જાહેરાત કરી હતી.

✓ ઓક્સિજન ભરેલા અનેક ટેન્કરોને એક સાથે વિવિધ રાજ્યોમાં મોકલવામાં આવશે.

✓ મુંબઇ નજીકના કલમબોલી અને બોઇસર સ્ટેશનો ખાતેથી ખાલી ટેન્કર વિઝાગ, જમશેદપુર, રૂરકેલા અને બોકારો મોકલાશે જેથી તેમાં લિક્વિડ મેડિકલ ઓકિસજન લોડ થઇ શકે.

✓ PM કેર ફંડમાંથી 32 રાજ્યમાં 162 PSA ઓક્સિજન પ્લાન્ટ સ્થપાશે, એક લાખ સિલિન્ડરની ખરીદી કરાશે

**2. સોનાની આયાત : ભારત નાણાકીય વર્ષ 2020-21માં દેશની ચાલુ ખાતાની ખાધ (CAD) પર સોનાની આયાત 34.6 અબજ ડોલર (આર્થિક)**



**વિગત :** નાણાકીય વર્ષ 2020-21માં દેશની ચાલુ ખાતાની ખાધ (CAD) પર સીધી અસર કરતી સોનાની આયાત 22.58 ટકા ઊછળીને 34.6 અબજ ડોલર (આશરે 2.54 લાખ કરોડ રૂપિયા) નોંધાઇ.

- ✓ પાછલા નાણાકીય વર્ષ દરમિયાન ચાંદીની આયાત 71 ટકા ગગડીને આશરે 79.1 કરોડ ડોલરની નોંધાઇ હતી.
- ✓ નાણાકીય વર્ષ 2019-20માં પીળી ધાતુની આયાત 28.23 અબજ ડોલર (આશરે બે લાખ કરોડ)ની નોંધાઇ હતી.
- ✓ સોનાની આયાતમાં ઉછાળો આવવા છતાં પણ દેશની વ્યાપાર ખાધ ઘટીને 98.56 અબજ ડોલર નોધાઇ હતી જે નાણાકીય વર્ષ 2019-20 માટે 161.30 અબજ ડોલર નોંધાઈ હતી.
- ✓ અહેવાલ : વાણિજ્ય મંત્રાલય, ભારત સરકાર

## 3. અવસાન : IT વિશ્વને PDFની ભેટ આપનારા શોધક ચાર્લ્સ ગેશ્કીનુ નિધન

- ✓ ઈન્ફર્મેશન ટેકનોલોજીની દુનિયામાં **પીડીએફ (પોર્ટેબલ ડોક્યુમેન્ટ ફોર્મેટ)** બહુ મહત્વની શોધ મનાય છે. પીડીએફના શોધક એવા 81 વર્ષીય ચાર્લ્સ ગેશ્કીનુ કેલિફોર્નિયામાં નિધન.
- ✓ PDF અત્યારે ઓનલાઈન દસ્તાવેજોની હેરફેર માટે વ્યાપકપણે વપરાતું ફોર્મેટ છે.
- ✓ બાળકોની એક્ઝામના પેપર હોય કે અન્ય કોઇ ફોર્મ હોય એ બધું પીડીએફ સ્વરૂપે મોકલી - મેળવી શકાય છે. એ ચાર્લ્સને આભારી છે.
- ✓ વર્ષ 1982માં ચાર્લ્સ ગેશ્કી તથા ચાર્લ્સ જોન વાર્નોકે સાથે મળીને એડોબ કંપનીની સ્થાપના કરી હતી અને એ જ વર્ષે દસ્તાવેજો વિના - વિઘ્ને તથા તેમાં કોઇ છેડછાડ ન થઇ શકે એવી રીતે કમ્યુનિકેટ કરી શકાય એ માટે પોર્ટેબલ ડોક્યુમેન્ટ ફોર્મેટનો ચાર્લ્સે વિકાસ કર્યો હતો.
- ✓ એડોબ મૂળભૂત રીતે પબ્લિકેશન સોફ્ટવેર ક્ષેત્રે કામ કરતી કંપની છે. પીડીએફ ઉપરાંત ફોટોશોપ અને એડોબ ફ્લેશ પ્લેયર જેવા તેના સોફ્ટવેર જાણીતા છે.
- ✓ એડોબ પબ્લિકેશન સોફ્ટવેર ક્ષેત્રે જગતની સૌથી મોટી કંપનીઓમાંની એક છે અને તેની અનેક પ્રોડક્ટ્સ જગતભરમાં વપરાય છે.
- ✓ તેમના નિધન અંગે એડોબના ભારતીય મૂળના સીઇઓ શાંતનું નારાયણે કહ્યું હતુ કે ચાર્લ્સની આ શોધથી ડેસ્કટોપ પબ્લિશિંગ ક્ષેત્રે ક્રાંતિ થઇ.
- ✓ 2009માં ચાર્લ્સને પ્રેસિડેન્ટ ઓબામાએ નેશનલ મેડલ ઓફ ટેક્નોલોજી વડે સન્માન્યા હતા.
- ✓ 1986થી લઈને 1994 સુધી ચાર્લ્સ એડોબમાં ચીફ ઓપરેટિંગ ઓફિસર હતા. વર્ષ 2020 સુધી તેઓ કંપનીના બોર્ડમાં સક્રિય હતા.
- ✓ એડોબ પહેલા ઝેરોક્સ કોર્પોરેશનમાં કામ કરતા હતા.

## 4. જન્મ દિન વિશેષ : 18 એપ્રિલ
## વર્લ્ડ હેરિટેજ ડે (વિશ્વ વારસો દિવસ)




- ✓ થીમ 2021 : **'Complex Pasts: Diverse Futures'**
- ✓ ભારતની પ્રથમ અને એકમાત્ર હેરિટેજ સિટી- અમદાવાદ.
- ✓ દર વર્ષે 18મી એપ્રિલના રોજ યુ.એન.ની સંસ્થા યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરીટેજ ડે એટલે કે વિશ્વ વારસો દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**હેતુ**

- ✓ દુનિયાના કોઇપણ ખુણામાં માનવજાતની સહિયારી વિરાસતની જાળવણી અને સુરક્ષા માટે લોકોમાં જાગૃતિ લાવવા માટે વિશેષ રૂપે વર્લ્ડ હેરિટેજ ડે ની ઉજવણી કરવામાં આવે છે
- ✓ યુનેસ્કો દ્વારા દુનિયામાં સાંસ્કૃતિક અથવા ભૌતિક દ્રષ્ટિએ વિશેષ મહત્વ ધરાવતા સ્થાનોને વર્લ્ડ હેરીટેજ સાઇટ્સ તરીકે જાહેર કરવામાં આવે છે.

**ફાયદો**

- ✓ કોઇપણ સ્થળને હેરીટેજ સાઇટ્સ તરીકે જાહેર કરવાથી તેની જાળવણી માટે સ્થાનિક સરકાર દ્વારા અને યુનેસ્કો દ્વારા વિશેષ ખ્યાલ રાખવામા આવે છે.
- ✓ ગુજરાતમાં ત્રણ હેરિટેઝ સાઈટ : ચાંપાનેર, રાણીની વાવ અને હેરિટેઝ સિટી અમદાવાદ

## 5. જન્મ દિન વિશેષ : 18 એપ્રિલ      મહર્ષિ : ધોન્ડું કેશવ કર્વે
## જન્મ – 18 એપ્રિલ-1858      અવસાન – 1964

- ✓ આજે ધોંડુ કેશવ કર્વે, ગાંધીવાદી કર્મશીલ રામલાલ પરીખ, અભિનેત્રી લલિતા પવાર અને અર્થશાસ્ત્રી ડેવિડ રિકાર્ડોનો જન્મદિન.
- ✓ મહર્ષિ કર્વેનું પૈતૃક ગામ મહારાષ્ટ્રના કોંકણ દરિયાકાંઠાનું મરૂડ પણ જન્મ મોસાળ શેરવલીમાં.
- ✓ તેમની પહેલાંના ત્રણ ભાઇઓ નાનપણમાં જ મૃત્યુ પામતા માતા બાળક ધોંડુના સ્વાથ્ય વિશે સતત ચિંતિત રહેતા હતાં પણ ચિંતિત માને કયાં ખબર હતી કે પુત્ર 104 વર્ષ જીવશે અને ઇતિહાસમાં નામ અંકિત કરશે.
- ✓ મુંબઇ ભણવા ગયા ત્યાં ખર્ચ કાઢવા ટ્યુશન કરતાં પણ તેમાંથી 1 રૂપિયો ધર્માદામાં આપતા.
- ✓ નાની મોટી નોકરી કરતાં પુનાની ફર્ગ્યુશન કોલેજમાં ગણિતના પ્રોફેસર બન્યા.
- ✓ સમાજ સુધારા માટે પોતાનાથી દાખલા ઊભા કરવા જોઈએ તે ન્યાયે પત્ની અને બહેનને વેકેશનમાં ભણાવતા.
- ✓ તેમનો સૌથી મોટો દાખલો તે 11 માર્ચ 1893એ આનંદીબાઇ સાથે કરેલાં વિધવાલગ્ન.
- ✓ આ પુનઃ લગ્ન પશ્ચિમ ભારતમાં રૂઢિચુસ્ત માનસમાં હાહાકાર મચાવી દીધો.
- ✓ તેમના કામનું માનદ પીએચડી, ડી. લિટ, પદ્મવિભૂષણ અને ભારતરત્નથી સન્માન થયું છે.

1. એપ્રિલ 2021માં ભારતીય રેલવે એ ગ્રીન કોરિડોર થકી એકમાંથી બીજા રાજ્યમાં ઓક્સિજન પહોંચાડવા કઈ ખાસ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો - **"ઓક્સિજન ટ્રેન"**
2. વર્તમાન રેલવે મંત્રીનું નામ જણાવો - **પીયૂષ ગોયલ**
3. PM કેર ફંડમાંથી 32 રાજ્યમાં કેટલા PSA ઓક્સિજન પ્લાન્ટ સ્થપાશે તથા એક લાખ સિલિન્ડરની ખરીદી કરાશે - **162**
4. એપ્રિલ-2021માં નાણાકીય વર્ષ 2020-21માં ભારતની ચાલુ ખાતાની ખાધ (CAD) પર સીધી અસર કરતી સોનાની આયાત 22.58 ટકા ઊછળીને કેટલા અબજ ડોલર પર પહોંચી - **34.6**
5. ભારતમાં નાણાકીય વર્ષ 2019-20માં પીળી ધાતુની આયાત કેટલા અબજ નોંધાઇ હતી - **28.23**
6. ભારતની વ્યાપાર ખાધ નાણાકીય વર્ષ 2019-20 માટે કેટલા અબજ ડોલર નોંધાઈ હતી - **161.30**
7. એપ્રિલ 2021માં PDFના કયા શોધકનું 81 વર્ષે કેલિફોર્નિયામાં નિધન થયુ - **ચાર્લ્સ ગેશ્કી**
8. PDFનુ વિસ્તૃત નામ જણાવો - **પોર્ટેબલ ડોક્યુમેન્ટ ફોર્મેટ**
9. કયા વર્ષે ચાર્લ્સ ગેશ્કી તથા ચાર્લ્સ જોન વાર્નોકે સાથે મળીને એડોબ કંપનીની સ્થાપના કરી હતી – **1982**
10. વર્ષ 2009માં ચાર્લ્સ ગેશ્કીને તત્કાલીન અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ ક્યા એવોર્ડથી સન્માનિત કર્યાં હતા - **નેશનલ મેડલ ઓફ ટેકનોલોજી**
11. વર્લ્ડ હેરિટેજ ડે ક્યારે ઉજવવામાં આવે છે- **18 એપ્રિલ**
12. ભારતની એકમાત્ર હેરિટેજ સિટી જણાવો - **અમદાવાદ**
13. ગુજરાતમાં એપ્રિલ-2021ની સ્થિતિએ કઈ-કઈ હેરિટેજ સાઇટ આવેલી છે – **ચાંપાનેર, રાણીની વાવ અને હેરિટેઝ સિટી અમદાવાદ**
14. વર્લ્ડ હેરિટેજ ડે 2021ની થીમ જણાવો - **'Complex Pasts: Diverse Futures'**
15. ભારતરત્ન, મહર્ષિ ધોન્ડુ કેશવ કર્વેનો જન્મદિવસ જણાવો - **18.04.1858**
16. ભારતરત્ન, મહર્ષિ ધોન્ડુ કેશવ કર્વેનો જન્મ કયાં રાજ્યમાં થયો હતો - **કોંકણ, મહારાષ્ટ્ર**

**DATE : 19-04-2021**

## 1. ગુજરાત સરકાર : નિર્ણય (આરોગ્ય)

**મા કાર્ડની મુદતમાં 3 મહિનાનો વધારો**

**હવે 30 જૂન-2021 સુધી ખાનગી હોસ્પિટલમાં વિનામૂલ્ય સારવાર મળશે**




- ✓ રાજ્ય સરકારે મા અને મા વાત્સલ્ય કાર્ડની મુદત ત્રણ મહિના માટે વધારી. જેમના કાર્ડની મુદત 31 માર્ચ, 2021ના રોજ પૂરી થઇ ગઇ હોય તેમની મુદત 30 જૂન, 2021 સુધી અમલી બનાવવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો.
- ✓ કોરોનાના દર્દીઓ હવે મા, મા વાત્સલ્ય કે આયુષમાન ભારતના કાર્ડના આધારે ખાનગી હોસ્પિટલમાં વિનામૂલ્ય સારવાર લઇ શકશે

## 2. વ્યાપક રસીકરણનો પ્રારંભ : ભારત સરકાર (આરોગ્ય)

**તારીખ 1 મે 2021 થી 18 વર્ષથી મોટી ઉંમરના તમામ લોકોને વેક્સીન આપવાનો નિર્ણય**




**રસીકરણ માટે મહત્વના નિર્ણયો :**

- ✓ વિદેશમાં માન્યતા પ્રાપ્ત રસીઓને ભારતમાં મંજૂરીની જરૂર નથી
- ✓ રસી માટે કોવિન એપ પર નોંધણી ફરજિયાત
- ✓ દેશમાં પ્રાથમિકતા ધરાવતા ગ્રૂપને અગાઉની જેમ મફત વેક્સિન આપવાનું ચાલુ રખાશે.
- ✓ વેક્સિનેશનનાં ત્રીજા તબક્કામાં વેક્સિનની ખરીદીનાં નિયમો હળવા કરાયા છે.
- ✓ વેક્સિન કંપનીઓએ ઉત્પાદનનો 50 ટકા હિસ્સો કેન્દ્ર સરકારને આપવાનો રહેશે
- ✓ વેક્સિન બનાવતી કંપનીઓ બાકીનો 50 ટકા હિસ્સો રાજ્યોને કે ખુલ્લાં બજારમાં વેચી શકશે.
- ✓ 18 વર્ષથી મોટી ઉંમરનાં લોકોને વેકિસન આપવી કે અલગ વય જૂથની કેટેગરી બનાવીને વેક્સિન આપવી તે રાજ્યો નક્કી કરી શકશે.
- ✓ વેક્સિનનું ઉત્પાદન વધારવા સરકાર કંપનીઓને પ્રોત્સાહનો આપશે.
- ✓ ભાવને આધારે રાજ્યો, ખાનગી હોસ્પિટલો, ઔદ્યોગિક સંસ્થાઓ ઉત્પાદકો પાસેથી નક્કી કરેલા ભાવથી સીધી વેક્સિન ખરીદી શકશે.
- ✓ વેક્સિનેશનનો ત્રીજો તબક્કો આખા વિશ્વમાં સૌથી મોટામાં મોટો હશે જેમાં વેક્સિનની ખરીદી, યોગ્યતા અને તેનાં સંચાલન માટે વધુ છૂટછાટો આપવામાં આવી છે.
- ✓ સરકાર દ્વારા અગાઉ જાહેર કરાયા મુજબ પ્રાયોરિટી ગ્રૂપનાં લોકો તેમજ હેલ્થકેર વર્કર્સ અને ફ્રન્ટલાઇન વર્કર્સ અને 45થી મોટી ઉંમરનાં લોકોને બીજો ડોઝ લેવામાં અગ્રતા અપાશે.
- ✓ ભારત સરકાર તેનાં હિસ્સામાંથી કોરોનાનાં કેસ અને રાજ્યોની કામગીરીને આધારે વેક્સિનના ડોઝ ફાળવી આપશે.
- ✓ સરકાર વેક્સિન બનાવવા સીરમ અને ભારત બાયોટેકને રૂ. 4500 કરોડની મદદ કરશે

## 3. સ્વદેશી બનાવટના હેલિકોપ્ટર ALH- MK-3 નૌકાદળમાં સામેલ (સંરક્ષણ)

- ✓ ગોવાના નૌકા મથક INS હંસા ખાતે હેલિકોપ્ટર નૌકાદળમાં સામેલ કરાયા.

**હેલિકોપ્ટર ALH- MK-3 વિશે**

- ✓ મલ્ટિરોલર હેલિકોપ્ટર શક્તિ એન્જીનથી સજ્જ
- ✓ હેલિકોપ્ટરમાં સ્વદેશી એન્જન શક્તિ ફીટ કરાયું.



- ✓ પ્રથમ તબક્કામાં 3 હેલિકોપ્ટર સામેલ કરાયા. મલ્ટિરોલર હોવાથી સર્ચ એન્ડ ઓપરેશન, કોસ્ટલ સર્વેલન્સ અને સ્પેશિયલ ઓપરેશન એમ વિવિધ કામગીરીમાં તેનો ઉપયોગ થશે.
- ✓ લક્ષ્યાંક : 16 હેલિકોપ્ટર સામેલ કરવાનો.
- ✓ રક્ષા રાજ્યમંત્રી : શ્રીપાદ નાયક
- ✓ તૈયાર કરનાર સંસ્થા : હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડે

**4. ઇનિઓક્સ-2021 : ગ્રીસમાં છ દેશોની સંયુક્ત લશ્કરી કવાયત યોજાઇ**



**લશ્કરી કવાયત વિશે :**

- ✓ લશ્કરી કવાયતમાં આ લશ્કરી કવાયતમાં ગ્રીસ ઉપરાંત અમેરિકા, ઇઝરાયેલ, યુનાઇટેડ આરબ અમિરાત, સ્પેન અને સાયપ્રસ એમ છ દેશોની વાયુસેનાના આધુનિક વિમાનો સામેલ.
- ✓ અહીં છ દેશોના એક સાથે 35 વિમાનો કવાયતમાં સામેલ. જેમાં રફાલ, મિરાજ 2000, F-16, એક્યુ-9, F-A હોર્નેટ, F-15, AW-139 સહિતના વિમાનો અને હેલિકોપ્ટરોએ આકાશી કવાયતમાં ભાગ લીધો.

**5. NASA : નાસા દ્વારા મંગળ ઉપર હેલિકોપ્ટર ઇન્જેન્યૂટીની સફળ ઉડાન (અવકાશ વિજ્ઞાન)**



**મહત્વના તથ્યો :**

- ✓ નાસા દ્વારા અન્ય ગ્રહ ઉપર પ્રથમ સફળ પાવર્ડ ફ્લાઇટનો પ્રારંભ
- ✓ નાસાનું હેલિકોપ્ટર ઇન્જેન્યૂટી બીજા ગ્રહ પર પ્રથમ સફળ પાવર્ડ ફ્લાઇટ પૂર્ણ કરનાર પ્રથમ ક્રાફ્ટ બન્યું.
- ✓ ઇન્જેન્યૂટીએ હવામાં 39.1 સેકંડ ગાળી
- ✓ હેલિકોપ્ટર 10 ફૂટ ઊંચે જઈ શક્યુ હતુ, ફરીને ફોટોગ્રાફ્સ ઝડપ્યા અને લેન્ડ થયુ
- ✓ લાલ ગ્રહ મંગળ પરથી 18 કરોડ માઇલ્સનો પ્રવાસ કરીને પૃથ્વી પર આવતાં ડેટા માટે ત્રણ કલાક રાહ જોયા બાદ નાસાએ આ જાહેરાત કરી હતી.
- ✓ 08:34 BSTએ લાલ ગ્રહ પર પહેલી ફ્લાઇટ ઊપડી હતી. ૪lbના ઇન્જેન્યૂટીએ તેની કાર્બન ફાઇબરની બનેલી પાંખોની મદદથી 2,500 rpmની ઝડપે ઊડયું હતું, તે હવામાં 10 ફૂટ ઊંચે ગયું હતું, આસપાસ ફરીને ફોટોગ્રાફ્સ ઝડપ્યા હતા અને ફરી લેન્ડ થયું હતું.
- ✓ આગામી કેટલાક દિવસોમાં ફરીથી હેલિકોપ્ટર બેકઅપ મોકલશે, જેથી ઇન્જેન્યૂટી 10 ફૂટથી વધારે ઊંચે ઊડી શકશે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (19-04-2021)**

1. વૈશ્વિક મહામારી કોરોના સંદર્ભે ગુજરાત સરકારે એપ્રિલ-2021માં મા અને મા વાત્સલ્ય કાર્ડની મુદતમાં કેટલા મહિનાનો વધારો કર્યો - **3**
2. એપ્રિલ-2021માં ગુજરાત સરકારે જેમના મા અને મા વાત્સલ્ય કાર્ડની મુદત 31 માર્ચ, 2021ના રોજ પૂરી થઇ ગઇ હોય તેમની મુદત વધારી કયાં સુધી અમલી બનાવવાનો નિર્ણય કર્યો - **30 જૂન, 2021**
3. ભારતમાં 18 વર્ષથી મોટી ઉંમરના તમામ લોકો માટે વ્યાપક રસીકરણનો પ્રારંભ કયારથી થશે – **તા. 1 મે 2021**
4. ભારત સરકાર વેક્સિન બનાવવા કઇ કંપનીને રૂ.4500 કરોડની મદદ કરશે - **સીરમ અને ભારત બાયોટેક**
5. એપ્રિલ-2021માં ગોવામાં આવેલા નૌકા મથક INS હંસા ખાતે સ્વદેશી બનાવટના કયા ત્રણ હેલિકોપ્ટર નૌકાદળમાં સામેલ કરાયા - **ALH-MK**
6. એપ્રિલ-2021માં નૌકાદળમાં સામેલ કરાયેલા ALH-MK 3 હેલિકોપ્ટર કઇ કંપની દ્વારા તૈયાર કરાયા છે - **HAL**
7. HALનું વિસ્તૃત નામ જણાવો - **હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડે**
8. વર્તમાન કેન્દ્રીય રક્ષા રાજ્યમંત્રીનું નામ જણાવો - **શ્રીપાદ નાયક**
9. એપ્રિલ-2021માં ગ્રીસમાં છ દેશોની સંયુક્ત કઇ લશ્કરી કવાયત-2021 યોજાઇ - **ઇનિઓક્સ**
10. એપ્રિલ-2021માં ગ્રીસમાં કયા છ દેશ વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત ઇનિઓક્સ-2021 યોજાઇ – **ગ્રીસ, અમેરિકા, ઇઝરાયેલ, યુનાઇટેડ આરબ અમિરાત, સ્પેન અને સાયપ્રસ**
11. એપ્રિલ-2021માં કઇ અવકાશ એજન્સી દ્વારા અન્ય ગ્રહ ઉપર પ્રથમ સફળ પાવર્ડ ફ્લાઇટનો પ્રારંભ કરાયો - **નાસા**
12. એપ્રિલ-2021માં નાસાનું કયુ હેલિકોપ્ટર બીજા ગ્રહ પર પ્રથમ સફળ પાવર્ડ ફ્લાઇટ પૂર્ણ કરનાર પ્રથમ ક્રાફ્ટ બન્યું - **ઇન્જેન્યૂટી**

**DATE : 20-04-2021**

**1. DRDO : નવીન સંશોધન**

**કોરોનાના દર્દીઓ માટે SpO2 પૂરક ઓક્સિજન પ્રણાલી વિકસાવાઇ (આરોગ્ય)**

**વિગત :**

- ✓ SpO2નો ઉપયોગ અત્યંત ઉંચાઈવાળા વિસ્તારોમાં તૈનાત સૈનિકો માટે કરવામાં આવે છે. કોરોનાના દર્દીઓ માટે પણ તે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

- સિસ્ટમ SpO2 એક લેવલ સેટ કરીને વ્યક્તિને હાઈપોક્સિયાની સ્થિતિમાં જતા બચાવે છે જે મોટા ભાગના કેસમાં ઘાતક છે.
- હાઈપોક્સિયા એક એવી અવસ્થા છે જેમાં ટિશ્યુ સુધી પહોંચનારા ઓક્સિજનનું પ્રમાણ શરીરની તમામ ઉર્જા આવશ્યકતાઓને પૂરી કરવા અપર્યાપ્ત છે.
- આ એવી સ્થિતિ છે જે વાયરસના સંક્રમણના કારણે કોવિડના દર્દીમાં પણ જોવા મળે છે. જેના કારણે હાલમાં સંકટ વધુ ઘેરૂ બની રહ્યું છે.
- **સંસ્થા : ડિફેન્સ બાયો એન્જિનિયરિંગ એન્ડ ઈલેક્ટ્રો મેડિકલ લેબોરેટરી, DRDO, બેંગલુરૂ**

### 2. સ્ટેટ ઓફ ગ્લોબલ ક્લાઈમેટ રિપોર્ટ 2020 : UNO

- પ્રભાવિત ક્ષેત્રો : વાવાઝોડું, વરસાદ અને ગરમી

**અહેવાલના મહત્વના તથ્યો :**

**(1) વાવાઝોડુ**

- વર્ષ 2020માં હિંદ મહાસાગરમાં આવેલા સાયકલોન એમ્ફાનથી ભારતના અર્થતંત્રને 14 અબજ ડૉલર (અંદાજે રૂ.1055 અબજ)નું નુકસાન.
- એમ્ફાન હિન્દ મહાસાગરમાં જોવા મળેલું સૌથી મોંઘુ વાવાઝોડું.
- સમયગાળો : એમ્ફાન વાવાઝોડું ગયા વર્ષે મે મહિનામાં ભારત બાંગ્લાદેશના કાંઠે ત્રાટક્યું હતું.
- સ્ટેટ ઓફ ગ્લોબલ ક્લાઈમેટ રિપોર્ટમાં રાષ્ટ્રસંઘે કહ્યું હતું કે કોરોના અને વાતાવરણમાં અસાધારણ ઉતાર-ચડાવથી લોકોનું જીવન વધારે મુશ્કેલ બન્યું છે.



- વાવાઝોડા માટે પૂર્વતૈયારી કરી હોવાથી મૃત્યુઆંક બન્ને દેશોમાં મળીને 129 જેટલો જ મર્યાદિત રહ્યો હતો પણ લાખો લોકોનું સ્થળાંતર કરવું પડ્યું હતું અને અન્ય ખાના-ખરાબી થઈ હતી. તેના આર્થિક નુકસાનની ગણતરી કરવામાં આવી હતી.

**(2) વરસાદ :**

- વર્ષ 1994 પછીના સૌથી વધારે વરસાદ મેળવનારા બે વર્ષમાં 2020નો સમાવેશ.
- 2020માં સરેરાશ કરતા 9 ટકા વધારે વરસાદ પડ્યો હતો. એટલે ઠેર ઠેક પુર આવ્યા હતા. દક્ષિણ એશિયાઈ દેશોમાં વરસાદ-પુરથી જ બે હજાર જેટલા મૃત્યુ નોંધાયા હતા.
- નોર્થ એટલાન્ટિકના કાંઠે 2020માં 30 વાવાઝોડા આવ્યા હતા. અત્યાર સુધીમાં એક સિઝનમાં સૌથી વધુ વાવાઝોડાનો એ વિક્રમ હતો.

**(3) ગરમી :**

- 2020નું વર્ષ ઈતિહાસમાં ત્રીજું સૌથી ગરમ વર્ષ નોંધાયુ હતું.
- હવે દેશોએ સમજીને ક્લાઈમેટ ચેન્જ મુદ્દે કામ કરવાની શરૂઆત કરી દેવી જોઈએ. બાકી હવામાન સબંધિત આફતોથી થતું નુકસાન સતત વધતુ જ જશે.
- સંયુક્ત રાષ્ટ્રસંઘના જનરલ સેક્રેટરી : એન્ટોનિયો ગુટરેસ

### 3. નિધન : હિન્દી ફિલ્મ અભિનેતા કિશોર નાંદલસ્કરનું 81 વર્ષે નિધન

- સ્થાન : થાણે

**મહત્વની હિન્દી ફિલ્મો :**

- વાસ્તવ, સિમ્બા, જિસ દેશ મેં ગંગા રહતા હૈ, ખાખી, સિંઘમ વગેરે.

### 4. વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઇન્ડેક્સ-2021 : ભારતનું રેન્કિંગ સતત બીજા વર્ષે પણ 142માં ક્રમે

- રિપોર્ટ્સ વિધાઉટ બોર્ડર્સના વાર્ષિક વિશ્લેષણ અનુસાર વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઇન્ડેક્સ 2021માં 180 દેશોના સમુહમા સતત બીજા વર્ષે ભારત 142મા ક્રમે.



**પ્રેસની સ્વતંત્રતા મોરચે નોર્વે ટોચ પર**

- રિપોર્ટ અનુસાર નોર્વે સતત ચોથા વર્ષે પ્રેસની સ્વતંત્રતાના મોરચે ટોચ પર છે. પત્રકારત્વના મામલે આ દેશ સૌથી સુરક્ષિત દેશ છે. તેના પછી ફિનલેન્ડનો બીજો, સ્વીડનનો ત્રીજો, ડેનમાર્કનો ચોથો અને કોસ્ટા રિકાનો પાંચમો ક્રમ છે.
- ઇરિટ્રિયા પ્રેસની સ્વતંત્રતાના મોરચે સૌથી છેલ્લો દેશ છે, તે પછી ઉત્તર કોરિયા, તુર્કમેનિસ્તાન, ચીન અને વિયેતનામનો ક્રમ આવે છે. આ દેશોમાં પત્રકારિતા એકદમ અઘરી છે.
- નોંધનીય છે કે 2016માં ભારત 133મા સ્થાન પર હતું પરંતુ તે પછી તેમાં ઘટાડો થયો ગયો છે.
- લેટેસ્ટ રિપોર્ટ અનુસાર ભારત હાલના સંજોગોમાં બ્રાઝિલ, રશિયા અને મેક્સિકોની સાથે પત્રકારત્વ માટે સૌથી ખરાબ દેશોમાં સામેલ છે.
- રિપોર્ટમાં જણાવાયું હતું કે 2019માં ભારતમાં એક પણ પત્રકારની હત્યા કરવામાં આવી ન હતી અને તે રીતે દેશના મીડિયા માટે સુરક્ષા સ્થિતિમાં સુધારો નજરે પડયો છે. જો કે સ્વતંત્રતાનું સતત ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું.

**ભારતના પડોશી દેશોની સ્થિતિ :**

- ચીનને 177મુ સ્થાન મળ્યું છે ત્યારે ભારતના અન્ય પડોશી દેશ પાકિસ્તાન ત્રણ સ્થાનના નુકસાન સાથે 145મા સ્થાન પર હતું, બાંગ્લાદેશ એક સ્થાનના નુકસાન સાથે 152મા સ્થાન પર, શ્રીલંકા 127 પર, મ્યાંમાર 140 પર અને નેપાળ 106ના સ્થાન પર છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (20-04-2021)

1. એપ્રિલ-2021માં કઇ સંસ્થા દ્વારા કોરોનાના દર્દીઓ માટે નવી SpO2 પૂરક ઓક્સિજન પ્રણાલી વિકસાવાઇ - **ડિફેન્સ બાયો એન્જિનિયરિંગ એન્ડ ઇલેક્ટ્રો મેડિકલ લેબોરેટરી, DRDO, બેંગલુરૂ**
2. SpO2 પૂરક ઓક્સિજન પ્રણાલીનો ઉપયોગ કેવા વિસ્તારોમાં તૈનાત સૈનિકો માટે કરવામાં આવે છે – **અતિ ઉંચા**
3. એપ્રિલ-2021માં UNOના સ્ટેટ ઓફ ગ્લોબલ ક્લાઇમેટ રિપોર્ટ 2020માં મુખ્યત્વે કઇ બાબતોનો ઉલ્લેખ કરાયો છે – **વાવાઝોડું, વરસાદ અને ગરમી**
4. સાયકલોન એમ્ફાન ક્યા વર્ષે અને ક્યા મહાસાગરમાં ઉદભવ્યુ હતુ – **મે-2020 તથા હિંદ મહાસાગર**
5. એપ્રિલ 2021ના સંયુક્ત રાષ્ટ્રસંઘના એક રિપોર્ટ મુજબ 2020માં આવેલા સૌથી મોંઘા સાયકલોન એમ્ફાનથી ભારતના અર્થતંત્રને અંદાજે કેટલુ નુકસાન થયુ હતુ - **$1055 અબજ**
6. UNOના તાજેતરના અહેવાલ અનુસાર નોર્થ એટલાન્ટિકના કાંઠે 2020માં કેટલા વાવાઝોડા આવ્યા હતા જે અત્યાર સુધીમાં એક સિઝનમાં સૌથી વધુ વાવાઝોડાનો વિક્રમ હતો - **30**
7. સંયુક્ત રાષ્ટ્રના વર્તમાન જનરલ સેક્રેટરી-વડાનું નામ જણાવો - **એન્ટોનિયો ગુટરેસ**
8. એપ્રિલ-2021માં હિન્દી ફિલ્મના કયા અભિનેતાનું થાણેમાં 81 વર્ષે નિધન થયુ – **કિશોર નાંદલસ્કર**
9. વાસ્તવ, સિમ્બા, જિસ દેશ મેં ગંગા રહતા હૈ, ખાકી, સિંઘમ વગેરે હિન્દી ફિલ્મમાં કયા અભિનેતાએ અભિનય કર્યો છે જેનું તાજેતરમાં અવસાન થયુ હતુ - **કિશોર નાંદલસ્કર**
10. એપ્રિલ 2021માં જાહેર થયેલા વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઇન્ડેક્સ-2021માં ભારતનું રેન્કિંગ જણાવો – **142**
11. એપ્રિલ 2021માં જાહેર થયેલા વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઇન્ડેક્સ-2020માં ભારતનું રેન્કિંગ કયુ હતુ – **142**
12. એપ્રિલ 2021માં જાહેર થયેલા વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઇન્ડેક્સ-2021માં કેટલા દેશોનો સમાવેશ કરાયો હતો -**180**
13. વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઇન્ડેક્સ-2021ના રિપોર્ટ મુજબ વર્ષ 2019માં ભારતમાં કેટલા પત્રકારની હત્યા કરવામાં આવી હતી – **શૂન્ય**
14. વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઇન્ડેક્સ-2021માં કયો દેશ સતત ચોથા વર્ષે પ્રેસની સ્વતંત્રતાના મોરચે ટોચ પર રહ્યો - **નોર્વે**
15. વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઇન્ડેક્સ-2021 મુજબ પ્રેસની સ્વતંત્રતાના મોરચે સૌથી છેલ્લો ક્રમે કયો દેશ છે – **ઇરિટ્રિયા**

**DATE : 21-04-2021**

**1. કેન્દ્રીય કર્મચારીઓ : તા. 01 જુલાઇ 2021થી મોંઘવારી ભથ્થુ 17 ટકાથી વધીને 28 ટકા**

**વિગત :**

- ✓ કેન્દ્ર સરકારનાં દેશનાં 52 લાખ કર્મચારીઓ માટે DA મંજુરીની ઘોષણા. સરકારનાં પગલાથી દેશમાં કેન્દ્રીય કર્મચારીઓનાં પગારમાં વધારો થશે
- ✓ તા. 1 જુલાઇ 2021 થી કેન્દ્ર સરકારનાં કર્મચારીઓનાં DA લાભને મંજુરી આપવામાં આવી રહી છે.
- ✓ ઓલ ઇન્ડિયા પ્રાઇઝ કન્ઝ્યુમર પ્રાઇઝ ઇન્ડેક્સ (AICPI) ડેટા રિલિઝનાં જણાવ્યા મુજબ, જાન્યુઆરીથી માંડીને જુન 2021 વચ્ચે ઓછામાં ઓછું DA માં 4 ટકાની વૃધ્ધી થઇ શકે છે.
- ✓ DA મંજુર થયા બાદ કેન્દ્રીય કર્મચારીઓનું DA 17 ટકાથી વધીને 28 ટકા થશે, તેમાં જાન્યુઆરીથી જુન 2020 સુધી DAમાં 3 ટકાની વૃધ્ધી, જુલાઇ થી ડિસેમ્બર 2020 સુધી 4 ટકા વૃધ્ધી અને જાન્યુઆરીથી જુન 2021 સુધી 4 ટકા વૃધ્ધીનો સમાવેશ થાય છે.
- ✓ કેન્દ્રએ 1 જુલાઇ 2021 થી ત્રણેય પેન્ડીગ DA હપ્તાને આપવાની જાહેરાત કરી.
- ✓ ઉલ્લેખનિય છે કે કોરોના વાયરસ રોગચાળાને કારણે સરકારે DA મોકુફ કર્યું હતું. DA વધે એ જ પ્રમાણમાં DRમાં પણ વધારો થશે.
- ✓ મોંઘવારી ભથ્થામાં વધારો થવાને કારણે કેન્દ્ર સરકારના નિવૃત્ત કર્મચારીઓની Dearness Relief (DR)ને પણ મંજુરી આપવામાં આવશે.
- ✓ DA : ડીયરનેસ અલાઉન્સ (મોંઘવારી ભથ્થુ)
- ✓ DR : ડીયરનેસ રિલિફ

**2. IIT ખડગપુર – નવીન ટેકનોલોજી : મેડિકલ ડિવાઇસ 'કોવિરેપ' ડાયાગ્નોસ્ટિક સાધનની શોધ**



**મેડિકલ ડિવાઇસ 'કોવિરેપ' વિશે :**

- ✓ ન્યૂક્લિક એસિડ આધારે ટેસ્ટિંગ આપતી આ પદ્ધતિ સાવ સરળ છે. જેમાં દર્દીના નાક કે જીભ પરથી નમૂનો લઇ તેની તપાસ કોવિરેપમાં કરી શકાય છે.
- ✓ 45 મિનિટમાં આ સાધન દ્વારા મોબાઇલ એપમાં જ ચેપ છે કે નહીં (પોઝિટિવ કે નેગેટિવ) રિઝલ્ટ મેળવી શકાય છે.
- ✓ આ ટેસ્ટિંગ કોરોના ઉપરાંત અન્ય ચેપી રોગો માટે પણ ઉપયોગી છે. સૌથી મોટો લાભ ઉપયોગની સરળતા છે.
- ✓ ટેસ્ટિંગ માટે ખાસ પ્રકારની લેબોરેટરી, ખાસ સાધનો અને જાણકાર માણસોની જરૂર પડે.
- ✓ આ સાધનમાં એ બધા વગર સરળતાથી ટેસ્ટિંગ થઇ શકે છે. માટે કોઇ સંસ્થા કે વ્યક્તિ પોતાના ઉપયોગ માટે પણ કોવિરેપને કામે લગાડી શકે છે.
- ✓ આ ડિવાઇસ માટેની પેટન્ટ ભારત, અમેરિકા અને અન્ય દેશોમાં ફાઇલ કરવામાં આવી હતી, જેને મંજૂરી મળી ચૂકી છે.
- ✓ સામાન્ય રીતે આવા ટેસ્ટમાં આરએનએ અલગ પાડતી સુવિધાની જરૂર પડતી હોય છે, પણ આ ડિવાઇસમાં તેની જરૂર નથી રહેતી.

**આંતરરાષ્ટ્રીય બાબતો**

**3. UNO : UNની ઇકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલની 3 પેટા સમિતિમાં ભારતની પસંદગી**

**ત્રણ સમિતિઓ :**

- ✓ કમિશન ઓન ક્રાઇમ પ્રિવેન્શન એન્ડ ક્રિમિનલ જસ્ટીસ

- ✓ એક્ઝિક્યુટિવ બોર્ડ ઓફ યુએન વૂમન –મહિલા અધિકાર
- ✓ એક્ઝિક્યુટિવ બોર્ડ ઓફ ધ વર્લ્ડ ફડ પ્રોગ્રામનો સમાવેશ.

**(1) કમિશન ઓન ક્રાઇમ પ્રિવેન્શન એન્ડ ક્રિમિનલ જસ્ટીસ સમિતિ :** વિએના સ્થિત છે અને 40 સભ્યોનો તેમાં સમાવેશ થાય છે. ગુનાખોરી રોકવા નીતિ ઘડતર કરતી એ રાષ્ટ્રસંઘની સૌથી મહત્વની સમિતિ છે.

**(2) એક્ઝિક્યુટિવ બોર્ડ ઓફ ધ વર્લ્ડ ફડ પ્રોગ્રામ :**

- ✓ 36 સભ્યોની સમિતિ. વિશ્વભરમાં અનાજ ઉત્પાદન અને વહેંચણી અંગે તેમાં નીતિ ઘડાય છે અને પ્રશ્નો ઉકેલાય છે.

**(3) એક્ઝિક્યુટિવ બોર્ડ ઓફ યુએન વૂમન સમિતિ :**

- ✓ મહિલાઓને સમાન હકો આપવા માટે. તેમાં કુલ 41 સભ્ય દેશો.
- ✓ કાર્યકાળ : 3 વર્ષ

**4. દિન વિશેષ : 21 એપ્રિલ**

**(1) સિવિલ સર્વિસ ડે–નાગરિક સેવા દિવસ**




- ✓ દર વર્ષે 21મી એપ્રિલને સિવિલ સર્વિસ ડે તરીકે ઉજવવામાં આવે છે જેથી દેશના સિવિલ સર્વન્ટસનું કામ સામાન્ય લોકો માટે કેટલું મહત્વનું છે તેની યાદ અપાવવા માટે આ દિવસ ઉજવાઇ છે.
- ✓ સિવિલ સર્વિસ ડે નિમિતે અધિકારીઓને તેની ક્ષમતા વધારવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- ✓ <u>21 એપ્રિલના 1947ના દિવસે સરદાર વલ્લભભાઇ પટેલે ઓલ ઇન્ડિયા એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ ટ્રેનિંગ સ્કૂલની પહેલી બેચના પ્રોબેશ્નર્સને સૌપ્રથમવાર દિલ્હીના મેટકાફ હાઉસમાં સંબોધિત કર્યા હતા</u>
- ✓ આ દિવસના અવસર પર સાર્વજનિક પ્રશાસનમાં પ્રધાનમંત્રી ઉત્કૃષ્ટતા એવોર્ડ 3 શ્રેણીમાં પ્રદાન કરવામાં આવે છે.
- ✓ આ એવોર્ડની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ્ય કેન્દ્રીય તથા રાજ્ય સરકારમાં સિવિલ સર્વન્ટ દ્વારા આપવામાં આવેલા બહેતરીન કાર્યને સન્માનિત કરવાનું છે.

**ભારતની મુખ્ય સિવીલ સર્વીસ**

- ✓ IAS : ભારતીય વહીવટી સેવા - IPS : ભારતીય પોલીસ સેવા
- ✓ IFS - ભારતીય વિદેશ સેવા - IFS : ભારતીય વન સેવા

**5. જન્મ દિન વિશેષ : ચૈત્ર સુદ નોમ રામનવમી**




- ✓ ભગવાન શ્રીરામનો જન્મ દિવસ
- ✓ ચૈત્રી નવરાત્રિનો અંતિમ દિવસ

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (21-04-2021)**

1. કોરોના વાયરસ રોગચાળાને કારણે કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓનું DA ક્યા ગસમયગાળા દરમિયાન મોકુફ રાખ્યું હતુ – **<u>તા. 1 જાન્યુઆરી-2020 થી તા. 30 જૂન 2021</u>**
2. એપ્રિલ 2021માં કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રીય કર્મચારીઓને DA મંજુરીની ઘોષણા કરતા તા.01 જુલાઇ 2021થી 17 ટકા મોંઘવારી ભથ્થુ વધી કેટલા ટકા મળતુ થશે - **<u>28 ટકા</u>**
3. AICPIનું વિસ્તૃત નામ જણાવો - **<u>ઓલ ઇન્ડિયા પ્રાઇઝ કન્ઝ્યુમર પ્રાઇઝ ઇન્ડેક્સ</u>**
4. DAનું વિસ્તૃત નામ જણાવો - **<u>ડીયરનેસ અલાઉન્સ</u>**
5. DRનું વિસ્તૃત નામ જણાવો - **<u>ડીયરનેસ રિલિફ</u>**
6. આઇઆઇટી ખડગપુરે ન્યૂક્લિક એસિડ આધારે ટેસ્ટિંગ આપતુ કયુ મેડિકલ ડાયાગ્નોસ્ટિક સાધન તૈયાર કર્યું છે - **<u>કોવિરેપ</u>**
7. કોવિરેપ દ્વારા કેટલી મિનિટમાં મોબાઇલ એપમાં જ ચેપ છે કે નહીં તે અંગેનુ રિઝલ્ટ મેળવી શકાશે - **<u>45</u>**
8. એપ્રિલ 2021માં UNની ઇકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલની કેટલી પેટા સમિતિમાં ભારતની પસંદગી કરાઇ-**<u>3</u>**
9. એપ્રિલ 2021માં UNની ઇકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલની કઇ ત્રણ સમિતિમાં ભારતની પસંદગી કરાઇ - **<u>કમિશન ઓન ક્રાઇમ પ્રિવેન્શન એન્ડ ક્રિમિનલ જસ્ટીસ, એક્ઝિક્યુટિવ બોર્ડ ઓફ યુએન વૂમન અને એક્ઝિક્યુટિવ બોર્ડ ઓફ ધ વર્લ્ડ ફડ પ્રોગ્રામ</u>**
10. UNની ઇકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલની ક્રિમિનલ જસ્ટીસ સમિતિ ક્યાં આવેલી છે અને તેમાં કેટલા સભ્યો છે - **<u>વિએના તથા 40 સભ્યો</u>**
11. UNની ઇકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલની ક્રિમિનલ જસ્ટીસ સમિતિનું કાર્ય જણાવો - **<u>ગુનાખોરી રોકવા નીતિ ઘડવાની કામગીરી</u>**
12. UNની વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ સમિતિમાં કેટલા સભ્યો છે - **<u>36 સભ્યો</u>**
13. UNની વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ સમિતિની કામગીરી જણાવો - **<u>વિશ્વભરમાં અનાજ ઉત્પાદન અને વહેંચણી અંગે નીતિ ઘડવાની તેમજ તેના પ્રશ્નો ઉકેલવાની કામગીરી</u>**
14. UNની વૂમન સમિતિમાં કેટલા સભ્યો છે - **<u>41</u>**
15. UNની વૂમન સમિતિનું કાર્ય જણાવો - **<u>મહિલાઓને સમાન હકો આપવા</u>**
16. ભારતમાં સિવિલ સર્વિસ ડે ઉજવવાનો પ્રારંભ કયારથી થયો – **<u>21 એપ્રિલ 1947</u>**
17. ભારતની મુખ્ય નાગરિક સેવાના નામ જણાવો – **<u>IAS, IPS, IFS</u>**
18. ભારતની મુખ્ય નાગરિક સેવાના સંદર્ભમાં IASનું વિસ્તૃત નામ જણાવો - **<u>ભારતીય વહીવટી સેવા</u>**
19. ભારતની મુખ્ય નાગરિક સેવાના સંદર્ભમાં IPSનું વિસ્તૃત નામ જણાવો - **<u>ભારતીય પોલીસ સેવા</u>**
20. ભારતની મુખ્ય નાગરિક સેવાના સંદર્ભમાં IFSનું વિસ્તૃત નામ જણાવો - **<u>ભારતીય વિદેશ સેવા અને ભારતીય વન સેવા</u>**
21. ભગવાન શ્રીરામનો જન્મ દિવસ જણાવો - **<u>ચૈત્ર સુદ નોમ</u>**

22. ભગવાન શ્રીરામનો જન્મ દિવસ ચૈત્ર સુદ નોમ ક્યા નામે ઓળખાય છે - **રામનવમી**

**DATE : 22-04-2021**

**1. ફીચ : આંતરરાષ્ટ્રીય રેટિંગ એજન્સી**

**ભારતને નાણાકીય વર્ષ 2022 માટે નેગેટીવ આઉટલૂક સાથે BBB- (માઇનસ) સોવરેન રેટિંગ (આર્થિક બાબત)**

**અન્ય બાબતો :**

- ✓ ફીચે નાણાકીય વર્ષ 2022માં ભારતના જીડીપી વૃદ્ધિદરમાં 12.8 ટકાના સુધારાનો અંદાજ.
- ✓ નાણાકીય વર્ષ 2023 માટેનો જીડીપી વૃદ્ધિદરનો અંદાજ 5.8 ટકા.
- ✓ નાણાકીય વર્ષ 2021માં અર્થતંત્રમાં 7.5 ટકાના સંકોચનનો અંદાજ.
- ✓ નેગેટિવ આઉટલૂક ડેબ્ટ ટ્રેજક્ટરીની આસપાસ લટકતી અનિશ્ચિતતાને પ્રતિબિંબિત કરે છે.

**કારણ:**

- ✓ ભારત મર્યાદિત ફિસ્કલ હેડરૂમ ધરાવતું હતું તેમાં રોગચાળાના આંચકાના કારણે ભારતના પબ્લિક ફાઇનાન્સના મેટ્રિક્સમાં તીવ્ર ખરાબી ઊભી થઇ. તેને પરિણામે નેગેટિવ રેટિંગ આવ્યું છે.

**2. NASA : સિદ્ધિ (અવકાશ વિજ્ઞાન)**

**નાસાના રોવર પર્સેવરન્સની મદદથી MOXIE દ્વારા મંગળ ઉપર પ્રથમવાર ઓક્સિજન બનાવવાનો પ્રારંભ**




- ✓ મંગળ ઉપર માણસો જશે ત્યારે તેમને ઓક્સિજનની સમસ્યા ન થાય તે માટે પહેલેથી જ તૈયારી શરૂ કરાઈ.
- ✓ નાસાના રોવર પર્સેવરન્સે મંગળ ગ્રહ પર વધુ એક ઇતિહાસ રચ્યો છે. તેણે માર્શિયન $CO_2$માંથી ઓક્સિજન પેદા કર્યો છે જેથી હવે ભવિષ્યમાં રેડ પ્લાનેટની યાત્રાએ જનારા અવકાશયાત્રીઓ માટે શ્વાસ લેવું સરળ થઇ જશે.
- ✓ MOXIE એક નાનકડું સોનાના બોક્સના આકારનું સાધન છે જે ઓક્સિજન પેદા કરવા માટે ઇલેક્ટ્રોલાઇસીસ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે.
- ✓ મોક્સી અથવા માર્સ ઓક્સિજને $CO_2$ ખેંચીને એક કલાકમાં 54 ગ્રામ ઓક્સિજન પેદા કર્યો હતો.
- ✓ છ પૈડા ધરાવતું આ રોવર મંગળ ગ્રહ પર પ્રાચીન જીવનના ચિન્હો સાથે પાણી શોધી રહ્યું છે અને મંગળની માટી અને ખડકના સેમ્પલ એકત્ર કરી રહ્યું છે.

**પ્રક્રિયા :**

**ઓક્સિજન કેવી રીતે બનાવ્યો અને કેમ પ્રયોગ થઇ રહ્યો છે ?**

- ✓ મોક્સી નાસાનું માર્સ ઓક્સિજન ઇન સીટૂ રિસોર્સ યુટિલાઇઝેશન નામનું ઉપકરણ છે. તેનો ઉદ્દેશ મંગળ ગ્રહ પર ત્યાંના જ કાર્બન ડાયોક્સાઇડનો ઉપયોગ કરીને ઓક્સિજનનું નિર્માણ કરવાનો છે.
- ✓ આ ઉપકરણ ઇલેક્ટ્રોલાયસિસ પદ્ધતિનો ઉપયોગ કરીને વિપુલ ઉષ્માનો ઉપયોગ કરી કાર્બન ડાયોક્સાઇડમાંથી કાર્બન અને ઓક્સિજન અલગ પાડે છે.
- ✓ મંગળ પર ગેસની તંગી નથી, કેમ કે ત્યાં 95% વાયુમંડળ તેનું જ બનેલું છે.

**3. ઓનલાઇન ક્લાઇમેટ સમિટ-2021 સમયગાળો : તારીખ 22-23 એપ્રિલ 2021**

- ✓ ઉદ્દઘાટન : US પ્રમુખ જો બાઈડેન
- ✓ વિશ્વના 40 દેશોના નેતા ઓનલાઇન માધ્યમથી જોડાયા



**પીએમ મોદીના સંબોધનના મહત્વના અંશો :**

- ✓ ક્લાઈમેટ ચેન્જ અંગે ભારતે મહત્વનાં પગલાં લીધા છે. હજી વધારે ઝડપથી પગલાં લેવા પડશે.
- ✓ વિશ્વ સ્તરે યોગદાન આપવું પડશે. ભારત આ મુદ્દે તેનાં વચનો પૂરા કરી રહ્યું છે અને કરતું રહેશે.
- ✓ અમે 2030 સુધીમાં રિન્યુએબલ ઊર્જાનો લક્ષ્ય 450 ગીગાવૉટનો નક્કી કર્યો છે. ભારત સામે વિકાસના પડકારો પણ છે.

**4. નિમણૂક : ભારતનું ગૌરવ**

**USમાં ભારતીય મૂળના 46 વર્ષના વનિતા ગુપ્તા એસોસીયેટ એટર્ની જનરલ બન્યા**



**વિશેષતાઓ**

- ✓ આ હોદ્દા પર પહોંચનારાં પ્રથમ એશિયન
- ✓ જાણીતી ભારતી-અમેરિકન સિવિલ રાઇટ્સ વકીલ વનિતા ગુપ્તા અમેરિકાની એસોસિયેટ એટર્ની જનરલ બનશે, અમેરિકાની સેનેટે આ વાતને સમર્થન આપ્યું.
- ✓ અમેરિકાના ન્યાય વિભાગમાં આ ત્રીજા નંબરના ટોચના હોદ્દા પર બેસનારી તે પ્રથમ એશિયાઈ મહાનુભાવ.
- ✓ વનિતા ન્યાય વિભાગમાં ટોચના ત્રણ હોદ્દાઓ પર કામ કરનારાં પ્રથમ સિવિલ રાઇટ્સ વકીલ બનશે

**5. દિન વિશેષ : 22 એપ્રિલ 52મો વર્લ્ડ અર્થ ડે (વિશ્વ પૃથ્વી દિવસ)**




**વિશેષતા :** **થીમ 2021 : "Restore our Earth"**

- ✓ આજે દુનિયા 52મો અર્થ-ડે મનાવી રહી છે. ડેનિસ હેસ અર્થ ડે નેટવર્કના ચેરમેન છે.




- ✓ <u>22 એપ્રિલ, 1970ના રોજ પ્રથમ અર્થ-ડેનું આયોજન હેસ એ જ કર્યું હતું</u>, તત્કાલીન અમેરિકી સેનેટર ગેલોર્ડ નેલ્સન તેના ફાઉન્ડર હતા. ત્યારે માત્ર અખબારોના માધ્યમથી આ આયોજનમાં 2 કરોડ લોકો જોડાયા હતા.
- ✓ હેસ હાર્વર્ડ યુનિ.માંથી અભ્યાસ અધૂરો છોડીને ધરતીને બચાવવાના કામમાં જોડાઇ ગયા હતા. તેઓ એન્જિનિયર છે અને સ્ટેનફોર્ડ યુનિ.ના પ્રોફેસર રહી ચૂક્યા છે.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (22-04-2021)</u>

1. એપ્રિલ 2021માં આંતરરાષ્ટ્રીય રેટિંગ એજન્સી ફીચ દ્વારા ભારતને નાણાકીય વર્ષ 2022 માટે નેગેટીવ આઉટલૂક સાથે કયુ રેટિંગ આપ્યુ હતુ - **<u>BBB-(માઇનસ) સોવરેન</u>**
2. એપ્રિલ 2021માં આંતરરાષ્ટ્રીય રેટિંગ એજન્સી ફીચ દ્વારા નાણાકીય વર્ષ 2022માં ભારતના જીડીપી વૃદ્ધિદરમાં કેટલા ટકાના સુધારાનો અંદાજ મુક્યો હતો - **<u>12.8</u>**
3. એપ્રિલ 2021માં આંતરરાષ્ટ્રીય રેટિંગ એજન્સી ફીચ દ્વારા નાણાકીય વર્ષ 2023 માટે ભારતનો જીડીપી વૃદ્ધિદરનો અંદાજ કેટલા ટકા કર્યો હતો - **<u>5.8</u>**
4. નેગેટિવ આઉટલૂક કોની આસપાસ લટકતી અનિશ્ચિતતાને પ્રતિબિંબિત કરે છે - **<u>ડેબ્ટ ટ્રેજક્ટરી</u>**
5. એપ્રિલ 2021માં આંતરરાષ્ટ્રીય અવકાશ સંસ્થા NASAના રોવર પર્સેવરન્સની મદદથી કયા ઉપકરણ દ્વારા મંગળ ઉપર પ્રથમવાર ઓક્સિજન બનાવવાનો પ્રારંભ કર્યો હતો - **<u>મોક્સી</u>**
6. કયુ નાનકડું સોનાના બોક્સના આકારનું ઉપકરણ ઓક્સિજન પેદા કરવા માટે ઇલેક્ટ્રોલાઇસીસ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે - **<u>મોક્સી</u>**
7. એપ્રિલ 2021માં NASAએ રોવર પર્સેવરન્સની મદદથી મોક્સી દ્વારા મંગળ ઉપર પ્રથમવાર CO2 ખેંચીને એક કલાકમાં કેટલા ગ્રામ ઓક્સિજન પેદા કર્યો હતો - **<u>54</u>**
8. નાસાના મોક્સી નામના ઉપકરણનો ઉદ્દેશ શો છે - **<u>મંગળ ગ્રહ પર ત્યાંના જ કાર્બન ડાયોક્સાઇડનો ઉપયોગ કરીને ઓક્સિજનનું નિર્માણ કરવાનો</u>**
9. મંગળનું વાયુમંડળ કેટલા ટકા ગેસનું બનેલુ છે - **<u>95</u>**
10. ઓનલાઇન ક્લાઇમેટ સમિટ 2021 ક્યારે યોજાઇ – **<u>તા. 22-23 એપ્રિલ 2021</u>**
11. તા. 22-23 એપ્રિલ 2021 દરમિયાન યોજાયેલી ઓનલાઇન ક્લાઇમેટ સમિટ 2021નુ ઉદ્ઘાટન કોણે કર્યું હતુ - **<u>US પ્રમુખ જો બાઇડેન</u>**
12. ઓનલાઇન ક્લાઇમેટ સમિટ 2021માં ભારત સહિત વિશ્વના કેટલા દેશોના નેતા ઓનલાઇન માધ્યમથી જોડાયા હતા - **<u>40</u>**
13. ઓનલાઇન ક્લાઇમેટ સમિટ 2021માં ભારત તરફથી કોણ સહભાગી થયુ હતુ – **<u>વડાપ્રધાન મોદી</u>**
14. એપ્રિલ 2021માં USમાં ભારતીય મૂળના કયા 46 વર્ષિય મહિલા એસોસીયેટ એટર્ની જનરલ બન્યા - **<u>વનિતા ગુપ્તા</u>**
15. USમાં એસોસીયેટ એટર્ની જનરલના હોદ્દા પર પહોંચનારાં પ્રથમ એશિયનનું નામ જણાવો - **<u>વનિતા ગુપ્તા</u>**
16. "વિશ્વ પૃથ્વી દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે - **<u>22 એપ્રિલ</u>**
17. "વિશ્વ પૃથ્વી દિવસ" 2021ની થીમ જણાવો – **<u>"Restore our Earth"</u>**
18. વર્ષ 2021માં કેટલામો "વિશ્વ પૃથ્વી દિવસ" ઉજવવામાં આવ્યો - **<u>52મો</u>**
19. "વિશ્વ પૃથ્વી દિવસ" ઉજવવાનો પ્રારંભ ક્યા વર્ષે, કયાં થયો હતો- **<u>1970 અને અમેરિકા</u>**
20. 'વિશ્વ પૃથ્વી દિવસ'ની ઉજવણીના સ્થાપકનું નામ અને દેશ જણાવો- **<u>ગેલાર્ડ નેલ્સન, અમેરિકા</u>**

**DATE : 23-04-2021**

## <u>સ્થાનિક બાબતો</u>

### <u>1. નિધન : ગુજરાતના વરિષ્ઠ ફોટો જર્નાલિસ્ટ શૈલેષ રાવલનું અમદાવાદ ખાતે નિધન</u>



**પ્રદાન :**

- ✓ ઇન્ડિયા ટુડે મેગેઝિનના ફોટોગ્રાફર
- ✓ 7 પુસ્તકો પ્રકાશિત કર્યા
- ✓ ફોટો જર્નાલિસ્ટ એસોસિએશનના પૂર્વ પ્રમુખ

### <u>2. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના : કેન્દ્ર સરકાર દ્વારા ગરીબોને મે અને જૂન-2021માં વિનામૂલ્યે રાશન આપવાનો નિર્ણય</u>




- ✓ કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ગરીબોને બે મહિના સુધી મફત અનાજ આપવાની જાહેરાત કરવામાં આવી

- મે અને જૂન મહિના દરમિયાન આ યોજના હેઠળ દરેક વ્યક્તિને પાંચ કિલો અનાજ આપવામાં આવશે.
- કેન્દ્ર સરકારની આ યોજના દ્વારા 80 કરોડ લોકો સુધી મદદ પહોંચાડી શકાશે. સરકાર દ્વારા આ મુદ્દે 26,000 કરોડથી વધુ રકમનો ખર્ચ કરાશે .

## 3. કોરોનાની દવા : કોરોનાની સારવાર માટે ઝાયડસ કેડીલાની એન્ટીવાયરલ દવા Virafin ઈન્જેક્શનના ઉપયોગને કેન્દ્રની DCGI દ્વારા મંજૂરી

- મે 2021ના અંત સુધી બજારમાં આવશે




### વિરાફિન દવા વિશે

- વિરાફિન લેવાથી કોરોનાનાં મધ્યમ લક્ષણ ધરાવતા દર્દીને વાઇરસ સામે લડવા શક્તિ મળે છે. દર્દીઓ ઝડપથી સાજા થાય છે.
- દર્દીઓને સાજા કરવામાં વિરાફિન 91.15 ટકા અસરકારક. આ દવા લીધા પછી 7 દિવસમાં જ RT-PCR ટેસ્ટ નેગેટીવ આવે છે.
- આ દવા વાઈરલ લૉડ ઝડપથી ઘટાડે છે. તેને પ્રારંભિક સ્ટેજમાં જ આપી દેવામાં આવે તો દર્દીને ખાસ કોઇ તકલીફ પડતી નથી.
- ઝાયડસ કેડિલાની એન્ટિ વાયરલ દવા વિરાફીનનો ઉપયોગ હિપેટાઇટસ-સી અને બીની સારવાર માટે કરવામાં આવે છે.
- આ દવાનું મેડિકલ નામ પેગ્ઝિલેટ ઇન્ટરફેરન અલ્ફા-2B એટલે કે PegIFN છે.
- હેપેટાઇટની સારવારમાં તેના ઘણા ડોઝ આપવામાં આવે છે. DCGI તેને પુખ્તવયના લોકોમાં કોરોનાની સારવાર માટે ઉપયોગ કરવાની મંજૂરી આપી.
- **મંજૂરી :** ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા DCGI, નવી દિલ્હી

## 4. વેક્સિનેશન નોંધણી : તારીખ 24 એપ્રિલ 2021થી 18 વર્ષની ઉપરની નોંધણીનો પ્રારંભ




### વિગત : 18+ ઉંમરનાએ વેક્સિન માટે રજિસ્ટ્રેશન આ રીતે કરાવવું

- Co-WIN પોર્ટલ cowin.gov.in પર કે આરોગ્ય સેતુ ઍપ પર રજિસ્ટ્રેશન કરાવી શકો છો.
- cowin.gov.in વેબસાઇટ ઓપન કરી મોબાઇલ નંબર સબમિટ કરો.
- પછી તમારા મોબાઇલ નંબર પર OTP આવશે, જે સબમિટ કરીને એકાઉન્ટ બનાવો.
- નામ, ઉંમર, જાતિની વિગતો આપો અને કોઇ માન્ય ઓળખપત્રની કોપી અપલોડ કરો.
- તમારી ઉંમર 45 વર્ષથી વધુ હોય અને કો-મોર્બિડિટી હોય તો તેનું સર્ટિફિકેટ અપલોડ કરો.
- વેક્સિનેશન સેન્ટર અને તારીખ સિલેક્ટ કરો.
- અપાયેલી તારીખે અપાયેલા સમયે રસી લઇ શકો છો.
- સિનિયર સિટિઝન્સ ફોનથી રજિસ્ટ્રેશન કરાવી શકે છે. તે માટે કૉલ સેન્ટરનો નંબર 1507 ડાયલ કરવાનો રહેશે.
- જાતે રજિસ્ટ્રેશન ન કરાવી શકો તો નજીકના વેક્સિનેશન સેન્ટર પર કરાવી શકો છો.

## 5. નિધન : જાણીતા સંગીતકાર શ્રવણ રાઠોડનું મુંબઇમાં નિધન




- હિન્દી ફિલ્મોની હિટ સંગીત જોડી એટલે : નદીમ-શ્રવણ

## આંતરરાષ્ટ્રીય બાબતો

## 6. ખેલકૂદ : 34મી એશિયન કુસ્તી ચેમ્પિયનશિપ-2021

| 2021 Asian Championships | |
|---|---|
| Host city | Almaty, Kazakhstan |
| Dates | 13–18 April |
| Stadium | Baluan Sholak Sports Palace |
| Champions | |
| Freestyle | Iran |
| Greco-Roman | Iran |
| Women | Mongolia |

- યજમાન : અલમાટી, કઝાકિસ્તાન
- સમયગાળો : તા. 13 થી 18 એપ્રિલ 2021

### મેડલ ટેબલ :

| Rank | Nation | Gold | Silver | Bronze | Total |
|---|---|---|---|---|---|
| 1 | Iran | 7 | 5 | 5 | 17 |
| 1 | Kazakhstan | 7 | 5 | 5 | 17 |
| 3 | India | 5 | 3 | 6 | 14 |
| 4 | Japan | 3 | 0 | 6 | 9 |
| 5 | Kyrgyzstan | 2 | 5 | 9 | 16 |
| 6 | Mongolia | 2 | 5 | 3 | 10 |
| 7 | Uzbekistan | 2 | 4 | 4 | 10 |
| 8 | South Korea | 2 | 1 | 9 | 12 |
| 9 | Chinese Taipei | 0 | 1 | 1 | 2 |
| 10 | Tajikistan | 0 | 1 | 0 | 1 |
| 11 | Iraq | 0 | 0 | 1 | 1 |
| Totals (11 nations) | | 30 | 30 | 49 | 109 |

## 7. ખેલકૂદ : એશિયન વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ-2021




- ભારતીય વેઇટ લિફ્ટર મીરાબાઇ ચાનું એ 119 કિલો વજન ઊંચકીને નવો નેશનલ રેકોર્ડ સ્થાપ્યો
- યજમાન : તાશ્કંદ

## 8. દિન વિશેષ : 23 એપ્રિલ

## વિશ્વ પુસ્તક અને કોપિરાઇટ દિવસ







**થીમ 2021 : 'To share a Story'**

- ✓ **આ વર્ષે ધ વર્લ્ડ બૂક કેપિટલ ઓફ 2021 – તબિલિસી, જ્યોર્જિયા**

**કોની યાદમાં ઉજવણી**

- ✓ વિશ્વના મહાન નાટ્યકાર અને પ્રખર સાહિત્ય સર્જક વિલિયમ શેક્સપિયરનો જન્મદિવસ
- ✓ જન્મ : 23 એપ્રિલ 1564 (યુ.કે)
- ✓ અવસાન : 23 એપ્રિલ 1616
- ✓ ઉજવણી : યુનેસ્કો દ્વારા વર્ષ 1995થી
- ✓ ભારતમાં તારીખ 23 એપ્રિલ 2001થી ઉજવણીની માન્યતા

**9. જન્મ દિન વિશેષ : 23 એપ્રિલ**

**રંગભૂમિના કલાકાર પ્રાણસુખ નાયક**



**જન્મ : 23 એપ્રિલ 1910 અવસાન : 12 માર્ચ 1989**

- ✓ માત્ર 8 વર્ષની વયે તખતા પર અભિનયની શરૂઆત કરી.
- ✓ વર્ષ 1989માં ગીનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યુ.
- ✓ રંગભૂમિનાં કલાકાર, દિગ્દર્શક, મેનેજર, નાટ્યલેખક અને ગુજરાતી ફિલ્મોના અભિનેતા પ્રાણસુખ નાયકનો જન્મ તા. 23-4-1910નાં રોજ જગુદણ(મહેસાણા) ગામે થયો હતો.
- ✓ પિતા મણિલાલ નાયક ભવાઈના કલાકાર હતા.
- ✓ દેશી નાટક સમાજ સાથે જોડાઈને તેમણે કેટલાંક સ્ત્રીપાત્રો ભજવ્યા હતા. તેમને જયશંકર સુંદરી, સુરજરામ નાયક અને બાપુલાલ નાયકનું માર્ગદર્શન મળ્યું હતું.

**પ્રદાન :**

- ✓ કુમળી કળી નાટકમાં સ્ત્રીપાત્ર અને મિથ્યાભિમાન નાટકમાં જીવરામ ભટનો અભિનય બહુ વખણાયો હતો.
- ✓ વિવિધ દેશી નાટકમંડળીઓ સાથે કામ કર્યા પછી રસિકલાલ પરીખ, દીના પાઠક સાથે કામ કર્યું.
- ✓ થોડો સમય દર્પણ નાટ્ય એકેડેમી અને શ્રેયસ ફાઉન્ડેશન સાથે જોડાઈ તેમણે અધ્યાપન કાર્ય કર્યું હતું.
- ✓ ગુજરાતી ફિલ્મ ભવની ભવાઈમાં અભિનય કરવા ઉપરાંત તેમણે 8 નાટકો લખ્યા હતા.

**સન્માન :**

- ✓ ગુજરાત રાજ્યની સંગીત નાટક એકેડેમીનો પુરસ્કાર.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (23-04-2021)

1. એપ્રિલ 2021માં અવસાન પામેલ શૈલેષ રાવલનું ક્ષેત્ર જણાવો - **વરિષ્ઠ ફોટો જર્નાલિસ્ટ**
2. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં કઈ યોજના અંતર્ગત ગરીબોને આગામી મે-જૂન 2021 દરમિયાન વિનામૂલ્યે રાશન આપવાની જાહેરાત કરી છે - **પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના**
3. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ગરીબોને મે અને જૂનમાં પ્રતિ માસ કેટલું અનાજ અપાશે – **5 કિલો**
4. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ મે અને જૂનમાં અંદાજે કેટલા કરોડ લોકોને મફત અનાજ અપાશે - **80**
5. એપ્રિલ 2021માં ઝાયડસ કેડિલા દ્વારા કોરોનાની કઈ દવાને કેન્દ્રની DCGI દ્વારા મંજૂરી અપાઈ છે - **Virafin ઈન્જેક્શન**
6. ભારતમાં 18 વર્ષથી વધુ વયના લોકોએ કોરોના વેક્સિન માટે કઈ એપ કે પોર્ટલ ઉપર નોંધણી કરાવી ફરજિયાત છે – **આરોગ્ય સેતુ અથવા https://www.cowin.gov.in**
7. કોરોનાની રસી માટે સિનિયર સિટીઝન્સ નોંધણી કરાવી શકે તે માટે કયો કોલ સેન્ટર-નંબર શરૂ કરાયો છે – **1507**
8. કેન્દ્રની DCGIનું વિસ્તૃત નામ જણાવો – **ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા**
9. એપ્રિલ 2021માં ક્યા જાણીતા સંગીતકારનું મુંબઈમાં નિધન થયુ - **શ્રવણ રાઠોડ**
10. તા. 13 થી 18 એપ્રિલ 2021 દરમિયાન કેટલામી એશિયન કુસ્તી ચેમ્પિયનશિપ યોજાઈ - **34**
11. 34મી એશિયન કુસ્તી ચેમ્પિયનશિપ-2021 ક્યાં યોજાઈ હતી - **અલમાટી, કઝાકિસ્તાન**
12. 34મી એશિયન કુસ્તી ચેમ્પિયનશિપ-2021માં ભારતે કેટલા મેડલ સાથે ક્યુ સ્થાન મેળવ્યું હતુ – **14 તથા 3**
13. 34મી એશિયન કુસ્તી ચેમ્પિયનશિપ-2021માં ભારતે કેટલા ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવ્યા – **5, 3 અને 6**
14. 34મી એશિયન કુસ્તી ચેમ્પિયનશિપ-2021માં પ્રથમ ક્રમ મેળવનાર દેશ અને મેડલની સંખ્યા જણાવો – **ઈરાન અને 17**
15. એશિયન વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ-2021 ક્યાં યોજાઈ હતી - **તાશ્કંદ**
16. કઈ ભારતીય વેઈટ લિફ્ટરે એશિયન વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ-2021માં 119 કિલો વજન ઊંચકીને નવો નેશનલ રેકોર્ડ સ્થાપ્યો - **મીરાબાઈ ચાનું**
17. રંગભૂમિનાં કલાકાર, દિગ્દર્શક, મેનેજર, નાટ્યલેખક અને ગુજરાતી ફિલ્મોના અભિનેતા પ્રાણસુખ નાયકનો જન્મ ક્યાં-ક્યારે થયો હતો - **તા.23-4-1910 તથા જગુદણ (મહેસાણા)**
18. રંગભૂમિનાં કલાકાર પ્રાણસુખ નાયકને ક્યા વર્ષે ગીનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યુ હતુ - **1989**
19. "વિશ્વ પુસ્તક દિવસ" ક્યારે મનાવવામાં આવે છે- **23 એપ્રિલ**
20. "વિશ્વ પુસ્તક દિવસ" કયા મહાન નાટ્યકાર- સાહિત્યકારના જન્મદિવસની યાદમાં મનાવવામાં આવે છે - **વિલિયમ શેક્સપિયર**
21. મહાન નાટ્યકાર અને સાહિત્યકાર વિલિયમ શેક્સપિયરનો જન્મ અને મૃત્યુ દિવસ જણાવો- **23 એપ્રિલ**

22. યુનેસ્કો દ્વારા કયા વર્ષથી 23 એપ્રિલને "વિશ્વ પુસ્તક અને કોપીરાઇટ દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે- **વર્ષ 1995**

23. ભારતમાં કયા વર્ષથી "વિશ્વ પુસ્તક દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે - **વર્ષ 2001**

24. "વિશ્વ પુસ્તક અને કોપીરાઇટ દિવસ"-2021ની થીમ જણાવો - **'To share a Story'**

25. વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ ધ વર્લ્ડ બૂક કેપિટલ ઓફ 2021 જણાવો – **તબિલિસી, જ્યોર્જિયા**

DATE : 24-04-2021

## રાષ્ટ્રીય બાબતો

### 1. કોરોના મહામારી : ભારત સરકારનો મહત્વનો નિર્ણય (આરોગ્ય-વહીવટ)

### ઓક્સિજન અને સંબંધિત ઉપકરણો, કોરોના રસી ઉપરની કસ્ટમ ડ્યૂટી તેમજ હેલ્થ સેસ આગામી ત્રણ મહિના માટે નાબૂદ



- ✓ ત્રણ મહિના સુધી આયાત થતા ઓક્સિજન, ઓક્સિજન ઉપકરણો અને વેક્સિન ઉપર બેઝિક ડ્યૂટી માફ કરાઈ તથા વેક્સિનની આયાતની છૂટ આપવામાં આવી.
- ✓ આવા સાધનોની આયાત માટે ઝડપી કસ્ટમ્સ ક્લિયરન્સ આપવા પણ આદેશ અપાયો.
- ✓ કોરોનાની વેક્સિનની આયાત પરની કસ્ટમ્સ ડ્યુટી પણ 3 મહિના માટે રદ કરાઈ.

### 2. શપથ : ભારતના નવા 48માં CJI તરીકે જજ એન.વી.રમન્ના(રામના)ને રાષ્ટ્રપતિ દ્વારા શપથ (બંધારણ-ન્યાયતંત્ર)



- ✓ કાર્યકાળ : 26 ઓગસ્ટ 2022
- ✓ CJI : ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા
- ✓ પુરૂનામ : નુથાલાપતિ વેંકટ રમન્ના (રામના)

### 3. DRDO : સૈન્ય ટેકનિકથી પ્રાણવાયુ-ઓક્સિજન આપવાની 'સપ્લીમેન્ટલ ઓક્સિજન ડિલિવરી સિસ્ટમ'ને DRDO દ્વારા મંજૂરી (આરોગ્ય)

- ✓ એક પ્લાન્ટથી દિવસભરમાં 47 લીટરના 60 સિલિન્ડરનું રીફીલિંગ થઈ શકે છે.
- ✓ સિયાચીનનાં શિખરો પર તૈનાત સૈનિકો, તેજસ યુદ્ધ વિમાનના પાઈલટ અને કોરોનાના દર્દીઓમાં ઘણી સમાનતા છે.
- ✓ આ ત્રણેય ઓક્સિજનની અછતનો સામનો કરે છે. જે ટેક્નિકથી તેજસના પાઈલટ અને અત્યંત ઊંચાઈએ તૈનાત સૈનિકોને પ્રાણવાયુ અપાય છે, તે સામાન્ય લોકો માટે પણ ઉપલબ્ધ થઈ શકશે.

### સપ્લીમેન્ટલ ઓક્સિજન ડિલિવરી સિસ્ટમ

- ✓ ઊંચાઈવાળા વિસ્તારોમાં ઉપયોગ થતી સપ્લીમેન્ટલ ઓક્સિજન ડિલિવરી સિસ્ટમ ઘરેલુ ઉપયોગ માટે ઉપયોગી છે. તેમાં ઓક્સિમીટર લાગું હોય છે અને સિલિન્ડરમાંથી એટલો જ ગેસ રિલીઝ થાય છે જેટલો દર્દીને જરૂર હોય. ડોક્ટરની દેખરેખની જરૂર રહેતી નથી.
- ✓ દર્દીના કાંડા પર લાગેલું પલ્સ ઓક્સિમીટર પોર્ટેબલ સિલિન્ડર સાથે વાયરલેસ સંપર્કમાં રહે છે. આથી દર્દીને જેટલો જરૂર હોય એટલો જ ઓક્સિજન મળે છે.
- ✓ DRDO : ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન

### 4. દિન વિશેષ : 24 એપ્રિલ 12મો રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ




- ✓ ભારતમાં રાષ્ટ્રીય પંચાયત રાજ દિવસ-ઉજવવાનો પ્રારંભ- 24.04.2010

### પંચાયતી રાજ અને તેનો અર્થ :

- ✓ પંચાયતી રાજ મુખ્યત્વે ભારત, પાકિસ્તાન, અને નેપાળમાં આવેલ દક્ષિણ એશિયાઇ રાજકીય પ્રથા છે. "પંચાયત" શબ્દ પાંચ (પંચ) અને વિધાનસભા (આયત) પરથી આવ્યો છે. પંચાયત એટલે સ્થાનિક સમુદાય દ્વારા પસંદ કરાયેલ પાંચ વડીલોનો સમુહ.

### ભારતમાં પંચાયતી રાજ

- ✓ પંચાયત રાજ એક એવી સરકારી પ્રથા છે, જ્યાં ગ્રામ પંચાયતો વહીવટનું મૂળભૂત એકમ છે. અહીં ત્રણ સ્તરો છે: ગામ, તાલુકો અને જિલ્લો. પંચાયત રાજ શબ્દ બ્રિટિશ રાજ દરમ્યાન ઉદ્ભવ્યો છે. "રાજ"નો શાબ્દિક અર્થ "શાસન" અથવા "સરકાર" થાય છે.
- ✓ મહાત્મા ગાંધીએ પંચાયતી રાજની હિમાયત કરી હતી, કે જ્યાં દરેક ગામ પોતાની બાબતો માટે જવાબદાર હોય. અને આવા હેતુ માટે "ગ્રામ સ્વરાજ" એવો શબ્દ પ્રયોજાયો હતો.
- ✓ કાયદો પસાર થતાં, રાજ્ય સરકારો દ્વારા પંચાયત રાજની પદ્ધતિ સને 1950 થી 60ના દાયકામાં અપનાવવામાં આવી હતી. 24 એપ્રિલ, 1993ના રોજ ભારતમાં પંચાયતી રાજ માટે બંધારણીય (73મો સુધારો) એક્ટ 1992 બંધારણીય દરજ્જો પૂરી પાડે છે.
- ✓ 24 ડિસેમ્બર સુધીમાં આ અધિનિયમ આઠ રાજ્યોમાં લાગુ પડ્યો: આંધ્ર પ્રદેશ, ગુજરાત, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઓરિસ્સા અને રાજસ્થાન. હાલમાં, પંચાયતી રાજ પ્રદ્ધતિ નાગાલેન્ડ, મેઘાલય, મિઝોરમ અને, બધા કેન્દ્રશાસિત પ્રદેશો(અપવાદ: દિલ્હી)ને બાદ કરતાં સમગ્ર ભારતમાં પંચાયતી રાજ અમલમાં.
- ✓ પંચાયતી રાજમાં ત્રી સ્તરીય રચના થાય છે: (૧) ગ્રામ પંચાયત, (૨) તાલુકા પંચાયત, અને (3) જિલ્લા પંચાયત.

✓ કેન્દ્રીય પંચાયત મંત્રી - શ્રી નરેન્દ્ર સિંહ તોમર

**5. દિન વિશેષ : 24 એપ્રિલ**

**વર્લ્ડ વેટરનરી ડે – દર વર્ષે એપ્રિલનો અંતિમ શનિવાર**




✓ **થીમ 2021: "કોવિડ-19 કટોકટી માટે પશુચિકિત્સાની પ્રતિક્રિયા"**

**હેતુ :**

✓ પ્રાણીઓના રક્ષણ માટે સતત કાર્યરત અને સેવા આપતા પશુચિકિત્સકોના મહત્વ વિશે જાગૃતિ લાવવા અને પશુચિકિત્સકોના કાર્યને પ્રોત્સાહિત કરવા.

**વિગત :**

✓ પશુચિકિત્સકો માનવ અને પ્રાણી કલ્યાણ, ખોરાકની સલામતી, પશુપરિવહનની પદ્ધતિઓ, સંસર્ગ નિષેધની પદ્ધતિઓ અને પર્યાવરણનું સંરક્ષણને સુધારવાનું કામ કરે છે

✓ ગુજરાતમાં કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા તા. 24 એપ્રિલના રોજ ઓનલાઇન માધ્યમથી ઉજવણી કરાઇ

✓ રાજ્ય સરકાર દ્વારા પશુચિકિત્સા, પશુપાલન, ડેરી વિજ્ઞાન અને મત્સ્ય વિજ્ઞાનના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કામગીરીને વેગ આપવા માટે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની દિર્ઘદ્રષ્ટિથી વર્ષ 2009માં કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના કરાઇ છે.

**6. જન્મ દિન વિશેષ : 24 એપ્રિલ**

**ક્રિકેટર સચિન તેંડુલકરનો 48મો જન્મદિન**




**જન્મ અને સ્થળ :24 એપ્રિલ-1973, મુંબઇ**

✓ ભારતરત્ન સચિન તેંડુલકરે આંતરરાષ્ટ્રીય વન ડે ક્રિકેટમાં 49 અને ટેસ્ટ ક્રિકેટમાં 51 મળી કુલ-100 આંતરરાષ્ટ્રીય સદી ફટકારવાનો વિક્રમ ધરાવે છે.

✓ ટ્વેન્ટી-ટ્વેન્ટી મેચોમાંથી ઓક્ટોબર 2013માં નિવૃત્તિ લીધી, અને એજ રીતે સમગ્ર ક્રિકેટ જગતમાંથી નિવૃત્તિની પણ જાહેરાત કરી, જે મુજબ વેસ્ટ ઇન્ડિઝ ક્રિકેટ ટીમ સામે છેલ્લી ટેસ્ટ મેચ તે 16 ઓક્ટોબર 2013ના દિવસે મુંબઇનાં વાનખેડે સ્ટેડિયમમાં રમ્યો.

✓ તેંડુલકર સમગ્ર કારકિર્દી દરમ્યાન 664 આંતર્રાષ્ટ્રીય ક્રિકેટ મેચો રમ્યો અને કુલ 34,357 રન કર્યા.

| એવોર્ડ | વર્ષ |
|---|---|
| **અર્જુન એવોર્ડ** | **1994** |
| **રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ** | **1997** |
| **પદ્મશ્રી** | **1999** |
| **પદ્મ વિભૂષણ** | **2008** |
| **ભારત રત્ન** | **2013** |

✓ રાજ્યસભાના સભ્ય તરીકે પણ સેવા આપી.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (24-04-2021)**

1. તા. 24 એપ્રિલ-2021ની સ્થિતિએ ભારત સરકારે કોરોના સામે લડવા ઓક્સિજન અને સંબંધિત ઉપકરણો, કોરોના રસી ઉપરની કસ્ટમ ડ્યૂટી તેમજ હેલ્થ સેસ આગામી કેટલા મહિના માટે નાબૂદ કરાયો - **3**
2. તા. 24 એપ્રિલ-2021ના રોજ ભારતના નવા 48માં CJI તરકી કોણે શપથ લીધા - **જજ એન.વી.રમન્ના (રામના)**
3. નવા CJI એન.વી.રમન્ના(રામના)નો કાર્યકાળ જણાવો - **26 ઓગસ્ટ 2022**
4. કોરોના સામે લડવા સૈન્ય ટેકનિકથી પ્રાણવાયુ-ઓક્સિજન આપવાની કઇ સિસ્ટમને તાજેતરમાં DRDO દ્વારા મંજૂરી અપાઇ - **'સપ્લીમેન્ટલ ઓક્સિજન ડિલિવરી સિસ્ટમ'**
5. DRDOનું વિસ્તૃત નામ જણાવો - **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન**
6. ભારતમાં "રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે-**24 એપ્રિલ**
7. ભારતમાં "રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ" ઉજવવાનો પ્રારંભ ક્યારથી થયો -**24 એપ્રિલ 2010**
8. 24 એપ્રિલ 2021ના રોજ કેટલામો "રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ" મનાવવામાં આવ્યો - **12**
9. ભારતમાં અમલી ત્રિસ્તરીય પંચાયતી માળખું જણાવો- **ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત**
10. સ્થાનિક સમુદાય દ્વારા પસંદ કરાયેલ પાંચ વડીલોનો સમૂહ એટલે- **પંચાયત**
11. પંચાયતી રાજ મુખ્યત્વે કયા દક્ષિણ એશિયાઇ દેશોમાં આવેલી રાજકીય પ્રથા છે- **ભારત, પાકિસ્તાન અને નેપાળ**
12. વર્લ્ડ વેટરનરી ડે ક્યારે મનાવવામાં આવે છે - **એપ્રિલનો અંતિમ શનિવાર**
13. વર્લ્ડ વેટરનરી ડે 2021ની થીમ જણાવો - **"કોવિડ-19 કટોકટી માટે પશુચિકિત્સાની પ્રતિક્રિયા"**
14. ગુજરાતમાં કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના કોણે-કયારે કરી હતી – **નરેન્દ્ર મોદી તથા 2009**
15. પૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકરનો જન્મ દિવસ જણાવો- **24 એપ્રિલ 1973**
16. સચિન તેંડુલકરને કયા વર્ષે ભારત સરકાર દ્વારા પુરસ્કાર "ભારત રત્ન" એનાયત કરાયો- **વર્ષ 2013**
17. સચિન તેંડુલકરને કયા વર્ષે ભારત સરકાર દ્વારા પુરસ્કાર "પદ્મભૂષણ" એવોર્ડથી સન્માનિત કરાયો હતો - **વર્ષ 2008**
18. સચિન તેંડુલકરને કયા વર્ષે ભારત સરકાર દ્વારા પુરસ્કાર "પદ્મશ્રી" એવોર્ડથી સન્માનિત કરાયો હતો - **વર્ષ 1999**
19. ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ખેલાડી સચિન તેંડુલકરને વર્ષ-1994માં કયા રમત એવોર્ડથી સન્માનિત કરાયો હતો – **અર્જુન એવોર્ડ**
20. પૂર્વ ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકરને વર્ષ-1997માં કયા રમત એવોર્ડથી સન્માનિત કરાયો હતો – **રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ**

## સ્થાનિક બાબતો

**1. ગુજરાત સરકાર : નિર્ણય**

**તમામ નાગરિકોને કોરોનાની રસી વિનામૂલ્યે અપાશે (આરોગ્ય)**




- ✓ ગુજરાતમાં 18 થી 45 વર્ષના 3.10 કરોડ લોકો માટે કુલ 6.20 કરોડ ડોઝની જરૂરિયાત
- ✓ ગુજરાતમાં પહેલી મે 2021થી 18 થી 45 વર્ષની વયના લોકો માટે વિનામૂલ્ય કોરોના વેક્સિન અભિયાન માટે રાજ્ય સરકારે 1.50 કરોડ રસીકરણ ડોઝની વ્યવસ્થા નક્કી કરી છે, જેમાં કોવિશિલ્ડ : 1 કરોડ અને કોવેક્સિન 50 લાખ ડોઝનો ઓર્ડર અપાયો.

**2. 76મી મન કી બાત : વડાપ્રધાન શ્રી મોદી દ્વારા મન કી બાતની 76મી આવૃત્તિ પ્રકાશિત કરાઇ**




- ✓ **મુખ્ય વિષય :** કોરોના વેક્સિનેશન ઉપર ભાર મૂકાયો
- ✓ દર માસના અંતિમ રવિવારે મનકી બાતનું આયોજન

**3. 'ઓપરેશન ઓક્સિજન મૈત્રી'નો પ્રારંભ : ભારત સરકાર (આરોગ્ય)**

**વિગત :**

- ✓ સરકારે વિવિધ દેશોનો સંપર્ક સાધીને 'ઓપરેશન ઓક્સિજન મૈત્રી'ની શરૂઆત કરી. જે અંતર્ગત મુંદ્રા પોર્ટ પર 4 ક્રાયોજેનિક ટેંક સાથે 80 મેટ્રિક ટન લિક્વિડ ઓક્સિજનનો જથ્થો સાઉદી અરેબીયાથી આવ્યો.



- ✓ 'ઓપરેશન ઓક્સિજન મૈત્રી' અંતર્ગત પોર્ટસમાં ઓક્સિજન કે તેને લગતા સંશાધનોને વહન કરતા જહાજોને પ્રાથમિકતા આપવાનો તથા તેની ડ્યુટીમાં પણ છુટ છાટની જાહેરાત કરાઇ.
- ✓ કચ્છના બંને મુખ્ય બંદર કંડલા અને મુંદ્રા પર ઓક્સિજન અને તેને લગતી સામગ્રીઓના આયાતનો ધમધમાટ શરૂ થઇ ગયો.
- ✓ શિપિંગ મંત્રાલય દ્વારા દેશના તમામ મેજર પોર્ટના ચેરમેનને પત્ર પાઠવીને સૂચના અપાઇ હતી કે ઓક્સિજન સંલગ્ન દરેક કાર્ગો ધરાવતા જહાજને પ્રાથમિકતા આપવામાં આવે.

**4. પીએમકેર ફંડ : દરેક જિલ્લામાં ઓક્સિજન પ્લાન્ટ સ્થપાશે (આરોગ્ય)**

- ✓ પીએમ કેર ફંડથી દેશના 551 જિલ્લામાં મેડિકલ ઓક્સિજનના ઉત્પાદન માટે પ્રેશર સ્વિંગ એડસોપર્શન પ્લાન્ટ લગાવવા માટે ફંડ જારી કરાયું.
- ✓ આ પ્લાન્ટ જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં લગાવાશે.
- ✓ આ પહેલા આવા જ 162 પ્લાન્ટ માટે પીએમ કેર ફંડમાંથી ખર્ચ કરાયો હતો.
- ✓ આ તમામ પ્લાન્ટ ચાલુ થતા દેશના 718માંથી 713 જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં ઓક્સિજનનું ઉત્પાદન શરૂ થઇ જશે. આ પ્લાન્ટ માટે ખરીદ પ્રક્રિયા આરોગ્ય મંત્રાલય થકી થશે.

**5. નિધન : ભારતીય શાસ્ત્રીય સંગીતના પદ્મભૂષણ પંડિત રાજન મિશ્રાનું દિલ્હીમાં 70 વર્ષની વયે અવસાન**




- ✓ બનારસ ઘરાનાનાં પંડિત રાજનજીએ 70 વર્ષની વયે લીધા અંતિમ શ્વાસ

**રાજન મિશ્રાનો પરિચય :**

- ✓ રાજન મિશ્રા ભારતના પ્રખ્યાત શાસ્ત્રીય ગાયક.
- ✓ ભારત સરકાર દ્વારા તેમને 2007માં કલા ક્ષેત્રે પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા.
- ✓ તેઓ બનારસ ઘરના સાથે સંબંધ ધરાવતા હતા.
- ✓ તેમણે 1978માં શ્રીલંકામાં પ્રથમ કોન્સર્ટ આપી હતી અને તે પછી તેણે જર્મની, ફ્રાંસ, સ્વિટ્ઝરલેન્ડ, ઓસ્ટ્રિયા, યુનાઇટેડ સ્ટેટ્સ, યુકે, નેધરલેન્ડ, યુએસએસઆર, સિંગાપોર, કતાર, બાંગ્લાદેશ સહિત વિશ્વના ઘણા દેશોમાં પર્ફોમન્સ આપ્યું હતું.

**રાજન અને સાજન મિશ્રાની જોડી પ્રખ્યાત હતી**

- ✓ રાજન અને સાજન મિશ્રા બંને ભાઇઓ હતા અને સાથે કલા પ્રસ્તુત કરતા. બંને ભાઇઓએ આખી દુનિયામાં ખૂબ પ્રસિદ્ધિ મેળવી.

**6.દિન વિશેષ : 25 એપ્રિલ (1) વિશ્વ મલેરિયા જાગૃતિ દિવસ**

**થીમ 2021 : "Reaching the zero malaria target"**

ભારત સરકાર દ્વારા વર્ષ 2022 સુધીમાં મલેરીયા નાબુદીનું લક્ષ્ય.




**મલેરિયાની ભયાનકતા**

✓ સમગ્ર વિશ્વમાં જેટલા લોકો આતંકવાદી હુમલા અને યુદ્ધથી માર્યા ગયાં છે, તેનાથી ક્યાંય વધારે લોકો મચ્છરથી થતાં મલેરીયાના કારણે માર્યા ગયા છે.

**બચવાના ઉપાય**

✓ જે માટે લોકોની રહેણી કરણીમાં સુધારો લાવવો, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પર્યાવરણીય સ્વચ્છતા દ્વારા મચ્છરોના ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરવો, લોકોમાં જાગૃતિ લાવવી, પાણી ભરેલા વાસણો અઠવાડિયે સાફ કરવા, પાણીનો ભરાવો ન થવા દેવો, ઘરની બારીઓમાં ઝીણી જાળી લગાવવી, રાત્રે મચ્છરદાનીનો ઉપયોગ અને ઓઢીને સુવાની આદત રાખવી જેવી અગત્યની બાબતોની જાણકારી જનમાનસ સુધી પંહોચાડવામાં આવશે.

**(2) દિન વિશેષ : ચૈત્ર સુદ તેરસ**

**જૈનોના 24માં તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામીનો જન્મ દિવસ**

**મહાવીર જયંતી**



અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (25-04-2021)

1. એપ્રિલ 2021માં ગુજરાતે ક્યા વયના લોકોને આગામી 1 મેથી વિનામૂલ્યે કોરોનાની રસી આપવાનો નિર્ણય કર્યો છે - **18 થી 45 વર્ષ**
2. એપ્રિલ 2021ના અંતમાં વડાપ્રધાન મોદીની કેટલામી મન કી બાત યોજાઈ – **76**
3. મન કી બાત ક્યારે યોજાઈ છે - **દર માસના અંતિમ રવિવારે**
4. એપ્રિલ 2021માં યોજાયેલી મનકી બાતનો વિષય જણાવો – **કોરોના રસીકરણ**
5. વિદેશમાંથી ઓક્સિજન ભારતમાં લાવવા માટે ભારત સરકારે એપ્રિલ 2021માં કયુ ખાસ ઓપરેશન શરૂ કર્યું - **'ઓપરેશન ઓક્સિજન મૈત્રી'**
6. વડાપ્રધાન દ્વારા PM CARE ફંડમાંથી કેટલા જિલ્લામાં નવા ઓક્સિજન પ્લાન્ટ સ્થપવાની એપ્રિલ 2021માં
7. મંજૂરી અપાઈ – **551 (કુલ 713) જિલ્લા**
8. PM CARE ફંડમાંથી જિલ્લાઓમાં ક્યા પ્રકારના ઓક્સિજનના પ્લાન્ટ સ્થાપવામાં આવશે - **પ્રેશર સ્વિંગ એડસોપર્શન પ્લાન્ટ**
9. તાજેતરમાં નવી દિલ્હી ખાતે અવસાન પામેલા પદ્મભૂષણ પંડિત રાજન મિશ્રાનું ક્ષેત્ર જણાવો - **શાસ્ત્રીય સંગીતકાર**
10. પંડિત રાજન મિશ્રા કયા ઘરાનાનાં હતા - **બનારસ**
11. "વિશ્વ મલેરિયા દિવસ" ક્યારે ઉજવાય છે-**25 એપ્રિલ**
12. વિશ્વ મલેરિયા જાગૃતિ દિવસ 2021ની થીમ જણાવો - **"Reaching the zero malaria target"**
13. કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાંથી ક્યાં સુધીમાં મલેરિયા નાબૂદ કરવાનું લક્ષ નક્કી કરાયું- **વર્ષ 2022**
14. પ્રભુ મહાવીર સ્વામીનો જન્મ કયારે થયો હતો - **ચૈત્ર સુદ તેરસ**
15. પ્રભુ મહાવીર સ્વામી જૈન સંપ્રદાયના કેટલામાં તીર્થંકર હતા – **24**

**DATE : 26-04-2021**

**1. નિધન : પદ્મશ્રી કવિ દાદ બાપુનું 82 વર્ષે રાજકોટના ધુના ગામે નિધન**

✓ નામ : કવિ દુદાન પ્રતાપદાન ગઢવી.
✓ જન્મ : 11 સપ્ટેમ્બર 1941 - અવસાન : 26 એપ્રિલ 2021
✓ વતન : ઇશ્વરિયા (જૂનાગઢ) - ઉપનામ : કવિ દાદ




**કવિ દાદની અદ્ભૂત અમર રચનાઓ**

✓ કવિ દાદે 15 જેટલી ગુજરાતી ફિલ્મોમાં ગીતો લખ્યા છે જેમાં, સંપૂર્ણ રામાયણ, રા નવઘણ, લાખા લોયણ, ભગત ગોરો કુંભાર જેવી હિટ ગુજરાતી ફિલ્મોનો સમાવેશ થાય છે.

✓ 1975માં બનેલી શેતલને કાંઠે ફિલ્મ માટે દીકરીની વિદાયનું ગીત 'કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગ્યો...' અને ફિલ્મ શેઠ શગાળશાનું 'ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું' ગીત આજે પણ ખુબજ લોકપ્રિય છે.

✓ કવિ દાદે લોકગીત ઉપરાંત અનેક ભજનની પણ રચના કરી છે. કૈલાશ કે નિવાસી પ્રખ્યાત શિવજીનું ભજન દાદની કલમે જ લખાયેલું છે. તો હિરણ હલકારી જોબનવાળી નદી રૂપાળી નખરાળી, જાત કમાણી કરીને ખાય એ સિંહની જાત, મોગલ આવે નવરાત રમવા કેવા કેવા વેશે જેવા ગીતો કવિ દાદબાપુએ લખ્યા હતા.

**કવિ દાદ માત્ર 4 ધોરણ પાસ હતા**

✓ કવિ દાદ માત્ર ચાર ધોરણ પાસ હતા પરંતુ તેના પર અનેક થીસિસ તૈયાર થયા છે. ગીતો અને કવિતામાં તેમનું ખેડાણ નોંધનિય છે.

✓ 'ટેરવા' તેમનો સૌથી લોકપ્રિય ગ્રંથ છે. જે 8 ભાગમાં પ્રકાશિત થયો છે. ઉપરાંત બીજો એક કાવ્યસંગ્રહ 'લછનાયન' પ્રકાશિત થયેલો છે.

✓ 'ચિત્તહરનું ગીત' 'શ્રીકૃષ્ણ છંદાવલી' 'રામનામ બારાક્ષરી' વગેરે પુસ્તકો ગુજરાતી સાહિત્ય અને લોકસાહિત્ય ક્ષેત્રને મળ્યા.

**સન્માન :**

✓ પદ્મશ્રી : વર્ષ 2021
✓ ગુજરાત ગૌરવ એવોર્ડ, ઝવેરચંદ મેઘાણી એવોર્ડ, કાગ એવોર્ડ, હેમુ ગઢવી એવોર્ડ.

**2. ગરમીના ત્રણ એલર્ટ (પર્યાવરણ)**




| તાપમાન | એલર્ટ |
| --- | --- |
| 41 ડિગ્રીથી નીચે | ગ્રીન એલર્ટ |

| | |
|---|---|
| 41.1 થી 43 ડિગ્રી | યલો એલર્ટ |
| 43.1 થી 44.9 ડિગ્રી | ઓરેન્જ એલર્ટ |
| 45 ડિગ્રીથી ઉપર | રેડ એલર્ટ |

## 3. વિશ્વમાં સંરક્ષણ પાછળ ખર્ચ-2020 અહેવાલ (સંરક્ષણ)

### વર્ષ 2020માં વિશ્વમાં સંરક્ષણ પાછળ બે લાખ કરોડ ડૉલર ખર્ચ

**વિગત :** સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (સિપરી)ના અહેવાલ મુજબ 2020માં વિવિધ દેશોએ સંરક્ષણ પાછળ 1981 અબજ ડૉલર (અંદાજે 2 લાખ કરોડ ડૉલર)નું બજેટ ફાળવ્યું હતું.

- ✓ સિપરીના અહેવાલ પ્રમાણે 1988 પછી સંરક્ષણ ખર્ચમાં આ સૌથી મોટો આંકડો છે. 2020ના કુલ સંરક્ષણ ખર્ચમાં ભારતનો ફાળો 3.7 ટકા છે.
- ✓ 2019 કરતા ગ્લોબલ સંરક્ષણ ખર્ચમાં 2020માં 2.6 ટકા વધારો નોંધાયો હતો. 2020માં કોરોનાને કારણે સમગ્ર વિશ્વના જીડીપીમાં 4.4 ટકાનો ઘટાડો થયાનું ઇન્ટરનેશનલ મોનિટરી ફંડે નોંધ્યુ છે. પણ સંરક્ષણ ખર્ચ ઓછો કરવા કોઇ દેશ તૈયાર નથી.
- ✓ કુલ ખર્ચ પૈકી 62 ટકા ખર્ચ તો પ્રથમ પાંચ દેશો, અમેરિકા, ચીન, ભારત, રશિયા અને યુનાઇટેડ કિંગડમે કર્યો છે.
- ✓ કુલ વૈશ્વિક સંરક્ષણ ખર્ચમાં એકલા 39 ટકા ફાળો તો અમેરિકાનો છે. 2020માં અમેરિકાનો સંરક્ષણ ખર્ચ 778 અબજ ડૉલર હતો, જે આગલા વર્ષ કરતાં 4.4 ટકા વધુ છે.
- ✓ ભારતે 2020માં સંરક્ષણ માટે 72.9 અબજ ડૉલર ફાળવ્યા હતા. ભારતનો સંરક્ષણ ખર્ચ 2012થી સતત વધતો જ જાય છે. ચીન-પાકિસ્તાન તરફથી ઉભા થનારા ખતરાઓને જોતા ઘટાડો થવાની શક્યતા નહિવત છે.
- ✓ અત્યાર સુધી ઓછો ખર્ચ કરનારા આફ્રિકા ખંડના દેશોએ હવે અચાનક સંરક્ષણ પાછળ ખર્ચ વધાર્યો છે. એટલે ખંડની દૃષ્ટિએ જોઇએ તો આફ્રિકા ખંડના સંરક્ષણ ખર્ચમાં 2019 કરતાં 5.1 ટકા વધારો નોંધાયો છે, જે અન્ય કોઇ પણ ખંડ કરતા વધારે છે.

### 2020માં સૌથી વધુ સંરક્ષણ ખર્ચ કરનારા દેશો

| દેશ | ખર્ચ (અબજ ડૉલર) | વિશ્વમાં ફાળો(ટકા) |
|---|---|---|
| અમેરિકા | 778 | 39 |
| ચીન | 252 | 13 |
| ભારત | 72.9 | 3.7 |
| રશિયા | 61.7 | 3.1 |
| UK | 59.2 | 3.0 |
| સાઉદી અરબ | 57.5 | 2.9 |
| જર્મની | 52.8 | 2.7 |
| ફ્રાન્સ | 52.7 | 2.7 |
| જાપાન | 49.1 | 2.5 |
| દક્ષિણ કોરિયા | 45.7 | 2.3 |

## 4. દિન વિશેષ : 26 એપ્રિલ

### વર્લ્ડ ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ડે (વિશ્વ બૌદ્ધિક સંપત્તિ દિવસ)




- ✓ થીમ 2021 : **"IP and SMEs: Taking your ideas to market."**
- ✓ **5. જન્મ દિન વિશેષ : 26 એપ્રિલ**

### ભૂકંપની તીવ્રતા દર્શાવતા સ્કેલના શોધક ચાર્લ્સ રિક્ટર



**જન્મ : 26-4-1900 અવસાન : 30-9-1985**

- ✓ 26 જાન્યુઆરી 2001ના 7.7 મેગ્નિટ્યુડના એ ગોઝારા ભૂકંપને ગુજરાત હજુ ભૂલ્યું નથી. એ મેગ્નિટ્યુડના શોધક ભૂકંપ શાસ્ત્રી અને પદાર્થ વિજ્ઞાની એવા ચાર્લ્સ રિક્ટરનો જન્મ 26-4-1900ના રોજ અમેરિકામાં થયો હતો.
- ✓ પ્રારંભિક શિક્ષણ લોસ એન્જલસમાં અને કોલેજ શિક્ષણ વોશિંગ્ટનમાં લેનારા રિક્ટરને શરૂઆતથી જ ભૂકંપ વિજ્ઞાનમાં રુચિ હતી .
- ✓ 1930થી તેમણે પોતાના પ્રોફેસર ગુટેનબર્ગના માર્ગદર્શન હેઠળ ભૂકંપ અંગેનું સંશોધન શરૂ કર્યું.
- ✓ 1937માં તેમણે રિક્ટર સ્કેલની શોધ કરી જે આજે પણ પ્રમાણભૂત ગણાય છે. રિક્ટર સ્કેલ, ભૂકંપની આંકડાકીય તીવ્રતા દર્શાવે છે.
- ✓ આ આંકને માપવા તેમણે સિસ્મોગ્રાફ મશીનનો ઉપયોગ કર્યો. જે ભૂકંપ સમયના પૃથ્વીના હલનચલનને એક કાગળ પર અંકિત કરે છે. આંક પરનું હલનચલન, ભૂકંપનાં પેટાળમાંના ઉદગમ સ્થળથી સિસ્મોગ્રાફી મશીન સુધીના હલનચલન અને તેની ઘનતા સાથે પહોંચવામાં લાગેલા સમય પર કામ કરે છે.
- ✓ દરેક વધતો અંક 10 ગણી તીવ્રતા સૂચક છે. ગુજરાતના ભૂકંપ 62 લાખ ટન ઊર્જા ઉત્પન્ન કરી હતી.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (26-04-2021)

1. તા. 26 એપ્રિલ 2021ના રોજ ગુજરાતના ક્યા પદ્મશ્રી લોકસાહિત્યકારનું 82 વર્ષે રાજકોટના ધુના ગામે નિધન થયુ - **કવિ દાદ બાપુ**
2. ગુજરાતી લોકસાહિત્યકાર કવિ દુદાન પ્રતાપદાન ગઢવીનો જન્મ ક્યાં-ક્યારે થયો હતો - **ઇશ્વરિયા (જૂનાગઢ) તથા 11 સપ્ટેમ્બર 1941**
3. 1975માં બનેલી શેતલને કાંઠે ફિલ્મ માટે દીકરીની વિદાયનું ગીત 'કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગ્યો...' અને ફિલ્મ શેઠ શગાળશાનું 'ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું' ગીતના રચનાકારનું નામ જણાવો – **કવિ દાદ બાપુ**

4. કવિ દાદ બાપુના 8 ભાગમાં પ્રકાશિત સૌથી લોકપ્રિય કાવ્યગ્રંથનું નામ જણાવો - **'ટેરવા'**
5. કવિ દાદ બાપુને કયા એવોર્ડ મળ્યા છે – **પદ્મશ્રી, ગુજરાત ગૌરવ એવોર્ડ, ઝવેરચંદ મેઘાણી એવોર્ડ, કાગ એવોર્ડ, હેમુ ગઢવી એવોર્ડ**
6. કવિ દાદ બાપુને પદ્મશ્રી એવોર્ડ ક્યા વર્ષે મળ્યો હતો - **2021**
7. ગરમીના ત્રણ એલર્ટ ક્યા છે – **યલો, ઓરેન્જ અને રેડ એલર્ટ**
8. એપ્રિલ-2021માં વિશ્વમાં સંરક્ષણ પાછળ ખર્ચ-2020નો અહેવાલ કોના દ્વારા પ્રકાશિત કરાયો હતો - **સિપરી**
9. SIPRIનું વિસ્તૃત નામ જણાવો - **સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ**
10. એપ્રિલ-2021ના SIPRIના અહેવાલ મુજબ વર્ષ 2020માં વિશ્વમાં સંરક્ષણ પાછળ કેટલો ખર્ચ થયો હતો - **1981 અબજ ડૉલર**
11. એપ્રિલ-2021ના SIPRIના અહેવાલ મુજબ વર્ષ 2020ના કુલ સંરક્ષણ ખર્ચમાં ભારતનો ફાળો કેટલા ટકા છે - **3.7**
12. એપ્રિલ-2021ના SIPRIના અહેવાલ મુજબ વર્ષ 2020ના કુલ સંરક્ષણ ખર્ચ પૈકી કેટલા ટકા ખર્ચ પ્રથમ પાંચ દેશ અમેરિકા, ચીન, ભારત, રશિયા અને યુનાઈટેડ કિંગડમે કર્યો છે - **62**
13. વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ડે એટલે કે વિશ્વ બૌદ્ધિક સંપત્તિ દિવસ કયારે મનાવવામાં આવે છે - **26 એપ્રિલ**
14. વિશ્વ બૌદ્ધિક સંપત્તિ દિવસ 2021ની થીમ જણાવો - **"IP and SMEs: Taking your ideas to market."**
15. ભૂકંપની તીવ્રતા દર્શાવતા સ્કેલના શોધકનું નામ જણાવો - **ચાર્લ્સ રિક્ટર**
16. ભૂકંપની તીવ્રતા દર્શાવતા સ્કેલના શોધકનું ચાર્લ્સ રિક્ટરનો જન્મ ક્યાં-ક્યારે થયો હતો – **અમેરિકા તથા તા. 26-4-1900**
17. ચાર્લ્સ રિક્ટરે ક્યા વર્ષે રિક્ટર સ્કેલની શોધ કરી જે આજે પણ પ્રમાણભૂત ગણાય છે – **1937**
18. ભૂકંપની આંકડાકીય તીવ્રતાના આંકને માપવા કયા મશીનનો ઉપયોગ થાય છે - **સિસ્મોગ્રાફ**

## DATE : 27-04-2021

## સ્થાનિક બાબતો

### 1. અમદાવાદ પોલીસ : કોરોનામાં ઈમરજન્સી સેવા સાથે સંકળાયેલા લોકો માટે ત્રણ કલરના પાસ ઈશ્યુ કરાયા

વિગત : મેડિકલ વ્યવસાયવાળા માટે રેડ પાસ

✓ ઓક્સિજન સિલિન્ડર, દવાઓ-ઈન્જેક્શન તેમજ અન્ય મેડિકલ સાધનોની હેરાફેરી કરતા તેમજ ડોક્ટર-નર્સ અને પેરા મેડિકલ સ્ટાફ માટે લાલ રંગના પાસ રાખવામાં આવ્યા છે.

**ખાદ્યસામગ્રી સાથે સંકળાયેલાને લીલો પાસ**

✓ નાઈટ કર્ફ્યુ દરમિયાન અમદાવાદમાં શાકભાજી, ફ્રૂટ, કરિયાણું તેમજ અન્ય ખાદ્ય સામગ્રીની હેરાફેરી કરતા વાહનો ઉપર લીલા કલરનું સ્ટિકર લગાડવામાં આવશે.

**મીડિયામાં કામ કરતા કર્મીઓ માટે પીળો પાસ**

✓ પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા, ટોરન્ટ પાવર, ટેલિકોમ વિભાગ, એએમસીના કર્મચારીઓ સહિતની ઈમરજન્સી સેવામાં આવતા લોકોના ખાનગી વાહન ઉપર પીળા રંગના સ્ટિકર લગાડવામાં આવશે.

### 2. ગુજરાત : "કોરોના સેવા યજ્ઞ"



✓ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કોરોના સંક્રમણ સામેની રાજ્યની લડાઈમાં સહભાગી બની રાજભવન ખાતેથી "કોરોના સેવા યજ્ઞ" જન અભિયાનનો શુભારંભ કર્યો.

**હેતુ :**

✓ કોરોના સામેના જંગમાં રાજ્ય સરકારને સહયોગ આપવા ગુજરાતના લોકોને પ્રેરણા પુરી પાડવાના ઉદ્દેશ્ય સાથે રાજ્યપાલ એ મુખ્યમંત્રીના રાહત નિધિમાં રૂ. 25 લાખનો આર્થિક સહયોગ આપવાની ઘોષણા કરી.

### 3. રામાયણ : સાઉદી અરેબિયા દ્વારા રામાયણનો સમાવેશ તેમના પાઠ્ય પુસ્તકમાં કરાયો (ધર્મ)




✓ સર્વશ્રેષ્ઠ ગ્રંથ તરીકે રામાયણની ગણના માત્ર ભારતમાં જ નહીં દુનિયાભરમાં થાય છે, હવે ઇસ્લામિક દેશ સાઉદી અરેબિયાએ રામાયણનો સમાવેશ પોતાના પાઠ્ય પુસ્તકમાં કરી છે.

✓ સાઉદી અરેબિયા પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનના વિઝન 2030 અંતર્ગત તેમણે વિવિધ દેશોની સંસ્કૃતિ અને ઇતિહાસને સમાવવાની યોજનાઓ જણાવી હતી.

### 4. પિંક સુપરમૂન (ખગોળશાસ્ત્ર)

**પિંક સુપરમૂનની વિશેષતા :**

✓ પિંક સુપરમૂન તરીકે ઓળખાતો પુનમનો ચાંદ સામાન્ય ચાંદની સરખામણીએ 30 ટકા વધારે પ્રકાશિત અને 14 ટકા મોટો દેખાય છે.

✓ લંબગોળ ભ્રમણકક્ષામાં જ્યારે પુનમનો ચાંદ પૃથ્વીથી સૌથી નજીક આવી જાય ત્યારે સુપરમૂન રચાય છે.

✓ ઉત્તર અમેરિકામાં સ્પ્રિંગમાં ઉગતા ક્રિપિંગ ફ્લોક્સના ફૂલ પરથી આ નામ આપવામાં આવ્યું

### 5. શ્રીલંકા : જાહેરમાં બુરખા પર પ્રતિબંધને શ્રીલંકા સરકારની મંજૂરી (વૈશ્વિક બાબતો)



**મૂળ હેતુ :**

✓ આંતકી હુમલા વધી રહ્યા હોવાથી બુરખા પર પ્રતિબંધ જરૂરી

✓ માસ્ક સિવાયની અન્ય કોઈ વસ્તુ કે કાપડથી ચહેરો નહીં ઢાંકી શકાય

✓ રાજધાની : કોલંબો

### 6. દિન વિશેષ : 27 એપ્રિલ

**મહાદેવી વર્માને આજે જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા**




- ✓ મહાદેવી વર્મા ભારતના મહાન સાહિત્યિક લેખક, કવિ, સ્વાતંત્ર્ય સેનાની અને શિક્ષણવિદ હતા.
- ✓ કાવ્યાત્મક સંકલન માટે મળ્યું, જ્ઞાનપીઠ
- ✓ મહાદેવી વર્માને 'આધુનિક મીરા' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ✓ **મહાદેવી વર્માએ 'યામા" નામના કવિતાના સંકલન માટે 27 એપ્રિલ, 1982ના રોજ ભારતના સૌથી વધુ સાહિત્યિક સન્માન 'જ્ઞાનપીઠ પુરસ્કાર' મેળવ્યો હતો.**

**7. દિન વિશેષ : 27 એપ્રિલ**

**વિશ્વ ગ્રાફિક ડિઝાઈન દિવસ (World Graphic Design Day)**

- ✓ વિશ્વ ગ્રાફિક ડિઝાઇન દિવસ, 27 એપ્રિલનાં રોજ ઉજવવામાં આવે છે.
- ✓ જે 1963માં સ્થપાયેલ ગ્રાફિક ડિઝાઇનની વૈશ્વિક સંસ્થા 'ઇકોગ્રાડા' (Icograda)ની વર્ષગાંઠની ઉજવણી રૂપે ઉજવવામાં આવે છે.




- ✓ આની શરૂઆત 1995થી થયેલ. આ દિવસ ગ્રાફિક ડિઝાઇન અને માહિતી રૂપરેખાનાં વ્યવસાયની ઉજવણીરૂપે ઉજવવામાં આવે છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (27-04-2021)

1. એપ્રિલ 2021માં અમદાવાદ પોલીસ દ્વારા કોરોનામાં ઈમરજન્સી સેવા સાથે સંકળાયેલા લોકો માટે કયા ત્રણ કલરના પાસ ઈશ્યુ કરાયા – **લાલ, લીલો અને પીળો**
2. એપ્રિલ 2021માં અમદાવાદ પોલીસ દ્વારા કોરોનામાં ઈમરજન્સી સેવા સાથે સંકળાયેલા લોકો પૈકી મેડિકલ વ્યવસાયવાળા માટે કયો પાસ ઈસ્યુ કર્યો હતો - **રેડ પાસ**
3. એપ્રિલ 2021માં અમદાવાદ પોલીસ દ્વારા કોરોનામાં ઈમરજન્સી સેવા સાથે સંકળાયેલા લોકો પૈકી ખાધસામગ્રી સાથે સંકળાયેલા માટે કયો પાસ ઈસ્યુ કર્યો હતો - **લીલો પાસ**
4. એપ્રિલ 2021માં અમદાવાદ પોલીસ દ્વારા કોરોનામાં ઈમરજન્સી સેવા સાથે સંકળાયેલા લોકો પૈકી મીડિયાકર્મીઓ માટે કયો પાસ ઈસ્યુ કર્યો હતો - **પીળો પાસ**
5. એપ્રિલ 2021માં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કોરોના સંક્રમણ સામેની રાજ્યની લડાઈમાં સહભાગી બની રાજભવન ખાતેથી કયા જન અભિયાનનો શુભારંભ કર્યો હતો - **"કોરોના સેવા યજ્ઞ"**
6. કોરોના સામેના જંગમાં રાજ્ય સરકારને સહયોગ આપવા તથા ગુજરાતના લોકોને પ્રેરણા પુરી પાડવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે મુખ્યમંત્રીના રાહત નિધિમાં કેટલા રૂપિયાનો આર્થિક સહયોગ આપવાની ઘોષણા કરી હતી - **રૂ. 25 લાખ**
7. એપ્રિલ 2021માં કયા દેશે રામાયણનો સમાવેશ તેમના પાઠ્ય પુસ્તકમાં કર્યો હતો - **સાઉદી અરેબિયા**
8. એપ્રિલ 2021માં સાઉદી અરેબિયાના પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને કયા વિઝન અંતર્ગત વિવિધ દેશોની સંસ્કૃતિ અને ઈતિહાસને સમાવવાની યોજના જણાવી હતી – **વિઝન 2030**
9. પિંક સુપરમૂન તરીકે ઓળખાતો પુનમનો ચાંદ સામાન્ય ચાંદની સરખામણીએ કેટલા ટકા વધારે પ્રકાશિત તથા કેટલા ટકા મોટો દેખાય છે. **30 તથા 14**
10. લંબગોળ ભ્રમણકક્ષામાં જ્યારે પુનમનો ચાંદ પૃથ્વીથી સૌથી નજીક આવી જાય ત્યારે શું રચાય છે - **સુપરમૂન**
11. એપ્રિલ 2021માં કયા દેશની સરકારે જાહેરમાં બુરખા પર પ્રતિબંધને મંજૂરી આપી હતી – **શ્રીલંકા**
12. શ્રીલંકા દેશની રાજધાની કઈ છે - **કોલંબો**
13. ભારતના મહાન સાહિત્યકાર મહાદેવી વર્માને 27 એપ્રિલ 1982ના રોજ સાહિત્યનો કયો સર્વોચ્ચ પુરસ્કાર અપાયો હતો - **'જ્ઞાનપીઠ પુરસ્કાર'**
14. મહાદેવી વર્માને કયા કવિતાના સંકલન માટે 'જ્ઞાનપીઠ પુરસ્કાર' અપાયો હતો - **"યામા"**
15. મહાન સાહિત્યકાર મહાદેવી વર્માને અન્ય કયા નામે ઓળખવામાં આવે છે- **આધુનિક મીરા**
16. 'વિશ્વ ગ્રાફિક ડિઝાઇન દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે - **27 એપ્રિલ**

## DATE : 28-04-2021

**1. નિધન : ગુજરાત સમાચારના કટાર લેખક-સાહિત્યકાર નસીર ઈસ્માઈલીનું 74 વર્ષની વયે અવસાન**

પરિચય : ઉપનામ : ઝુબિન

- ✓ 12 ઓગષ્ટ, 1946ના રોજ હિંમતનગર ખાતે તેમનો જન્મ થયો હતો અને તેમનું મૂળ વતન ધોળકા હતું.
- ✓ નસીર ઈસમાઈલી 'ઝુબિન'ની ગુજરાત સમાચારની પૂર્તિમાં આવતી 'સંવેદનાના સૂર' નામની કોલમ યૌવનના ઉંબરે પગ મુકતા લાખો દિલોથી માંડીને તમામ ઉંમરના લોકોની ધડકન સમાન હતી.
- ✓ ઈસમાઈલી નસીરૂદ્દીન પીરમહંમદ 'નસીર ઈસમાઈલી' 3 ભાષાઓ ઉપરાંત ઉર્દુમાં પણ ખૂબ જ પ્રવિણ હતા. તેમની સર્વપ્રથમ મૌલિક કૃતિ 'સ્વપ્નનું મૃત્યુ' નામની વાર્તા હતી. તેમની વાર્તાઓ પ્રતિષ્ઠિત હિન્દી સામાયિક 'કહાનીકાર'માં પણ છપાયેલી છે.
- ✓ 1990માં તેમની વાર્તાઓ પરથી 'જિંદગી એક સફર' નામની ટીવી સીરિયલ પણ બની હતી.
- ✓ તેમણે 'તૂટેલો એક દિવસ' નામની નવલકથા પણ લખી છે.

**2. નિર્ણય : ગુજરાત સરકાર**

**MLA આરોગ્યલક્ષી કામો માટે રૂ. 25 લાખ સુધીનો ગ્રાન્ટનો સીધો જ ઉપયોગ કરી શકશે**

- ✓ તમામ ધારાસભ્યોને પોતાની MLA ગ્રાન્ટમાંથી હોસ્પિટલ, આરોગ્યલક્ષી કામોમાં રૂપિયા 25 લાખના ખર્ચે સાધનો વસાવવા સહિતનો સીધો ખર્ચ કરી શકશે.

**3. પાયથોન-5 મિસાઈલ (સંરક્ષણ)**

**સ્વદેશી તેજસ વિમાન પાયથોન-5 મિસાઈલથી સજ્જ**




**વિગત :**

✓ સ્વદેશી લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસ એર ટુ એર વેપન કેપેબિલિટીમાં ફિફ્ટ જનરેશનની પાયથન-5 એર ટુ એર મિસાઈલથી સજ્જ કરાઈ.

**હેતુ :**

✓ તેજસ પર પહેલેથી એકીકૃત ડર્બી બિયોન્ડ વિઝ્યુઅલ રેન્જ (બીવીઆર) એએએમની વધેલી ક્ષમતાને પ્રમાણિત કરવાનો હતો.

✓ પરીક્ષણ : ગોવા - સંસ્થા : DRDO

**4. દિન વિશેષ : 28 એપ્રિલ**

**વિશ્વ કાર્યસ્થળ સ્વાસ્થ્ય અને સુરક્ષા દિવસ**

**(World day for safety and health at work)**




✓ આ દિવસ પ્રતિવર્ષ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO) દ્વારા મનાવવામાં આવે છે.

✓ આ દિવસને 2003ના વર્ષથી ઉજવવામાં આવી રહ્યો છે.

**ILO– ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન**

✓ **સ્થાપના:** 29 ઓક્ટોબર 1919

✓ આ એક ત્રિપક્ષીય સંગઠન છે, જેમાં સરકાર, રોજગાર આપનાર તથા કર્મચારી ત્રણેય શ્રમ અંગેના માનક નિશ્ચિત કરવા અંગે વિચાર વિમર્શ કરે છે.

✓ ILO સંયુક્ત રાષ્ટ્રની એક વિશેષ એજન્સી. **મુખ્યમથક :** જીનીવા, સ્વિત્ઝરલૅન્ડ

✓ **સભ્ય દેશ :** 187

✓ નોબેલ શાંતિ પુરસ્કાર - 1969

**5. જન્મ દિન વિશેષ : 28 એપ્રિલ**

**પ્રથમ ઓસ્કર એવોર્ડ વિજેતા કોસ્ચ્યુમ ડિઝાઈનર ભારતીય ભાનુ અથૈયા**

**જન્મ : 28-04-1929 અવસાન : 15-10-2020**

✓ વિશ્વમાં ફિલ્મક્ષેત્રે સર્વોચ્ચ એવા ઓસ્કર એવોર્ડના પહેલા ભારતીય એવાં કોસ્ચ્યુમ ડિઝાઈનર ભાનુ અથૈયાનો જન્મ 28-4-1929નાં રોજ કોલ્હાપુરમાં થયો હતો.



✓ રિચાર્ડ એટનબરોની ફિલ્મ ગાંધી માટે તેમને આ એવોર્ડ 1982માં મળ્યો હતો.

✓ ઉચ્ચ કોટીનાં ફિલ્મ સર્જકો સાથે 100 ઉપરાંત ફિલ્મોમાં ડ્રેસ ડિઝાઈનિંગનું કામ કર્યું છે.

✓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત દિગ્દર્શકો કોનરાડ રૂક્સ અને રિચાર્ડ એટનબરોનો તેમાં સમાવેશ થાય છે.

✓ 2010માં તેમણે એક પુસ્તક “ધ આર્ટ ઓફ ફેશન ડિઝાઇન’ વિશે લખ્યું છે.

✓ બે નેશનલ એવોર્ડ (લેકિન અને લગાન) અને એક ફિલ્મફેર એવોર્ડ મેળવનાર કોસ્ચ્યુમ ડિઝાઈનર ભાનુ અથૈયાનું અવસાન 91 વર્ષની વયે મુંબઈમાં મગજનાં કેન્સરના કારણે 15-10-2020ના રોજ થયું હતું.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (28-04-2021)**

1. તાજેતરમાં ગુજરાતી કટાર લેખક-સાહિત્યકાર નસીર ઈસ્માઈલીનું 74 વર્ષની વયે અવસાન થયુ તે કયા અખબારમાં કઈ કોલમ લખતા હતા - **ગુજરાત સમાચાર અને સંવેદનાના સૂર**
2. ગુજરાતી કટાર લેખક-સાહિત્યકાર નસીર ઈસ્માઈલીનું ઉપનામ જણાવો – **ઝુબિન**
3. કોરોના મહામારીમાં મદદરૂપ થવા તાજેતરમાં MLAને આરોગ્યલક્ષી કામો માટે કેટલા લાખ સુધીની ગ્રાન્ટનો સીધો જ ઉપયોગ કરવાની ગુજરાત સરકારે મંજૂરી આપી - **રૂ. 25 લાખ**
4. એપ્રિલ 2021માં સ્વદેશી તેજસ વિમાનમાં ક્યા મિસાઇલનુ સફળ પરિક્ષણ કરાયું – **પાયથોન-5**
5. તાજેતરમાં પરિક્ષણ કરાયેલી પાયથોન-5 મિસાઇલનો પ્રકાર જણાવો – **એર ટુ એર**
6. પાયથોન-5 મિસાઇલ કોના દ્વારા તૈયાર કરાયું - **DRDO**
7. વિશ્વ કાર્યસ્થળ સ્વાથ્ય અને સુરક્ષા દિવસ કયારે ઉજવવામાં આવે છે – **28 એપ્રિલ**
8. પ્રતિ વર્ષ 28 એપ્રિલના રોજ કયા સંગઠન દ્વારા વિશ્વ કાર્યસ્થળ સ્વાથ્ય અને સુરક્ષા દિવસ મનાવવામાં આવે છે - **આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન**
9. ILOનું વિસ્તૃત નામ જણાવો-**આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન**
10. આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન દ્વારા કયા વર્ષથી પ્રતિ વર્ષે 28 એપ્રિલના રોજ વિશ્વ કાર્યસ્થળ સ્વાથ્ય અને સુરક્ષા દિવસ મનાવવામાં આવે છે – **વર્ષ-2003**
11. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કયારે થઇ હતી - **29 ઓક્ટોબર 1919**
12. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન કઇ વૈશ્વિક સંસ્થાની વિશેષ એજન્સી છે - **સંયુક્ત રાષ્ટ્ર**
13. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનનુ મુખ્યમથક કયા આવેલું છે - **જીનીવા, સ્વિત્ઝર્લેન્ડ**
14. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનને કયા વર્ષમાં નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો હતો – **વર્ષ-1969**
15. ગુજરાતી સાહિત્યની પ્રસિદ્ધ હસ્તિ નસીર ઇસમાઈલી ગુજરાત સમાચારની પૂર્તિમાં કઈ કોલમ લખતા હતા - **'સંવેદનાના સૂર'**
16. એપ્રિલ 2021માં અવસાન પામનારા પ્રસિદ્ધ ગુજરાતી લેખક-કોલમિસ્ટ નસીર ઇસમાઈલીનો ક્યારે-ક્યાં જન્મ થયો હતો - **12 ઓગષ્ટ, 1946 તથા હિંમતનગર**
17. વર્ષ 1990માં નસીર ઇસમાઈલીની વાર્તાઓ પરથી કઈ ટીવી સીરિયલ બની હતી - **'જિંદગી એક સફર'**
18. પ્રથમ ઓસ્કર એવોર્ડ વિજેતા ભારતીયનું નામ જણાવો - **કોસ્ચ્યુમ ડિઝાઈનર ભાનુ અથૈયા**

19. પ્રથમ ઓસ્કર એવોર્ડ વિજેતા કોસ્ચ્યુમ ડિઝાઈનર ભાનુ અથૈયાનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો – **તા. 28-4-1929 તથા કોલ્હાપુર**

20. કોસ્ચ્યુમ ડિઝાઈનર ભાનુ અથૈયાને વર્ષ 1982માં રિચાર્ડ એટનબરોની કઈ ફિલ્મ માટે ઓસ્કાર એવોર્ડ મળ્યો હતો - **ગાંધી**

DATE : 29-04-2021

## રાષ્ટ્રીય બાબતો

**1. નિર્ણય : ઉત્તરાખંડ સરકાર**

**કોરોનાને કારણે ચારધામ યાત્રા રદ કરાઈ**

✓ ચારધામ યાત્રા આગામી 1 મેથી શરૂ થવાની હતી



✓ ચાર ધામના કપાટ ખુલશે પણ યાત્રા નહીં યોજાય
✓ મુખ્યમંત્રીશ્રી : તીરથસિંહ રાવત
✓ રાજધાની : દહેરાદૂન

**2. દિન વિશેષ : 29 એપ્રિલ આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ**




**થીમ 2021 :'Purpose of dance'**

**આયોજન :**

✓ આંતરરાષ્ટ્રીય નૃત્ય પરિષદ તથા 'અંબ્રેલા ઓર્ગેનાઇઝેશન' દ્વારા યુનેસ્કોનાં સહયોગમાં, ૨૯ એપ્રિલનાં રોજ દરેક પ્રકારનાં નૃત્યો માટે મનાવવામાં આવે છે.
✓ આ ઉજવણી 1982થી યુનેસ્કોની આંતરરાષ્ટ્રીય રંગમંચ સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવી હતી.

**હેતુ :**

✓ આ ઉજવણીનો મુખ્ય હેતુ લોકોમાં નૃત્યનાં મહત્વ પ્રત્યે જાગરુકતા ઉત્પન્ન કરવાનો તથા વિશ્વભરની સરકારોને, નૃત્યનું શિક્ષણ આપતી સવલતો ઉભી કરવા માટે મનાવવાનોં છે.

**કોની યાદમાં:**

✓ ફ્રેંચ બેલે ડાન્સર જીન જ્યોર્જીયસ નોવેરની યાદમાં વિશ્વ નૃત્ય દિવસની ઉજવણી.
✓ ગરબાને ગુજરાતમાં સ્ટેટ ડાન્સનો દરજ્જો આપવામાં આવ્યો છે.

**ભારતના અગત્યના રાજ્યો અને નૃત્યો**

✓ તમિળનાડુ - ભરતનાટ્યમ, - ઓડિશા - ઓડિશી
✓ પશ્ચિમ બંગાળ – ગૌદિયા - ઉત્તર પ્રદેશ - કથ્થક
✓ કેરળ - કથકલી મોહિનીઅટ્ટમ - આંધ્ર પ્રદેશ - કુચીપુડી
✓ મણીપુર - મણીપુરી - આસામ - સતીર્ય
✓ રાજસ્થાન – ઘૂમર - ગુજરાત – ગરબો

**3. જન્મ દિન વિશેષ : 29 એપ્રિલ**

**કાપડ ઉધોગના જનક:રણછોડલાલ છોટાલાલ**

**જન્મ : 29 એપ્રિલ 1823 અવસાન : 26 ઓકટોબર 1898**




✓ 'અંગ્રેજો આપણા દેશમાંથી કાચો માલ લઈ જાય, ધન ઢસડી જાય અને માત્ર મશીનોના માલિક હોવાથી કાપડ પેદા કરે ને મોંઘાદાટ ભાવે ભારતમાં ઠાલવે, આપણે મશીનો આયાત કરી અહીં જ કાપડ ઉત્પાદન ન કરી શકીએ' પરાધીન ભારતમાં આ પ્રકારની વિચારણા સાથે એક યુવાને ભારતમાં કાપડ મિલ સ્થાપવાનું બીડું ઉઠાવ્યું અને સાર્થક કર્યું.
✓ આ યુવાન ઉધોગપતિ નામે રણછોડલાલ છોટાલાલનો આજે જન્મદિવસ. ડાકોરમાં જન્મ થયો હોવાથી માતાપિતાએ નામ રણછોડ રાખ્યું.
✓ 20 વર્ષ સુધી જકાત અને દફતર ખાતાઓમાં નોકરી કરી. સમાચારપત્રો, પુસ્તકો અને નિષ્ણાતો પાસેથી જ્ઞાન લઈ કાપડ મિલનું પ્રયોજન કર્યું.
✓ તેના માટે બ્રિટનથી મશીનરી મંગાવી પણ ભારત આવતા પહેલા ખંભાતના દરિયામાં ડૂબી ગઈ અને તેનો ઈજનેર પણ કોલેરામાં મૃત્યુ પામ્યો છતાં હિંમત હાર્યા વગર પ્રયત્નો ચાલુ રાખ્યા અને 26 મે 1864ના રોજ 'અમદાવાદ સ્પિનિંગ એન્ડ વિનિંગ મિલ કંપની' શાહપુરમાં શરૂ કરી અને ભાવિ માન્ચેસ્ટરનો પાયો નાખ્યો હતો.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (29-04-2021)

1. ઉતરાખંડ સરકારે કોરોનાને કારણે એપ્રિલ-2021માં કઈ યાત્રા રદ કરી છે – **ચારધામ**
2. ચારધામની યાત્રા કઈ તારીખથી શરૂ થવાની હતી – **તા. 1 મે 2021**
3. ઉતરાખંડના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો – **તીરથસિંહ રાવત**
4. ઉતરાખંડની રાજધાની કઈ છે – **દહેરાદૂન**
5. "આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ" ક્યારે ઉજવાય છે - **29 એપ્રિલ**
6. આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ 2021ની થીમ જણાવો - **'Purpose of dance'**
7. "આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ" ઉજવવાનો પ્રારંભ કોના દ્વારા ક્યારથી થયો હતો-**આંતરરાષ્ટ્રીય રંગમંચ સંસ્થા- unesco અને વર્ષ 1982થી**
8. કોની યાદમાં "આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ" ઉજવાય છે - **ફ્રેન્ચ બેલે ડાન્સર જીન જ્યોર્જીયસ**
9. ગરબાને ગુજરાતમાં કયો ખાસ દરજ્જો અપાયો છે-**સ્ટેટ ડાન્સ**
10. કાપડ ઉધોગના પિતા રણછોડલાલ છોટાલાલનો જન્મદિવસ જણાવો - **29 એપ્રિલ 1823**
11. કાપડ ઉધોગના પિતા રણછોડલાલ છોટાલાલનો જન્મ ક્યાં થયો હતો- **ડાકોર**
12. તા.26 મે 1864ના રોજના "અમદાવાદ સ્પિનિંગ એન્ડ વિનિંગ મીલ કંપની" સ્થાપીને અમદાવાદમાં ભાવિ માન્ચેસ્ટરનો પાયો કોને નાખ્યો હતો - **રણછોડલાલ છોટાલાલ**

## રાષ્ટ્રીય બાબતો

**1. નિધન : ભારતના પૂર્વ એટર્ની જનરલ અને પદ્મ વિભૂષણ સોલી સોરાબજીનું 91 વર્ષની વયે નવી દિલ્હીમાં નિધન**

**1989થી 1990 અને પછી 1998થી 2004 સુધી દેશના એટર્ની જનરલ તરીકે સેવારત**

- ✓ જન્મ : 1930, બોમ્બે

**કારકિર્દી :**1953થી બોમ્બે હાઈકોર્ટમાં વકીલ તરીકે સેવારત. 1971માં તેઓ સુપ્રીમ કોર્ટના સીનિયર કાઉન્સિલર બન્યા હતા.

- ✓ દેશના વરિષ્ઠ માનવાધિકાર વકીલ તરીકેની ઓળખ.
- ✓ 1997માં યુનાઈટેડ નેશને તેમને વિશેષ દૂત બનાવીને નાઈઝીરિયા મોકલ્યા.
- ✓ 1998થી 2004 સુધી તેઓ માનવાધિકારોના સંવર્ધન અને સંરક્ષણ પર UN-Sub Commissionના સદસ્ય અને બાદમાં અધ્યક્ષ બન્યા હતા.
- ✓ તેઓ અભિવ્યક્તિની સ્વતંત્રતાના મોટા પક્ષધર રહ્યા હતા. ભારતની સર્વોચ્ચ ન્યાયાલયમાં તેમણે અનેક ઐતિહાસિક પ્રસંગે પ્રેસની સ્વતંત્રતાનો બચાવ કર્યો હતો તથા પ્રકાશનો પર સેન્સરશિપના આદેશો અને પ્રતિબંધોને રદ્દ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.
- ✓ પદ્મ વિભૂષણ : વર્ષ 2002

## આંતરરાષ્ટ્રીય બાબતો

**2. ઉત્ખનન : 160 કરોડ વર્ષ જૂના વિશ્વના સૌથી પ્રાચીન કાળ પાણીની શોધ**

**સ્થળ :** પાણીનો નમૂનો કેનેડાના ઓન્ટારિયોથી ઉત્તરે સ્થિત ટિમિંસ નામના સ્થાને આવેલી ખાણમાંથી મળી આવ્યો છે. પાણીનો આ નમૂનો 160 કરોડ વર્ષ જૂનો છે.

**શોધ કરનાર :**

- ✓ ટોરન્ટો યુનિવર્સિટીના આઇસોટોપ જિયોકેમેસ્ટ્રીના ભૂરસાયણવિદ બારબરા શેરવુડ લોલરે આ પ્રાચીન પાણીને કેનેડા સાયન્સ એન્ડ ટેકનોલોજી મ્યુઝિયમમાં સાચવી રાખ્યું છે.



- ✓ બારબરા શેરવુડે પોતાની ટીમના બે સભ્યોના માધ્યમથી કેનેડાની એક ખાણમાંથી પાણી એકત્ર કરીને જમા કરાવ્યું હતું. તે પાણી આમ તો કોઇક પ્રાણીના પેશાબ જેવું દેખાતું હતું પરંતુ બારબરાને લાગતું હતું કે તે પાણી જ મોટી શોધ બની રહેશે.

**3. જન્મ દિન વિશેષ : 30 એપ્રિલ**

**ફિલ્મ ઉધોગના જનક: દાદાસાહેબ ફાળકેનો 151મો જન્મ દિવસ**

**જન્મ – 30 એપ્રિલ-1870 અવસાન – 1944**

- ✓ મૂળનામ – ઘૂંડીરાજ ગોવિંદ ફાળકે
- ✓ જન્મ : ત્ર્યંબકેશ્વર, નાસિક (મહારાષ્ટ્ર).
- ✓ હિન્દી ફિલ્મ ક્ષેત્રે સર્વશ્રેષ્ઠ દાદાસાહેબ ફાળકે પુરસ્કાર જેમના નામથી અપાય છે તેવા દાદાસાહેબ ફાળકેનો આજે જન્મદિવસ.
- ✓ 20મા સૈકાના પ્રારંભે 'ધ લાઈફ ઓફ ક્રાઈસ્ટ' ફિલ્મ જોઈ અને આવું હિંદુ દેવ - દેવતાઓ વિશે કેમ ન થઈ શકે ? તેવા વિચાર સાથે ફિલ્મ નિર્માણ ક્ષેત્રે ઝૂકાવ્યું.



- ✓ ફિલ્મનો ટેક્નિકલ ભાગ શીખવા જર્મની પણ ગયા અને 21 એપ્રિલ 1913ના રોજ "રાજા હરિશ્ચન્દ્ર" રિલીઝ કરી. તે પછી સત્યવાન સાવિત્રી, લંકા દહન, કૃષ્ણ જન્મ જેવી 95થી વધુ ફિલ્મો અને 26 શોર્ટ ફિલ્મો કરી.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (30-04-2021)

1. એપ્રિલ 2021માં ભારતના ક્યા પૂર્વ એટર્ની જનરલનું 91 વર્ષની વયે નવી દિલ્હીમાં નિધન થયુ - **સોલી સોરાબજી**
2. સોલી સોરાબજીએ કયા સમયગાળા દરમિયાન બે વખત દેશના એટર્ની જનરલ તરીકે સેવા આપી હતી - **1989થી 1990 અને પછી 1998થી 2004 સુધી**
3. સોલી સોરાબજી વકીલ તરીકે કઇ વિશેષ ઓળખ ધરાવતા હતા – **માનવાધિકાર અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યતા**
4. સોલી સોરાબજી કયા સમયગાળા દરમિયાન માનવાધિકારોના સંવર્ધન અને સંરક્ષણ પર UN-Sub Commissionના સદસ્ય અને બાદમાં અધ્યક્ષ બન્યા હતા - **1998થી 2004 સુધી**
5. ભારત સરકારે સોલી સોરાબજીને ક્યા વર્ષે પદ્મ વિભૂષણ એવોર્ડથી સન્માનિત કર્યા હતા - **વર્ષ 2002**
6. એપ્રિલ 2021માં કયા સ્થળેથી 160 કરોડ વર્ષ જૂનુ વિશ્વના સૌથી પ્રાચીન કાળના પાણી મળી આવ્યુ - **ટિમિંસ (કેનેડા)**
7. 160 કરોડ વર્ષ જૂનુ વિશ્વના સૌથી પ્રાચીન કાળના પાણીને હાલમાં કયા મ્યુઝિયમમાં સાચવવામાં આવ્યુ છે - **સાયન્સ એન્ડ ટેકનોલોજી મ્યુઝિયમ, કેનેડા**
8. તા.30 એપ્રિલ-2021ના રોજ ફિલ્મ ઉધોગના જનક સમાન કયા વ્યક્તિનો 151મો જન્મ દિવસ ઉજવવામાં આવ્યો - **દાદાસાહેબ ફાળકે**
9. દાદાસાહેબ ફાળકે પુરસ્કાર જેમના નામથી અપાય છે તેવા દાદાસાહેબ ફાળકેનું મૂળનામ જણાવો - **ઘૂંડીરાજ ગોવિંદ**
10. દાદાસાહેબ ફાળકેનો જન્મ કયારે અને કયાં થયો હતો – **તા.30 એપ્રિલ-1870 અને મહારાષ્ટ્રના નાસિકના ત્ર્યંબકેશ્વર**
11. ભારતીય સિનેમા જગતની પ્રથમ ફિચર ફિલ્મ કઇ હતી - **"રાજા હરિશ્ચન્દ્ર"**
12. ભારતીય સિનેમા જગતની પ્રથમ ફિચર ફિલ્મ "રાજા હરિશ્ચન્દ્ર"ના નિર્માતાનું નામ જણાવો-**દાદાસાહેબ ફાળકે**




# વિવેકાનંદ એકેડમી, ગાંધીનગર.

## સંસ્થાની વિશેષતા :

- નિષ્ણાંત અને અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન
- ગણિત અને અંગ્રેજી વિષય માટે ખાસ આયોજન
- દરરોજ ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન
- OMR દ્વારા દર અઠવાડિયે ૧૦૦ ગુણની ટેસ્ટ
- દર મહિને ૧૦૦ ગુણની ટેસ્ટ
- અઠવાડિયામાં ત્રણ વાર સબ્જેક્ટ વાઇઝ ટેસ્ટ
- લાયબ્રેરીની સુવિધા
- ગુણવત્તાસભર મટિરિયલ્સ
- દરેક વિદ્યાર્થી ઉપર પર્સનલ ધ્યાન આપવામાં આવશે.

GPSC (1/2)
Dy.S.O. / નાયબ મામલતદાર
PSI / ASI / Constable
TET / TAT / HTAT
ક્લાર્ક / તલાટી

# વિવેકાનંદ એકેડમી

700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

**M:9925698721 | 8490927713**

ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી